श्री सद्गुरुवे नमः

વર્ષ ૨ જું.

સસ્તી વાર્તામાળા.

પુસ્તક ૧૧-૧૨

ॐ

ऊमाजी नायक.

(એક ઐતિહાસિક લુંટારાનું જીવન ચરિત્ર.)

પ્રથમાવૃત્તિ-પ્રત ૨૫૦૦
સં. ૧૯૭૧-સને ૧૯૧૫

વૈશાખ-જેઠ.

મૂલ્ય રૂ. [illegible]
પાકું પૂઠું [illegible]

લેખક-પ્રકાશક,
ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા.
વ્યવસ્થાપક-સસ્તી વાર્તામાળા.
મુંબઈ નં. ૧૩

રજીસ્ટર નંબર	આ પુસ્તકના માલેક

ત્રીજા વર્ષનાં પુસ્તકો:—

૧ શાંતિ નિકેતન—અથવા સુખશાંતિનો મહામંત્ર—(લેખક—ડા. રા. મ્હેતા.) આ અતિ ઉત્તમ નવલકથામાં દર્શન દેતાં પ્રત્યેક પાત્રોમાંથી મનુષ્યને ઉત્તમ બોધ પ્રાપ્ત થશે. દુઃખ અને તાપથી ભરેલા સંસારમાં મનુષ્ય માત્ર ડગલે ડગલે શાંતિ અને સુખ માગે છે પરંતુ જ્ઞાન અને ઉપદેશ વિના તેમ બનતું નથી. આ નવલ-કથાનાં પાત્રોમાંથી કેટલાંક દુઃખ અને ત્રાસ આપે છે ત્યારે કેટલાક સંસારી જીવોને દુઃખ અને ત્રાસમાંથી મુક્ત કરી—પરસેવા એજ પરમધર્મ બતાવી વાચકને ચિરકાલ શાંતિના મંદિરમાં લઇ સુખ સમર્પે છે. આ નવલકથા ડગલે ડગલે નીતિ અને ધર્મ શિખવે છે. સ્ત્રી પુરૂષે વાંચવું જ જોઇએ. પૃષ્ઠ ૨૫૦ થી ૩૦૦ છપાય છે. પંદરેક દિવસમાં પ્રકટ થશે.

૨ સુધરેલી સીતા—અથવા સુધારાને નામે બગાડો! (લેખક—ડા. રા. મ્હેતા.) આ નવલ-કથામાં ૧૯મી સદીનું ગુજરાત સુધારામાં કહો કે બગાડામાં કેટલે દરજ્જે આગળ વધ્યું છે? તે કેટલાંક સુધરેલાં પાત્રો બતાવી આપે છે! સુધરેલાં લક્ષ્મીપતિઓ પોતાના સુધરેલાં પુત્રપુત્રીઓને હદ ઉપરાંતની છુટ આપતા હોવાથી તેનું પરિ-ણામ કેવું અનિષ્ટ આવે છે અને તે સાથે સંસારના માયિક પદાર્થો ઉપર મોહ પામનાર સાધુ સંતોનું અંતે કેવું માઠું પરિણામ આવે છે તેનું શિક્ષ-ણીય દૃષ્ટાંત આ નવલકથામાં છે. પ્રત્યેક પાત્રો તમને ઉપદેશ આપશે. એક વખત વાંચો અને પછી સુધારક કે કુધારક બનો! પૃષ્ઠ ૨૫૦ થી ૩૦૦.

૩ છત્રપતિ રાજારામ—અને વસાઇનો ઘેરો—(ડા. રા. મ્હેતા.) આ નવલકથાઓમાં શ્રી શિવાજી છત્રપતિ મહારાજના દ્વિતીયપુત્ર રાજારામ મહારાજના સમયનું ઐતિહાસિક વૃત પ્રકટ થશે. રાજારામ મહારાજ ન્હાની ઉમરના હતા, છતાં સંભાજી મહારાજના મરણ પછી વીર મરાઠા ક્ષત્રિઓએ મોગલો સાથે છત્ર

અગત્યની સૂચના

૧—ચાલુ વર્ષમાં ૧૫૦૦ ઉપરાંત પૃષ્ઠ આપવામાં આવ્યાં છે. ત્રીજા વર્ષમાં ઉત્તમ નવલકથાઓની પસંદગી થઈ છે. હવે પછીનું એટલે **ત્રીજા વર્ષનું 'પહેલું' પુસ્તક સર્વ ગ્રાહકોને વી. પી.થી મોકલી લવાજમ વસુલ કરવામાં આવશે.** નવલકથા અતિ ઉત્તમ છે. કૃપા કરી વી. પી. સ્વિકારી લેવું.

૨—**જેઓને નવા વર્ષથી ગ્રાહકમાં ન રહેવું હોય તેમણે તુરતજ એક પોષ્ટ કાર્ડ દ્વારા અમને ખબર આપવી.** આળસ કે વિલંબ કરવો નહિ. વી. પી. પાછું ફેરવવાથી અમને ઘણું નુકસાન વેઠવું પડે છે. માટે તુરતજ કાર્ડ લખવો.

૩—અમદાવાદ અને નડીઆદનાં ગ્રાહકોને લવાજમ પ્રથમ પુસ્તક મળતાંજ એજન્ટોને અથવા પુસ્તક પહોંચાડનારને અમારી છાપેલી રસીદ લઈ આપી દેવું. ઢીલ કરવી નહિ.

૪—**"સસ્તી વાર્તામાળા"**નાં પુસ્તકો છપાવાનું, બંધાવાનું તથા પોષ્ટ કરવાનું સર્વ કામ અમદાવાદથી થતું હોવાથી સર્વે પત્ર વ્યવહાર નીચલે શરનામે કરવો.

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.

વ્યવસ્થાપક—સસ્તી વાર્તામાળા—અમદાવાદ

સટોસટનાં યુદ્ધ કરી **સતારામાં** પુનઃ મરાઠી રાજ્યની સ્થાપના કરી તેનો તેમજ **વસાઇના ઘેરામાં** પણ પોર્ટુગીઝોના હાથમાં ગયેલો વસાઇનો કિલ્લો એક મહારાષ્ટ્રીય વીર પેશ્વાએ કેવી રણકૌશલ્યતાથી જીતી લીધો તેનો મનોવેધક અને અદ્દ્ભૂત ચિતાર છે. એમાં વીર, કરૂણા, શ્રૃંગાર, આદિ રસ પ્રવાહ છે. **પૃષ્ઠ ૩૦૦ થી ૪૦૦.**

૪ સંસાર કથાકુંજ—એમાં સંસાર તથા સમાજને લગતી પ્રેમ, ધર્મ, નીતિ, પરોપકાર, પરસેવા, કુટુંબ વત્સલતા વગેરે વિષયો ઉપર ટુંકી ચિત્તાકર્ષક વાર્તાઓ લખવામાં આવશે. પ્રત્યેક વાર્તા વાંચવા લાયક થશે. **પૃષ્ઠ ૨૫૦.**

૫ જાપાની જાસુસ—(ડા. રા. મ્હેતા.) તમે અત્યાર સુધી હિંદુસ્તાનના અને યુરોપના ઘણા લૂંટારા તથા ડિટેક્ટીવોનાં ચરિત્રો વાંચ્યાં હશે પરંતુ અમે આ નવલકથામાં જાપાન દેશની હિંગણી ડિટેક્ટીવ રમણીઓ કેવાં કેવાં અદ્દ્ભૂત પરાક્રમો કરે છે, તથા કેવું બુદ્ધિ કૌશલ્ય ચલાવે છે તે પ્રકટ કરીશું. તે વાંચતાં વાંચતાં તમારે સ્તબ્ધ થવું પડશે. હાથમાં વાંચવા લીધા પછી પૂરૂં કર્યા વગર રહેવાશે જ નહિ. **પૃષ્ઠ ૨૫૦.**

એ ઉપરાંત બીજી કેટલીક ઉત્તમ નવલકથાઓની પસંદગી ચાલુ છે. તેમાંથી કોઈ એક ઉત્તમ નવલકથા જણાતાં ઉપર દર્શાવેલી કોઇ એક નવલકથાને બદલે નવીન નવલકથા આપવામાં આવશે.

નવા વર્ષ માટેઃ—પ્રત્યેક ગ્રાહક બંધુએ નવા વર્ષના **પ્રથમ પુસ્તકનું વી. પી. મળે તે સ્વીકારી લેવું,** અને એક બે નવાં ગ્રાહક અવસ્ય કરી મોકલવાં. **જેઓને ગ્રાહકમાં ન રહેવું હોય તેમણે આ પુસ્તક મળેથી તુરત એક પોષ્ટ કાર્ડ દ્વારા અમને ખબર આપવી,** જેથી નાહક **અમને પોષ્ટેજનું નુકસાન થાય નહિ.** ઘણા ગ્રાહકો આળસ કરીને વી. પી. આવતાં પાછું મોકલે છે, તેમ નહિ કરતાં **તુરત પોષ્ટ કાર્ડ લખવા** તસ્દી લેવી.

મેનેજર—સસ્તી વાર્તામાળા—અમદાવાદ.

પ્રકાશક, (સર્વ હક્ક સ્વાધિન.) અમદાવાદ-સલાપોસરોડ.
ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા. ધી ડાયમંડ જ્યુબિલિ પ્રીન્ટિંગ પ્રેસમાં
અમદાવાદ. પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

દવા વગરનાં દુઃખડાં !

(ગઝલ-હક્કા.)—સહેતાં હજારો આફત ! સીનો ગયો ધવાઈ;
ગરદન હમારી કિસ્મત ! કાપે બની કસાઈ !

સંકષ્ટ સંત સહે છે, ખળને ખુશાલી રહે છે,
ઉલટું સલીલ વહે છે, શી સૃષ્ટિની સફાઈ ?

પાખંડી ને શિખંડી, ઘુમે ઘણા ઘમંડી;
ફાવે કુપાત્ર ફંદી, એ ન્યાય શો હવાઈ ?

તેજી પડયા છે ધીમા, ગરવો ગુમાવી ગરિમા;
જેનો અપાર મહિમા, મહિમાં રહ્યો છવાઈ !

વેશ્યા વિલાસ માણે, પાણી સુશીલ તાણે;
લીલા, ગતિથી ઉંધી, કલી કાલતણા ગવાઈ !

રાહુ પ્રકાશ વેરે, રવિ તિમિર ઘેરે;
ભૂંગોળ વિના હમારી, ભજવાય શી ભવાઈ ?

પરમાર્થે યજ્ઞ કુંડે, સર્વસ્વ-હોમ દેવા,—
બીડું ઉઠાવનારા, દીઠા ન કોઇ ભાઈ !

ધીમાં કદમ હમારાં, વંટોળીએ ચ્હડયાં છે;
પોતાની વાત શી જ્યાં, પીડા પડી પરાઈ ?

પર ઉપાધી વેઠી, સુખની ઘડી ન દીઠી;
દિલ દર્દ દાહ-દુઃખની, દીઠી નહિ દવાઇ !

વિશ્રામ વૃક્ષ આપે, તેનીજ ડાળ કાપે,
આખર તવાય તાપે, તેની નથી નવાઈ !—**વસંત.**

સસ્તી વાર્તામાળા.

श्री सद्गुरवे नमः

વર્ષ ૨ જું.

સસ્તી વાર્તામાળા.

પુસ્તક ૧૧-૧૨

ॐ

ऊमाजी नायक.

(એક ઐતિહાસિક લુંટારાનું જીવન ચરિત્ર.)

પ્રથમાવૃત્તિ-પ્રત ૨૫૦૦
સં. ૧૯૭૧-સને ૧૯૧૫

વૈશાખ-જેઠ.

કાચુ પૂઠું ૦-૪-૦
પાકુ પૂઠું ૦-૬-૦

લેખક-
ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.
વ્યવસ્થાપક-સસ્તી વાર્તામાળા.
મુંબઈ નં. ૧૩

પ્રકાશકની પ્રસ્તાવના.

"...He was a man of low caste, but he possessed much Shrewdness, intelligence, and activity...Oomiah was a person of very considerable ability can scarcely be doubted, for without talent, and Judgment, he could not have secured to himself the respect and terror of the population of the district..."

—*Cap. MAKINTOSH.*

સસ્તી વાર્તામાળાના સુજ્ઞ ગ્રાહક બંધુઓના કર કમળમાં આજે **ઉમાજી નાયક** નામક ચાલુ (બીજા વર્ષનું) પાંચમું અને છેલ્લું પુસ્તક સાદર કરવામાં આવે છે. પ્રસ્તુત પુસ્તક કેપ્ટન મૅકિનટોશ સાહેબે લખેલા મૂળ અંગ્રેજી પુસ્તક ઉપરથી પુના નિવાસી વિદ્વદ્વર્ય साक्षर श्री अनंत नारायण भागवत રચિત મરાઠી ગ્રંથનું ભાષાંતર છે.

એક પ્રસંગે લાઇબ્રેરીમાંથી "Twelve bed men" નામક એક અંગ્રેજી પુસ્તક શ્રીયુત ભાગવતના વાંચવામાં આવ્યું. તેમાં લાંચ ખાનાર, ધાડપાડુ વગેરે જુદા જુદા પ્રકારના બાર દુષ્ટ મનુષ્યનાં ચરિત્રો વાંચવામાં આવ્યાં. તેમાં જ મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ લુંટારા "ઉમાજી નાયક"નું ચરિત્ર પણ તેમના વાંચવામાં આવ્યું. તે પરથી તેમ જ તેના કેટલાક સદ્‌ગુણને લીધે તેમને એ પુસ્તક સ્વભાષામાં પ્રકટ કરી પોતાના સ્વજાતિ બંધુઓની ચિરસ્થાયી સેવા બજાવવાની ઇચ્છા થઇ. પરિણા[illegible]ું પોતાની ઇચ્છાનુસાર કાર્ય કર્યું. હિંદુસ્તાનમાં એક પ્રસંગ એવો હતો કે ચારે દિશામાં લૂંટારા, ધાડપાડુ, પિંડારા, ચાંચિયા વગેરે દુશ્ચરિત્રવાન મનુષ્યોનું પ્રબળ હતું. તેઓ પ્રજાને અનેક પ્રકારનો ત્રાસ અને દુઃખ આપતા હતા. ગમે તેવા રાજમાર્ગ પણ તેમના ભયથી મુક્ત ન હતા. બંદોબસ્ત રાખનારા અમલદારો તેમનાથી થાકી જતા. પરંતુ ભારતવર્ષના સદ્‌ભાગ્યે બ્રિટિશ રાજ્ય થતાં આજે આપણે તે ભયમાંથી હમેશને માટે મુક્ત થયા છીએ. તે માટે આપણા રાજકર્તાના આપણે અતિશય ઉપકારી–ઋણી છીએ. મહારાષ્ટ્રમાં "ઉમાજી નાયક"ની પેઠે જ દિલ્હીમાં જુલેખાં નામનો એક પ્રસિદ્ધ ઠગ હતો, તેનું ચરિત્ર વાંચતાં આજ પણ રોમાંચ ખડાં થાય છે! ભરૂચ જીલ્લામાં ગેંદાલીયો નામનો એક કોળી હતો, તેના ચરિત્ર પ્રત્યે દ્રષ્ટિપાત કરતાં જણાય છે કે ઉમાજીની પેઠે તે વીર અને લૂંટારો

હોવા છતાં તેનામાં કેટલાક સદ્ગુણ પણ હતા. તે શ્રીમંત ગૃહસ્થોને લૂંટતો ખરો પરંતુ કોઇની પુત્રી સાસરે જતી જાણતાં જ તે તેને પોતાની પુત્રી જાણી કેટલાક અલંકારો દાન કરતો ! એ સિવાય તેનામાં બીજા પણ કેટલાક સદ્ગુણ હોવાનું સાંભળ્યું છે. એવા લૂંટારાઓનાં ચરિત્રો પ્રકટ થવાથી વાંચક વર્ગને કેટલીક શિખામણ મળે છે. પ્રસ્તુત પુસ્તકના "ઉપસંહાર"માં લેખકશ્રીએ ઉમાજીનું ચરિત્ર પ્રકટ કરવાનું એક કારણ એવું પણ બતાવ્યું છે કે: "ઉમાજીના લૂંટારાપણાનો અને તેણે અવલંબન કરેલા માર્ગનો પક્ષ લઇને અમે એ ચરિત્ર લખ્યું નથી એ અમે પુનઃ કરીએ છીએ. કોઈ પણ સમયમાં એવા અવગુણનો કોઇ પણ બુદ્ધિમાન મનુષ્ય પક્ષપાત કરશે નહિ." વળી તેમણે લખ્યું છે કે: "ઉમાજી બંડખોર, લૂંટ કરનાર રામોશી ખરો પરંતુ તે સાથે જ તે નિર્વ્યસની, એક પત્નીવ્રતધારક, નિર્લોભી, ઉદાર, ઉત્તમ આગેવાન, નિયમિત કામ કરનાર, ધાર્મિક નાયક અને વજનદાર શૂરવીર, મનુષ્યો ઉપર પોતાની છાપ બેસાડનાર ભપકાદાર, જાતિએ હલકો પણ મનનો મ્હોટો-ઉચ્ચ-ઉદાર વિચારનો પુરૂષ હતો. એ પ્રસ્તુત ચરિત્ર ઉપરથી વાંચકોને દર્શાવી આપવાનો અમારો હેતુ છે."

મરાઠી લેખક મહાશયના એ શબ્દો અમે અમારા વાંચકો સમક્ષ અમારા તરફથી પણ સાદર કરીએ છીએ, અને વિશેષમાં કહીએ છીએ કે: આજે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય જેવી ઉચ્ચ જ્ઞાતિઓના ઘણા તરૂણો-ગૃહસ્થો જાણે મરવું જ ના હોય, અને ઈશ્વરને ઓળખતા જ ન હોય તેમ દુર્વ્યસની, વ્યભિચારી, ઉડાઉ ખર્ચ કરનાર, જુઠું બોલનાર, નૅકટાઈ, કૉલર, પાટલુન વગેરે ઉજળાં વસ્ત્રો ધારણ કરી ભલા લોકોને ઠગનાર, વિશ્વાસઘાત કરનાર, અને નિર્દોષોને સતાવનાર કુળદિપક પાક્યા છે ! એવા ઘણા ઉઠાઉગીર, લુચ્ચા, સોનેરી[redacted] જેવા જુવાનીયાઓનો ઘણાં મનુષ્યોને જાતિ અનુભવ પણ થયો હશે ! પોતાને અમર માની લેનાર તેવા સજ્જન મનુષ્યોએ ઉમાજી નાયકના ચરિત્રમાંથી તેના સદ્ગુણો ગ્રહણ કરવા જોઇએ. અમે માત્ર તેટલા માટેજ આ ચરિત્ર પ્રકટ કર્યું છે. આશા છે કે ક્ષણભંગુર દેહધારી, જુવાનીયાઓ તે ગ્રહણ કરશે અને સચ્ચરિત્રવાન થશે. અમે ઉમાજી નાયકનું મૂળ અંગ્રેજી ચરિત્ર લખનાર સાહિત્ય પ્રેમી કૅ. **મૅકિનટોશ સાહેબનો** અને મરાઠી લેખક પુના નિવાસી શ્રીમાન अनंत नारायण भागवतनो અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. ગુજરાત કાઠીયાવાડના વિદ્યાવ્યસની વિદ્વાનો જો ઇતિહાસને આધારે આવાં અન્ય ચરિત્રો લખી મોકલશે તો તે પ્રકટ કરવા વિચાર કરવામાં આવશે.

પરમાત્માની પરમ કૃપાથી આજે "**સસ્તી વાર્તામાળા**"નું બીજું વર્ષ પુરૂં થાય છે. યુરોપીય યુદ્ધને લીધે બીજા વર્ષમાં કાગળો, કપડું, પૂઠાં, સોનેરી, રૂપેરી વરખ વગેરે સામગ્રી ઘણી મોંઘી હોવા છતાં અમે તેનો ઉપયોગ કરી ગ્રાહક બંધુઓની યથાશક્તિ સેવા બજાવી છે. પ્રથમ કાગળો જાડા લેવાથી અમને પોષ્ટ ખર્ચ ૦-૬-૦ ને બદલે ૦-૭-૬ થી ૦-૮-૦ પર્યંત થતું હતું. તેથી સહજ પાતળા કાગળ લેવાની અમને ફરજ પડી છે. પરંતુ જો ગ્રાહક બંધુઓ તરફથી **એક એક બબ્બે** ગ્રાહકોનો ચોક્કસ રીતે વધારો થાય **અને ૫૦૦૦ ગ્રાહક પૂરાં થઈ** જાય તો અમે **જાડા ચીકણા કાગળ** વાપરવા બંધાઇએ છીએ. તેમજ પુસ્તકોમાં **ચિત્રો** પ્રકટ કરવાની પણ યોજના કરી શકીશું. **ગ્રાહક વધારવાના કામમાં ઘણાં ગ્રાહકો હજી બેદરકાર રહ્યાં છે. તેમણે પ્રતિજ્ઞા લઇને ફક્ત એક કે બે ગ્રાહક વધારવાથી** ઉત્તમ સસ્તા સાહિત્યનો વિશેષ પ્રચાર થશે અને ગ્રાહકોને અમે ઉત્તમ વસ્તુ આપી શકીશું. આશા છે કે **ત્રીજા વર્ષમાં** ગ્રાહક બંધુઓ એ **પરોપકારી કાર્ય કરવાની પ્રતિજ્ઞા કરશે જ.** ત્રીજા વર્ષમાં સારાં સારાં પુસ્તકોની પસંદગી થઈ છે. આશા છે કે તે ગ્રાહક બંધુઓને પ્રિય થઈ પડશે. અમે ગ્રાહક બંધુઓને નીતિ અને ધર્મને માર્ગે દોરી જવા માગીએ છીએ. એજ જ્ઞાન અને એજ માર્ગ, સંસારમાં પડેલા અનેક ત્રાસ, દુઃખ, અને ભયમાંથી મુક્તિ અપાવી "**સંસારમાં સ્વર્ગ**"ની રચના કરશે. તેમ જ વાંચક બંધુઓ અને ભગિનીઓને "**શાંતિ નિકેતન**"માં પધરાવી **ચિદાનંદ સમીપ લઈ જઈ** ચિરકાળ પર્યંત સુખ-શાંતિ અપાવશે.

સંસારમાં પ્રત્યેક મનુષ્યો સુખ અને શાંતિ પ્રાપ્ત કરવા રાત દિવસ મથી રહ્યા છે. પરંતુ નીતિ અને ધર્મ વગર સુખ ક્યાં? શાંતિ ક્યાં? આવો વાંચક! અમે તમને સુખ અને શાંતિ પ્રાપ્ત કરાવનાર "**શાંતિ નિકેતન**"માં લઈ જઈશું. જો એવી ઇચ્છા હોય તો **ત્રીજા વર્ષનું પ્રથમ** પુસ્તક "**શાંતિ નિકેતન**" વાંચો. એમાં જ સુખ, શાંતિ, મોક્ષ, સ્વર્ગ વગેરે સર્વ આનંદદાયક વસ્તુઓ ભરી છે. એમાં જ મનુષ્ય માત્રનું કલ્યાણ છે. પુસ્તક થોડા સમયમાં જ પ્રકટ થશે.

શ્રાવણ શુક્લ પંચમી,
૧૯૭૧-અમદાવાદ.

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.

उमाजी नायक.

પ્રકરણ ૧ લું.

પરિચય-પ્રતિજ્ઞા.

સુપ્રસિદ્ધ લુંટારા ઉમાજી નાયકનો જન્મ, (મહારાષ્ટ્રમાં) પુરંદર નામક કિલ્લાના ઈશાન ખુણાની દિશામાં એક ગાઉ પર અને પુનાથી આગ્નિ ખુણાની દિશામાં આઠ ગાઉ પર આવેલા ભિંવડી નામક ન્હાના ગામમાં ઇ. સ. ૧૭૯૧ માં "ખોમણે" કુળમાં થયો હતો. ૧૯મી શતાબ્દીનો પ્રારંભ થયાને એક બે વર્ષ વિત્યાં નહોતાં અર્થાત્ ઇ. સ. ૧૮૦૨ માં યશવંતરાવ હોલ્કર, પોતાની વિશાળ સેના લઈને પુના ઉપર ચઢી આવે તે પહેલાં એક બે અઠવાડિયા અગાઉ ઉમાજી નાયકનો પિતા દાદજી નાયક વૃદ્ધાવસ્થાને લીધે મરણ પામ્યો. તે સમયે ઉમાજીનું વય આશરે અગીઆરેક વર્ષનું હતું, દાદજીને બે સ્ત્રીઓ હતી. તેથી તેનો કુટુંબ પરિવાર પણ વિશેષ હતો. આપણો ચરિત્ર નાયક ઉમાજી નાયક, દાદજીની દ્વિતીય પત્નિનો ત્રીજો પુત્ર હતો. તેનું શરીર પાતળું હતું. તેની ઉંચાઈ પાંચ ફીટ અને ચાર ઇંચ હતી. તેનાં નેત્રો મ્હોટાં અને કાળાં ભમરા જેવાં હતાં. નેત્રમાં અત્યંત ચંચળતા અને તેજસ્વીપણું જણાતું હતું. તેની દ્રષ્ટિ અતિ સ્થિર અને તીક્ષ્ણ હતી. તેના નેત્રોની પેઠે જ તેની ભ્રુકુટી પણ મ્હોટી હતી. તેની ગરદન ભરાવદાર (જાડી) હતી. શરીરનો રંગ તાંબા જેવો, ચ્હેરો સૌમ્ય અને આનંદી હતો. ઇ. સ. ૧૮૦૩ ના મે મહિનામાં બીજા બાજીરાવ

પેશવા સાહેબ વસઈથી પુને પાછા ફર્યા ત્યારે પુરંદર કિલ્લા પરના રામોશીઓ તે કિલ્લો તેમના અધિકારીઓને સ્વાધીન કરતા નહતા. તેથી તેમણે તેમના હક્ક, વતન, નિમણુંક અને જમીનો જપ્ત કરી લીધાં, તેમાં દાદજીની જમીન પણ જપ્ત થઈ હતી. તે સમયથી જ ઉમાજી પોતાની માતાની પાસે રહેવા લાગ્યો હતો.

ઉપરોક્ત બનાવ બન્યા પછી કેટલેક વર્ષે ઘણા રામોશીઓનાં કુટુંબો, પેશવા સરકારના અમલદારોના ત્રાસમાંથી મુક્તિ મેળવવા માટે નિજામશાહીના પરિંડયાની આસપાસ અને તેની પાડોશના પ્રદેશમાં, પેશવા સરકારના ન્હાના મ્હોટા જાગીરદારો રહેતા હતા તેમના આશ્રયમાં જઈ રહ્યા. એમાંના ઘણા રામોશીઓએ જુદે જુદે સમયે જુદી જુદી લુંટફાટ અને ધાડચોરીમાં સામેલ થઈ પેશવા સરકારના પ્રદેશમાં મ્હોટી ધામધુમ મચાવી મૂકી હતી. તેમને પકડવા માટે સરકારનું લશ્કર તેમની પૂઠે પડયું હતું. પરંતુ અંતે તેમણે પોતાની પૂઠે પડેલા લશ્કરના ત્રાસમાંથી છુટવા માટે સ્થળાંતર કરવાની યુક્તિ રચી અને તેમાં તેમને સફળતા પણ પ્રાપ્ત થઇ! તે પ્રાંતમાં ગયેલા રામોશીઓએ નિજામશાહીમાં અને ત્યાંના જાગીરદારોના આશ્રયમાં નોકરી મેળવ્યા પછી તેમનું ત્યાં નિવાસસ્થાન બરાબર થયું એટલે થોડે દિવસે પુના જીલ્લામાંથી બીજા કેટલાક રામોશીઓ ધીમે ધીમે તેમને જઇ મળ્યા. ઇ. સ. ૧૮૧૪ માં ઉમાજીના કાકાનો પુત્ર રાઘુ, પોતાની સાથે બે ત્રણ મિત્રોને લઇ માણુકેશ્વરની નજીકના પ્રદેશમાં નીકળી ગયો, તેની સાથે ઉમાજી પણ હતો. આ સમયે ઉમાજીનું વય પચીશ વર્ષનું–ભરયુવાવસ્થામાં હતું.

મહાદજી સિંદે પાટિલના માની લીધેલા ભાઇ રાણુખાનો કોઇ દૂરનો એક સગો, બીડ પરગણામાં રાયમદનો ઇનામદાર હતો. એ પ્રદેશના કેટલાક રામોશીઓ તેના તાબામાં નોકરીએ જઈ રહ્યા હતા. તેમાં ખાંબટકી ઘાટ નજીકના સોવસી ગામનો બાપુ ચવ્હાણુ નામક એક રામોશી ઉમાજીનો ખાસ મિત્ર હતો, મુસલમાન ઇનામદારને બે સ્ત્રીઓ હતી. બીજી પત્ની તેની

* મરાઠી ભાષામાં નાયકને "નાઈક" કહે છે. ઉમાજીને પણ "ઉમાજી નાઈક" કહેતા હતા.

માનીતી હતી. તે જેમ પોતાના પતિની માનીતી હતી તે જ પ્રમાણે તેના સદ્‌ગુણોને લીધે સમાગમમાં આવનાર સર્વ મનુષ્યોમાં અને નોકર ચાકરમાં પ્રિય થઇ પડી હતી. તેથી તેમ જ પતિની તેના પર અત્યંત પ્રીતિ હોવાથી તેની શૉક્યની નજરમાં તે રાત દિવસ કાંટા પેઠે ખૂંચ્યાં કરતી હતી ! શૉક્યની નજરમાં તે એટલી બધી ખૂંચતી હતી કે જેથી તે તેને આ જગત્‌માંથી હંમેશને માટે વિદાય કરવાનો રાતદિવસ વિચાર કરતી હતી. અંતે એ કાંટો દૂર કરવા માટે તેણે પોતાના પતિના તાબામાં નોકરી કરતા પુરંદરના રામોશીના નાયકને એક દિવસ એ વાત કહી. તેણે તેને એમ પણ કહ્યું કે: "કોઇ ન જાણે એવી રીતે મ્હારી શૉક્યનો પ્રાણ લેશો તો તમને નવસો રૂપિયા આપીશ." એ સાંભળી નાયકે ઇનામદારણને સ્પષ્ટ કહ્યું કે: "બાઇ સાહેબ ! હું કિંવા મ્હારા સોબતીઓ એવું ખૂન કરવાનું—અને તેમાં પણ એક અબળાનું ખૂન કરવાનું—કામ કદિ પણ કરીશું નહિ. એ કામ મારાઓનું, કસાઇનું કિંવા ઢેડ ભંગી કે ચમાર જેવા લોકોનું છે. એક ખરા રામોશી બચ્ચાનું એ કામ નથી. એ સિવાય બીજું ગમે તે અઘરૂં કામ તમે અમને સોંપો. અમે શરીર કિંવા જીવની લેશ પણ પરવાહ રાખ્યા સિવાય તે કામ કરીશું. પણ એકાદ મનુષ્યનું તેની અજાણતામાં ખૂન કરવું એ અમારે હાથે કદિ પણ બનશે નહિ. એ દુષ્ટ કૃત્ય માટે માંગ (એક જાતના ઢેડ જેવા) લોકો જ યોગ્ય થઇ પડશે." રામોશીઓના નાયકે પોતાની શેઠાણીને એવો સ્પષ્ટ જવાબ આપી તેનું કહેવું સ્વિકાર્યું નહિ તેથી તેણે કંઇક પ્રપંચ રચી તે નાયકને અને તેના હાથ નીચેના રામોશીઓને પોતાના પતિ—ઇનામદાર—ની નોકરીમાંથી કાઢી મૂકાવ્યા. એ નાયકની ટોળીમાં રાઘુ, ઉમાજી, તેનો મિત્ર બાપુ ચવ્હાણ વગેરે મનુષ્યો હતા. પેલા લોકોએ પોતાની શેઠાણી ઇનામદારણનું કામ કરવાની ના પાડી તેથી કંઇ પુરંદરના બીજા રામોશીઓએ ન કર્યું એમ નહિ. તેમણે બક્ષિસની લાલચે તે કામ કરવાનું કબૂલ કર્યું અને તે કામ પૂરૂં પણ કર્યું! એ પ્રમાણે વડીલ શેઠાણીએ પોતાની નાનકડી શૉક્યનો કાંટો હમેશને માટે દૂર કરી દીધો ! એ કામ કરવા માટે રામોશીઓને સારી બક્ષિસ મળી એટલું જ નહિ પણ તેમને

એક મ્હોટી લૂંટ પણ મળી. લૂંટમાં મળેલી વસ્તુઓની વહેંચણી કરતાં રામોશીઓ પોતપોતામાં લડયા તેથી અંતે એ વાત ઉઘાડી પડી ગઇ ! અને ઔરંગાબાદના સુબા સુધી એ વાત જઈ પહોંચી. તેમણે એ કાળા કૃત્યમાં સામેલ રહેલા સર્વ રામોશીઓને એકદમ પકડવાની ઇનામદારને તાકીદની આજ્ઞા લખી મોકલી. કેદ પકડવાની વાત રામોશીઓએ જાણી એટલે તેમનામાં મ્હોટી ગડબડ મચી રહી. " શું કરવું ? " એ જ તેમને ઘણીવાર સુધી તો સમજાયું નહિ. અંતે ત્યાંથી "પોતાના દેશમાં ન્હાસી જવા સિવાય બીજો માર્ગજ નથી" એવો નિશ્ચય કરી, પચાસ સાઠ રામોશીઓની એક ટોળી પોતાના સ્ત્રી બાળકો તથા ગાય, ઢોર અને બકરાં ઘેટાં વગેરે ઘરખટલાને સાથે લઇ પુરંદર તરફ જવા નીકળી. નિઝામ સરકારનું લશ્કર તેમની તપાસમાં જ હતું. રામોશીની ટોળીને પસાર થતી જોઇ તેમણે તેમની પૂઠ પકડી. કેટલાક ગાઉ ગયા પછી નિઝામશાહી લશ્કર તે ટોળીની છેક નજીક જઈ પહોંચ્યું. તેમની પૂઠે લશ્કર પડેલું હતુ તે તેઓ પણ જાણતા નહોતા, એમ નહોતું, અને તેથી જ તેઓ અતિશય સાવચેતીથી અને ચાલાકીથી રસ્તો કાપતા હતા. સર્વ રામોશીઓ હથિઆરબંધ હતા એટલું જ નહિ પણ તેઓ હથિઆર ચલાવવામાં બહુ કુશળ હતા. તેમની પૂઠે પડેલા લશ્કરના ઘોડાનાં પગલાં વેગળેથી જ સાંભળીને માત્ર આગળ ન્હાસી છુટનારા બેવકુફ સિપાહીઓ જેવા તેઓ નહોતા. તેઓ આગળ અને નિઝામશાહી લશ્કર પાછળ, એ પ્રમાણે ચાલતા હતા. અંતે લશ્કર તેમની છેક નજીક આવી પહોંચ્યું. લશ્કર નજીક આવી પહોંચેલું જોઈ તેની સ્હામુ યુદ્ધ કરવું જ જોઇએ, એમ ધારી રામોશીઓની ટોળીએ એકદમ પાછા ફરી જઈ લશ્કર સ્હામું મ્હો ફેરવ્યું. બન્ને સ્હામસ્હામા થઇ ગયા. તેમને નજીકમાં થોડીક ખુલ્લી જગ્યા જોઇતી હતી. તે મળતાં જ તેમણે લશ્કરની ટુકડી સાથે ધૈર્યપૂર્વક યુદ્ધ કરવાની તૈયારી કરી. તેમણે પોતાનાં ઢોરઢાંખર જંગલમાં હાંકી મૂકવાનું કામ પોતાની સ્ત્રીઓને સોંપ્યું, અને તેમને પોતાનાથી દૂર રાખ્યાં. રામોશી લોકોની સ્ત્રીઓ તેમનાં કરતાં કાંઈ ઓછી ધૈર્યશાળી નહોતી. તેમના પર એવા પ્રસંગો વારંવાર આવતા હતા. તેથી કઇ વખત

કેવી રીતે વર્તવું એ તેઓ સારી પેઠે સમજતી હતી. તેમના પુરૂષો તરફથી આજ્ઞા મળતાંજ તેમની સૂચના પ્રમાણે તેઓ પોતાનો ઘરખટલો, બાળબચ્ચાં તથા ઢોરઢાંખર લઇને જંગલને માર્ગે ચાલી ગઈ. પોતાની સ્ત્રીઓ તથા બાળબચ્ચાં સુખરૂપ જંગલમાં પહોંચી જાય અને લશ્કરી સિપાહીઓ તેમની પૂઠે પડે નહિ તે માટે કેટલાક રામોશી પુરૂષોએ લશ્કરી સિપાહીઓ સ્હામે માત્ર છુરકા છુરકી કરવાનું શરૂ કર્યું. એમ થવાથી સ્ત્રી બચ્ચાંઓને જંગલમાં નીકળી જવાનો પુરતો વખત મળ્યો. સ્ત્રી બચ્ચાં વગેરે ઘોર જંગલમાં અદૃષ્ય થઈ ગયા પછી રામોશી પુરૂષો નિશ્ચિંત થયા. ત્યાર પછી એક સારી જગ્યા જોઈ તેઓએ લશ્કર પર ગોળી બ્હાર કરવાની શરૂવાત કરી. નિઝામશાહી સિપાહીઓ એકસો હતા જ્યારે રામોશીઓ માત્ર બાવીશજ હતા. તેઓમાંના કેટલાક પાસે ઘોડાવાળી બંદુકો અને કેટલાક પાસે તરવારો હતી. સંખ્યામાં તેઓ રામોશીઓ કરતાં પાંચગણા વધારે હતા, તેમ છતાં રામોશીની ન્હાની ટોળી ઉપર એકદમ હુમલો કરવાની તેમની હિમ્મત ચાલી નહિ. તેઓ વેગળે રહ્યા રહ્યા માત્ર રામોશીઓને દમ આપતા. કારણ કે પાછળથી શિબંદીની મદદ આવ્યા પછી હુમલો કરવાની તેમની ધારણા હતી. થોડી વાર પછી દોઢસો શિબંદી સિપાહીઓની તેમને મદદ મળી. બધા મળીને અઢીસોની સંખ્યા થઇ એટલે એક રામોશી સાથે બાર સિપાહીની ગણત્રી આવી. નિઝામશાહી લશ્કરે હવે રામોશીઓ ઉપર ધૈર્ય અને બહાદુરીથી હુમલો કરવાનો વિચાર કર્યો. તેઓએ રામોશીની ન્હાનકડી ટોળીને હથિઆર સાથે શરણે થવાનું અને તેમ નહિ કરવામાં આવે તો તેમને ઠાર મારવામાં આવશે એવું કહાવી પ્રથમ ધમકી આપી. શિબંદીના સિપાહી અને ઘોડેસ્વારો જેમ તરવાર બહાદુર સિપાહીઓ હતા તેમ રામોશીઓ પણ શસ્ત્ર વાપરવામાં અકુશળ કિંવા બ્હીકણ નહોતા, તેમજ તેમનો હુકમ સાંભળી તુરતજ તેઓ હથિઆર છોડી દઈ તેમને તાબે થાય એવા પણ નહોતા. તેમણે નિઝામશાહી સિપાહીઓની ધમકીને ગણકારી નહિ. ઉલટું તેમણે તેમના પર ગોળી બ્હાર કરી તેમની માંગણીનો ઉત્તર આપ્યો. એ જોઈ નિઝામશાહી સિપાહીઓ ગુસ્સે થઈ તેમના પર એકદમ તૂટી પડ્યા.

બન્ને વચ્ચે એક ન્હાનું યુદ્ધ થયું. તેમાં રામોશીઓના દશ મનુષ્યો મરણ પામ્યાં અને આઠ જખમી થયાં, બાકી રહેલા ચાર જણ તેમને સ્વાધીન થયા. એ શિવાય તેમને માટે બીજો માર્ગજ નહોતો. એ ચારમાં ઉમાજી પણ એક હતો. નિઝામશાહી લશ્કરે રામોશીઓ ઉપર વિજય મેળવ્યો. જખમી થયેલા રામોશીઓને કેદ પકડી નિઝામશાહી લશ્કર પરાડયા તરફ ચાલ્યું ગયું. જખમી થયેલા રામોશીઓમાં ઉમાજીના કાકાનો પુત્ર રાઘુ અને તેનો પુત્ર પણ હતો. તેઓ ત્યાં પહોંચ્યા પછી કેટલેક દિવસે મૃત્યુ પામ્યા. બાકી રહેલા રામોશીઓએ પરાડયા કિલ્લાના કેદખાનામાં ત્રણ મહિના હવા ખાધા પછી અને તેમની પાસે જે કાંઈ વધ્યું ઘટ્યું હતું તે સર્વ કેદમાંથી છુટવા માટે ત્યાંના અમલદારોના ચરણમાં સમર્પણ કર્યા પછી તે બિચારાઓનો ત્યાંથી છુટકો થયો, અને તેમને સ્વદેશ જવાની આજ્ઞા મળી. જીવતા રહેલા રામોશીઓ જેમ તેમ કરી પુનઃ પોતાને દેશ પુરંદર આવી પહોંચ્યા, તેમાં ઉમાજી પણ હતો. તે સ્વતંત્ર રીતે જીવન વ્યતીત કરે તે અરસામાંજ તેને "**प्रथमग्रासे मक्षिकापातः**" થયો ! ત્યાંથી છુટયા પછી તે આમ તેમ જવાનો વિચાર કરતો હતો એટલામાંજ તેને શરીરે સખ્ત દુઃખાવો થયો. દુઃખાવાનું જોર એટલું બધું વધ્યું કે તેમાંથી તે સારો થશે એવું કોઈ ધારતું નહોતું. ઔષધ કરવાથી જ્યારે તેને ગુણ આવ્યો નહિ ત્યારે તેના સગાં સ્નેહિઓએ તેના કાકાનો પુત્ર જે યુદ્ધમાં મરણ પામ્યો હતો તેના નામની દેવને ધુપ આરતિ કરી જોવાનો નિશ્ચય કર્યો. કારણ કે હજી સુધી તેના નામની એકાદ ન્હાની ડેરી બંધાવી તેમાં તેનાં પગલાં પડાવ્યાં નહોતાં, કિંવા તેના નામથી એકાદ હનુમાનનું દેવળ તેઓએ બંધાવ્યું નહોતું. વળી રાઘુએ જીવતાં સુધી માથે પાઘડી નહિ બાંધવાની દેવની બાધા રાખી હતી તે પ્રમાણે ઉમાજીએ પાઘડી બાંધવાની બાધા રાખી નહોતી. એ સર્વ વાતનું આ સમયે ઉમાજીને સ્મરણ થયું. તેણે એ બધી બાબતો પોતાના ભાઈ રાઘુને ખાતર કરવાનું કબુલ્યું ત્યારે તેનાં સગાંસ્નેહિઓએ તેને તેના નામનો ધૂપ દીધો. ત્યાર પછી તેનો દુઃખાવો ધીમે ધીમે ઓછો થયો, અને થોડા દિવસમાં તો તે ઘોડા જેવો હોંશિયાર થઈ ગયો. તે સમયથીજ

ઉમાજીએ પોતાના ભાઈ રાઘુને ખાતર માથે પાઘડી બાંધવાનું ત્યાગ કરી, ફેંટા બાંધવા માંડયો. એને બંધુ પ્રીતિ કહો અથવા બંધુ પ્રત્યેની પૂજ્ય બુદ્ધિ કહો, ગમે તે કહો પણ તેણે એ પ્રતિજ્ઞાનું ઘણા વર્ષ પર્યંત પાલન કર્યું. તેણે ક્યારે અને કોની આજ્ઞાથી એ પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તે આગલા કોઇ એક પ્રકરણમાં કહેવામાં આવશે.

પ્રકરણ ૨ જું.

શરૂવાત.

ઈસ. ૧૮૧૭ માં ઇસ્ટ ઈન્ડિયા કંપની અને પેશવા સરકાર વચ્ચે અણબનાવ વધ્યો હતો. તે પહેલાં એકાદ વર્ષ અગાઉ ઉમાજી પુરંદર આવી પહોંચ્યો હતો. તે પહેલાં અને તે પછી કેટલાંક વર્ષ પર્યંત તેણે કોઈ પણ સાહસ કૃત્ય કર્યું નહોતું. રામોશી મંડળમાં તેને મ્હોટો ખટપટી અને તોફાની સમજતા હતા. તેના સ્નેહિ મંડળમાંના ઘણા મનુષ્યો મદિરાદેવીના ભક્ત બન્યા હતા. તેમની સાથે ઉમાજીની દૃઢ મૈત્રી હોવાથી તે પણ એજ દેવીની ભક્તિ કરવા લાગ્યો! એક દિવસ મદિરાદેવીની ધૂનમાં હોવાથી ઉમાજીએ પોતાના સ્વર્ગસ્થભાઈ રાઘુના ન્હાના ભાઇને કાંઇ પણ કારણ નહિ હોવા છતાં અતિશય ગાળો દીધી, અને તેને સારી પેઠે ધમકી પણ આપી. રાઘુના ભાઇને ઉમાજીનું આ વર્તન પસંદ પડયું નહિ. તેનું માથું એકદમ ફરી ગયું. ક્રોધમાં તેનું મુખ લાલચોળ થઇ ગયું. ઉમાજીને મદિરાદેવીની ધૂનમાં પોતે શું કરે છે તેનું ભાન રહ્યું નહોતું તેમ રાઘુના ભાઇને પણ ક્રોધની ધૂનમાં આ સમયે કશું ભાન રહ્યું નહિ. તેણે ક્રોધના આવેશમાં પાસે પડેલો એક મ્હોટો પત્થર ઉંચકી ઉમાજીના કપાળમાં માર્યો તે સાથેજ ઉમાજી તમ્મર ખાઈ પૃથ્વી પર પડયો. ઉમાજીના કપાળમાં મ્હોટો ખાડો પડયો, તેમાંથી ફળ્‌ફળ્‌ લોહીની ધારા પડવા લાગી. કેટલીક વાર પછી તેને ચૈતન્ય આવ્યું પરંતુ આ નવીન વ્યાધિ-

માંથી સારો થતાં તેને ઘણા દિવસ લાગ્યા. એ એકજ બનાવથી ઉમાજીનો સ્વભાવ તદ્દન બદલાઇ ગયો. તેણે ધીમે ધીમે દારૂડીયા લોકોની મિત્રતા છોડી દીધી. તે સાથે તેણે દારૂનું વ્યસન પણ થોડું થોડું ઓછું કર્યું અને કેટલાક દિવસ પછી તો તેણે મદિરાદેવીના દર્શન કરવાનું બિલકુલ ત્યાગ કર્યું! એ પછી ઉમાજીએ જીવન પર્યંત મદ્યને કદી પણ સ્પર્શ કર્યો નહોતો.

સાષ્ટી, કોરેગાંવ, વગેરે સ્થળે કંપની અને પેશવા સરકારના લશ્કર વચ્ચે યુદ્ધ થયા પછી બીજા બાજીરાવ પેશવાના શનિવાર પેઠનાં મુખ્ય વાડા (મહાલય) ઉપરથી ભગવું નિશાન લુપ્ત થઈ બે ત્રણ રંગનું કમ્પની સરકારનું નિશાન ફરકવા લાગ્યું, અને બેટમાંથી તેમના મુનિમનું થાણું ઉઠી જઇ શનિવાર પેઠના વાડામાં હમેશ માટે આવી સ્થાપન થયું. તે પછી આશરે ૭ મહિના પછી ચાંદજી માનિયા નામક પુનાના એક મ્હોટી પેઢી વાળાએ પુનેથી મુંબઈ કંઇક માલ મોકલ્યો હતો. એ સમાચાર, સાકુર્ડી અને સાસવડના રામોશીઓના નાયક શત્તુ અને ઉમાજીને મળ્યા. તે માલ લુંટી લેવા માટે ઉમાજીને લઈ શત્તુ ત્યાંથી નીકળ્યો. અદ્યાપિ પર્યંત ઉમાજીએ કોઈ વિશેષ સાહસ કર્મ કર્યું નહોતું. અત્યારે તેણે પ્રથમજ સ્વતંત્ર હુમલો કર્યો હતો. તે પોતાના બે મિત્રો સહિત ત્યાંથી ત્વરાથી નીકળ્યો. અને બોરઘાટ ઉતરી નીચે પનવેલીથી નવ ગાઉ દૂર આવેલા ખાલાપુર ગામ પાસે જઈ વાઘની પેઠે લપાઇને પેઢીવાળા શેઠના માલની વાટ જોતા બેઠા. તેમનો શિકાર પાછળજ આવતો હતો. શિકાર બરાબર સમક્ષ આવી પહોંચતાંજ પેલા વાઘ છૂટયા! તેમણે તેના ઉપર તરાપ મારી અને જોતજોતામાં શિકાર લઇ રસ્તે પડયા! તે વખતના પુનાના કલેક્ટર સાહેબે લુંટ કોણે કરી તે સંબંધી અથથી ઇતિ પર્યંત સર્વ બાતમી મેળવી અને ઉમાજી તથા તેના બે ત્રણ મિત્રોને સત્વર કેદ પકડવામાં આવ્યા.

લૂંટ કરવા માટે ઉમાજી અને તેના મિત્રોની ન્યાયની કોર્ટમાં તપાસ શરૂ થઇ. ગુન્હો સાબિત થવાથી કમ્પની સરકારના અમલદારોએ તેમને એક વર્ષની સખ્ત કેદખાનાની શિક્ષા ફરમાવી, અને તેમના બરડા પર ચુમ્મળ ચાબુકના ફટકા પડ્યા તે નફામાં! કેદની શિક્ષા પૂરી થયા પછી ઉમાજી

કેદમાંથી છૂટયો. ત્યાર પછી ઉમાજીએ તુરત જ બીજો હુમલો કર્યો નહતો, પરંતુ એ જ કામ કરતા તેના જુના મિત્રો મળતા ત્યારે તેમના અતિશય આગ્રહથી ઉમાજી માત્ર તેમની સાથે ફેરાફાંટા ખાવા અને ન્હાનો શિકાર મળે તો તે પકડવા જતો. પ્રત્યેક વ્યસનનો એવો જ ધર્મ છે કે તે વ્યસન એક વખત મનુષ્ય સ્વભાવને લાગુ પડયું કે પછી તે એકાએક છુટવું બહુ મુશ્કેલ થઇ પડે છે! ઉમાજીને મદ્યપાનનું જે વ્યસન લાગ્યું હતું તે ઉપર કહ્યા પ્રમાણે કારણો મળતાં જેમ છુટયું તે જ પ્રમાણે એકાદ મનુષ્યનું વ્યસન ભવિષ્યનાં કોઇ કારણોથી છુટી જાય પરંતુ દુર્ભાગ્યે તેના જુના મિત્રો મળ્યા કે બસ, પછી પુનઃ તેને પોતાનું વ્યસન યાદ આવે છે અને તેને હાથે પુનઃ તે ગંભીર ભૂલ થઈ જાય છે! તે સમય કિંવા તે ક્ષણ ચુકાવી દેવી એ કામ ખરેખર દુર્ઘટ છે. ખરી તપશ્ચર્યાની, આત્મસંયમની અને ધૈર્યની એકાદ પ્રસંગે કસોટી થાય છે. તે પ્રસંગે જે મનુષ્યનું પતન થતું નથી તે જ ખરો ધૈર્યવાન, અને તે જ ખરો આત્મસંયમી મનુષ્ય કહી શકાશે. બાકી ડગમગતા મનવાળા મનુષ્ય પોતાનું પૂર્વ વ્યસન સમક્ષ આવતાં જ, સંકલ્પ ચૂકી જાય છે, અને વ્યસનની ઉંડી ખીણમાં ગરક થાય છે. તેથી વ્યસનમાં પડેલા જુના મિત્રો સાથે જેમ સમાગમ ઓછો થાય તેમાંજ સદ્‌ભાગ્ય સમજવું. ઉમાજીના સંબંધમાં પણ એમજ બન્યું હતું. કેદમાંથી છુટી આવ્યા પછી કેટલાક મહિના તે વિરક્ત જેવો રહ્યો હતો. કેટલાક દિવસ પછી એક રામોશી ટોળીએ ભોર નજીકના વીંમ ગામના કુળકર્ણીનું ઘર લૂટયું. તે સર્વેની બાતમી મળતાં સરકારે તેમને પકડયા. તેમણે “ઉમાજી પણ અમારી સાથે હતો.” એવું કહ્યાથી ઉમાજી ઉપર બીજી વખત ઘોર સંકટ આવી પડયું. તેને પકડવામાં આવ્યો અને બીજાઓ સાથે તેની પણ કૅાર્ટમાં તપાસ થઇ. પરંતુ આ સમયે તેણે પોતાના નિરપરાધીપણા માટે એવી ખુબીથી ઉત્તર દીધો અને એવો અચુક પુરાવો આપ્યો કે જેથી તેના વિરૂદ્ધ ચોક્કસ પુરાવો મળ્યા સિવાય અધિકારીઓએ તેને શિક્ષા કરી નહિ. તેમણે ઉમાજીને આ વખત માત્ર કેદમાં જ રાખી મૂક્યો હતો. એ અરસામાં જ ઉમાજીના ન્હાના ભાઇ કૃષ્ણાજીને એક ચોરીના કામમાં સાત વર્ષની

સખ્ત મજુરી સાથે કેદની શિક્ષા થવાથી તે કેદખાનું ભોગવતો હતો. એવા હિમ્મતવાન અને સાહસિક રામોશી બચ્ચાને, નિર્જીવ પત્થરની તુરંગ કેટલા દિવસ પોતાના કબ્જામાં રાખી શકે વારૂ? તેણે તેની વિશાળ ભીંતો ઉપરથી કુદકો મારી સત્વર પોબારા ગણ્યા! વીંગના કુળકર્ણીનું ઘર લુંટવા માટે ઉમાજીને કેટલાક દિવસ પર્યંત કાચી કેદમાં રહેવું પડયું હતું, પરંતુ તેટલા દિવસ તે ત્યાં નકામો બેસી રહ્યો નહતો. એટલા દિવસમાં તેણે મહામહેનત કરીને તથા યુક્તિ પ્રયુક્તિથી બાળબોધ અક્ષરો ઓળખી લીધા હતા. તેણે શી રીતે બાળબોધ અક્ષરો ઓળખ્યા તે તો પરમેશ્વર જાણે! અક્ષરો ઓળખ્યા પછી તે ન્હાની ન્હાની વાર્તાઓ વાંચવા લાગ્યો. તેના ભાઇ કૃષ્ણાજીએ પણ કેદખાનામાંથી ન્હાસી જતા પહેલાં કેદખાનામાં જ ઉમાજીની પેઠે બાળબોધ અક્ષરો શીખી લીધા હતા. રામોશી જાતિમાં એટલું લખી વાંચી જાણનાર અને તેમાં પણ કૃષ્ણાજી તથા ઉમાજી જેવા પચીશ ત્રીશ વર્ષની વય વીત્યા પછી સારી પેઠે લખતાં વાંચતાં આવડે એવાં મનુષ્યો મળવાં અત્યંત મુશ્કેલ હતાં. તેમનાં બાળકોને કદાચ બાલ્યાવસ્થામાંથી વાંચતાં લખતાં શિખવવામાં આવે તો તે શક્ય હતું. પરંતુ હમણાં આશરે પોણોસો વર્ષ પછી તેમની જાતિમાં, ઉમાજી, કૃષ્ણાજી, જેવા બે પુરૂષોને પ્રૌઢ વયમાં વાંચતાં લખતાં આવડે એ તો ખરેખર સર્વને આશ્ચર્ય જ ઉપજાવતું હતું. પ્રૌઢ વયમાં, બન્ને ભાઇએ કેદખાનામાં રહીને થોડી વિદ્યા સંપાદન કરી તે તેમની ભવિષ્યની મહત્વાકાંક્ષા અને ઉદ્દેશ પરિપૂર્ણ થવાનું શુભ ચિહ્ન હતું એમજ કહેવું પડશે!"

ઉપલો બનાવ બન્યા પછી એક વર્ષ વીતતાં જ ઉમાજી પુનેથી પુનઃ પોતાને ગામ આવ્યો. તેનો સોબતી સત્તુ તેની સાથે જ હતો. તે એક દિવસ ધાન્ય લાવવા માટે બીજે ગામ ગયો. ત્યાંથી ખરિદી કરીને ત્યાંની એક મહાર મજુરણને માથે ધાન્ય ચઢાવી પોતાને ગામ સાસવડ આવતો હતો. પુરંદર પાસેના પૈંખર ગામમાં આવ્યા પછી ત્યાંથી બીજી મજુરણ લેવા માટે તેણે એક ડેડીને બૂમ પાડી. ડેડીએ ઉત્તર આપ્યો કેઃ "ગામમાં કોઇ પુરૂષ નથી. તેથી બાર ઉચકીને કોઇ આવે તેમ નથી. જેમ આવ્યો

તેમ ચાલ્યો જા." તે સાંભળી સત્તુ અને ઢેડી વચ્ચે ઘણી બોલચાલ થઈ. અંતે પરસ્પર ગાળાગાળી પર આવ્યાં. સત્તુએ તેને પુષ્કળ ગાળો દીધી અને ક્રોધના આવેશમાં પગમાંથી જોડો કાઢી ઢેડીને જોરથી માર્યો. ઢેડી સગર્ભા હતી. તેને છેલ્લા દિવસો જતા હતા. સત્તુનો જોડો તેના પેટ ઉપર મર્મસ્થાને વાગતાં જ તે તમ્મર ખાઈ પૃથ્વી પર પડી ગઇ; અને બે ઘડીમાં તે મરણ પામી ! સુવાવડમાં દિવસો નિર્ગમન કરવા પહેલાં જ તે બિચારી કમોતે મરી પરલોકવાસી થઇ. ઢેડી મરણ પામ્યાથી તેનો પતિ વૈર લીધા સિવાય રહેશે નહિ એમ જાણી સત્તુ ગભરાટમાં પડયો. ક્યાં મજુરી અને ક્યાં ઢેડીનું મરણ ? ઢેડીના પતિનો ભય લાગવાથી અનાજની ગાંસડી ત્યાં જ પડતી મૂકી ઘેર જવાને બદલે સત્તુએ નજીકના ડુંગરનો રસ્તો પકડયો. ઢેડીનો પતિ ઘેર આવ્યા પછી તેને સર્વ બાબતની ખબર પડી. એટલે તે જ ક્ષણે તે સત્તુને પકડવા માટે તેની પાછળ જ ડુંગર તરફ ગયો. અંતે તેણે સત્તુને પકડયો અને તેને સાસવડ લઇ આવ્યો. ત્યાંથી બંદોબસ્ત માટે કેટલાંક માણસો સાથે પોલીસ પટેલે તે જ દિવસ તેમને પુને મોકલ્યા. તેઓ સાસવડથી નીકળ્યા તે દિવે આવીને થોભ્યા. રાત પડેલી હોવાથી તેમણે ત્યાં જ મુકામ કર્યો. ઉમાજીને એ સમાચાર મળ્યા કે તુરત જ તેણે સાકુર્ડીના અને ગરોડીના પુષ્કળ રામોશીને એકત્ર કરી રાતે દિવે જઇ તેમના પર છાપો માર્યો અને પોતાના મિત્રને તેણે છોડવી લીધો. ઈ. સ. ૧૮૨૧ તા. ૨૧ ડિસેમ્બરને દિવસે ઢેડી મરણ પામી હતી. તે જ દિવસે એ બનાવ બન્યો હતો. પુના જીલ્લામાં ત્યાર પછીના દશ વર્ષ પર્યંત અતિશય તોફાન રહ્યું અને સર્વ રૈયતને ત્રાસ સહન કરવો પડયો તેનું કારણ સગર્ભા ઢેડીનું સત્તુને હાથે થયેલું અકાળ મરણ હતું એવું ત્યાંના લોકો માનતા હતા.

ઉમાજીએ સત્તુને છોડાવ્યા પછી ઘણા દિવસ પર્યંત તે ડુંગરોની આસપાસના પ્રદેશમાં, પોતાના મિત્ર સમાના ઘરમાં સંતાઇ રહી પોતાના દિવસો નિર્ગમન કરતો હતો. તેથી સરકારી અમલદારોએ તેને પકડવાના જે પ્રયત્નો કર્યા તે વ્યર્થ ગયા. ત્યાર પછી પણ બે વર્ષ પર્યંત ઉમાજી અજ્ઞાત વાસમાં જ રહ્યો હતો. એ સમયમાં તેનો ભાઈ કૃષ્ણાજી પણ તેને

આવીને મળ્યો. ઈ. સ. ૧૮૩૩ ના એપ્રિલ મહિનામાં જજુરીમાં મેળો ભરાય છે. ઉમાજી પોતાના બે ભાઇ, કૃષ્ણાજી અને અમૃતો તથા બે ત્રણ સ્નેહિઓને સાથે લઇ જજુરી ગયો. મેળામાં જવાનું કારણ એ હતું કે: ત્યાં કંઇ શિકાર મળે તો તપાસ કરવી. મેળામાં ચાલતાં ચાલતાં, અમૃત સિવાય, બીજાં મનુષ્યો આસપાસ ખેલ તમાશા થતા હતા તે જોવામાં ગુંથાયા. એટલામાં અમૃતાએ એક ન્હાનો શિકાર શોધી રાખ્યો. એક ગૃહસ્થે તળાવને કિનારે પોતાની પાઘડી મુકી સ્નાન કરવાની તૈયારી કરી હતી. તેણે તળાવમાં ઉતરી પાણીમાં ડુબકી મારી કે તુરત જ અમૃતે ચાલાકી કરી કિનારે મુકેલી પાઘડી ઉઠાવી લીધી. અમૃતે જાણ્યું કે મને કોઇ જોતું નથી પરંતુ તેનું એ દુષ્કૃત્ય સામેથી આવતા એક બીજા ગૃહસ્થે જોયું હતું. તે ગૃહસ્થે તુરત મેળામાં બંદોબસ્ત કરવા પુનેથી ખાસ આવેલા પોલીસ પટેલ અણ્ણાજી નાયકને વિદિત કર્યું. તેણે તુરત જ અમૃતાને ચતુર્ભુજ કરી પોલીસ ચોકીમાં કેદ કર્યો. એ સમાચાર ઉમાજીને મળતાં જ તે પોલીસ પટેલ અણ્ણાજી પાસે ગયો અને પોતાના ભાઇને મુક્ત કરવા માટે તેમની અતિશય વિનતિ કરી. પરંતુ અણ્ણાજીએ તેને પુને મોકલવાનો નિશ્ચય કર્યો હતો તે ઉમાજીને કહી સંભળાવ્યો. અંતે નિરાશ થઈને અને છંછેડાયલા સર્પની પેઠે ચીડાઇ જઈને ઉમાજીએ અણ્ણાજી નાયકને પોતાનો સપાટો બતાવવાનો નિશ્ચય કર્યો. ઉમાજીએ તે વખતે તો તેને સલામ કરી ત્યાંથી ચાલવા માંડયું. પોતાને ઘેર આવ્યા પછી "જે થવાનું હોય તે થાય પણ ગમે તેમ કરી અમૃતાને છોડવવો જ જોઇએ." એવો વિચાર તેના મનમાં ઘૂમવા લાગ્યો. અમૃતાને છોડવવા માટે અંતે અણ્ણાજી પાટિલને લાંબો જ કરી નાંખવો એવો તેણે છેવટે નિશ્ચય કર્યો. સંધ્યાકાળ પછી અંધારૂં ઘોર થયું એટલે ઉમાજી તરવાર લઇને અણ્ણાજી નાયક જ્યાં ઉતર્યો હતો ત્યાં જઈ પહોંચ્યો. તેને જોતાં જ ઉમાજીના શરીરમાં જાણે વૈતાળે પ્રવેશ કર્યો હોય એવો જુસ્સો આવ્યો. અને વાઘની પેઠે તેના શરીર ઉપર ધસી ગયો. આંખની પલક મીંચાઇ ઉઘડે એટલા વખતમાં તો વિજળીના ચમકારા પેઠે તેની તરવાર ઢિચાના અ-

વાળામાં ચમકી. તેણે અણ્ણાજીના શરીર પર એક પછી એક ત્રણ ચાર ઘા માર્યા! પડેલા ઘામાંથી રૂધિરની ધારા નીકળવા લાગી. તે બિચારાને સખ્ત વેદના થવાથી એક મ્હોટી ચીસ પાડી ઉઠયો. એટલામાં ઉમાજીએ છેલ્લો એક ઘા એવો માર્યો કે જેથી તુરત જ તે યમદ્વારમાં પહોંચી ગયો! તેની બૂમ સાંભળી એક પોલીસ રામોશી તેને સહાયતા કરવા દોડી આવ્યો. તેને પણ ઉમાજીની તરવારનો પ્રસાદ મળ્યો, તેથી તે સખ્ત જખમી થઈ પૃથ્વી પર આળોટવા લાગ્યો. અણ્ણાજી નાયકની રાખેલી એક સ્ત્રી તેની સાથેજ હતી. તે તત્ક્ષણાત દોડી આવી અને લોહી લુહાણ થયેલા અણ્ણાજીના શરીર ઉપર પડી આળોટવા લાગી. આ વખતે ઉમાજીએ ઘા મારવા માટે તરવાર ઉંચી કરી હતી. ક્ષણુંવારમાં તે સ્ત્રીનો પણ મોક્ષ થઇ જાત અને ઉમાજીની જગ્યાએ કોઈ બીજો હોત તો તેણે વખતે તે સ્ત્રીનો ધાણ કહાડી નાંખ્યો હોત પરંતુ તે બાઈનું સાહસ, ધૈર્ય, અણ્ણાજી ઉપરનો તેનો પ્રેમ, દુઃખ અને પોતાના પ્રાણની બેપરવાઇ વગેરે જોઈ ઉમાજીનો હાથ તેના પર ઘા કરવાને નીચો પડયો નહિ. લકવો થતાં જેમ શરીરનો એકાદ વિભાગ ઓચિંતો જેમનો તેમજ રહી જાય છે તેમ ઉમાજીનો હાથ ઉંચો ને ઉંચોજ રહી ગયો. કેટલીકવાર સુધી ઉમાજી પત્થરના પૂતળા પેઠે સ્તબ્ધ થઈ નિશ્ચલ દ્રષ્ટિયે તે બાઇના સ્હામું જોવા લાગ્યો. તે બાઇના દુઃખે, ઉમાજીનું પત્થર જેવું કઠણ કાળજું તુરતજ નરમ કરી દીધું. બાઇનું દુઃખ જોઈ તેનું અંતઃકરણ પણ ભરાઈ આવ્યું. ક્રોધના જુસ્સામાં ઉમાજીનાં નેત્રો અત્યાર સુધી લાલચોળ થઈ રહ્યા હતાં તેમાંથી હવે લાલાશ જતી રહી અને શોકની છાયા જણાવા લાગી. એટલુંજ નહિ પણ તે નેત્રો ગુપ્ત રીતે આંસુમાં તરવા લાગ્યાં. ઉમાજીનું અંતઃકરણ જેટલું કઠોર હતું તેટલું જ મૃદુ પણ હતું. એ વાત આ બનાવ ઉપરથી તેમજ અન્ય બનાવો ઉપરથી સ્પષ્ટ જણાઈ આવશે. ઉમાજીના મનમાં આ સમયે ઘણું દુઃખ થયું પરંતુ સ્તબ્ધ થઈને ઉભા રહેવાનો આ સમય નહોતો. તેણે તુરતજ પોતાના ભાઈને બંધન મુક્ત કરી પોતાના સાથીદારો સાથે ઉતાવળે પગલે ત્યાંથી ચાલવા માંડયું.

પ્રકરણ ૩ જું.

નાયકની પદવી.

ઉમાજી અને તેનો ભાઈ પોતાને ગામ ભિંવડી આવી પહોં-ચ્યા ત્યાર પછી તેમને પોતાના સાહસ કૃત્ય માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો. કયે સમયે અને કયે દિવસે સરકાર પકડી જશે તે સંબંધી તેમને નિત્ય ભય લાગવા માંડયો. ઉમાજીએ ધાર્યું કે: "આ પ્રમાણે ભયગ્રસ્ત અને અધમ સ્થિતિમાં રહેવા કરતાં ખુલ્લી રીતે લૂંટારા થવું એ જ સારૂં." એવું વિચારી ઉમાજી પોતાના બંધુ સહિત સાસવડનાં સત્તુ નાયકને ખુશીથી જઈ મળ્યો. અણ્ણાજી નાયકનું ખૂન કરવાથી તેને પકડવા માટે સરકારે પોલિસોની એક ટુકડી મોકલી હતી તે પણ ઉમાજી અને સત્તુના જાણવામાં આવ્યું. તેઓ પોતાની પૂઠે પડેલા સિપાહીઓની ટુકડીની નજર ચુકવતા, તેમને ખોટી બાતમીઓ આપી લાગ જોઈ ન્હાસતા ફરતા અંતે સહ્યાદ્રિ પર્વતનાં ખીણ કોતરોમાં નિવાસ કરવા લાગ્યા. તેમણે પોતાનું ભિંવડી ગામ છોડી દીધું ત્યાર પછીથી ખીણ, કોતરો, ઝાડી, અને મોટાં મોટાં જંગલ-અરણ્યમાં જ પોતાનું નિવાસ સ્થાન કર્યું. ઈ. સ. ૧૮૨૩ ની આખરે તેમની ટોળીમાં ફક્ત નવ દશ રામોશીઓ હતા અને તેઓ ન્હાની ન્હાની ચોરીઓ કરી પોતાનો ઉદર નિર્વાહ ચલાવતા હતા. પરંતુ ન્હાની ચોરીઓ કરતાં તેમને આવડતું નહોતું, તેથી એકાદ ઠેકાણે હલ્લો કરી મ્હોટો શિકાર પ્રાપ્ત કરવાની તેમને ઇચ્છા થઈ. તેમ કરવામાં મનુષ્ય બળની વિશેષ જરૂર હતી. તેથી પોતાની ટોળીમાં બીજા સાહસિક મનુષ્યોની વૃદ્ધિ કરવાનું કામ તેમણે ધીમે ધીમે ચાલુ રાખ્યું હતું. થોડા વખતમાં તેમની ટોળીમાં પુષ્કળ મનુષ્યો એકઠાં થઇ ગયાં. તે સઘળા સિંહ-

ગઢના ડુંગરોમાં એકત્ર થયા. પોતાનો ઉદ્દેશ પાર પાડવા અને મ્હોટો શિકાર મેળવવા માટે પ્રથમથી જ તેમણે પોતાનાં છુપાં માણસો ઘણે વેગળે સુધી મોકલ્યાં હતાં. એક દિવસ કેટલાંક છુપાં મનુષ્યોએ સિંહગઢના ડુંગરોમાં આવી, ભાંબુરડાના સરકારી ખજાનામાં કેટલા રોકડ રૂપિયા હતા તે સંબંધી તેમને ચોક્કસ સમાચાર આપ્યા. તે ઉપરથી તા. ૨૪ મી ફેબ્રુઆરી ઇ. સ. ૧૮૨૪ ને દિવસે સત્તુએ પોતાની ટોળીમાંના ખાસ મનુષ્યો સાથે ઉમાજીને તે શિકાર લેવા મોકલ્યો. ભાંબુરડાના સરકારી ખજાનાવાળું સ્થળ કાંઇ ઓછું મજબુત નહતું. તે એક ચોરસ હવેલી હતી અને આગળ આંગણું હતું. તેની એક બાજુની ભીંત ચૌદ ફીટ ઉંચી હતી. ખજાના ઉપર શિબંદી સિપાહીઓનો મજબુત પહેરો હતો. તા. ૨૪ મી ફેબ્રુઆરીની રાત્રિએ ઉમાજી તેની ટોળી સહિત ખજાના નજીક આવી પહોંચે તે પહેલાંજ હવેલીના મોટા દરવાજા બંધ થઇ ગયા હતા. "હવે શું કરવું ?" એ વિચારમાં સર્વે સ્તબ્ધ થઇ ગયા હતા એટલામાં ઉમાજીનો ભાઇ કૃષ્ણાજી અને વિઠુનાયક આગળ આવ્યા; અને જોતજોતામાં ભીંત ઉપર ચઢી ગયા. તેમાંના એકે આગળ પાછળ કાંઇ નહિ જોતાં એકદમ વચલા ચૉકમાં ભૂસકો માર્યો અને દરવાજા આગળ પહેરો ભરતા સિપાહીને ત્યાંને ત્યાંજ ઠાર કરી દીધો, અને દરવાજો ઉઘાડી પોતાના સાથીદારોને અંદર લીધા. સર્વ મનુષ્યો અંદર આવ્યા પછી તેમણે પ્રથમ ઓરડીઓમાં સુતેલા સિપાહીઓની ઓરડી પર સાંકળો ચઢાવી તેમને એક પ્રકારના કેદી બનાવી દીધા ! કેટલાક સિપાહીઓએ તેમની સામે ટક્કર લીધી પરંતુ તેમાં બે સિપાહીઓ ઘાયલ થયા અને એક મરણ પામવાથી તે તોફાન ત્યાંજ થોભ્યું. સિંહગઢના જંગલના ચેસુ રામોશીની ટોળી પૈકીના બે અને ઉમાજીનો એક મળીને ત્રણ મનુષ્યો ઘાયલ થયા ખરા પણ અંતે રામોશીઓ જીત્યા. એ સરકારી ખજાનામાંથી છ હજાર બસો રૂપિયા તેમના હાથમાં આવ્યા. એ લુંટમાંથી ભાગ પાડતાં ઉમાજી, કૃષ્ણાજી અને તેના સાથીદારોના ભાગમાં પુષ્કળ રૂપિયા આવ્યા હતા. તેમાંથી એક સારી રકમ કરેપઠારના ખંડોબાને અને તેટલીજ રકમ સિંહગઢ નજીક જતાં કોંડણપૂરની ભવાની દેવીને તેઓએ

અર્પણ કરી. કેટલાક દિવસ પછી પુનાના રામોશીઓના નાયકે, એ મ્હોટી લૂંટમાં સામેલ થયેલા અને ઘણે વેગળે ન્હાસી ગયેલા કેટલાક મનુષ્યોને પકડી તેમની પાસેથી આશરે આઠસો રૂપિયા કઢાવ્યા હતા.

બે મહિના વીત્યા પછી તા. ૨૪ મી એપ્રિલ ઇ. સ. ૧૮૨૪ને દિવસે સત્તુ રામોશીની ટોળી સાસવડની દક્ષિણે આવેલા ડુંગરોમાં એકત્ર થઇ છે એવા સમાચાર સરકારને મળ્યા. તે પરથી શિબંદીના સિપાહી, રામોશી વગેરે મળીને ચાળીશ તથા પાયદળના બાર મનુષ્ય અને એક હવાલદાર; એટલાં મનુષ્યોની એક ટુકડી બનાવી તેઓ ઉપર રાતે જઇ છાપો મારવાનો કંપની સરકારે હુકમ આપ્યો. હુકમ મળતાં જ તે ન્હાનકડી ટુકડી સૂર્યોદય સમયે, રામોશીઓની ટોળી મળવાની બાતમી મળી હતી તે સ્થળે ઉતાવળે જઇ પહોંચી. પરંતુ તે સ્થળે તેમને રામોશીઓની ટોળી મળી નહિ. આટલે બધે સુધી ઉતાવળે આવવાનો શ્રમ વેઠવા છતાં શ્રમ નિરર્થક ગયો જાણીને તેઓ પાછા સાસવડ આવવા નીકળ્યા. આ સમયે કંપનીની ટુકડી ઉપર યેસુ માળી નામનો મનુષ્ય મુખ્ય અમલદાર હતો. ડુંગરની એક ખીણમાંથી પસાર થતાં તેણે પોતાની સાથેના બ્યુગલ વગાડનારને મ્હોટેથી બ્યુગલ વગાડવાની આજ્ઞા ફરમાવી. તેણે પણ ઘણા જોરથી બ્યુગલ વગાડી જંગલને કમ્પાયમાન કરી મૂક્યું. એ સમયે કોઇના પણ લક્ષ્યમાં ન હોવા છતાં સત્તુની ટોળી ડુંગરના શિખર ઉપર તેમને જણાઇ. તેમને જોતાં જ યેસુ માળી અને તેની સાથેનાં મનુષ્યો ચકિત થઇ ગયાં. તેમાંના એક રામોશીએ ડુંગરના શિખર ઉપર ઉભા રહીને નીચે ઉતરતા યેસુ માળીને ધૈર્ય રાખી મ્હોટેથી બૂમ પાડી કહ્યું કે: "તું અહિ શા માટે આવ્યો છે? ત્હારે શું કામ છે તે કહે." સત્તુ રામોશીની ટોળીમાં આ સમયે આશરે સીત્તેર મનુષ્યો હતાં. તેમની પાસે બે નળીની બંદુકો હતી. "યેસુને પાછળ રહેવા દઈ તું ત્હારાં માણસો લઇને વેગળે ચાલ્યો જા. અમારે જે કાંઈ વાતચિત કરવી હશે તે અમે તેને કહીશું." એવું સત્તુએ કંપનીના હવાલદારને કહ્યું, અને તેમના પર બંદુકની ગોળીઓ મારીને તેઓ કોણ જાણે ક્યાંએ અદ્રશ્ય થઇ ગયા, તે સરકારી સિપાહીઓના જાણવામાં આવ્યું નહિ. સિપાહીઓએ

પણ તેમનાં પર બંદુકો ફોડી. એ ન્હાનકડા યુદ્ધમાં સિપાહીઓમાંથી એક ઘાયલ થયો, અને એક મરણ પામ્યો. રામોશીઓની ટોળીમાંના કેટલા ઘાયલ થયા કિંવા કેટલા મરણ પામ્યા તે જણાયું નથી. તેમના પર છાપો મારવાનો પ્રયત્ન વ્યર્થ જશે એમ જાણી, ઘાયલ થયલા અને મરણ પામેલા મનુષ્યોને પોતાની સાથે લઈ યેસુ માળીએ પોતાની ટુકડી સહિત સાસવડ આવી મુકામ કર્યો. પોલીસના સિપાહીઓ તેમને પકડવાનો યત્ન કરતા હતા અને તેઓ તેમની નજર ચુકાવી ડુંગરોમાં ફરતા હતા. તેમ કરતાં એકાદ શિકાર મળ્યો તો તેનો ઉપભોગ પણ કરી લેતા! આ પ્રમાણે તેમણે દશ-બાર માસ પર્યંત પોતાનું કાર્ય ચાલવા દીધું.

એક વર્ષે એટલે ઇ. સ. ૧૮૨૫ ના એપ્રિલની તા. ૨૮ મીએ રાત્રે, ઉમાજી પોતાની સાથે ચુંટી કાઢેલાં ત્રીશ મનુષ્યો લઈ પોતાના એક મિત્રને મળવા માટે સાસવડ ગયો. બન્ને મિત્રોની ભેટ થયા પછી બન્ને આનંદ મંગળ કરતા જમવા બેઠા હતા. તે સમયે પુરંદરના જાગીરદારને એ બાતમી મળતાં તેણે કેટલાક ઘોડેસ્વાર, કેટલાક શિબંદીનાં માણસો, અને પોલીસના દશ સિપાહીઓ મોકલ્યા. તે સર્વેએ રાતે દશ વાગે એકદમ ઉમાજી અને તેની ટોળી ઉપર છાપો માર્યો. એ જોઈ સર્વ રામોશીઓ સાવચેત થઇ ગયા અને છાપો મારનાર મનુષ્યો સાથે સામસામા લડ્યા. અંતે અતિશય શૌર્ય બતાવી, સ્હામાવાળા સિપાહીઓની વચમાં થઈને તેઓ ચાલ્યા ગયા. એ ચકમકમાં ભોજાજી નાયકનો ભાઈ પાંડુ મરણ પામ્યો. ઉમાજીને પીઠ ઉપર તરવારનો એક ઘા વાગ્યો. શિબંદીના દફેદારને મારી નાખવા જતાં તેના ભાઈ કૃષ્ણાજીને પણ, એક ઘા વાગ્યો. આ સમયે તેમને ઘોડેસ્વારોએ ઘેરી લીધા હતા તેમ છતાં બહુ ચપળતાથી તેમની નજર આગળથી છટકી વાંકાચૂકા નાળાંઓમાં થઈને તેઓ ડુંગરોમાં ન્હાસી ગયા. ન્હાસતાં ન્હાસતાં પણ તેઓ સિપાહીઓ ઉપર ગોળી બહાર કરતા હતા. એ કામમાં ભોજાજી નાયક બંદુક ફોડતો હતો અને બાકીનાં માણસો તેને એક પછી એક બંદુક ભરી આપતા હતા. તેમની એવી ચાલાકીથી બાકીનાં મનુષ્યો સંતાતા છુપાતાં ડુંગરમાં જઇ પહોંચ્યાં. રામોશીઓએ ઉતાવળે જતાં જતાં ત્યાં

જે કાંઇ નાંખી દીધું તે એકઠું કરવામાં શિબંદીનાં મનુષ્યો ગુંથાયાં હોવાથી તેમણે ઘણે વેગળે સુધી તેમની પૂઠ પકડી નહિ. રામોશીઓએ લોકોની માલમતા લુંટી લીધી હતી અને શિબંદી સિપાહીઓએ તેમનો સામાન લુંટી લીધો ! એ ખટપટમાં પુરંદરના જાગીરદારનાં બે મનુષ્યો જખ્મી થયાં હતાં. એ સંકટમાંથી જેમ તેમ કરતાં છુટ્યા પછી સત્તુ અને ઉમાજી એકઠા થયા ત્યારે સત્તુએ તેને સાસવડમાં જવા માટે અસંખ્ય ગાળો દીધી, અને એવું સાહસ પુનઃ નહિ કરવા તેને સખ્ત ઠપકો દીધો. આ સમયથી સત્તુ ઘણો માંદો રહેતો હતો. અંતે કૉલેરાના રોગનો ભોગ થઈ નીરા નદીની દક્ષિણે આવેલા એક ન્હાના ગામમાં ઈ. સ. ૧૮૨૫ તા. ૨૭ ઑગષ્ટને દિવસે મરણ શરણ થયો. તે દિવસથી જ ઉમાજીને સર્વ ટોળીનો નાયક બનાવવામાં આવ્યો અને લોકો પણ તેને "ઉમાજી નાયક" અથવા માત્ર "નાયક" કહેવા લાગ્યા.

પ્રકરણ ૪ થું.

શિકાર.

સાસવડમાં રામોશીઓ ઉપર સિપાહીઓએ છાપો માર્યો હતો તે નિષ્ફળ ગયા પછી અને સત્તુ નાયકના મરણ પછી અને ટોળીનું આધિપત્ય ઉમાજી પાસે આવ્યા પછી કેટલેક દિવસે એક એવો બીજો પ્રસંગ રામોશીઓની ટોળી ઉપર આવી પડ્યો હતો. ઇ. સ. ૧૮૨૫ ના જુલાઈ મહિનામાં નીરા નદીના પુલની દક્ષિણે હરળીના ઘાટ પાસેના ડુંગરોમાં રામોશીઓ એકત્ર થયા છે એવું તે સમયના પુનાના ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટના જાણવામાં આવ્યું. તે ઉપરથી રામોશી લુંટારાઓનો ત્રાસ બંધ પાડવાની ઇચ્છાથી તેમણે કપ્તાન મૅન્સ્ફીલ્ડને, થોડું લશ્કર આપી તેમના પર છાપો મારવા માટે મોકલ્યા. રામોશીઓને એ વાતની ખબર પડતાં જ તેઓ ત્યાંથી પોબારા ગણી ગયા ! મૅન્સ્ફીલ્ડ સાહેબ ઘાંખી

મજલો કરતા, અતિ કષ્ટ સહન કરીને ઘાટ ઉપર આવી પહોંચ્યા. તેમ છતાં પણ તેમનો પ્રયત્ન જોઈએ તેવો સફળ થયો નહિ; તેમ જ તદ્દન નિષ્ફળ પણ ગયો નહિ. કારણ કે ઉમાજીનો ભાઇ અમૃતો અને બીજા રામોશીઓની સ્ત્રી તથા બાળકો તેમના હાથમાં આવ્યાં હતાં. ભાંબુરડાની લુંટમાં જે લોકો સામેલ હતા તેમાંનાં ઘણાં પ્રથમથી જ પકડાઇ ગયાં હતાં. આ સમયે ઉમાજીનો ભાઇ પકડાતાં લશ્કરને પોતાનો યત્ન સફળ થયેલો જણાયો. તેમણે તેને "સરકાર તરફનો સાક્ષી થઇ સર્વ કબૂલ કરવાનું" કહ્યું. તેમના કહેવા પ્રમાણે અમૃતાએ તે સમયે કબૂલ પણ કર્યું, પરંતુ તે જબરો ઉસ્તાદ હતો! સિપાહીઓ સમક્ષ તેણે પ્રથમ જે વાત કહેવાની કબુલત આપી હતી તે ન્યાયની કૉર્ટમાં તપાસ થતી વખતે તદ્દન નાકબૂલ કરી. તેથી તેઓ નાઇલાજ થયા. તથાપિ તેને બીજી કાંઇ શિક્ષા નહિ કરતાં ઇ. સ. ૧૮૨૮ પર્યંત રામોશીઓનું તોફાન બંધ થતાં સુધી કેદમાં પૂરી રાખ્યો. તેઓ જાણતા હતા કે: સર્વ રામોશીઓમાં અમૃતાના જેવો લુચ્ચો અને જુઠું બોલનાર બીજો કોઇ નથી. ત્યાર પછી શિવરીમાં રામોશીઓની ટોળીનો જમાવ થયો. તે સમયે સરકારે લૅફ્ટેનન્ટ કારથ્યુને તેમના પર છાપો મારવા પુનઃ મોકલ્યો; પરંતુ આ સમયે પણ તેમનો પરિશ્રમ પ્રથમની પેઠેજ નિરર્થક ગયો. એ છાપામાં કેટલાક રામોશીઓને તેમણે પકડયા હતા ખરા પરંતુ તેમને શિક્ષા કરવા જેવો મજબૂત પુરાવો નહિ હોવાથી અધિકારીઓએ તેમની પાસેથી જામીન અને જાતમુચલકા લઇ છોડી દીધા.

સત્તુ મરણ પામ્યા પછી ઉમાજી ટોળીનો નાયક થયો હોવાથી કયાં કામો કોણે કરવાં, તે વગેરે સર્વ જવાબદારી તેના માથા પર આવી હતી. ઉમાજીએ પોતાનું નાયકત્વ કેવી રીતે બતાવ્યું અને તેનામાં "આગેવાન" થવા જેવા કયા કયા ખાસ ગુણો હતા તે હવે પછી તેણે સ્વતંત્ર રીતે કરેલાં સારાં નરસાં સાહસ કર્મો ઉપરથી જણાઇ આવશે. કારણ કે કોઇ પણ સારૂં અથવા નઠારૂં કામ કરવાની જવાબદારી કોઇના ઉપર પડયા શિવાય, તે કાર્ય કરવાની તેનામાં પાત્રતા છે કે નહિ તે જગતને જાણવાનો બીજો ઇલાજ નથી. તે સમયે તેના ખાસ ગુણ ઉત્તમ રીતે જગતની

દ્રષ્ટિએ પડે છે. ઉમાજીને એવો પ્રસંગ સત્વર પ્રાપ્ત થયો હતો. સત્તુની ટોળીનો 'નાયક' થયાને ઉમાજીને ઘણા દિવસ વીત્યા નહોતા એટલામાં એક દિવસ એક મ્હોટા શિકાર સપાટામાં આવ્યાની બાતમી તેના છુપા જાસુસોએ આપી. તે શિકાર બીજો કોઈ જ નહિ પણ શ્રી પટવર્ધન જાગીદારનો એક વકીલ પુત્રનાં લગ્ન ઠરાવવા માટે પોતાના થોડા નોકર ચાકરો સહિત મિરજથી પુને જતો હતો. જેજુરીના જંગલમાં આવ્યા પછી ઉમાજીના માણુસોએ તેને અટકાવ્યો. તેના ઉપર એકદમ હલ્લો કરવાની તેમની ઇચ્છા હતી, પરંતુ રામોશીઓ નજીક આવ્યા કે તુરતજ તેમનો હેતુ જાણી લઈને વકીલે પોતાનાં મનુષ્યોને તેમની સાથે તકરાર નહિ કરતાં વેગળા ઉભા રહેવાની આજ્ઞા ફરમાવી અને પોતાના સામાનમાંથી જે જોઇએ તે ઉઠાવી જવાની ચોરોને ખુશી બતાવી. રામોશીઓને તો એટલું જ જોઈતું હતું. તેમણે વકીલનો સરસામાન શાંત ચિત્તે લુંટી લીધા પછી ચાલવા માંડયું. એ લુટમાં ઉમાજીને અને તેનાં માણુસોને બે હજાર રૂપીયાનો માલ મળ્યો.

ઈ. સ. ૧૮૨૬ ના એપ્રિલ મહિનામાં પંઢરપુરનો એક બ્રાહ્મણ શાહુકાર પુને જતો હતો. તે સમયે જેજુરીના જંગલમાં તેઓએ ધાડ પાડી. એ અરસામાંજ પુરંદર પ્રગણાની પોલીસ ફોજમાં ઘણો ફેરફાર થયો. કેટલાક રામોશીઓએ તે ફોજમાં પ્રવેશ કર્યો. તેમાંના કેટલાકને કંપની સરકારે ન્હાના મ્હોટા અમલદારોની પદવીઓ પણ આપી. તેમાં સત્તુ નાયકનો પિતા અને તેની પછી તેનો કાકો અનુક્રમે પોલીસ અમલદાર થયા. જવાહિરસિંહ નામનો એક પરદેશી બ્રાહ્મણ કિકવી ગામમાં ઘરબાર કરીને ઘણાં વર્ષથી રહેતો હતો. તેણે પુરંદરના કિલ્લાપર ઘણાં વર્ષ પર્યંત નોકરી કરી હતી. તે ઘણો હોંશિઆર અને ચપળ હોવાથી પોલીસ ફોજમાં રહ્યો હતો. હમણાં તે એક પોલિસ અમલદાર થયો હતો. આ તરફ જેમ નવીન વ્યવસ્થા થતી હતી તે પ્રમાણે ઉમાજીની ટોળીમાં પણ થોડી ઘણી નવીન વ્યવસ્થા થવા લાગી હતી. પ્રથમ તેની ટોળીમાં જે માણુસો હતાં તેમાં બીજા પુષ્કળ માણુસો આવી ભેગાં થવાથી તેમની સંખ્યા ઘણી વધી પડી હતી. પ્રથમથીજ જે માણુસો ટોળીમાં સામેલ થયા હતા, તે ટોળી છોડીને

વારંવાર પોતાને ગામ કે ઘેર ઘણું ખરૂં જતા ન હતા. નવીન આવેલાં માણસો તેવાં નહતાં. તેઓ ગમે ત્યારે ઘેર જતા અને ગમે ત્યારે પાછા ટોળીમાં આવી સામેલ થતા. એમ હોવાથી પોલીસોને તેમનાપર સખ્ત નજર રાખી વખતો વખત છાપો મારવાની સગવડ મળતી અને તેમને પકડવાનો તેઓએ ઘણી વખત પ્રયત્ન પણ કર્યો હતો. પરંતુ તેમના એ યત્ન નિષ્ફળજ ગયા હતા. એકે પ્રયત્ન વખતે તેમને જોઈએ તેવો યશ મળ્યો નહતો. એમ થવાથી એવું બન્યું કે: જેમ જેમ પોલિસોના યત્ન નિષ્ફળ જતા ગયા તેમ તેમ રામોશીઓને પોતાનાં સાહસ કર્મો કરવાની વિશેષ હિમ્મત થઈ. તેઓ ધાડ, ચોરી, વગેરે ઘોર કૃત્યો ખુલ્લી રીતે કરવા લાગ્યાં. એમ થવાથી આળસુ, ભામટા અને ઉડાઉગીર લુચ્ચાઓનું જોર ઠીક ચાલ્યું. તેઓ ન્હાની ન્હાની ચોરીઓ કરતા અને તે સંબંધી પોતાના પર શક ન આવે તે માટે ઉમાજી અને તેનાં માણસોને નામે જુઠી સાચી ગપ ઉડાવતા, કિંવા પોતાની ચોરી તેમના નામપર અડાવી દઈ પોતાના-પરતું તોહોમત ઉડાવી દેવાનો નિંદાજનક પ્રયત્ન કરતા હતા! મોટાના નામ ઉપર પ્રસંગોપાત બધું ચાલ્યું જાય છે, તે આમજ! પછી તે કૃત્ય સારૂં હો કિંવા નઠારૂં!

ઉમાજીને સામ્પ્રત ત્રીજો શિકાર મળ્યો હતો. તે પ્રથમના બે કરતાં ઘણો મ્હોટો હતો. તે તેણે એકાદ શાહુકારને કિંવા વટેમાર્ગુને લુંટી મેળવ્યો નહતો. તેણે પોતાના મન તુરંગની લગામ આ વખતે રાજા રજવાડા તરફ ફેરવી હતી. ફલટણના જાગીરદાર બજાજીનાયક પોતાના મિત્રોસહિત પુને જતા હતા. તેમના ઉપર ઉમાજીએ તા. ૧૬ મી જુલાઈ ઈ. સ. ૧૮૨૬ ને દિવસે ઘોંડ અને જેજુરીની વચ્ચે છાપો મારી લૂંટયા. તેઓમાં બજાજી નાયકની મુખ્ય પત્ની હતી, તેને ઉમાજીએ કેટલાક દિવસ કેદમાં રાખ્યા પછી છોડી દીધી હતી. લુંટમાં ઉમાજીના હાથમાં આશરે આઠેક હજાર રૂપિયાનો માલ આવ્યો હતો. આ સમયે કિકવીના જવાહિરસિંગ તથા તેનો પુત્ર રામસિંગ પોલીસ અમલદારો હતા. તેઓએ ઉમાજીની ટોળીની પૂંઠ એવી સખ્ત રીતે પકડી હતી કે જેથી તેમને બહુ ત્રાસ વેઠવો પડ્યો હતો.

ઉમાજીએ ધાર્યું કેઃ " બાપ દિકરો બન્ને બહુ ચઢી ગયા છે. તેથી તેમની સારી પેઠે ખોડ ભૂલાવ્યા શિવાય તેમનો ત્રાસ ઓછો થશે નહિ." ઉમાજી હવે એજ ઉદ્યોગે લાગ્યો. કોઇ એક કાર્ય કરવાનું એક વખત તેના મનમાં આવ્યું કે પછી બસ ! તે ગમે તે રીતે ધારેલું કાર્ય પાર પાડયા શિવાય રહેતો નહિ. જવાહિરસિંગે અને રામસિંગે ઉમાજીની પાછળ પડી તેની ટોળીને નીરા નદીની દક્ષિણ દિશા તરફ હાંકી કહાડી હતી. જમાદાર સાહેબની ખોડ ભૂલાવવા માટે ઉમાજી પોતાની ટોળીનાં માણુસો સાથે ઇ. સ. ૧૮૨૬ તા. ૨૬ મી જુલાઈને દિવસે નીકળ્યો. કિકવીની પાસે એક ન્હાનું ગામડું હતું તેમાં તેણે પ્રવેશ કર્યો. જમાદાર કિકવીમાં રહેતા હતા. જવાહિરસિંગના પુત્ર રામસિંગને તુરતજ પકડી લાવવા માટે ઉમાજીએ પોતાનાં માણસોને આજ્ઞા ફરમાવી. તેજ પ્રમાણે કીકવી જઈ જમાદારના ઘર પર છાપો મારી રામસિંગને પકડી ઉમાજી સમક્ષ હાજર કર્યો; અને જમાદાર સાહેબનું ઘર લુંટી લીધું. ક્રોધના ઝપાટામાં તેમણે જમાદારના ઘરની ધૂળધાણી કરી નાંખી ! સર્વે રામોશીઓ રામસિંગ અને લુંટેલો માલ પુરંદરના ડુંગરમાં લઇ ગયા. ત્યાં ગયા પછી ઘણા મનુષ્યોએ એવો અભિપ્રાય આપ્યો કે રામસિંગને ઠાર કરી દેવો ! પરંતુ ઉમાજી અને બીજા કેટલાક મનુષ્યો એ દુષ્કૃત્યથી વિરૂદ્ધ હતા. રામસિંગને મારી નાંખવો કે જીવતો રાખવો એ સંબંધી તેઓમાં ઘણો વખત સુધી વાદવિવાદ ચાલ્યો પણ તે સંબંધીનો નિર્ણય સત્વર થઇ શકયો નહિ. એ વાદવિવાદ રામસિંગની સમક્ષજ ચાલેલો હોવાથી તેઓ પોતાને મારી નાંખશે કે જીવતો છોડશે, એ ચિંતામાંજ તે અર્ધો મુએલા જેવો થઈ ગયો હતો. અંતે તેનો પ્રાણ લેવા કરતાં તેને જીવતદાન આપવાનો નિશ્ચય થયો ત્યારે તેના જીવમાં જીવ આવ્યો. તેણે કહ્યું કેઃ " આજ પછી હું કદી પણ તમારી પાછળ આવી તમને ત્રાસ આપીશ નહિ. તમારા કામમાં હું કદી પણ વચ્ચે પડીશ નહિ." સર્વના સમક્ષ એવી પ્રતિજ્ઞા આપી તેઓએ તેને બાંધી લીધો, ત્યાર પછી તેને જીવતો છોડયો. તે જ્યારે પોતાને ઘેર આવ્યો ત્યારે પોતે " યમના દરબાર "માંથી પાછો આવ્યો હોય એવું તેને લાગ્યું. એ પ્રમાણે ઉમાજીએ જવાહિરસિંગ અને રામસિંગની સારી પેઠે ખોડ ભૂલાવી. ત્યારથી તેઓ કદી પણ ઉમાજીની પાછળ પડયા નહોતા.

પૌરાણિક કાળથી જુવો, ઐતિહાસિક કાળ પ્રત્યે દ્રષ્ટિ ફેરવો, કિંવા કોઈ પણ કાળનું અવલોકન કરો, ચાડીઆ લોકોનું સામ્રાજ્ય કયા કાળમાં નહોતું અને તે હમણાંજ વિશેષ છે, એવું કોઇ પણ સ્થળેથી મળતું નથી. તે સર્વ કાળમાં, સર્વ સ્થળે એક સરખુંજ પ્રવર્તી રહ્યું છે; અને ભવિષ્યમાં તેવું નહિ રહે એમ કોણ કહી શકે છે? પૃથ્વીની નિત્યની ગતિ જેમ અવ્યાહત ચાલી રહી છે કિંવા સૂર્યનો દિવસનો વ્યાપાર જેમ અનેક યુગથી આજ પર્યંત અખંડ રીતે ચાલતો આવે છે અને તેમાં કિંચિદ્ પણ ફેરફાર જણાતો નથી, માત્ર ઋતુઓના ભેદને લીધે સહજ ફેર જણાતો હોય તેટલુંજ માફ, બાકી સર્વ પ્રથમના જેવુંજ ચાલે છે; તેજ પ્રમાણે ચાડીઆ લોકોની ગતિ, દિનચર્યા, અને આયુષ્યક્રમ પણ પ્રથમથી અત્યારસુધી તેવોને તેવોજ ચાલતો જણાય છે. ષટ્ શાસ્ત્ર ભણેલા પંડિતને પણ તેમાં વિશેષ ફેરફાર જણાતો નથી. જો કે તેમનાં કૃત્યનાં યોગ્ય ફળ તેમને પ્રસંગોપાત મળે છે એ ખરૂં, પરંતુ તેની, તેમના મન ઉપર કિંવા કર્મ ઉપર જોઇએ તેવી અસર થઈ છે કે નહિ તે તપાસવાનું સૂક્ષ્મદર્શકયંત્ર હજી સુધી કોઇએ તૈયાર કરેલું સાંભળ્યું નથી! અતિશય સૂક્ષ્મ રજકણ તપાસી તે સંબંધીનું જ્ઞાન પ્રાપ્ત કરવાનાં જેટલાં સૂક્ષ્મદર્શક યંત્રો પાશ્ચાત્ય વિદ્વાનોએ બનાવ્યાં છે તે સર્વ, ઉપર લખેલા કામને માટે નિરૂપયોગી છે! કદાચ ભવિષ્યમાં કોઈ એ કાર્ય માટે એકાદ યંત્ર બનાવે તો પ્રભુ જાણે! પૂર્વના સમયમાં ચાડી કરનારા મનુષ્યોનું સર્વત્ર અસ્તિત્વ હતું ત્યારે પછી ઉમાજીની લુંટફાટના સમયે તેવાં મનુષ્યો નહિ હોય એમ કેમ કહી શકાય વારૂ? શાંતતા દેવીના સામ્રાજ્યને સમયે પણ તેમનાં સર્વ ભક્ષક અને સર્વ છલક યંત્રની ગતિ બરાબર ચાલે છે ત્યારે ઉમાજીની ધામધૂમ સમયે તેની ગતિ અતિ જલદ ચાલે તેમાં નવાઇ પણ શી? એ સમયે શિવનાક નામનો સાકુર્ડીનો એક મહાર એ કામ કરવા માટે અને બહાદુરી મેળવવા માટે પુનાના કલેક્ટર સાહેબ કેપ્ટન રૉબર્ટસનને જઈ મળ્યો, અને સરકારને, બળવાખોર રામોશીઓના નાયકને પકડી આપવા માટે અને તેમની ધામધૂમ નાશ કરવાના કામમાં મદદ કરવા માટે નામદાર કંપની સર-

કારને અતિશય ઉપયોગી થઈ પડવાની તેની ઇચ્છા છે એવી સાહેબને વિનતિ કરી. એવાં ગુપ્ત શસ્ત્ર અસ્ત્રનો, કિંવા તેના ગુપ્ત મારાનો, અને તે પણ ગુપ્ત રીતે અતિ કુશળતાથી ચલાવનારા મનુષ્યોનો અને પોતાનું શરીર બચાવીને વિરૂદ્ધ પક્ષનો તદ્દન પરાજય કરનાર શમશેર બહાદુરોનો જેટલો ઉપયોગ કરી શકાય છે તેટલો ખરા શસ્ત્ર અસ્ત્રનો પણ પ્રસંગે થતો નથી એવો અનુભવ કંપની સરકારને પ્રથમથી જ હતો. શિવનાક મહારે કરેલી વિનતિ રૉબર્ટસન સાહેબથી અમાન્ય થઈ નહિ. તેને અને તેના દશ સાથીદારોને સાહેબે પોતાના તાબામાં લીધા અને તેમને તેમના કામના બદલામાં દર મહિને પગાર આપવાનું નક્કી કર્યું. શિવનાક અને તેના દશ સાથીદારોના પેટની તજવીજ થયા પછી તેઓ રાતદિવસ દક્ષતાપૂર્વક નિમકહલાલીથી પોતાની ફરજ બજાવવા લાગ્યા. રામોશીઓ, તેનો નાયક અને તેના સ્ત્રી બાળકો ક્યાં છે? તેમનું ગુપ્ત રહેઠાણ ક્યાં છે? તેઓ શી હીલચાલ કરે છે? વગેરે બાબતોની શોધ કાઢવા માટે જેમ પારધી લોકો અગાઉથી પોતાના શિકારી કુતરા મોકલી શોધ કરાવે છે તેમ મનના દુષ્ટ શિવનાક મહારે પોતાના દશ સાથીદારોને પ્રથમ શિકારની શોધ માટે દશ દિશામાં મોકલી દીધા. પારધીઓના નિમકહલાલ પણ ક્રૂર શિકારી કુતરાઓ, પોતાના પેટમાં કટકો રોટલો નાખનાર સ્વામીને જેમ શિકારના નિવાસ સ્થાનની શોધ લાવી આપે છે અને પછી તેની સહાયતાથી પારધીઓ જેમ હિંસક પશુઓની સાથે અન્ય ગરીબ પ્રાણીઓનો પણ શિકાર કરે છે તેજ પ્રમાણે શિવનાક મહારના સાથીદારોએ દશે દિશામાં ફરી ભટકી ઈ. સ. ૧૮૨૫ ના નવેમ્બર મહિનામાં શિકારનો શોધ કરી પોતાના સ્વામીને તેની બાતમી આપી. આ સમયે ભોજાજી નાયક, ખાંબટકીના ઘાટ પાસે સોળસી નામક એક ન્હાના ગામમાં પોતાના કુટુંબના માણસો પાસે રહેતો હતો. શિવનાક મહારને એ બાતમી મળતાંજ તે પોતાના કેટલાક સાથીદારો સહિત ભોજાજી નાયક ઉપર છાપો મારી તેને પકડવા માટે એકદમ સોળસી ગામમાં જઇ પહોંચ્યો. જે ઘરમાં ભોજાજી નાયક રહેતો હતો તે ઘરને તેણે એકદમ ઘેરી લીધું. એ સમયે ભોજાજી નાયક પાસે તેનાં ઘરનાં મનુષ્યો

સિવાય અન્ય કોઈ પણ મનુષ્ય નહોતું. શિવનાકે તેના ઘરને ઘેરો ઘાલી તેને સપડાવ્યો હતો તેમ છતાં તે જરા પણ ડગમગ્યો નહિ. દશબાર મનુષ્યોના ઘેરામાંથી તે ન્હાસી છૂટયો. તે સમયે તેને સ્ત્રી બાળકોનો નિરૂપાયે ત્યાગ કરવો પડયો. તેમ ન કર્યું હોત તો તેના જીવ ઉપર સંકટ આવી પડત. એમ થવાથી પાછળ રહેલાં નિર્દોષ મનુષ્યો, મહાર નાયકના હાથમાં આવી ગયાં. તેથી તે અને તેની ફોજ મારેલા છાપાને જયનું ચિહ્ન સમજવા લાગ્યા. આ વખતે નાયક સાહેબના હર્ષનો પાર નહોતો? નાયક સાહેબ ભોજાજીનાં સ્ત્રીબાળકોને કેદ કરી બીજે દિવસે પુને રવાના થયા. તેઓ એક બે ગામ મુકામ કરી પુને આવી પહોંચે તે પહેલાં તો ભોજાજી નાયકની ટોળીએ આવી તેમને ઘેર્યા. એ જોઈ શિવનાકનાં માણસો ગભરાયાં. તેઓ ભોજાજીનો ખુની અને આગિયા વૈતાલ જેવો ક્રોધી સ્વભાવ જાણતા હતા. ભોજાજી કંઇ વાત કરવા ચ્હાય છે એવું જાણી શિવનાક બ્હીતો બ્હીતો તેની પાસે ગયો. થોડા સમય પર્યંત વાતચિત કરી, જરા ધમકી આપી, જરા ભય બતાવી, અને અંતે થોડા મીઠા મીઠા શબ્દો કહી તેણે શિવનાકનું મન પોતાના તરફ વાળી લીધું. શિવનાકે ભોજાજીનાં માણસોને છોડી દેવાં અને ભોજાજીએ ઉમાજી, કૃષ્ણાજી અને વિઠુ, એ ત્રણેને ત્રણ ચાર દિવસમાં પકડી આપવા, એવો પરસ્પર ઠરાવ થયો. એટલુંજ નહિ પણ પરસ્પર તેમણે પોતાના કુલ દેવતાના સોગંદ લઇ પોતપોતાને રસ્તે પડ્યા. શિવનાક, પોતાનાં માણસો સાથે પરિંચા નામક ગામમાં આવી ઠરાવ પ્રમાણે ઉમાજી વગેરે નાયકોને સત્વર પકડી લઈ આવવાની ભોજાજીની મ્હોટી ઉત્કંઠાથી અને આશાથી વાટ જોતો બેઠો. આ સમયે તેની સાથે કરાર કબુલત કરવામાં ભોજાજીએ કેવી ઠગાઈ કરી અને તેને કેવી ચતુરાઇથી છેતર્યો એ તેને સમજાયું નહિ. "ભોજાજી હમણાં આવશે, થોડીવાર પછી આવશે." એવા એવા વિચાર કરતો શિવનાક પરિંચામાં નિશ્ચિંત જીવે બેઠો હતો. ભોજાજી ઉમાજીને જઈ મળ્યો અને તેણે તેને બધી હકિકત વિદિત કરી. પરસ્પર સલાહ મસલત ચલાવ્યા પછી એવો નિશ્ચય થયો કે: પરિંચે જઈ શિવનાક અને તેનાં માણસો ઉપર અચાનક છાપો મારવો. ત્યાર પછી તેઓ એજ ઉદ્યમે વળગ્યા. તે વખતના પુનાના કલેક્ટર સાહેબ મિ. રૉબર્ટસને

પોલીસ અમલદારોને એવો હુકમ આપી મૂક્યો હતો કેઃ " શિવનાકને જે સમયે જેટલા સિપાહીઓની મદદ જોઇએ તેટલી મદદ આપવી." તેથી જરૂર પડતાં પોલીસની સારી પેઠે મદદ મળશે એવો શિવનાકને સંપૂર્ણ ભરોંસો હતો. એ ભરોંસાને લીધે અને હિંમતને લીધે જ તે પરિંચામાં ભોજાજી નાયકની વાટ જોતો બેઠો હતો. એટલામાં ભોજાજી અને ઉમાજીએ પોતાની ટોળી એકત્ર કરી ઇ. સ. ૧૮૨૫, તા. ૨૨ મી નવેમ્બરની રાત્રે શિવનાકના બે ત્રણ માણસો બજારમાં ગયાં હતાં અને બાકીનાં રસોઈ વગેરે કામ કરવામાં ગુંથાયાં હતાં, એ લાગ જોઈ તેમના પર એકદમ છાપો માર્યો. ઉમાજીનાં માણસોમાંથી એક જણે તેના પર બંદુકની ગોળી મારી તે તેના ઘુટણમાં થઇને આરપાર નીકળી ગઈ. ઘા વાગતાં જ શિવનાક તેને તે જ ઠેકાણે પૃથ્વી પર તરફડીયાં અને બૂમો પાડતો આળોટતો હતો એટલામાં લક્ષ્મણે જેમ શૂર્પનખાના નાક કાન કાપી નાંખ્યાં હતાં તે પ્રમાણે ઉમાજીના ભાઈ કૃષ્ણાજીએ તરવારને એકે ઝટકે તેનું નાક કાપી લીધું એટલું જ નહિ પણ તેના ગાલને ગુદ્દાં કાપી નાંખ્યો ! ત્યાર પછી તરવારવડે તેના હાથ પગ ઉપર ઘણા ઘા માર્યા. બીજાં માણસોએ શિવનાકનાં માણસોની સારી પેઠે ખબર લીધી. એ ચકમકમાં શિવનાકનો એક સિપાહી મરણ પામ્યો અને પાંચ સિપાહીઓ મરવાની અણી પર પહોંચ્યા હતા. શિવનાક મહારને ઉમાજીએ હેરાન હેરાન કર્યો ત્યાર પછી ઉમાજી, કૃષ્ણાજી અને ભોજાજી તથા પોતાનાં માણસો સાથે તાબડતોબ ચાલ્યો. શિવનાકે ઉમાજી વગેરે નાયકોને પકડવા માટે કમ્મરકસી બીડું ઝડપ્યું હતું તે માટે કંપની સરકાર તરફથી તેને પ્રથમથી જ બદલો મળતો હતો પરંતુ ઉમાજીએ પણ તેને યોગ્ય ઇનામ આપી જાણે પોતાને ઋણમુક્ત કરી લીધો ! ઉમાજી અને ભોજાજીને શિવનાકના ઋણમાં રહેવાની શી જરૂર ? કેટલીક વખત એવા બહાદુરોની બન્ને બાજુથી એવીજ સ્થિતિ થઇ પડતી, અને અન્યજનોને મોજ મેળવવાનું સાધન, થઈ પડતું. " યોગ્યતા વગર કોઈ પણ કામમાં ઝીપલાવવું નહિ." અનુભવીઓનું એ વાક્ય ખોટું નથી. હોય ! મ્હોટાનાં કામ અને ઈનામ મ્હોટાં જ હોય ?

પ્રકરણ ૫ મું.

શિકાર છટક્યો!

શિવનાક જેવા ગુપ્ત મનુષ્યોનું કંઇ વળ્યું નહિ, કૅપ્ટન મૅન્સફીલ્ડ અને લૅફ્ટેનન્ટ કારથ્યૂજનાં પરાક્રમો અને લશ્કરી દાવપેચ, ઉમાજી અને તેના રામોશી લુંટારાઓને પકડી તેમનો પરાજય કરવાના કામમાં વ્યર્થ ગયા, એ જોઇ "પુના હૉર્સ" લશ્કરના મુખ્ય અધિકારીને, રામોશીઓની ટોળી ઉપર ચઢાઇ લઇ જવાનો કંપની સરકારે હુકમ આપ્યો. બેલગામ, કોલ્હાપુર, મિરજ તરફથી પુને આવતા જતા વટેમાર્ગુઓને ઉમાજી તથા તેના મનુષ્યો દ્વારા ત્રાસ ના થાય અને તેઓ લુંટાય નહિ તે માટે તથા ઉમાજી જેવા નિડર લુંટારાના દુષ્કૃત્યોમાં ધોક્કો પહોંચે એ ઇરાદાથી કંપનીએ જેજુરી અને વાલ્હેની સરહદ વચ્ચે એક પોલીસ થાણું બેસાડયું. એ વાત, ઈ. સ. ૧૮૨૫ ના અક્ટોબરમાં ઉમાજીના જાણવામાં આવી હતી. તે ઉપરથી, શિવનાક નાયકની દુરાવસ્થાને થોડા દિવસ થયા પછી રામોશી બહાદુરોએ જેજુરીના જે ઘરમાં પાયદળ સિપાહીઓ–ચોકીદારો–રાતે ઉંઘતા હતા ત્યાં જઇ તેમના પર એક દિવસ છાપો માર્યો. ચોકીદારોમાંના ત્રણ મનુષ્યો ઘણા જ ઘાયલ થયાં, અને સત્વર દેવલોક પામી ગયાં! એ તકરારમાં બે ગરીબ નિર્દોષ વટેમાર્ગુ બ્રાહ્મણો મરણ પામ્યા. ચોકીદારોને સારી પેઠે હાથ બતાવી ઉમાજીએ તેમની તરવારો પોતાનાં માણસોને આપી સારી પેઠે હથિયારબંધ કર્યા.

ઉપર પ્રમાણે બન્યા પછી કંપની સરકારે "પુના હૉર્સ"નું લશ્કર અને પુના જીલ્લાની પોલીસ, એ કામ માટે પુરતી નથી એમ જાણી એકસો જુવાનની બે રેગ્યુલર પાયદળ પલટણની ટુકડીઓ તેમની મદદે આપી. અને તે સર્વેને ઉમાજીનું તોફાન બંધ પાડવાનું કામ સોંપ્યું. ઉમાજી ઘણુંખરૂં

પોતાનાં માણસો સાથે પુરંદરના ડુંગરમાં સંતાઈ બેસતો હતો. પરંતુ એકાદ સારો શિકાર મળવાની સંધિ પ્રાપ્ત થતી તો તે પોતાના ચુંટી કહાડેલા સાથીદારો સાથે ક્વચિદ્ ભોર અને સાલપ્પાના ઘાટ તરફ ફેરોફાંટો ખાઈ જતો. રામોશી લોકોને જ્યારે એવા ઉદ્યોગે વળગવાનું ન હોય ત્યારે તેઓ નાચ તમાશા કરવામાં અને ગાવા વગાડવામાં ગુલતાન રહેતા. એવો આનંદ ઉપભોગ કરવા માટે તેમણે પોતાની સાથે વાઇ દેશનો એક ફક્કડ નાચનાર ગાનાર છોકરો ન્હસાડી લીધો હતો. તે લાવણીઓ ગાવામાં ઘણો હોંશિયાર હતો. તેની સાથે ગાવામાં જોડીદાર બને એવા ઉમાજીની ટોળીના કેટલાક હોંશીલા મનુષ્યો હતાં. જીંદગી વિતાડવા માટે લુંટફાટ કરવી; ધાડ પાડવી, ખાતર પાડવાં, અને આનંદ મેળવવા માટે નાચરંગ અને તમાશા કરવા; એ પ્રમાણે ઉમાજી અને તેની ટોળીનો નિત્યનિયમ ચાલતો હતો.

ઇ. સ. ૧૮૨૭ ના માર્ચ માસમાં તેમણે નીરા નદીની દક્ષિણ દિશામાં એક ધનાઢ્ય બ્રાહ્મણ પ્રવાસીને લુંટી લીધો. તેમાં તેમને ત્રણ હજાર રૂપિયાનો માલ મળ્યો. એ શિકાર મળ્યા પછી ઉમાજી પોતાની ટોળી સહિત પુના જીલ્લામાંથી નીકળ્યો. તેણે સહ્યાદ્રિ પર્વતના પશ્ચિમ ઘાટમાંના એક ડુંગરની ભયંકર ખીણમાં જઈ નિવાસ કર્યો. આ સમયે ઉમાજી સાથે સાઠ જુવાનો હતા. તે સર્વેએ ત્યાં બે મહિના ખુબ આનંદમાં વીતાડયા. બે મહિનામાં તેમની સ્વારી કોંકણમાં થઈને બોરઘાટની તળેટી નજીક, મુંબઈ–પુને જવાના રસ્તામાં આવી પહોંચી. એ સમયે મુંબાઇથી કેટલાક વ્યાપારીઓ રેશમ અને સાટીનની બહુ મૂલ્યવાન ગાંસડીઓ લઈ પુને જતા હતા. તેમના ઉપર આપણા વાઘનો ડોળો હતો જ! ઘાટનાં એક ઉજ્જડ ઠેકાણે વ્યાપારીઓને પકડી ઉમાજીની ટોળીએ રેશમ અને સાટીનની તમામ ગાંસડીઓ પોતાને હસ્તગત કરી લીધી. વહેંચણી કરતી વખતે પ્રત્યેક રામોશીઓના ભાગમાં ઘણી ગાંસડીઓ આવવાથી તેમનું જીંદગી સુધીનું દળદરજ ફીટી ગયું હતું! ત્યાર પછી એવાં લુગડાં વેચાતાં લેવાની તેમને ચિંતાજ રહી નહિ. વળી પાછા તેજ પ્રદેશમાં તા. ૧૦ મી જુનને દિવસે પુનાના કેટલાક પેઢીવાળાના માણસો કેટલીક રોકડ રકમ લઇને પસાર થતા હતા તેમને ચોભાની ઉમાજીની ટોળીએ મારારે એની-

રાસો રૂપિયાનો ભાર તેમને માથેથી ઓછો કર્યો અને તેમને ભાર વગર બનાવી આનંદે હાથ હલાવતા પોતાના માલિકને મુખેથી લુંટનો સંદેશો કહેવા જીવતા છોડયા ! થોડા સમયમાં ચોમાસુ આવી પહોંચ્યું, એટલે તે દિવસો ચઢાઈઓ કરવાના નહિ હોવાથી, અને એકત્ર થયેલા માલનું ઠેકાણું કરવાનું હોવાથી તેમજ સ્ત્રી બાળકોને મળવાનું હોવાથી, ટોળીનાં સર્વ મનુષ્યો સહિત ઉમાજી, તે વર્ષની ચઢાઈઓનું કામ પુરૂં કરી પુરંદરના ડુંગરમાં સ્વદેશ આવી પહોંચ્યો !

પુરંદર આવી પહોંચ્યા પછી તેમને ખબર મળી કેઃ પુરંદરના સર્વ કોળી લોકો કમ્પની સરકારની નોકરીમાં દાખલ થયા છે, તેઓ સર્વે રામોશીઓની વિરૂદ્ધ છે. તેમજ રામોશીઓની ટોળી પકડી લાવવાના કામ માટે તેઓ પ્રયત્ન કરે છે. આ સમાચાર ઉમાજીને તથા તેની ટોળીને પુરંદરના જંગલમાં મળ્યા તે પહેલાં મળ્યા નહોતા. પરંતુ રામોશીઓની ટોળીઓમાંની એક બીજી ટોળીને એ સમાચાર મહેલા હોવાથી તેમણે પોતાનું વેર લેવા તા. ૬ ઠ્ઠી જુનને દિવસે વીરવાડીમાં તેમને ગામ તેમના ઉપર હુમલો કર્યો. કોળી લોકોએ પણ તેમની સ્હામે થઈ ઘણા શૌર્યથી પોતાનું રક્ષણ કર્યું. તેમાં કોળી લોકોનો એક મનુષ્ય મરણ પામ્યો અને ચાર મનુષ્ય ધાયલ થયાં. તે પછી પોતાના કુટુંબના પોષણ માટે ધાન્ય વગેરેની ગોઠવણ કરવા માટે સર્વ રામોશીઓ બબ્બે, ચચ્ચાર અને છ છ જણાની ટોળીઓ બંધાઈ ચાલ્યા ગયા.

પુરંદરના પ્રદેશમાં નિવાસ કર્યો તે સમયે તે પ્રાંતના લોકો ઉમાજીના વિરૂદ્ધ હોવાથી તે એક સ્થળે ઘણા દિવસ રહી શકતો નહિ. આજ એક સ્થળે તો થોડા દિવસ પછી અન્ય સ્થળે એમ ફરતો રહેતો. આસપાસના ગામના લોકો પણ તેની તપાસ કાઢતા હતા. પરિંચા ગામમાં સરકારે કેટલાક ઘોડેસ્વારોને તેને પકડવા અને તેનો બંદોબસ્ત રાખવા માટે નીમ્યા હતા. તા. ૧ લી જુલાઇ ઇ. સ. ૧૮૨૭ ને દિવસે પરિંચા ગામની પાસેની એક ખીણમાં ઉમાજી પોતાના તેર મનુષ્યો સહિત આવી રહ્યો હતો. એ સમાચાર ગામના લોકોને મળતાંજ આસપાસના બીજાં ગામના પુષ્કળ લોકો

સહિત ઘોડેસ્વારોએ ઉમાજી પર હુમલો કર્યો. પરંતુ ઉમાજી કંઈ અસાવધ નહોતો. તેને તેમની ખબર મળતાંજ તે પોતાની ટોળી સહિત ત્યાંથી ઉપડી એક વિકટ ડુંગરનાં ભયંકર ઝાડી કોતરોમાં જઈ ભરાયો. ઉમાજીનાં માણસો એવા અગવડ ભરેલાં ઠેકાણામાં પણ કંઇ ગુપચુપ લપાઈ સંતાઈ રહે તેવાં નહોતાં. તેમણે પકડવા આવેલા માણસો ઉપર ગોળી બ્હાર કર્યા. તેમાં ગામવાળાઓનો એક માણસ મરણ પામ્યો. આસપાસના ગામોના લોકો ઘોડેસ્વારોની મદદે આવ્યા છે એ જાણીને પણ રામોશીઓનાં મનમાં લેશ પણ ભયનો સંચાર થયો નહિ. તેઓ માત્ર ગામડાંના લોકો ઉપર અત્યંત ક્રોધે ભરાય એટલુંજ. ઉમાજી ધારતો હતો કે: "મ્હારી અને કંપની સરકારની ભાંજગડમાં ગામના લોકો પડશે નહિ. તે બધા તટસ્થ રહી માત્ર તમાસો જોયા કરશે. તેઓ તેમ કરવાનુંજ પસંદ કરશે." પરંતુ તેમને લશ્કરી સિપાહીઓ સાથે સામેલ થયેલા જોયા ત્યારે તેને પોતાનો તર્ક ખોટો પડયાની ખાત્રી થઈ. તેણે તેમના કૃત્યથી થયેલો ઉપકાર ફેડવાનો નિશ્ચય કર્યો ! જે દિવસે તે લોકોએ તેમના પર હુમલો કર્યો હતો તેજ દિવસે રાત્રે ઉમાજી બીજે માર્ગેથી પોતાનાં મનુષ્યો સહિત તે લોકો ઉપર વૈર લેવા ગયો. અને જે લોકોએ આગેવાની ભર્યો ભાગ લીધો હતો તેમના ઘરને તેણે આગ લગાડી ભસ્મ કરી દીધાં !

પરિંચા ગામના આગેવાનોની ખોડ ભૂલાવ્યા પછી ઉમાજી પોતાની ટોળીનાં માણસો સહિત ત્યાંથી નીકળી પુરંદરના વાયવ્ય ખુણામાં કામરાજ નજીકની ઉંડી ખીણોમાં જઈ દશ દિવસ રહ્યો. ત્યાં તે એકાએક માંદો પડી ગયો. તેને શોધવા માટે તેજ જંગલમાં એક ઘોડેસ્વારની તથા એક પાયદલ સિપાહીઓની ટુકડી ફરતીજ હતી. તેઓ એક દિવસ જે ખીણમાં ઉમાજીની ટોળી સંતાઈ ભરાઈ બેઠી હતી ત્યાં થોડે વેગળે આવી પહોંચી. લશ્કરી ટુકડી થોડી આગળ વધી હોત તો ઉમાજી અને તેની ન્હાનકડી ફોજ તેમને હાથ પકડાઈ જાત. પરંતુ ઉમાજીને સદ્‌ભાગ્યે તેની ટોળીનાં મનુષ્યોને લશ્કર આવ્યાની બાતમી મળતાંજ તુરત તેઓ એક ઘીચ ઝાડીમાં ભરાવાથી બચી ગયા. લશ્કરી ટુકડીઓ જેવી આવી તેવીજ સીધે માર્ગે ચાલી ગઇ ! રામોશીની ટોળી પણ બેલકોલા તરફ ચાલતી થઈ. આ સમયે

ઉમાજી એટલો બધો માંદો હતો કે જેથી તેને કામળાની ઝોળીમાં ઘાલી લઈ જવાની જરૂર પડી હતી. તે સમયે પ્રસંગોપાત તે ઝોળીમાં બેશુદ્ધ પણ થઈ જતો. લશ્કર આવી પહોંચવાના કિંવા તેનાં સપાટામાંથી છુટયાના સમાચાર કોઈએ ઉમાજીને જણાવ્યા નહોતા. ઉમાજીએ માંદગી દરમ્યાન જાણી લીધું હતું કેઃ " આ મંદવાડમાંથી હવે સાજો થવાનો નથી. મૃત્યુ આવ્યા શિવાય રહેશે નહિ." ગામમાં ગયા પછી તેણે ત્યાંના મોકાસદારને બોલાવી મંગાવ્યો અને જંગલી ઝાડપાલાનાં જે ઔષધો તે જાણતો હતો તે મંગાવી આપવાની વિનતિ કરી. ઉમાજી જો કે અતિશય માંદો હતો તેમ છતાં આસપાસના પ્રાંતમાં તેની સખ્ત ધાક પેસી ગઈ હતી. વળી દશ પંદર દિવસ ઉપર તેણે પરિંચા ગામના આગેવાનોની કેવી દુર્દશા કરી હતી તે સર્વ જાણતા હતા. તેનો શબ્દ પાછો ઠેલવાની કોઈ પણ ગામના લોકોમાં હિંમત નહોતી. તેના કહેવા પ્રમાણે મોકાસદારે તુર્તજ ઔષધ મંગાવી આપ્યું. તેની દવાથી ઉમાજીનું દર્દ ધીમે ધીમે શાંત પડયું, અને તે સત્વર સાજો થઈ ગયો. પરંતુ તેના શરીરમાં પ્રથમના જેવું બળ આવવા માટે બે મહિના લાગ્યા. એ સમયે ચોમાસું શરૂ હોવાથી ઉમાજીએ અને તેની ટોળીએ આમ તેમ સંતાઇ લપાઈને અને વાઈપ્રાંતમાં એક ભાંગલા તુટલા તથા ઉજ્જડ પડી રહેલા કિલ્લામાં ભરાઈ રહીને દિવસો નિર્ગમન કર્યા. આ સમયે તેઓ કંઇ પણ હિલચાલ નહિ કરતાં સ્વસ્થ જ બેસી રહ્યા હતા એમ નહતું. પ્રસંગોપાત ગુપ્ત ઠેકાણેથી બહાર નીકળી જઈ લુંટફાટ કરવાનો ક્રમ તેમણે ચાલુ રાખ્યો હતો તેથી કંપની સરકારે તેઓને પકડી આપવા માટે નીચે લખેલી રકમના ઇનામ આપવાનું જાહેરનામું સર્વ પ્રાંતમાં પ્રસિદ્ધ કર્યું હતું.

ઉમાજી...રૂ. ૧૨૦૦. કૃષ્ણાજી...રૂ. ૧૦૦૦. પાંડુ......રૂ. ૮૦૦.
પદ્દોજી...રૂ. ૫૦૦. ભવાની...રૂ. ૨૦૦. ભોજાજી...રૂ. ૨૦૦.

ચોમાસું વીત્યા પછી મુસાફરીના દિવસો આવી પહોચતાંજ ઉમાજીએ પોતાનું કાર્ય પહેલાંનાં કરતાં ઘણા જોરથી ચલાવવાનો નિશ્ચય કર્યો. કારણ કે પેશવાઓનું રાજ્ય ગયા પછી શિપાઈનો ધંધો કરનાર ઘણા લોકો નો-

કરી ચાકરી વગર સર્વત્ર ભટકતા ફરતા હતા. એ લોકોને પોતાની ટોળીમાં સામેલ કરી ચારે દિશામાં લુંટફાટ કરવાથી કંપની સરકાર રામોશી લોકોને ઘણી સગવડ કરી શાંત પાડવાનો પ્રયત્ન કરશે અને તેમ થવાથી આપણને સારો ફાયદો થશે એવો તેણે તર્ક કર્યો હતો. તેનો એ તર્ક તદ્દન ખોટો નહતો. એ હેતુ લક્ષ્યમાં રાખીને ઉમાજી નાયકનો ભાઇ કૃષ્ણાજી સપ્ટેમ્બર માસમાં, કોલ્હાપુરનાં તે વખતના ગાદીપતિ મહારાજા સાથે કંઇક સલાહ મસલત કરવા ગયો હતો. એ સમયે કોલ્હાપુરના છત્રપતિ સંભાજી ઉર્ફે બુવા સાહેબ (ઇ. સ. ૧૮૨૨ થી ૩૭) ના જુનમાં કંપની સરકારની પોતાના પરની સત્તા શિથિલ કરવાનું હતું એવું કહે છે.* તેમના વિચાર સાથે ઉમાજી, કૃષ્ણાજી વગેરે રામોશીઓના વિચારો મળતા થયા. તેથી કોલ્હાપુરના મહારાજાએ કૃષ્ણાજીને સારૂં માન આપ્યું. તેમણે તેને શેલું પાઘડી આપ્યાં. કૃષ્ણાજીએ છત્રપતિ મહારાજ સમક્ષ મ્હોટી બડાઈ મારતાં કહ્યું: "મહારાજ ! આપના ઉપર કંપની સરકારની ફોજ ચઢી આવે છે. તે ફોજ સ્હામું પુના આગળ અમે ટક્કર દઇશું. તેથી ફોજની દાણાદાણ થશે અને આપણુ સર્વ સાથે તે ઉદ્ધાર સરતો ઠેરવી આપશે." એ સાંભળી મહારાજને કંઇ સંતોષ થયો હતો.

ઉમાજીની ટોળી સાકુર્ડી નજીકનાં ડુંગરમાં એકત્ર થયાની બાતમી તા. ૯ મી અકટોબરે કંપની સરકારના નોકર અને કોળીઓના નાયક બળવંતરાવને મળતાં જ તેણે, પરિંચા ગામમાં એક ટુકડી સરકારે ઉમાજીની હીલચાલ ઉપર દેખરેખ રાખવા મુકી હતી તેમાં જઈ મળવા માટે, પોતાની ટુકડીમાંની એક ટુકડી જુદી પાડી રવાના કરી દીધી, અને એક ટુકડી પોતાના તાબામાં લઇ તે સાસવડને માર્ગે થઇને ઉમાજી ઉપર ચઢાઇ કરવા નીકળ્યો. બળવંતરાવ પોતાની ટુકડી સાથે સાકુર્ડીમાં જઈ પહોંચ્યો. ત્યારે ઉમાજી ઉપર હુમલો કરવાનું કામ તો બાજુએ રહ્યું પણ સાકુર્ડીનાં લોકો અને તેના સિપાહીઓ વચ્ચે તકરાર ઉત્પન્ન થઈ. કેટલાએ પ્રયત્ન કરવા છતાં તે તકરાર મટતી નહોતી. ગામના લોકોએ બળવંતરાવને કહ્યું કે: "અમે સાસવડના કમાવીશદાર પાસે જઈ અમારી તકરાર સંબંધી અરજી આપીશું." એટલું કહી તેઓ સાસવડને

* કોલ્હાપુરનો ઇતિહાસ. ભાગ ૨ જો. પૃષ્ઠ ૨૪-૨૫.

રસ્તે પડયા. બળવંતરાવ નાયક તેમને સમજાવી પાછા લાવવા માટે તેમની પાછળ ગયો. ગામથી એક ગાઉ ગયા પછી તેણે ગામના લોકોને પકડી પાડયા. તેમને સમજાવવા અને તેમનું મન મેળવવા માટે એ વાત કહેવાની ઇચ્છાથી તેમને લઈ તે એક વૃક્ષ નીચે બેઠો.

તેમની વચ્ચે વાતો થાય છે એ અરસામાંજ અર્ધા ગાઉ વેગળેથી હથિઆરબંધ મનુષ્યની એક ટોળી, ડુંગરની ઝાડીમાંથી બહાર નીકળતાં તેમણે જોઇ. એથી બળવંતરાવને લાગ્યું કે: "મ્હેં પરિંચાથી જે ટુકડી મોકલી છે તે ટુકડીમાંના એ સિપાહીઓ હશે." પરંતુ તેનું એ ધારવું તદ્દન ખોટું હતું. તેનો એ ભ્રમ વધારે વખત રહ્યો નહિ. બળવંતરાવને વેગળેથી જોતાં જ ઉમાજીએ મ્હોટેથી બૂમ પાડી કહ્યું કે: "થોભજે. મ્હારા આવતાં સુધી ન્હાસી જઇશ નહિ." ઉમાજીનો અવાજ બળવંતરાવ નાયક સારી પેઠે ઓળખતો હતો. બસ, થઈ ચૂક્યું! તેના હોસકોસ ઉડી ગયા! ઉમાજીની બૂમ બળવંતરાવને કાને પડતાં જ તેનું શરીર ભયથી કમ્પવા લાગ્યું, કારણ કે હમણાં તેની સાથે ફક્ત પંદર માણસોજ હતાં. બાકીનાં એક દોઢ ગાઉ વેગળે ગામમાં હતાં. જેમ વાઘની બરાડ સાંભળતાંજ સર્વે પશુઓ પ્રાણ બચાવવાની આશાએ જંગલમાં આમતેમ નાસી જાય છે તેજ પ્રમાણે ઉમાજીનો કઠોર શબ્દ—સ્વર સાંભળતાંજ બળવંતરાવની સાથે ગામના લોકો હતા તે બિચારા જીવ લઇને આમતેમ પવનની પેઠે ચારે દિશામાં નાઠા! લોકોએ બ્હીકને મારે પોતાના ગામનો રસ્તો લીધો ત્યારે બળવંતરાવ નાયકે બેલસર ગામનો રસ્તો લીધો. પોતાનો અને પોતાની સાથેનાં પંદર મનુષ્યોનો જીવ, ઉમાજીના હાથમાંથી બચાવવા માટે બનતી ત્વરાએ, તેના પગમાં જેટલી શક્તિ હતી તેનો ઉપયોગ કરીને, આગળ પાછળ કંઈ પણ નહિ જોતાં તે એકદમ ન્હાસી છુટયો!

તેને સંતાવાને માટે આસપાસ ક્યાંય પણ સ્થળ નહોતું. એકાદ ખીણ, કોતર, ઝાડી કે ઘર જેવી થોડી પણ જગ્યા તેને અને તેનાં માણસોને મળી હોત તો ઘણું સારૂં થાત. "કદાચ પૃથ્વી ફાટી જઇને માર્ગ આપે તોયે ઘણું સારૂં." એવું તેમને લાગતું હતું. તેઓ જીવ લઇને ન્હા-

સતા હતા. તેમને ન્હાસતા જોઈ ઉમાજીએ પોતાનાં માણસો સહિત તેમની પૂંઠ પકડી. એક બીજા વચ્ચે જાણે સરતજ થઈ હોય તેમ થયું. ઉમાજીએ તેમને પકડી પાડવાનો પ્રયત્ન ચલાવ્યો હતો. જેઓ છેક આગળ ન્હાસતા હતા તેમાં બળવંતરાય હતો. તેનાં માણસો તેની પાછળ પાછળ થોડે થોડે અંતરે ન્હાસતાં હતાં. તેમાંના છેક પાછળનાં મનુષ્યોને ઉમાજીનાં મનુષ્યોએ પકડયાં. પછી શું પૂછવું? વાઘના સપાટામાં જેમ શિકાર આવતાં તે તેની જેવી અવદશા કરે છે તેવીજ તેમણે કાળી લોકોની દુર્દશા કરી નાંખી! પાછળના જે લોકો ન્હાસતાં ન્હાસતાં તેમના હાથમાં આવ્યા તેમના તરવાર વડે ટુકડે ટુકડા કરી નાંખ્યા. પાછળના લોકોનું શું થાય છે તે જોવાનું આગળ ન્હાસતા લોકોને ભાન ક્યારે હતું? "ગમે તેમ કરીને એક વખત ગામમાં જઈ પહોંચવું અથવા એકાદ મજબૂત ઘર સંતાવા માટે મળે તો તે માટે યત્ન કરવો." એવા વિચારમાં તેઓ પોતાનો માર્ગ પસાર કરવા એક સરખા દોડતા જતા હતા. બળવંતરાવ નાયકને તેમજ તેની સાથેના મનુષ્યોને પોતાનો જીવજ પ્રિય હતો. યમરાજ સ્વરૂપ ઉમાજી નાયકની તરવારનો એકજ ફટકો, કાળદંડના ફટકા પેઠે અચાનક કોની ગરદન પર પડી કોને યમપુરીમાં પહોંચાડશે, તેની તે પ્રત્યેકને ચિંતાજ થતી હતી. અંતે જુસ્સાબંધ દોડતાં દોડતાં ગામની નજીકનું એક દેવળ તેમની દ્રષ્ટિએ પડયું. તે જાણે ધરતી માતાએ તેમને આશ્રય આપવા માટેજ પોતાના ઉદરના બે વિભાગ કરી એક નિર્ભય સ્થાન આ સમયે ઉપસાવી કાઢયું હોય એવું તેમને આજને મહદ્ સંકટ સમયે લાગ્યું. તેઓ ઉતાવળે દેવળમાં ભરાઈ ગયા અને તેનાં દ્વાર મજબૂત રીતે બંધ કરી દીધાં. તેમ થવાથી તેટલાં મનુષ્યો બચી ગયાં. એટલામાં ઉમાજી અને તેના માણસો તેમની પૂઠે દોડતાં આવી પહોંચ્યાં. બળવંતરાવ નાયકે અને તેનાં મનુષ્યોએ દેવળનો આશ્રય મેળવ્યો એ જોઈ ઉમાજીને અને તેના મનુષ્યોને તદ્દન નિરાશા ઉત્પન્ન થઈ. એ ધામધુમ અને તોફાન જોઈ બેલસર ગામના સર્વ લોકો ત્યાં એકદમ એકત્ર થઈ ગયા, તેથી ઉમાજીને પેલા કાળી લોકો માટે ભરવસ્તીમાં ગડબડ કરવી યોગ્ય જણાયું નહિ. ગામથી એડેક વેગળે

તેઓ ઉમાજીને હાથે પકડાયા હોત તો તે તેમના ગાઈ ગાઈ જેટલા કટકા કરી નાખત! કોળી લોકો કંપનીની નોકરીમાં રહી તેની પૂઠે પડયા હતા, તેથી ઉમાજીને તેમના ઉપર અતિશય ક્રોધ ચઢયો હતો. ગામના લોકોને એક સ્થળે એકત્ર થયેલા જોઈને અને સંતાયલા લોકોને તેમણે પોતાના આશ્રયમાં લીધેલા જોઈને ઉમાજીએ પોતાનો ક્રોધ શાંત પાડયો. પરંતુ એટલેથીજ તેનો ક્રોધ શાંત પડયો નહિ. તેણે સંતાયલા લોકોને પોતાના તાબામાં સોંપવાનું ગામ લોકોને કહ્યું ત્યારે ઉમાજીને અને તેનાં માણસોને સમજાવતાં સમજાવતાં ગામના લોકોને નાકે દમ આવ્યો! તેમણે ઘણે કષ્ટે અને ઘણા કાલાવાલા કરીને, હાથે પગે પડીને, નમ્રતાથી તેમને સમજાવી ત્યાંથી પાછા વાળ્યા. રામોશીઓ બેલસર ગામ છોડી ચાલ્યા ગયા, ત્યારે જાણે મૃત્યુના જડબાંમાંથી બચ્યા હોય એવું બળવંતરાવ અને બીજાં દેવળમાં સંતાયલાં માણસોને લાગ્યું. હવેજ તેમના જીવમાં જીવ આવ્યો. ગામના લોકોએ રામોશીઓને સમજાવ્યા ન હોત તો આજે તેમનાં સોએ વર્ષ પૂરાંજ થયાં હતાં! હાથમાં આવેલો મોટો શિકાર છટકી જતાં ઉમાજી પણ વિફરેલા વાઘ જેવો અથવા છંછેડાયલા નાગ જેવો, મનમાં ને મનમાંજ બડબડતો બેલસરથી સાકુર્ડી ચાલ્યો ગયો.

પ્રકરણ ૬ ઠું.

ખંડણી.

ઉમાજી પોતાનાં માણસો સહિત બેલસરથી નીકળ્યો તે એકદમ સાકુર્ડી આવી પહોંચ્યો. ત્યાં આવતાં તેણે પ્રથમ ગામના પટેલને બોલાવી બસો રૂપિયા ખંડણી માંગી. જો તે ખંડણી નહિ આપે તો તે માટે તેને ભયંકર શિક્ષા ભોગવવી પડશે એવો સખ્ત ભય તેણે બતાવ્યો. સાકુર્ડી આવ્યા પછી તેણે પોતાનો મુકામ ગામમાં કર્યો

નહતો, પણ તેણે ગામની પાડોશના એક ડુંગરમાં, વિકટ પણ નિર્ભય સ્થળે થાણું રોપ્યું હતું. ઉમાજી સાકુર્ડી આવી પહોંચ્યા પછી બળવંતરાવ નાયકની મદદ માટે સાસવડથી જે એક ટુકડી નીકળી હતી તે પાછળથી બેલસરથી ઘણી વારે ત્યાં આવી પહોંચી. તેમણે ઉમાજી અને તેની ટોળી સંબંધી બાતમી કાઢી. તેમાં જણાયું કે સર્વે મનુષ્યો એક વિકટ સ્થળે લપાઈ બેઠાં છે અને ત્યાં હલ્લો કરવાની સગવડ નથી. ત્યારે તેમણે હલ્લો કરી જય પરાજય મેળવવાની ભાંજગડમાં નહિ પડતાં તેમનો પિચ્છો છોડી દીધો. કેટલાક દિવસ વીત્યા પછી ઉમાજીએ પુનઃ સાસવડના પટેલને ધમકી આપી તેની પાસેથી પ્રથમ નક્કી કર્યા પ્રમાણે ખંડણીના બસો રૂપિયા એકાવ્યા! ઉમાજીની માંગણી પાછી ઠેલવાનું તેનામાં સામર્થ્ય નહોતું. નહિ તો ઘરબારની ભસ્મ થઈ જશે અને ઉપરથી પોતાના પ્રાણની પણ દક્ષિણા આપવી પડશે, એવું તે સારી પેઠે જાણતો હતો!

એ સમયથી પ્રત્યેક ગામના પટેલ ઉપર ખંડણી માટે પત્ર મોકલી તેમની પાસે—ગામ તરફ—થી જબરદસ્તીથી ખંડણી વસુલ કરી લોકોને ત્રાસ આપવાની ઉમાજીએ નવીન પદ્ધતિ અમલમાં મૂકી. "ખંડણી નહિ આપવામાં આવે તો બરડાપર અને માથાપર મ્હોટા મ્હોટા પત્થરો લઈ સખ્ત તાપમાં ઉભું રહેવું પડશે. ઘર લુંટી લેવામાં આવશે, તેને આગ લગાડવામાં આવશે. અને એ સંબંધી જેઓ ગડબડ કરશે કિંવા બુમાટો ઉરાડશે તેને ઠાર મારવામાં આવશે. જેઓ રાજીખુશીથી ખડંણી નહિ આપે તેની પાસે જબરદસ્તીથી અને ઇચ્છાનુસાર તેના હાલહવાલ કરીને લેવામાં આવશે. એ સંબંધી કોઇ પણ પ્રકારની દયા, માયા, બતાવવામાં આવશે નહિ! એ નિશ્ચયપૂર્વક જાણવું." એવી ધમકી અથવા હુકમ, ખંડણી માટેના પત્રમાં લખી ગામના લોકોને તે પત્રો મોકલી દીધા.

એ સમયે સાસવડ તે પ્રદેશનું મુખ્ય થાણું હતું. તેથી બંદોબસ્ત કરવા માટે ત્યાં શિબંદીની એક ટુકડી રહેતી હતી. તે છતાં ઉમાજીએ સાસવડના પટેલને પણ ઇતર ગામના પટેલોની પેઠે નિડરતાથી ખંડણી મેળવવા માટેનો પત્ર મોકલી આપ્યો હતો. શિબંદી (સિપાહીઓ) અને

અમલદારોના જોર ઉપર આધાર રાખીને ગામના પટેલે ઉમાજીનો પત્ર હિસાબમાં ગણ્યો નહિ એ ખરૂં પરંતુ ત્યાં શિબંદી અને અમલદારો હોવાથી ઉમાજી પોતાનો પત્ર મોકલતાં બ્હીધો નહતો, એ પણ લક્ષ્યમાં લેવા જેવું છે. તેણે સાસવડના પટેલને એક બે વખત નહિ પણ ત્રણ ત્રણ વખત, નિર્ભયપણે ખંડણી માટે પત્ર મોકલ્યો હતો. એ પત્ર વાંચકોના જાણવામાં આવે તે માટે નીચે પ્રકટ કરવામાં આવે છે.

"મહેરબાન* ઉમાજી નાયક અને ભોજાજી નાયક. રા. કિલ્લે પુરંદર. એમની છાવણીમાંથી, સાસવડના મુખ્ય અમલદાર, પરગણે સાસવડ એઓને—

સુરસન ૧૨૩૬ ફસલી. એમ જાહેર થાય કેઃ—

તમારા સાસવડ ગામ ઉપર છ હજાર રૂપિયાની ખંડણી નક્કી કરવામાં આવી છે. તે આ પત્ર મળતાંજ સત્વર ઉઘરાવી એકઠી કરી રાખવી. સુબાને કિંવા મામલતદારને તમારે કાંઈ પણ વસુલ આપવું નહિ. એમાંથી એક પૈસો પણ તમે કંપની સરકારના અમલદારોને આપશો તો અમારા તરફથી તમને ગામ લોકોને ઘણી સખ્ત શિક્ષા કરવામાં આવશે, એ ખાત્રી રાખવી.

---

* From the camp of the Omiah Naik and Bhojajee Naik of the fort of Poorandur. To the heads of departments of the town of Sasoor, the principal town of the district. Soorsun (the Arabic year). The aforesaid town, on account of a contribution of six thousand rupees, is quickly to collect and keep in deposit this sum. You are not to permit the Soobah (Mamlatdar) to collect any part (money). If you will allow one pyse (a copper coin) to be given, to the English, make sure of the inhabitants being punished by us. We shall fire the town and reduce it to ashes and dust. Make certain of this; therefore be quick and keep the money ready in deposits. Be this known to you.

—*Makintosh, p. 142.*

એમ સર્વ ગામને આગ લગાડીશું. તમારાં ઘર બાળી ભસ્મ કરી દઇશું. તમારા ગામનું સત્યાનાશ કહાડયા શિવાય અમે રહીશું નહિ. માટે ખંડણીના પૈસા તુરતજ એકઠા કરી તૈયાર રાખવા. એ સર્વને જાહેર થાય."

તેણે પુના જીલ્લાના દક્ષિણ વિભાગના સર્વ ગામોમાંથી આશરે રૂ. ૧૩,૭૮૪ ની ખંડણી ઉઘરાવવા માટે ગામના પટેલોને પત્રો લખ્યા હતા પરંતુ તેને એ રકમ પૈકી માત્ર પાંચ હજાર રૂપિયાથી વિશેષ રકમ મળી નહોતી.

એકાદ સ્થળે મેળો કે યાત્રા ભરાય છે ત્યારે તેવે પ્રસંગે લુચ્ચા, ભામટા અને ચોર લોકોનું સારૂં જોર ફાવે છે. ઉમાજીએ જે સમયે ધામધૂમ મચાવી હતી તે સમયે સારા પ્રતિષ્ઠિત, વિશ્વાસુ અને ગૃહસ્થ જણાતા હોંશીઆર પરંતુ ઘણા જુઠ્ઠા કલમ બહાદુર કુળકર્ણી દાદાને અને પટેલ બાપાને ગામના ચોપડામાં ખોટો જમાખર્ચ કરી સરકારી વસુલનો કેટલોક ભાગ "સ્વાહા" કરવાનું સારૂં ફાવ્યું હતું! કેટલીક વખત ગામની ખંડણી માટે તેમને ઉમાજી દ્વારા ત્રાસ પડયો હશે, તેણે તેમની પીઠ ઉપર અને માથા ઉપર મોટા પત્થર ઉંચકાવી તેમના હાલ હવાલ કરી પૈસા વસુલ કર્યા હશે એ જેમ ખોટું નથી તેમ કુળકર્ણી અને પટેલોએ ઉમાજીને ખંડણી માટે જેટલી રકમ ખરી રીતે આપી હશે તે કરતાં વધારે રકમ ગામના ચોપડામાં લખી દઇ પૈસા ખાઇ ગયા હશે એ પણ ખોટું નથી! ઉમાજીને અને તેનાં માણસોને ઓછી રકમ લઇને વધારે રકમની રસીદ લખી આપવામાં તેમનુંએ કશું નુકશાન નહતું. જોઇએ તેટલી રકમની રસીદ લખી આપવા માટે તેઓ હમેશાં તૈયારજ હતા. તેમને તે રસીદ સાથે, તેમના જમાખર્ચ સાથે કિંવા વસુલ સાથે પછીથી કશો સંબંધજ નહતો. તેમને તો માત્ર માગતાંની સાથેજ પૈસા જોઇતા હતા. તે આપવાને પટેલ તૈયાર હોય તો પછી તે કહે તેટલી રકમની રસીદ લખી આપવામાં તેમનું શું જતું હતું? ઉલટું તેમ કરવાથી તેમને ઉત્તેજનજ મળતું હતું! તે સમયે એ પ્રકારનો એક વ્યાપારજ થઇ પડયો હતો! એ વ્યાપારમાં ગામના પટેલ અને કુળકર્ણીઓનું ગજવું સારી પેઠે ભરાતું! અને તેમ કરવાની તેમને સારી સગવડ મળી હતી. પરંતુ જેવી રીતે ગજવું ભરાતું તેવું તે ખાલી

કરવાનો સમય પણ આવતો. કેટલીક વખત માનની નિશાની તરીકે શેલાં પાઘડી મળતાં! એકંદર રીતે જોતાં રામોશીઓ ગામના લોકો ઉપર ચરી ખાતા અને આ લોકો તેમના પર ચરી ખાતા! આવી સ્થિતિ વચ્ચે ખરા લુંટારા કોણ હતા! તરવાર ફેરવનાર કે કલમનું પીંછું ફેરવનાર? એ એક મ્હોટો પ્રશ્નજ થઇ પડયો હતો. બિચારી રૈયત તો બન્ને દ્વારા એક સરખીજ ખાલી થતી! તે બન્ને સરખાજ હતા. અને તેમનો સમય પણ સરખોજ હતો એમ છેવટે કહેવું પડશે.

પુરંદરના જે કોળી લોકો કંપની સરકારની નોકરીમાં રહી ઉમાજીને અને તેની ટોળીને પકડવા માટે નાના પ્રકારની ખટપટ કરતા હતા તેમને પોતાની ટોળીમાં ભેળવવા માટે ઉમાજીએ ઘણો યત્ન કર્યો પરંતુ તે લોકો વિશ્વાસુ હોવાથી ઉમાજીના સર્વે પ્રયત્નો વ્યર્થ ગયા. એમ થવાથી કોળી લોકો ઉપર વૈર લેવાનો નિશ્ચય કરી ઉમાજીએ ઇ. સ. ૧૮૨૭ ના નવેમ્બર માસમાં પુનઃ તેમના વીરવાડી નામના ગામમાં જઈ ત્યાં આગ લગાડી, ગામને બાળી ભસ્મ કર્યું. આ સમયે આગિયા વૈતાળ જેવા ઉમાજીએ એક જાહેરનામું પ્રસિદ્ધ કરી આસપાસના પ્રદેશના સર્વે લોકોને ચેતવણી આપી હતી. તેમાં લખ્યું હતું કેઃ "એ કોળી લોકોના સ્ત્રી બાળકોને જે કોઈ મનુષ્ય આશ્રય આપશે તેને ઠાર મારવામાં આવશે. જેને પોતાની સમ્પત્તિની અને જીવની પરવાહ હોય તેણે એ હુકમ વિરૂદ્ધ આચરણ કરવું નહિ. હુકમ વિરૂદ્ધ વર્તનારનું કેવું પરિણામ આવે છે તે જોવાની ઇચ્છા હોય તેણે તેમ કરી જોવું."

કોલ્હાપૂર પ્રાંતમાં પણ આ સમયે તોફાન ચાલતું હોવાથી કંપની સરકારનું ઘણું લશ્કર ત્યાં રોકાયું હતું! ઉમાજી અને તેનો ભાઈ કૃષ્ણાજી, એ બન્ને બળવાખોરો કોલ્હાપૂરના રાજાને મળી ગયા હતા. પરંતુ કોલ્હાપૂરના મહારાજાને મળી જવામાં ઉમાજીનો હેતુ તેમને મદદ કરવાનો નહતો પરંતુ સર્વ જગત્ સમક્ષ તેની પ્રતિષ્ઠા જામે, સર્વને તેનો ભય લાગે અને સર્વ સમક્ષ પ્રસિદ્ધ થવાય, એજ તેનો હેતુ હતો. સતારા પ્રાંતના અને કોલ્હાપૂર પ્રાંતના લોકો જેમ પોતાના રાજાને માન આપે છે તેવું કંઈક માન તે

પ્રાંતના લોકો તેને આપે એવી તેની ઉત્કટ ઇચ્છા હતી. તેમજ તેવું માન તેણે તે સમયે કેટલાક ગામના લોકોદ્વારા મેળવ્યું પણ હતું. તેના અનુયાયીઓએ અને ઉતરતા દરજ્જાના મનુષ્યોએ તેને નીચા નમી ત્રણ વખત મુજરો કરવો, એવી યુક્તિ રચી તેમનાં મન પોતાના તરફ વાળી લેવાનો યત્ન કર્યો હતો અને તેમાં તે ફાવ્યો પણ હતો. સાસવડથી સાડા ત્રણ ગાઉ વેગળે ગરાડા નામના ગામની પશ્ચિમ દિશાના ડુંગરમાં તા. ૯ મી નવેમ્બરને દિવસે સવારે રામોશી લોકોની ટોળી અચાનક પ્રકટ થવાના સમાચાર સાસવડ જઈ પહોંચ્યા. એ લોકોનો બંદોબસ્ત કરવા માટે સાસવડમાં કૅપ્ટન ડેવ્હીસની એકસ્ટ્રા બટેલિયનની એક ટુકડી ખાસ રાખી હતી. તેને એ સમાચાર મળતાંજ ટુકડીના એક નાયકની ટોળી સાથે કેટલાક ઘોડેસ્વાર આપી તુરતજ રામોશીઓનો શોધ કરવા તેમના તરફ જવાની ઉપરી અધિકારીએ આજ્ઞા આપી. એ ટુકડી ગરાડા ગામમાં આવી અને ત્યાં તેમને ગામલોક તથા ત્યાંનો પટેલ મળ્યો. સર્વ મનુષ્યો ગામની નજીકના ડુંગર આગળ આવી, સૂર્યાસ્તને સમયે રામોશીઓનો શોધ કરતા હતાં તેજ સમયે તેની નજીકના એક ડુંગર ઉપર તેમનું ટોળું ઉભેલું જણાયું. તેમણે નીચેના લશ્કરને મોટેથી પૂછ્યું કે: "કેમ ? ક્યાં જાઓ છો? તમારે શું જોઇએ છે?" અને તેજ ક્ષણે તેમણે રણશિંગડાં વગાડ્યાં. પછી સિપાહીઓની ટુકડી પર ગોળાનો વર્ષાદ વર્ષાવી તેમના ઉપર હુમલો લઈ જવાની તેમણે તૈયારી કરી. થોડા સમયમાંજ તેઓ ડુંગર પરથી નીચે ઉતરી આવ્યા. રામોશી લોકો પોતાના ઉપર ધસી આવેલા જોઈ સિપાહીઓ ગરાડા ગામ તરફ પાછા ફર્યા. તેમ છતાં બન્ને વચ્ચે ગોળી બહાર થયા હતા. રામોશીઓએ પોતાનાં માણસોની બે ટોળીઓ બનાવી અને તેમની પૂંઠે પડી પાછળના લોકોને પકડવાનો યત્ન કર્યો પરંતુ તેમાં તેઓ ફાવ્યા નહિ. તેમની સાથે ગરાડા ગામનો પટેલ હતો. તે ભયથી અને શ્રમથી થાકી ગયો હોવાથી અંતે એક ઉંચા વધેલા ખેતરની વચમાં સુઇ ગયો. રામોશીઓની ટોળી તેની બાજુમાં થઇને પસાર થઈ ગઈ છતાં તેમણે તેને જોયો નહિ, તેથી તે બિચારો બચી ગયો, પણ ગામની એક

ભીંત પાછળ બટેલીયનનો એક સિપાહી ઉભો હતો તે તેમની નજરે પડયો, પછી પૂછવુંજ શું? ભોજાજી નાયકે અને યેસુ બિકારીએ તેના ત્યાંને ત્યાંજ કટકા કરી નાંખ્યા. સિપાહીઓ ઉતાવળે પગલે ગામમાં પેસી પટેલના ઘરમાં એકઠા થયા, પણ ત્યાં પટેલ બાપાનો પત્તો નહોતો! તે રામોશીઓના હાથમાં સપડાયા કે શું? તેમનું શું થયું હશે? એવું ધારી પટેલના સ્ત્રી બાળકોએ અતિશય આક્રંદ કરી મૂકેલું તેમની નજરે પડયું. પટેલનું ઘર બે માળનું, લાંબુ પહોળું હતું, સર્વ સિપાહીઓએ રાત્રે ત્યાંજ પડાવ નાંખ્યો. સિપાહીઓ ગામમાં આવી પહોંચ્યા તે સમયે સારી પેઠે અંધારૂં પડયું હતું. એવી સ્થિતિમાં પટેલના ઘર સુધી જવું સહિસલામત નહિ જણાયાથી રામોશીઓ ગામને છેડેથી જ પાછા વળ્યા, અને દક્ષિણ દિશા તરફ એક ઘોર ઝાડી હતી તેમાં જઈ મુકામ કર્યો. સિપાહીઓને આખી રાત નિરાંતે ઉંઘવા નહિ દેતાં સખ્ત ત્રાસ આપવાનો રામોશીઓએ વિચાર કર્યો, અને મોડી રાત વીત્યા પછી તેજ ઉદ્યોગે લાગ્યા. તેમણે પટેલના ઘર આગળ ઘણે વેગળે રહી પ્રથમ દેખરેખ રાખવાની શરૂવાત કરી. ત્યાર પછી લાગ જોઇને તેના ઘર પાસે જઈ ઘરને એકદમ આગ લગાડી દીધી. આટલા ભડકા જોતાંજ સિપાહીઓ ખળભળી ઉઠયા અને પોતાનું થાણું તુરતજ બદલી નાંખ્યું. આગમાંથી સિપાહીઓ અને ઘરનાં માણસો મહા મુશીબતે છુટયાં. માત્ર પટેલની ગરીબ–નિરપરાધી પુત્રવધુ અગ્નિનારાયણનો ભોગ થયા પછી થોડા સમયમાં પટેલના ઘરની અને તેની પુત્રવધુની ભસ્મ થઈ ગઈ!

ઉમાજીની ધામધુમ અને તોફાન પુના પ્રાંતમાં ચાલતું હતું ત્યારથી તે બંધ પાડવા માટે કંપની સરકારે સર્વ પ્રાંતમાં જુદે જુદે ઠેકાણે લશ્કરની ન્હાની મ્હોટી ટુકડીઓ મુકી હતી. તેમ છતાં ઉમાજી પોતાની રામોશી ટોળી લઇને નિશ્ચિંત જીવે, નિર્ભયપણે પુરંદરના ડુંગરમાં ફરતો હતો. પાછળ કહ્યા પ્રમાણે ગરાડા ગામમાં બનેલા બનાવ પછી આઠ નવ દિવસે સાકુર્ડી નજીકના ડુંગરમાં ઉમાજી પોતાની ટોળી સહિત આવી પહોંચ્યો છે એવા સમાચાર તા. ૧૮ મી નવેમ્બરને દિવસે જેજુરીમાં પડેલી ટુકડીના જમાદારને મળ્યા. તે જમાદાર પાસે પાયદળ પલટણના ઘણાં માણસો ઉપરાંત

દશ ઘોડેસ્વાર પણ હતા. જમાદાર પોતાનાં સર્વ માણુસ તથા ગામના બીજા લોકોને મદદમાં લઇ રામોશીઓ ઉપર હુમલો કરવા માટે ત્વરાથી નીકળ્યો. વધારે ગડબડ અને ધામધૂમ કર્યા શિવાય જમાદાર, સાવચેતીથી થોડા સમયમાંજ ડુંગરમાં ગયો અને રામોશીઓ ઉપર છાપો માર્યો. આ સમયે રામોશીઓ સાવધ નહોતા. તેમના કેટલાંક મનુષ્યો શાંત નિદ્રા લેતા હતા; અને કેટલાક સ્નાન આહાર આદિ કાર્યોમાં ગુંથાયાં હતાં. લસ્કરી સિપાહીઓએ તેમના પર અચાનક છાપો મારેલો હતો તેમ છતાં તેઓ ગભરાઈ ગયા નહિ. તેમણે તુરતજ પોતાનાં રણશિંગડાં ફુંકીને પોતાના બીજા સોબતીઓને ખબર આપી દીધી. તેમજ પોતાનાં હથિઆરો તૈયાર કરી થોડા સમયમાંજ છાપો મારનાર લશકરની સામા થઈ ગયા. આ સમયે ઉમાજીની ટોળીમાં એંશી મનુષ્યો હતાં. તુરતજ તેણે તેમની ત્રણ ટુકડી બનાવી એક ટુકડીને લસ્કરી સિપાહીઓ સ્હામી કરી અને બીજી બે ટુકડીઓએ તેમને વેગળેથી ઘેરો ઘાલી વચમાંજ ઘેરી લેવાનો ઘાટ ઘડયો. આ પ્રમાણે સ્થિતિ હતી તે સમયે બન્ને ટુકડીઓ પરસ્પર એક બીજા પર ગોળી બ્હાર કરતી હતી. રામોશીઓએ એક પ્રકારનો ભયસૂચક ધ્વનિ કરી સર્વ ડુંગર અને જંગલ કમ્પાવી મૂકયું. સિપાહીઓએ ઘણો દારૂગોળો વાપર્યો. છેવટે પોતાની ઘણી પુંજી ખર્ચાઇ ગયેલી જોઈને અને રામોશીઓ પણ પાછા હઠતા નથી એ જોઇને તે સઘળા પોતાના જેજુરીના થાણા તરફ પાછા ચાલ્યા ગયા. જેવા તે પાછા હઠયા કે તુરતજ ઉમાજીએ સ્હામે જઈને તેમનો માર્ગ રોકયો. ડુંગર ઉતરી બન્ને લસ્કર સપાટ મેદાનમાં એક બીજાની સ્હામ સ્હામાં આવ્યાં, ત્યારે ઉમાજીનો ભાઈ કૃષ્ણાજી નાયક અને તેનો સોબતી વિઠુનાયક, વિશ માણુસોની એક ન્હાની ટોળી લઈ સિપાહીઓના લસ્કરની પાછળથી હુમલો કરી મુખ્ય ફોજ સાથેનો તેમનો સંબંધ તોડી નાંખવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેમનો તે યત્ન વ્યર્થ ગયો. બન્ને પક્ષ વચ્ચે ઘણો વખત સુધી યુદ્ધ ચાલ્યું પરંતુ બેમાંથી કોઈનું એક પણ મનુષ્ય ઘાયલ થયું નહિ. સિપાહીઓ જેજુરી ચાલ્યા ગયા. રામોશીઓ પશ્ચિમ દિશામાં વળ્યા. તેજ દિવસે સંધ્યા સમયે ઉમાજીએ તેના સોબતી ભોજાજી નાયકને અને

બીજા બે રામોશીઓને બારામતી અને ફલટણ પરગણામાંથી બીજાં મનુષ્યો એકઠા કરવા મોકલ્યા. ટોળીમાં પુષ્કળ માણસોનો જમાવ થયા પછી વિરૂદ્ધ પક્ષવાળાઓ સાથે મોટા પ્રમાણમાં યુદ્ધ કરવાનો તેમનો ઉદ્દેશ હતો. ભોજાજીને ફલટણ તરફ રવાના કરીને ઉમાજી સિંહગઢ તરફ વળ્યો. ત્યાંથી તે સહ્યાદ્રિના ડુંગરમાં નીકળી ગયો. માર્ગમાં કેટલાક સિપાહીઓ રજા ઉપર પોતાને ઘેર જતા જણાયા તેમને લુંટી લઈ ઉમાજી સોનાપુર તરફ ચાલ્યો ગયો. તે ત્યાં તા. ૩ જી ડીસેમ્બર પર્યંત રહ્યો હતો. એ અરસામાં પચીશેક પાયદળ સિપાહીઓની અને પચીશેક ઘોડેસ્વારની એક ટુકડી ઉમાજીને શોધતી સોનાપુરમાં આવી પહોંચી. તેણે ઉમાજી અને તેનાં માણસો બતાવવા માટે ગામના લોકોને ઘણો ત્રાસ આપ્યો. એ સમાચાર ટોળીમાંના એક રામોશીએ આવી ઉમાજીને કહ્યા. ઉમાજીએ તેને ઉત્તર આપ્યો કેઃ "આપણાં મનુષ્યો જમવા બેઠાં છે તે જમી રહે ત્યાર પછી ગામના લોકો તેમને આપણું ઠેકાણું બતાવે એમ કહી આવ." રામોશીએ ઉમાજીની આજ્ઞા પ્રમાણે ગામના લોકોને જઈ સમાચાર કહ્યા. તેણે તે સમાચાર સિપાહીઓને આપ્યા. "હમણાંજ જઇને તેમના પર હલ્લો કરી તેમને સખ્ત શિક્ષા અપાવીશું." એવા મનોરાજ્યમાં મોજ કરતા સિપાહીઓનું લશ્કર રામોશીઓના રહેઠાણ તરફ ઉતાવળે ડુંગરમાં વળ્યું. પરંતુ ડુંગર નજીક જતાંજ જણાયું કેઃ "રામોશી લોકો હથિઆર વડે સજ્જ થઇને પોતાની સ્હામે યુદ્ધ કરવા તૈયાર ઉભા છે. એ જોઈ તેમણે પોતાના લશ્કરની ન્હાની ન્હાની ટુકડીઓ બનાવી રામોશીઓના ઠેકાણાંપર ચારે તરફથી હુમલો કરવાનો નિશ્ચય કર્યો, અને તે પ્રમાણે હલ્લો કર્યો સુદ્ધાં. બન્ને પક્ષે એક બીજા ઉપર ગોળીબહાર કર્યા. ઘણા કલાક સુધી તેમના વચ્ચે ન્હાનું યુદ્ધ થયું. પરંતુ બન્નેમાંથી કોઈ પક્ષનું એક પણ મનુષ્ય ઘાયલ થયું નહિ. રામોશી લોકો તેમના ચોક્કસ ઠેકાણાંપરથી હાલતા નથી એ જોઇને તેમને ત્યાંથી ખસેડવા માટે કંઈ યુક્તિ યોજવી તેના વિચારમાં સિપાહીઓ ગુંથાયા. અંતે ઘોડેસ્વારના દફેદારે અને પાયદળના જમાદારે એવી યુક્તિ શોધી કહાડી કેઃ સિપાહીઓ કપાયા છે એવું બહાનું કાઢી પાછા ફરવું, અને દફેદારે પણ તેની પાછળજ પોતાની

ટુકડી લઈ જવી. એ જોઇ રામોશીલોકો પોતાનું ડુંગર ઉપરનું થાણું છોડી લશ્કરની પાછળ મેદાનમાં ઉતરશે. ત્યાર પછી આપણને જે ઇષ્ટ જણાશે તે પ્રમાણે કરીશું. તેમની એ યુક્તિ સફળ થઇ. દફેદારે પોતાના ઘોડેસ્વારની ટુકડી પાછી ફેરવ્યા પછી પાયદળના જમાદારે પણ પોતાની પાયદળની ટુકડી તેની પાછળ ફેરવી. તેમને પાછા જતા જોઇ "સિપાહીઓ આપણને જોઇ ભય પામી ન્હાસે છે. હવે આપણે તેમની પૂઠે પડી તેમને પકડવા" વગેરે ઉદ્દેશથી રામોશીલોકો પોતાનું મજબૂત સ્થાન છોડી નીચે મેદાનમાં ઉતરવા લાગ્યા. નીચે ઉતર્યા પછી બનતી ઝડપે તેમણે સિપાહીઓની પૂઠ પકડી. જો કે તે મેદાન હતું તોપણ તેમાં વાંકાચૂકા રસ્તા અને આડી-અવળી ગલીગુંચીઓ પુષ્કળ હોવાથી પૂઠે પડવાના કામમાં તેમને ઘણી અડ-ચણો નડતી હતી. આગળ ન્હાસી જવાનું બહાનું કાઢતા સિપાહીઓનું લક્ષ્ય, પાછળ આવતા રામોશીઓ શું કરે છે તે તરફજ હતું. નીચે ઉતરી તેઓને પોતાની પૂઠે પડેલા જોવાથી સિપાહીઓને પોતાની યુક્તિ સફળ થયેલી જણાઇ, અને તેમને અતિ આનંદ પણ થયો. તેમની અને રામોશીઓની વચ્ચેનું અંતર ઓછું કરવા માટે તેમણે પોતાની ન્હાસવાની ગતિ મંદ કરી. એ જોઈ રામોશીઓનું જોર વૃદ્ધિ પામ્યું. સિપાહીઓએ તેમને બરાબર પોતાના લાગમાં આવવા દીધા. તેઓની ઇચ્છા શી હતી તે, પૂઠે પડવાના ઝનુનમાં રામોશીઓની ધારણામાં આવ્યું નહિ. તેઓ તેમની પા-છળ એક સરખા ધસ્યા જતા હતા. રામોશીઓને પોતાના સપાટામાં બરા-બર આવેલા જોઇ સિપાહીઓ સાપની પેઠે ઉલટયા, અને તેમનાપર જુસ્સા-બંધ ધસી ગયા. સિપાહીઓએ એકાએક પાછા ફરી હુમલો કર્યાથી થોડી-વાર સુધી તો રામોશીલોકો ગભરાઈ ગયા. તેમણે રણશીંગડું ફુંકી પોતાનાં માણસોને ડુંગરમાં "ન્હાસો—ન્હાસો" કહીને ઇશારત કરી. તત્ક્ષણાત્ રામો-શીઓએ ડુંગરનો રસ્તો પકડયો, અને ઉલટા સિપાહીઓએ તેમની પૂઠ પકડી. પૂઠે પડયા પછી એક ઘોડેસ્વાર સિપાહીએ રામોશીઓમાંના બે મનુ-ષ્યોને ભાલો ઘોંચી ઠાર કર્યા. એક ઘોડેસ્વારે ઉમાજીની છેક નજીક જઇ પહોંચ્યો હતો. જો તેણે એકાદ ભાલો ફેંકયો હોત તો પડેલાં બે માણસની પેઠે ઉમાજીના પણ રામ રમી જાત! પરંતુ તેનું ભાગ્ય બળવાન હતું. ઘોડે-

સ્વારને પોતાની નજીક આવી પહોંચેલો જોઇને હવે શું કરવું ? તે ઉમાજીને તત્કાળ સૂજ્યું નહિ, પણ એટલામાં તેને એક યુક્તિ સૂજી. તે એકદમ નીચો વળી ગયો અને એક મજબૂત પત્થર ઉંચકી નજીક આવેલા ઘોડેસ્વારના કપાળમાં માર્યો. પત્થર વાગતાંજ બહાદુરખાન નામક ઘોડેસ્વાર એકદમ નીચે ઢળી પડયો અને પ્રાણ મુક્ત થયો. ઘોડેસ્વાર નીચે પડતાંજ સિપાહીઓએ રામોશીઓની પૂઠ છોડી દીધી. રામોશીઓ પણ ડુંગર નજીક આવી પહોંચ્યા હતા તેથી તેઓ ડુંગરમાં ન્હાસી ગયા. ઉમાજી પણ એક ઘોડેસ્વારનો ભોગ લઈ જીવ સટોસટના સંકટમાંથી પાર ઉતર્યો. ઘોડેસ્વાર અને સિપાહીઓ મરણ પામેલા બે રામોશીઓના મૃતક શરીરને લઈ જઇ શક્યા નહિ તેથી પોતાના ઉપરી અમલદારોને પોતાના પરાક્રમનું વિજય ચિહ્ન બતાવવા માટે માત્ર તેમનાં ડોકાં કાપી સાથે લઇ ગયા ! રામોશીલોકો પોતાના જાત ભાઇઓનાં મૃત શરીર ત્યાં પડી રહેવા દેશે નહિ એવી તેમને ખાતરી હતી. રામોશીઓએ રાતને વખતે ત્યાં આવી મૃતક રામોશીઓનાં પ્રેતને પાંચ છ ગાઉ વેગળા જઈ ભૂમીદાહ દીધો. બહાદુરખાનના મરણથી સિપાહીઓને ખોટું તો લાગ્યું પણ પોતાના એક માથાને બદલે રામોશીઓનાં બે માથાં લેવા માટે તેમને વિશેષ આનંદ થયો. તે આનંદના તરંગમાંજ સર્વ સિપાહીઓ, રામોશીઓનાં ડોકાં ભાલાની અણીપર ખોસી પોતાને મુકામે આવી પહોંચ્યા. ઉમાજી પરની ન્હાની ચઢાઇનો એ પ્રમાણે અંત આવ્યો.

પ્રકરણ ૭ મું.

વૈરનો બદલો.

પાછલા પ્રકરણમાં કહ્યા પ્રમાણે પરસ્પર યુદ્ધ થતાં સિપાહીઓ દ્વારા બે રામોશીઓ મરણ પામ્યા હતા તે જોઈ સર્વ રામોશીઓને અતિશય ખોટું લાગ્યું હતું. કારણ કે તે બન્ને જુવાન, શૂરવીર, સાહસિક અને ચપળ હતા. તે બેમાંનો એક ઉમાજીનો

ભત્રિજો હતો. રાતને સમયે રામોશીઓ તેમનાં મડદાં લેવા આવ્યા તે સમયે મૃતકના દેહ ઉપરથી સિપાહીઓ ડોકાં કાપી લઇ ગયા હતા. એ જોઇ તેના ક્રોધાગ્નિમાં તેલજ રેડાયું ! સિપાહી લોકોના ઉપર તેઓ અતિશય ચિડાઇ ગયા. પરંતુ તે વખતે ક્રોધનો ઉપયોગ થઈ શકે એમ નહતું. અંતે તેમણે મૃતકના દેહને ભૂમીદાહ કર્યો. ક્યાં કર્યો તે કોઇ જાણી શક્યું નહિ. સોનાપૂરના યુદ્ધમાંથી સદ્ભાગ્યે છુટયા પછી ઉમાજી પોતાની ટોળી સહિત તે પ્રદેશમાંથી નીકળી માવળા પ્રાંતમાં ગયો. ત્યાં ગયા પછી તેણે કંપની સરકારના અને ભોરના શ્રીપંત સચિવની સત્તા નીચે જેટલાં ગામ હતાં તે સર્વ પાસેથી ખંડણી વસુલ કરી.

તેનો સોબતી ભોજાજી નાયક, વિશેષ મનુષ્યો ભેગાં કરવા માટે ફલટણ અને બારામતી તરફ ગયો હતો. ત્યાં જઈ તેણે સારૂં કામ કર્યું. પોતાની સાથે સાઠ મનુષ્યો લઇ ઉમાજીને મળવા ફલટણથી નીકળ્યો. ગરાડા ગામમાં રામોશીઓએ બળવંતરાવ નાયકની કેવી અવદશા કરી હતી તે વાંચકોના જાણવામાંજ છે; હમણાં તેની મદદમાં પાયદળ પલટણ પૈકીમાંના એક હવાલદારની વધુ ટુકડી આપવામાં આવેલી હોવાથી બળવંતરાવ કોળીનું જોર વધ્યું હતું. ભોજાજી નાયક સાઠ માણસની ટોળી લઇને ફલટણ જતો હતો તે સંબંધી સમાચાર મળતાંજ બળવંતરાવે પોતાનું વૈર લેવાનું અને અપમાનને બદલે તેને સખ્ત શિક્ષા કરવાનું ધાર્યું. ભોજાજી નાયક નજીક આવે કે તુરતજ તેના પર હુમલો કરી તેને પકડવો, અને તેમ કરવામાં નક્કી યશ પ્રાપ્ત થશે એવી બળવંતરાવની ખાત્રી હતી. એ ઉપરાંત તે દિવસે તેનાં માણસો પુષ્કળ બકરાં મારી તેના વડે મોજ ઉડાવે છે તથા નાચ તમાસામાં સર્વ ગુંથાયા છે, એવું રામોશીઓને બતાવવા માટે તેણે પોતાનાં માણસોને આજ્ઞા ફરમાવી દીધી. એ સમયે હુમલો કરવાથી યશ મળશે, એવું કહાવી રામોશીઓને ફસાવવાની બળવંતરાવ નાયકે યુક્તિ રચી હતી. તેણે પોતાના પાડોશના ઘરમાં ચુંટી કાઢેલા કેટલાક સિપાહીઓની એક ટોળી રામોશીઓ હલ્લો કરે તો તેના પર તુટી પડવા માટે સંતાડી રાખી હતી. બળવંતરાવે જે સ્થળે સિપાહીઓનો સખ્ત બંદો-

બસ્ત રાખ્યો હતો તે ઠેકાણે નહિ થોભતાં ભોજાજી નાયક તા. ૧ લી ડિસેમ્બરે તે સ્થળે થઇને પશ્ચિમ દિશામાં ચાલ્યો ગયો. તેમ થવાથી નવલાઇના કુરણા પર્યંત અને ત્યાંથી આગળ કરેપઠારા પર્યંત બળવંત નાયકને રામોશીઓની પૂંઠ પકડવી પડી. જતાં જતાં બન્ને વચ્ચે એક ન્હાનું યુદ્ધ થયું. તા. ૩ જી ડિસેમ્બરને દિવસે, મધ્યાહ્નને સમયે પુરંદરના ડુંગરની દક્ષિણ દિશામાં થઈને ભોજાજી નાયક આગળ વધ્યો. કિકવીમાં એક એકસ્ટ્રા બટેલિયન પલટણ બંદોબસ્ત માટે રાખવામાં આવી હતી. ડુંગરમાંથી પસાર થતાં કિકવીના ઉપલા ભાગ તરફ આવ્યા પછી બટેલિયનના માણસોને રામોશીઓ આવ્યાની માત્ર ખબર આપવા માટેજ ભોજાજીએ બંદુકના ખાલી બહાર કરાવ્યા. તે સાંભળતાંજ રામોશીઓને નજીક આવેલા જાણી બટેલિયનના સિપાહીઓ તુરત તેના તરફ ગયા. ત્યાં ગયા પછી બન્નેએ પરસ્પર એક બીજા પર ગોળી બહાર કર્યા. ભોજાજી અને તેનાં માણસો ધીમે ધીમે ચાલતાં હતાં તે સિપાહીઓને ત્વરાથી આવતા જોઈ ઉતાવળે ચાલવા લાગ્યા અને જોતજોતામાં ડુંગરનાં કોતરોમાં ભરાઈ ગયા! જે દિવસે સોનાપુરમાં ઉમાજીની ટોળી સાથે ત્યાંની ફોજને ચકમક ઝરી હતી તેજ દિવસે કિકવીમાં ભોજાજી નાયકની ટોળી સામે એકસ્ટ્રા બટેલીયન સાથે ઉપર કહ્યા પ્રમાણે ચકમક ઝરી, તે પછી ૭ દિવસે ભોજાજી નાયક પોતાની નવીન ટોળી સહિત ઉમાજીને જઈ મળ્યો; અને બન્ને ટોળીઓ એકત્ર કરી તેઓ વાયવ્ય દિશામાં કુવારી નામક ડુંગરાળ કિલ્લા તરફ નીકળી ગયા. જ્યાં સુધી ઉમાજી પુરંદર પ્રદેશમાં હતો ત્યાં સુધી આસપાસના ગામ લોકદ્વારા—ભયને લીધે કહો કે ગમે તે કારણથી કહો—પણ ભયને લીધેજ તેને કંપની સરકારના લશ્કરની હીલચાલના તુરતાતુરત સમાચાર મળતા હતા. જ્યારે પુરંદર પ્રાંત છોડી લાંબે દૂર ગયો ત્યારે તેને ખાસ પોતાનાં ગુપ્ત માણસો મોકલી એવા સર્વ સમાચાર મેળવવા પડતા હતા. એ સમાચાર ઉપરથી ભવિષ્યમાં કેવી રીતે વર્તવું તે ઉમાજી નક્કી ઠેરવતો. ગુપ્ત ખબરો લાવવા માટે તેણે પોતાની ટોળીમાંના ચાર પાંચ ચપળ અને હુંશીઆર મનુષ્યોની યોજના કરી હતી.

ઉમાજી પોતાની ટોળીસહ ઉત્તર તરફ જતો હતો. એટલામાં તેના એક ગુપ્ત મનુષ્યે "કૅપ્ટન ડેવીસ તેની શોધ કરતો પૂર્વમાંથી આવે છે" એવા સમાચાર આપ્યા. એ સાંભળી પોતાની અને કૅપ્ટનની વચ્ચે માત્ર એક માઇલનું અંતર રાખવાની ઇચ્છાથી તેણે આગળ કુચ નહિ કરતાં ત્યાંજ મુકામ કર્યો, અને ડેવીસ સાહેબને નજીક આવવા દીધા. બન્ને વચ્ચે એક ગાઉનું અંતર રહેલું જોઇ ઉમાજી એકાએક ઘાટના ડુંગરમાં ગુમ થઇ ગયો. તે નીચે કોકણમાં જઇને ઉતર્યો. ત્યાં તે જે જે ગામમાં ગયો ત્યાં ત્યાંથી તેણે સખ્ત ભય બતાવી ખંડણી વસુલ કરી લીધી. ઍકરટ્રા બટેલિયનનો મુખ્ય અમલદાર કૅપ્ટન ડેવીસ ઘણો ચાલાક અને હોંશીઆર હતો. તે પોતાની પલટણમાંના કેટલાંક માણસોની એક ટુકડી લઇ ઉમાજી અને તેના માણસોની પૂઠે લાગ્યો હતો. એ કામમાં તેણે જરાપણ આઘું પાછું જોયું નથી. રાત દિવસ તે તેજ કામમાં તદ્દન ગુંથાઇ ગયો હતો. પરંતુ તેમની હિલચાલ સંબંધી રામોશી લોકો ઘણી ચાલાકીથી અને બહાદુરીથી કેટલીક જુઠી સાચી વાતો પ્રસારી સાહેબ બહાદુરને ચીડવવાની તજવીજ કરતા. તેથી રામોશીઓનું કામ થઇ જતું અને તેમની પૂઠે પડવાનો સાહેબનો શ્રમ નિરર્થક જતો! કારણ કે એમ થવાથી રામોશીઓ એક દિશામાં નીકળી જતા અને સાહેબ બીજી દિશામાં શોધ કરતા જંગલ ડુંગરમાં ભટકતા ફરતા! એજ પ્રમાણે ઉમાજીનું તોફાન શાંત પાડવા માટે જે જે ગોરા અધિકારીઓ નીમવામાં આવ્યા હતા તેમની પણ એવીજ સ્થિતિ થતી હતી. કારણ કે યુદ્ધ કરવા માટે તેઓ અને રામોશીઓ કોઇ દિવસ સ્હામ સ્હામા થયા નહોતા.

તા. ૨૦ મી ડિસેમ્બરના અરસામાં ઉમાજીની ટોળીનો પડાવ ઘાટ નીચે તળ કોકણમાં જાંભુળપાડાથી ત્રણેક ગાઉ પર વાસુંદ્રા ગામમાં પડયો હતો તે સમયે ઉમાજી પાસે એકસો ચાલીસ માણસો હતાં. તે ગામમાં એક હવાલદાર અને ત્રણ સિપાહીઓ ઉમાજી સંબંધી તપાસ કરતાં જણાયાથી ઉમાજીનાં માણસોએ તેમને પકડયા. એકસો ચાલીસ માણસો આગળ ચાર જણનું બળ કેટલું? તેઓ ગુપ ચુપ તેમને સ્વાધીન થયાં.

ત્રણ અઠવાડીઆં પહેલાં સોનાપુરમાં થયેલા યુદ્ધ સમયે રામોશીઓના બે માણસો મરણ પામ્યાં હતાં અને તેમનાં ડોકાં વિજયચિહ્ન તરીકે સિપાહીઓ કાપી લઇ ગયા હતા. તેનું વૈર લેવા માટે તેમણે બિચારા ચારમાંથી ત્રણ સિપાહીઓને ઢેડાઓ પાસે ઠાર મરાવી નંખાવ્યા ! પ્રથમ લઢાઇમાં સિપાહીઓએ બે રામોશીઓને ભાલા ઘોચી ઠાર માર્યા હતા અને તેમનાં ડોકાં કાપી લઈ ગયા હતા તેથી તેઓ તેમના ઉપર ક્રોધે ભરાયા. રામોશીઓને ક્રોધે ભરાવાનું સબળ કારણ હતું પરંતુ આ સમયે પકડાયલા ચારે સિપાહીઓએ તેમને કંઇ પણ કારણ આપ્યું નહતું તેમ છતાં પાછલું વૈર લેવા માટે નિરર્થક બિચારા ગરીબના પ્રાણ લીધા! અપરાધ એકનો અને શિક્ષા બીજાજ માણસોને આપી રામોશી લોકોએ ઉદ્વેગ અને તિરસ્કારજનક કૃત્ય કર્યું !

ઉમાજીની ટોળીનો પડાવ વાસુંદામાં પડયો હતો તે સમયે કૃષ્ણાજી નાયક, ભોજાજી નાયક, પાંડુ, વિંઠાજી, મહાદુ, યેસુ નિકારી, ભવાની અને ન્હાનો પાંડુ વગેરે ન્હાની ન્હાની ટોળીના નાયક અધિકારીઓ તેના હાથ નીચે હતા. તે દિવસે એટલે તા. ૨૦ મી ડિસેમ્બરે ચાર વાગે રામોશી લોકો જમી ખાઇ પરવાર્યા પછી સર્વે પોતપોતામાં ગપ્પાં મારતા બેઠા હતા. એટલામાં તેમનામાંનો એક મનુષ્ય ગામમાં કંઇક કામ માટે ગયો હતો તે ગભરાતો ગભરાતો દોડતો આવી કહેવા લાગ્યો કે: "ગામમાં એક લશ્કરી ટુકડી આવી પહોંચી છે" એ સાંભળી ઉમાજી પોતાનાં સર્વ મનુષ્યો લઇ એકદમ ગામ તરફ ગયો. ગામમાં આવીને તેણે ગામને ઘેરો ઘાલ્યો. સિપાહીઓને થોડા જોઈ ઉમાજીએ તેમને પોતાનાં હથિયારો સહિત તાબે થવા કહ્યું. કંપની સરકારના ચાર સિપાહી અને એક હવાલદાર ગામમાં હતા. એકસો ચાળીશ માણસ આગળ પોતાનું કશું ચાલશે નહિ તેમ યુદ્ધમાં મરણ થશે એમ જાણી તેઓ ચેં કે ચૂં ન કરતાં હથિયારો મુકી દઇ ઉમાજીને તાબે થયા. પ્રથમ પકડાયલા ચાર જણાની તેમણે ઢેડ લોકોને હાથે કેવી વ્હલે કરી હતી તે ગામનો પટેલ જાણતો હતો. સિપાહીઓને ગામથી ઘણે વેગળે લઈ જતા જોઇ પટેલે ધાર્યું કે જો એમની પણ એવીજ દશા થાય તો ઉપરી અમલદારોને શો જવાબ દેવો ? વગેરે વિચાર કરી તેમને

છોડવા માટે પટેલે ઉમાજીના તેમજ તેના હાથ નીચેના અધિકારીઓના ઘણા કાલાવાલા કર્યા. તે સર્વને હાથે પગે લાગવા મંડયો. તે બોલ્યો: "એ બિચારા આપના કહેવા પ્રમાણે હથિયાર સહિત શરણે આવ્યા છે ત્યારે તેમનો નાશ નહિ કરવા પ્રાર્થના છે. તેમ થશે તો અમે સરકારને શો જવાબ દઈશું? અમને ભવિષ્યમાં ઘણો ત્રાસ ભોગવવો પડશે." એવી અનેક પ્રાર્થનાઓ કરી. પરંતુ રામોશીઓએ તેમનું કંઇ પણ સાંભળ્યું નહિ. તેમણે તેમના કાલાવાલા તરફ આંખ આડા કાન કર્યા એટલુંજ નહિ પણ ઉલટા તે લોકોને પકડી ગામ બહાર લઈ લીધા.

ગામ બહાર ઘણે વેગળે ગયા પછી, ચતુર્ભુજ કરી સાથે લીધેલા સિપાહી કેદીઓની કેવી વ્હલે કરવી તે સંબંધિ વિચાર કરવા માટે સર્વ રામોશીમંડળ એકસ્થળે બેઠું. કેદીઓને માટે તો તે કેવળ યમરાજાનો દરબારજ હતો! "રામોશીઓ આપણા પ્રાણ લેશે કિંવા અતિ બૂરા હાલ–હવાલ કરશે." એવી તેમની ખાત્રી થઇ. પરંતુ એ શિક્ષા ભોગવવા માટે હજી અવકાશ હતો. એ સમયે સિપાહીઓએ તેમની પાસે જીવતદાનની ભિક્ષા માગી. પોતાને છોડી દેવા માટે તેમણે ઘણા કાલાવાલા કર્યા અને કરૂણાજનક દેખાવ કર્યો. તેમના હૃદયમાંથી દયાનો ઝરો ફુટે અને તેમનું મન પિગળી જાય, તે માટે નેત્રમાં આંસુ લાવી, જૂદા જૂદા ન્હાના મ્હોટા નાયકોના જોડા પોતાના મ્હો વડે ઉંચકયા, અને દાંતમાં તૃણ ઘાલી લાંબા થઈ તેમના પગ ઉપર પડયા. અને "તમારા આગળ અમે ગાય કરતાં પણ ગરીબ છીએ, અમારામાં અમારૂં રક્ષણ કરવાનું સામર્થ્ય કે સાધન નથી, કોઈ પણ પ્રકારે અમારો જીવ બચાવો," વગેરે વાકયો વડે તેમણે પોતાની નિર્બળતા બતાવી. સિપાહીઓના હવાલદારે અને એક સિપાહીએ લાગ જોઇ એકદમ ઉમાજીને ગળે સખ્ત આલિંગન દીધું. તેણે તેનાં પ્રિય માણસોની પ્રતિજ્ઞા આપી પોતાના ઉપર દયા કરવા અને જીવ નહિ લેવા કહ્યું. તે બન્નેએ તેને ગળે એવી બાથ ભેરવી હતી અને એટલા બધા કાલાવાલા કરતા હતા કે, ઉમાજી તેમના હાથ છોડાવી શકતો નહોતો, તેમજ તેમની વિનતિ પણ અમાન્ય કરી શકતો નહોતો.

તેનું મન કઠોર હતું ખરું, પરંતુ તે આ વખતે માખણ કરતાં પણ નરમ થઈ પિગળી ગયું. તેણે તેમને અભયદાન દીધું; અને તેમના પ્રાણ બચાવ્યા. તેમણે ઉમાજીને ગળે પોતાના એક બંધુની પેઠે આલિંગન દીધું અને જે નમ્ર વિનતિ કરી તે સફળ થઇ. પોતાના ભાઇનો ન્હાનો પુત્ર અનાથ હોવાથી "કાકા, કાકા, મ્હને બચાવો, બચાવો." એમ કહીને ગળે બાથ ભીડી, ગાયના વાછરડા પેઠે બરાડા પાડી પ્રાણ બચાવવા ભત્રિજો કાલાવાલા કરતો હોવા છતાં તેની બાથ છોડાવી તેને યમ સ્વરૂપી સિપાહીને તાબે કરી પોતાના પ્રાણને માટે કિંવા પોતાની અર્ધાંગનાની ઇચ્છા પૂર્ણ કરવા માટે બ્હીકણની પેઠે ન્હાસી છુટી જનાર શૂર, વીરાગ્રણી રઘુનાથરાવ દાદા સાહેબનું મન વધારે કઠોર કે રાત દિવસ લુંટફાટ કરનાર, ધાડ પાડનાર અને મુસાફરોને ત્રાસ આપનાર બળવાખોર બનેલા અને તેજ ધંધો લઈ બેઠેલા, ક્રૂર તરીકે પંકાયલા શૂરવીર ઉમાજીનું મન વિશેષ કઠોર ? રઘુનાથરાવ દાદાસાહેબ અને નારાયણરાવની આસપાસ સિપાહીઓનો ઘેરો પડયો તે સમયે જેવી સ્થિતિ હતી તેવીજ સ્થિતિ અત્યારે પ્રાણ લેવા ઉભેલા રામોશીઓને લીધે ગળે પડેલા બે સિપાહીઓની વિનતિથી ઉમાજીની થઈ પડી હતી. બન્નેની સ્થિતિ એક સરખીજ હતી. રઘુનાથરાવે પોતાને ગળે નારાયણરાવે બાથ બીડેલી હતી તે છોડાવી તેને સિપાહીઓને સ્વાધીન કર્યો અને ઉમાજીએ તેમ કર્યું નહિ, એટલોજ બન્ને વચ્ચે ફરક હતો ! એ ઉપરથી કોનું મન વિશેષ કઠોર તે વાચકોએજ નક્કી કરી લેવું. બે સિપાહીઓના જીવ બચાવવાનું અભયદાન જોતાંજ એક ત્રિજા સિપાહીએ ઉમાજીને કાલાવાલા કર્યા પરંતુ અન્ય રામોશીઓએ તુરતજ તેને પાછો ખેંચી લીધો. પ્રાણાંતનોજ તે સમય હતો. તે સમયે કોઈ પણ મનુષ્ય પોતાનું જીવન બચાવવા માટે જોઇએ તે યુક્તિ રચી શકતો. ઉમાજીએ બે સિપાહીઓને છોડી દીધા. બીજા એને રામોશીઓએ ઢેડાઓને સ્વાધીન કર્યા. તેણે તેમને પરલોક પહોંચાડ્યા. એક વધેલા સિપાહીએ ઉપર પ્રમાણે જીવ બચાવવાની ખાતર પ્રાર્થના કરી પણ તેને રામોશીઓએ પાછો ખેંચી લીધો. તેથી તેને ઠેકાણે પાડવા ઢેડ લોકો લઈ જવા આગળ ધસ્યા. નાયકો પાછા હઠ્યા. એ

સમયનો લાગ જોઈ ક્ષણુવારમાં તો તે સિપાહી સર્પની પેઠે ત્વરિત ગતિ કરતો ન્હાઠો. "પકડો, પકડો, ગયો—ગયો" રામોશીઓએ એવો બુમાટો કરી મૂક્યો. પરંતુ તે કોઈ પણ રીતે પોતાનો જીવ બચાવવા માટે પાંચ છ ફલંગો મારી જંગલ તરફ જીવ લઇને ન્હાસી ગયો. ભોજાજી નાયક ત્યાંજ ઉભો હતો. તે તરવાર લઈ તેની પાછળ ધાયો. તેની પાછળ દશ બાર રામોશીઓ પણ સિપાહીને ગાળો દેતા દોડ્યા. ન્હાસી ગયેલા સિપાહી અને તેની પૂંઠે પડેલા રામોશીઓ તરફ સર્વેનું લક્ષ્ય ચોંટ્યું હતું. બન્નેની વચ્ચે પાંચસો પગલાંનું અંતર હતું. ભોજાજી નાયક સર્વથી આગળ દોડતો હતો. તે બિચારો સિપાહી કેટલું દોડી શકે? સર્વેએ તેને થોડે જતાંજ પકડી પાડ્યો, અને જખ્મી કર્યો. ત્યાર પછી તેને પોતાના બીજા બે સિપાહી મિત્રોની સાથે, ભંગીઓને હાથે યમદ્વારમાં પહોંચાડી દીધો.

પોતાનાં બે માણસોને બદલે ઉમાજીએ અને તેનાં માણસોએ, નિરપરાધી સિપાહીઓ ઉપર જંગલી, હિંસ્ર અને ક્રૂર વાઘની પેઠે વૈર લીધા પછી તેઓએ તેજ દિવસે (તા. ૨૦ મી ડીસેમ્બરે) ત્યાંજ મુકામ કર્યો. જમી પરવાર્યા પછી ઉમાજીએ ગામમાંથી એક બ્રાહ્મણને બોલાવી તેની પાસે ગવર્નર સાહેબ ઉપર એક પત્ર લખાવ્યો. પત્રમાં લખ્યું હતું કે:—

"મહેરબાન ગવર્નર સાહેબ.* વિનતિ એ છે કે:—કંપની સરકારના કેટલાક સિપાહીઓ સાથે મેળાપ થતાં યુદ્ધ થયું. તેમાં જે સિપાહીઓ મરણ પામ્યા છે તેનાં ડોકાં કાપી અમે તમને મોકલ્યા છે. તે આપ નામદાર સ્વિકારશો, એવું સમજી અમે બીજાં પણ કેટલાંક (ડોકાં) મોકલવાના વિચારમાં છીએ."

---

* Oomiah sent for a Bhrahman, and ordered him to address a letter to the Governor, in which it was stated that—"he had fallen in with some sepoys, who had afterwards been killed (in action), and that he had cut off their heads and forwarded them, knowing that heads would be acceptable, and that he thereforce meant to send some more."

—*Makintosh. P. 151.*

એ પત્રમાં તાજા કલમ કરી તેણે પોતાના તે દિવસના મુકામથી સાસ-વડપર્યંત માર્ગમાં જે જે ન્હાનાં મ્હોટાં ગામ હતાં તે સર્વ ગામના લોકોને પત્રો લખી હુકમ ફરમાવ્યો હતો કે: "અમારા આ પત્રો કોઇએ માર્ગમાં અટકાવવા નહિ. પત્રો પ્રત્યેક ગામે પહોંચતા થવા જોઇએ. જે ગામના લોકો એ પ્રમાણે નહિ કરે તેમને સખ્ત શિક્ષા કરવામાં આવશે."

ગામના લોકોને અને ગવર્નર સાહેબને તેણે તા. ૨૦ મી ડીસેમ્બરને દિવસે પત્રો લખ્યા હતા.

રામોશીઓને હાથે આ સમયે સિપાહીઓને મારવાનું ઘોર કૃત્ય થયું તે કેવળ યુદ્ધમાં મરાયલા તેમના બે રામોશીઓનાં સિપાહીઓ ડોકાં કાપી લઇ ગયા હતા તેનું વૈર લેવા માટેજ હતું. રામોશી લોકો સાહસિક, હિમ્મત-વાન અને બળવાખોર, ધાડ પાડનારા લુંટારા ખરા પરંતુ તે લોકો ખુન કરનારા—મારા—નહિ. સિપાહીઓએ પોતાનાં માણસોનાં ડોકાં કાપી લીધાં તેથી તેમની ડોકીઓ આપણે પણ કાપવીજ જોઇએ, એટલુંજ તેમના મનમાં ભરાયું હતું. તેથી તે વૈર લીધું ખરૂં પણ સિપાહીઓને શૂળીએ ચઢાવી તેમનો જીવ લેવાનું કામ તેમણે ઢેડ લોકો દ્વારા લીધું હતું. એ શિવાય તેઓને હાથે એવું બાયલું કામ કદી થયું નથી. ઉમાજીની ટોળીમાં ઉમા-જીના જેવાજ ભોજાજી, કૃષ્ણાજી, વિઠોજી, ભવાની અને મહાદુ વગેરે બીજા વજનદાર, તામસી અને ખુની નાયકો હતા. એમાંના કોઇ એકના મનમાં કિંવા ઉમાજીને પોતાને જો એવું ઘોર કૃત્ય કરવાનું મન થયું હોત તો તેઓએ કદી પણ તેમ કરવા દીધું ન હોત. આ સમયે નાયકોના અને અન્ય સર્વ રામોશીઓનાં મનમાં સિપાહીઓને ઠાર કરવાનો જે વિચાર ઉત્પન્ન થયો હતો તે માત્ર તેમના વૈરને લીધેજ! તે ઇચ્છા અને વૈરનો સિપાહીઓ ભોગ થઇ પડયા હતા. રામોશી લોકોને ગુસ્સે કરવાથી તેઓ ગમે તે પ્રકારે પણ પોતાનું વૈર લીધા વિના રહેતા નથી એ તદ્દન ખરૂં છે. આ સમયે તેઓ તેજ નીતિએ વર્ત્યા હતા. ઉમાજીએ હવાલદારને અને એક બીજા સિપાહીને અભયદાન દીધું હતું તે પ્રમાણે બે દિવસ પછી તેમને બંધનમુક્ત કરી દીધા હતા.

પ્રકરણ ૪ થું.

અમલદાર સાથે મુલાકાત.

ઉમાજીએ વાંસુદા ગામથી પોતાની ટોળીસહ મુકામ ઉપાડ્યો તે પશ્ચિમ ઘાટની બાજુમાં થઇને દક્ષિણમાં વળ્યો. ઉમરડી ગામની પાસેના જંગલમાં તેનો મુકામ હતો તે સમયે તેજ ગામના એક મનુષ્યે તેને જોઇને તુરતજ ગામમાં સરકારે બંદોબસ્ત માટે રાખેલી એક હવાલદારની ટુકડીને તુરત ખબર આપી. તે ટુકડીએ, ઉમરડી ગામથી બે ત્રણ ગાઉના અંતરમાં બીજી બે ન્હાની ટુકડીઓ હતી તેને સમાચાર આપ્યા, એટલે તેઓ ત્વરાથી ઉમરડી ગામમાં આવી હાજર થયા. ત્રીજો પ્રહર વીત્યા પછી ઘણે સમયે ઉમાજી જે સ્થળે પડાવ નાંખી રહ્યો હતો તે સ્થળની ત્યાં એકત્ર થયેલી ત્રણે ટુકડીઓને બાતમી મળી. તેઓ તે સ્થળે ગયા. રામોશીઓનું સ્થળ તેમને તુરત જ જડયું. રામોશી અને સિપાહીઓની નજરેનજર ભેગી થતાં બન્ને પક્ષે એક બીજા પર ગોળીબ્હાર કર્યા. સૂર્યાસ્ત પછી ઘણી વાર સુધી તેમની વચ્ચે યુદ્ધ ચાલ્યું. ઘણી રાત વીતી ગઇ ત્યારે સિપાહીઓની ટુકડીઓ ગામમાં પાછી ગઈ. એ સમયે એમાંથી એક પણ પક્ષનો મનુષ્ય ઘાયલ થયો નહિ. યુદ્ધ બંધ થયા પછી સિપાહીઓ ગામમાં ચાલ્યા ગયા એટલે તેઓએ મ્હોટેથી બૂમો પાડીને તેમને ધમકી આપતાં કહ્યું કે: "ગામના લોકોએ અમને અન્ન વગેરે પુરૂં પાડવુંજ જોઇએ." રામોશીઓની માંગણી સાંભળી "તમારે એમને કંઈ પણ આપવું નહિ." એવી હવાલદારે ગામ લોકોને ધમકી આપી. રામોશીઓની માંગણી સ્વીકારે તોયે પંચાત અને ન સ્વીકારે તોયે પંચાત! એક તરફ વાઘ અને એક તરફ સિંહ પોતાના વિક્રાળ શરીરો પ્રસારી ઉભા હતા. તે બન્નેની વચ્ચે સપડાયલા ગરીબ, નિરૂપદ્રવી, નિર્બળ પશુની પેઠે

ગામના લોકોની સ્થિતિ થઈ હતી. કારણકે બન્ને તેમનો નાશ કરવા સમર્થ હતા. "શું કરવું?" તે ગામલોકોને સૂઝયું નહિ! તેમણે થોડી વાર સુધી મધ્યસ્થ વૃત્તિ ધારણ કરી. સિપાહીઓએ ગામલોકને ધમકી આપેલી હોવાથી તેઓ પોતાને અન્ન વગેરે સામગ્રી પૂરી પાડતા નથી એ જોઇ અંધારૂં થતાંજ ઉમાજી પોતાની સાથે અર્ધા માણસોને લઇ ગામમાં સિપાહીઓ જે ઘરમાં ઉતર્યા હતા ત્યાં આવ્યો અને તેમને કહ્યું કેઃ "સિપાહીઓની ધમકીથી તમે અમને અન્ન વગેરે આપતા નથી. તેથી અમે સિપાહીઓ જે ઘરમાં ઉતર્યા છે તે એકજ ઘરને આગ લગાડીએ છીએ એટલુંજ નહિ પણ પછીથી ગામનાં પ્રત્યેક ઘરને ભસ્મના ઢગલાના રૂપમાં ફેરવી નાંખીશું એ નક્કી સમજજો!" તેણે સિપાહીઓ સાંભળે એવી રીતે ગામલોકને ધમકી આપી. જંગલમાં વાઘની બરાડ સાંભળતાંજ ઢોરો ગભરાઇને થરથર કમ્પવા લાગે છે તેજ પ્રમાણે ઉમાજીની બૂમો સાંભળી ગામ લોકો કમ્પવા લાગ્યા. સર્વને સખ્ત ભય લાગ્યો. ઉમાજી બોલવા પ્રમાણે વર્તે એવો છે. તે જો ગામને આગ લગાડશે તો આપણાં ઢોરોનો મરો થશે, એવું ધારી ગામલોકોએ પોતપોતાની કોઢમાંથી ઢોરો જંગલમાં છોડી દીધાં. તેમ થવાથી આખા ગામમાં ધામધૂમ મચી રહી. ગામલોકો ભયથી કમ્પવા લાગ્યા, તે જોઈ સિપાહીઓનું ધૈર્ય રહ્યું નહિ. "ઉમાજી પોતાના કહેવા પ્રમાણે ઘરને આગ લગાડશે તો આપણે પણ બળીને ભસ્મ થઇ જઈશું." એ બ્હીકથી સિપાહીઓ ત્યાંથી ચાલતા થઇ ગયા! માત્ર એવો ભય બતાવવાથીજ રામોશીઓનું કામ થઈ ગયું. તેમને જે જે જોઈતું હતું તે સર્વ ગામલોકો પાસેથી એની મેળેજ પ્રાપ્ત થયું.

ઉમાજીએ જે દિવસે (તા. ૨૦ મી ડિસેમ્બરે) પકડેલા સિપાહીઓને મારી નંખાવ્યા તેજ દિવસે ગવર્નર સાહેબે ઉમાજીને પકડવા માટે પાંચ હજાર રૂપિયાનું ઇનામ આપવાનાં જાહેરનામાં સર્વત્ર પ્રસિદ્ધ કર્યાં. ઉમાજીની પેઠેજ ભોજાજી, યેસુનિકારી અને પાંડુનાયકને પકડવા માટે પાંચ પાંચ હજાર રૂપિયાનાં ઇનામો આપવાનાં કરી તેમાં "સર્વ રામોશી લોકોએ લુંટફાટનો ધંધો છોડી દઈ પોતપોતાને ઘેર ચાલ્યા જવું." એવી આજ્ઞા ફરમાવી.

એવા ધામધૂમના સમયમાં અન્ય વાતો સાથે કેટલાક જુઠ્ઠા સમાચાર પણ ઘણા ફેલાય છે. આ સમયે પણ ખોટી અફવાઓ અને તે પણ ગુપ્ત રીતે, યુક્તિપૂર્વક પ્રસારનારાઓનો જન્મ થયો હતો. તેમનાં ગપગેઝેટમાં કંઇ નપગી વાતોનો ટોટો નહોતો ! એક ગપ એવી પણ ઉડી હતી કે: "એ પ્રમાણે બળવો કરવામાં રામોશીઓ કિંવા તેના નાયકોનો બિલકુલ દોષ નથી. તેમને ઉત્તેજન આપનાર તો પુનાના કેટલાક સરકારી અમલદારોજ છે. તેમના સમજાવ્યા સિવાય રામોશી લોકો આટલો બધો અત્યાચાર કદી પણ કરી શકે નહિ." પુનામાં એવી ગપોનું બજાર ઉઘડ્યું હતું! તેમાં કેટલું સત્ય હતું એ તો ઇશ્વિર જાણે! વા. બ. ફડકેના બંડ વખતે પણ એવી અનેક ગપો ફેલાઈ હતી એમ કહે છે!

ઉમાજી અને તેના સાથીદારોની પક્કી ખાત્રી થઇ હતી કે: "કમ્પની સરકાર આપણા વતનના હક્ક માટે કંઈ પણ તકરાર ખુશીથી સાંભળશે નહિ." તેથી "નાક દાબ્યાથી મ્હોં ઉઘડશે." એ ન્યાય પ્રમાણે વર્ત્યા શિવાય બીજો ઉપાય નહિ જાણી એજ માર્ગે જઇને પોતાને જે જોઇએ તે અતિ કષ્ટે મેળવવુંજ જોઇએ, એવી તેમની ખાત્રી થઈ હોવાથી બે ત્રણ વર્ષથી તેઓએ લુંટ ધાડનો માર્ગ અવલંબન કર્યો હતો.

"આપણે લુંટ, ધાડ અને તોફાન કરવાનું જે કાર્ય ઘણા વર્ષથી ઉપાડ્યું છે તેથી અને બંડ સમાવવા માટે અને ઉમાજી, ભોજાજી વગેરે નાયકોને પકડવા માટે સરકારને જુદે જુદે સ્થળે લશ્કરની ટુકડીઓ રાખવાની ફરજ પડી છે તેના ખર્ચ માટે તેમજ તેમને પ્રત્યેક સમયે યશ નહિ મળતાં દિવસે દિવસે તેમને માથે અપયશનો ભાર વધ્યો જતો હોવાથી કંપની સરકાર તદ્દન ત્રાસ પામી કંટાળી ગઈ છે." એવી કલ્પના કરી ઉમાજીની ટોળીના નાયકો અને રામોશીઓ પોતાના મનમાં ઘણાજ ખુશી થતા હતા. તેમણે એવું પણ ધાર્યું હતું કે: "સરકારને હવે આપણે કહીશું તે સરતો કબુલ કરશે."

આ સમયે કોલ્હાપુર પ્રાંતમાં ઉઠેલું બંડ કંઇક સરકારે અને કંઇક છત્રપતિએ સલાહસંપ કરી શાંત પાડ્યું હતું. તેથી સરકારને પોતાની ઇચ્છા

જણાવવાની અને પોતાનો વકીલ મોકલી વાતચિત કરવાની ઉમાજીને ઉત્તમ સંધિ જણાઇ. "આ કામમાં યશ પ્રાપ્ત થતાં સરકાર જો પોતાની સરતો કબુલ કરશે તો આપણી કીર્તિમાં વૃદ્ધિ થશે અને ચારે દિશામાં નામના થઈ રહેશે. કદાચ ધારવા પ્રમાણે નહિ થાય તો ટોળી વિખેરી નાંખી થોડા મહિના પર્યંત શું થાય છે તે સ્વસ્થપણે જોયા પછી પુનઃ પ્રથમની પેઠે જુસ્સાભેર આપણા કામનો આરંભ કરી કંપની સરકારને ત્રાસ આપીશું." ઉમાજીએ એવો મનસુબો કરી રાખ્યો. વળી હમણાં તેની ટોળીમાં પુષ્કળ માણસો સામેલ થયાં હતાં. તેમાંના ઘણા ખરાને તો તે ઓળખતો પણ નહતો, ત્યાં પછી બધાના સ્વભાવ એક સરખા કયાંથી હોય? તેની ટોળીમાં બધાંજ ચુંટી કાઢેલા વિશ્વાસુ મનુષ્યો નહિ હોવાથી અને ટોળીની અવ્ય-સ્થિત સ્થિતિ હોવાથી કદાચ તેમાંનો કોઇ મનુષ્ય કંપની સરકારના પાંચ હજાર રૂપિયાનાં ઇનામની લાલચે વિદ્રોહી થઈ સર્વ રામોશીમંડળને પકડાવી દેવા તૈયાર નહિ થાય એમ કેમ કહેવાય? એટલા માટેજ આ મંડળી વિખેરી નાંખ્યા પછી થોડા દિવસ પછી બીજી વિશ્વાસુ મંડળી બનાવવાના વિચારો તેના મનમાં ઘોળાતા હતા.

સર્વ બાબતનો પૂરતો વિચાર કર્યા પછી પુરંદર આવીને ટોળી વિખેરી નાંખવાનો ઉમાજીએ નિશ્ચય કર્યો. એ કામ કર્યા પછી પોતાની તકરાર સર-કારના કાન ઉપર નાંખવા માટે અને તે સંબંધી સરકાર સાથે વાતચિત કરવા માટે કૃષ્ણાજી નાયક, વિઠુજી નાયક અને માંધર તથા ભોગલીના તેના મિત્રો નાયકને એ કામ કરવા મોકલવાનો ઉમાજીએ મનમાંજ સંકલ્પ કર્યો. જે મહત્વના કામ માટે ઉમાજીએ ઉપલાં માણસોની પસંદગી કરી હતી તેના કરતાં વધારે સારી પસંદગી બીજી કોઇ થઇ શકત નહિ. કારણ કે એ મનુષ્યો હોંશીઆર, ચાલાક અને જે કાર્ય ઉમાજીએ તેમને સોંપવાનું નક્કી કર્યું હતું તે કાર્યનું મહત્વ અને જવાબદારી સમજીને તેઓ વર્તે એવા હતા.

તા. ૨૮ મી ડીસેમ્બરને દિવસે ઉમાજી પોતાની ટોળી સાથે ઘાટ ચઢી ઉપર ગયો. તેજ દિવસે સરકારી લશ્કરની ઘણી ન્હાની ન્હાની ટુકડીઓ ઘાટ ઉપરના જંગલમાં તેનો શોધ કરતી વેગળેથી તેના જોવામાં

આવી. ઘાટ ઉપર આવ્યા પછી જે જે ટેકરીના માથા ઉપરના જંગલમાં ઉમાજીએ તે દિવસે મુકામ કર્યો તે ટેકરી સિપાહીઓની ટુકડીએ ખરેખર ઘેરી લીધેલીજ હતી એમ કહેવું જોઈએ. પરંતુ ટેકરીને મથાળે રામોશી લોકોનો નિવાસ છે એવું તેની તળેટીમાં નિવાસ કરતા સિપાહીઓની જાણમાં નહતું. ઉમાજી ત્યાંથી ચાલતો માવળામાં ઉતર્યો અને થોડા દિવસ પછી સતારા જીલ્લાના મસુર ગામમાં જઈ પ્રવેશ કર્યો. ત્યાં એક દિવસે ત્રીજા પહોર પછી રામોશીલોકો રસોઇ કરતા હતા તેમના ઉપર સતારાના છત્રપતિના લશ્કરે ચઢી આવી છાપો માર્યો. એવા છાપાના પ્રસંગ તેમના ઉપર પ્રથમ પુષ્કળ આવી ગયેલા હોવાથી તેઓ જરાપણ ગભરાયા નહિ. હુમલો આવતાંજ તેમણે પોતાનાં હથિયારો અને વસ્ત્રાદિક સામગ્રી ઉંચકી લઇ નજીકમાં પાંચસો સાતસો ડગલાં વેગળે એક ઉંચાણ જગા હતી ત્યાં પહોંચી ગયા. ત્યાં ગયા પછી થોડા સમયમાંજ તેઓએ વસ્ત્ર તથા હથિઆરો ધારણ કર્યાં અને છત્રપતિના સિપાહીઓ સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા, તથા નીચે ઉતરી આવી તેમણેજ લશ્કર ઉપર હુમલો કર્યો. રામોશી અને છત્રપતિનાં મનુષ્યો વચ્ચે મસુર મુકામે એક ન્હાનકડું યુદ્ધ થયું. પરંતુ તેમાં છેવટે ઉમાજીનેજ યશ પ્રાપ્ત થયો. અંતે છત્રપતિના સિપાહીઓએ રામોશી લોકોનાં વાસણકુસણ પડયાં હતાં તે ઉંચકી ચાલવા માંડયું!

મસુરથી ટોળી લઇને ઉમાજી દક્ષિણ તરફ વળ્યો. તા. ૮ મી જાનેવારી સને ૧૮૩૦ ને દિવસે સંધ્યા સમયે મુરારજી નાયક અને તેના શિબંદી સિપાહીઓ સાથે તેનો અચાનક મેળાપ થઈ ગયો! મુરારજી નાયક સાથે અંબાજી હવાલદાર અને તેની એકસ્ટ્રા બટેલિયનની એક ટુકડી હતી. લશ્કરી સિપાહીઓને રામોશી લોકોએ મ્હોટેથી બૂમ પાડી અને "હમણાં સન્ધ્યા સમય થવા આવ્યો છે તેથી તમારી સાથે યુદ્ધ કરવાની અમારી ઇચ્છા નથી." એમ કહી આગળ ચાલ્યા ગયા. શિબંદીના સિપાહીઓએ તેમના ઉપર બે બંદુકો ફોડી પરંતુ તેમણે તે તરફ બિલકુલ લક્ષ્યજ આપ્યું નહિ. તેમનો ગોળી બ્હાર ચાલતો હતો તે સમયે શાંત રીતે તેઓ તેમની સ્હામેથી પસાર થઈ ગયા.

માર્ગમાં સ્હામે મળતી સરકારી લશ્કરી ટુકડીઓ સાથે યુદ્ધ કરતો કરતો ઉમાજી કેટલેક દિવસે પોતાની ટોળી સાથે સ્વગૃહે એટલે પુરંદરના ડુંગરમાં આવી પહોંચ્યો. ત્યાં આવ્યા પછી એક દિવસ ભોજાજી નાયકે સર્વે રામોશીલોકોને નીરા નદીને કાંઠે લઈ જઈ તેમને ફલટણ પ્રદેશની અગ્નિ દિશામાં મહાદેવના ડુંગરમાં જઈ રહેવાની આજ્ઞા ફરમાવી, અને એ રીતે મુખ્ય ટોળી વિખેરી નાંખી. ટોળીમાંના કેટલાક મનુષ્યો પુરંદર કિલ્લાના આસપાસના ગામડાના રહેવાસી હતા તેઓ ટોળી વિખરાઇ ગયાથી જેજુરીના પૂર્વ અને ઉત્તર દિશા તરફના પ્રદેશમાં જઇ સંતાઇ રહ્યા. ઉમાજીએ પોતાની સાથે ભોજાજી નાયક, એક ખંડુ નામનો વાઘરી અને બે રામોશીઓને રહેવા દીધા હતા, અને કૃષ્ણાજી તથા વિઠુજી નાયકને તેમના મિત્રો સહિત "પુના હૉર્સ"ના રિસાલદાર પાસે પોતાના તરફથી સરકાર સાથે વાતચીત કરવા પુને મોકલ્યા. જે સમયે ટોળી વિખેરી નાંખવાની ઇચ્છા થતાં તે કામ ભોજાજી દ્વારા પૂર્ણ કરાવ્યું તે પહેલાંથીજ તેણે સર્વે મનુષ્યોને ચેતવણી આપી રાખી હતી કે: "ઉમાજી નાયકની માગણીઓ સરકાર કબુલ નહિ કરે તો તમારે સર્વેએ ભાંગલી મુકામે પુનઃ એકત્ર થવું પડશે." ઉમાજીની ટોળીમાં ભળ્યા પછી થોડા સમયમાંજ પ્રત્યેક મનુષ્યના ભાગમાં ચાળીશથી પચાશ રૂપિયા સુધીની રકમ આવેલી હોવાથી તે સઘળા ઉમાજીની ટોળીમાં પુનઃ સામેલ થવા ઘણા ઉત્સુક હતા, કેટલાક ટોળીમાં હતા તે સમયે સરકારના સિપાહીઓને મારી નાંખવા માટે ગુન્હાના પરિણામથી ભય પામી ગયા હતા. ઉમાજીએ ટોળી વિખેરી નાંખ્યા પછી તેમાંના રામોશીઓના મનની સ્થિતિ ઉપર કહેવા પ્રમાણે થઈ ગઈ હતી.

પોતાની ટોળી વિખેરી નાંખ્યા પછી જાનેવારી મહિનો (૧૮૩૦) પોતાના દેશમાં ગાળ્યો. ફેબ્રુવારી મહિનાનાં પહેલાં અઠવાડીયાંમાં તે આળંદીના ડુંગરમાં નિકળી ગયો. ત્યાં સ્વસ્થપણે બેસી વખત ગાળવાની તેની ઇચ્છા હતી. એક દિવસ તે પોતાના કેટલાક સાથીદારો સાથે એક ગાઢ જંગલમાં સંતાઇ બેઠો હતો. તેવામાં દોઢેક ગાઉ વેગળે કેટલાક ઘોડેસ્વાર અને ગામના લોકોનું મ્હોટું ટોળું સામેથી આવતું તેને જણાયું. ઉમાજીના

હાથ નીચેના બીજા બે રામોશીઓ આ વખતે જોડેના ગામમાં કંઈ કામ નિમિત્તે ગયા હતા, તેઓ પાછા ક્યારે આવી પહોંચે તેની તે ચિંતા કરવા લાગ્યો. જે ઘોડેસ્વારો અને લોકો ટોળું બંધાઈ આવતા તેને જણાયા તે સરકારી લશ્કરમાંના હોવા જોઇએ અને તેમને પોતે ત્યાં હોવાની બાતમી મળેલી હોવાથી તેઓ તેને જંગલમાં શોધતા ફરે છે એવું તેણે ધાર્યું. તેઓ આટલા બધા ઉતાવળા દોડતા આવતા હતા તેનું કારણ તેને ઘેરી લેવાનું પણ ઉમાજીએ અનુમાન કર્યું, અને ડુંગરના શિખર પર ચઢી જવાનો કયો માર્ગ સહેલો છે તેનો વિચાર કરવા લાગ્યો. એટલામાં ઘોડેસ્વારોને પુરપાટ દોડતા ડુંગર તરફ આવતા જોઇ ઉમાજીએ, પોતાના મિત્રોસહિત ડુંગર ઓળંગી બીજી બાજુએ જવા માટે, પોતાનું સંતાઇ રહેવાનું ઠેકાણું છોડી બહાર નીકળવાની તૈયારીમાંજ હતો, એટલામાં તેઓની હીલચાલ જોવા પોતાના સ્થાનમાં ઉભો રહ્યો. થોડીવાર સુધી તેમની હીલચાલનું નિરીક્ષણ કર્યા પછી તેને જણાયું કે, તે લોકો તેને પકડવા આવ્યા નથી પરંતુ જંગલી ડુક્કરોનો શિકાર કરવા આવ્યા છે. ઉમાજીની સાથેનાં બીજાં માણસોને તો એમજ લાગ્યું કેઃ તેઓ ઉમાજીને શોધવા નીકળ્યા છે. તેથી તેઓ બીજી ખીણમાં જવાની તૈયારીમાં હતા. એટલામાં ઉમાજીએ તેમને ખરૂં કારણ સમજાવી તેમને ભયમુક્ત કર્યા. થોડીવારમાં તેઓએ એક જંગલી ડુક્કરનો શિકાર કર્યો. તેથી તેમણે જયઘોષ કરતાં સમસ્ત જંગલ કમ્પાવી મૂક્યું. તે વખતે તો રામોશીઓની તેમને માટે તદ્દન ખાત્રીજ થઈ. ઉમાજી પોતાના મિત્રો સાથે જ્યાં સંતાઈ બેઠો હતો ત્યાંજ શાંતપણે બેસી રહ્યો. તેના સ્થળથી આશરે સાઠ સિત્તેરેક પગલાં વેગળે પેલા માણસોએ જંગલી ડુક્કરનો શિકાર કર્યો હતો. તેઓ જો થોડા આગળ વધ્યા હોત તો ઉમાજી અને તેના મિત્રો તેમના હાથમાં સપડાયા હોત પરંતુ હમણાં તેવો યોગ નહતો. હજી ઉમાજીનાં દુષ્કર્મોનો ઘડો ભરાયો નહતો. તેથી સિપાહીઓને તેવી બુદ્ધિ સુજી નહિ ! તેઓ પોતાનો શિકાર લઇ ત્યાંથી બહારો બહાર ચાલ્યા ગયા.

પ્રથમ સંકેત કર્યા પ્રમાણે કૃષ્ણાજી નાયક જે કાર્ય માટે " પુના

હૉર્સ"ના રિસાલદાર પાસે ગયો હતો તેનું પરિણામ જાણ્યા શિવાય કંઇ પણ કાર્ય કરવાની ઉમાજીની ઇચ્છા નહોતી. તે તેમની વાટ જોતો આળંદીના અને પુરંદરના ડુંગરોમાં વનરાજની પેઠે સ્વેચ્છાપૂર્વક વિહાર કરતો ફરતો હતો. આળંદીથી પાછા આવ્યા પછી "આપણું ઘણું ખરૂં કામ ઉત્તમ પ્રકારે પરિપૂર્ણ થવાનો રંગ જણાય છે." એવા આશાજનક સમાચાર ઉમાજીને કૃષ્ણાજી તરફથી મળ્યા હતા. "આ કાર્યમાં અનેક અણધારી અડચણો આવશે એવું પ્રથમથીજ ધાર્યું હતું તે પ્રમાણે અડચણો આવી પરંતુ તેમાંની ઘણી ખરી થોડાં અઠવાડીયામાંજ નિર્મૂળ થઇ જશે. કામ પરિપૂર્ણ થશે. ચિંતા કરવાનું કારણ નથી." એવું તેણે કૃષ્ણાજીને કહાવ્યું. ત્યાર પછી આળંદી અને પુરંદરના ડુંગર છોડી નીરાને કાંઠે થઇને પૂર્વ દિશામાં જવાનો ઉમાજીએ વિચાર કર્યો. કારણ કે તે પ્રાંતમાં આ પ્રાંતના જેટલો ત્રાસ નહિ પડે એવું તેણે ધાર્યું હતું પરંતુ તેનો એ તર્ક તદ્દન ખોટો પડયો. તે નીરાને કાંઠે પ્રવાસ કરતો હતો તે દરમ્યાન સોનગામ નજીકના એક જંગલમાં છત્રપતિના સિપાહીઓને હાથે સપડાવાનો સમય આવ્યો હતો પરંતુ સદ્‌ભાગ્યે તેમાંથી તે બચી ગયો. સતારાના રાજાના સિપાહીઓ, તેની શોધ કરતા કરતા દૈવયોગે જે દિવસે ઉમાજી સોનગામના જંગલમાં આવ્યો હતો તેજ દિવસે તે જંગલમાં આવી પહોંચ્યા હતા. પોતાના ઉપર દોષ ના આવે તે માટે તેમણે સમસ્ત જંગલને ઘેરો ઘાલી તેમાં શોધ ચલાવવાનો આરંભ કર્યો. શોધ કરવાનું કામ ઘણો વખત સુધી ચાલ્યું હતું. જેમ જેમ દિવસ ચઢતો ગયો અને સૂર્યનો તાપ અસહ્ય થવા લાગ્યો તેમ તેમ મનુષ્યો કંટાળી ગયાં. તાપ સખ્ત લાગવાથી ભૂખે અને તરસે સર્વ મનુષ્યો વ્યાકુળ થઈ ગયાં. તેમાંનાં ઘણાંખરાં મનુષ્યો જમવા ખાવા માટે ગામમાં પાછા જવાની ઉતાવળ કરવા લાગ્યાં. થોડાં માણસોએ ગામમાં પાછા જવાની ઇચ્છા દર્શાવતાંજ તેમના સાથીદારોએ—બીજી ટોળીએ—તેમની જગ્યા લીધી અને સમસ્ત જંગલ શોધ્યા શિવાય ત્યાંથી નહિ જવાની હઠ કરી. "જંગલમાં જે સ્થળે ઘાસચારો અને ઝાડઝાડીઓ હતી તેમાં શોધ કરી લીધી છે તેથી હવે એ સ્થાનના કોઈ પણ વિભાગમાં શોધવાનું બાકી રહ્યું

નથી." એવું કહીને ગામમાં પાછા જવા તૈયાર થયેલા મનુષ્યોએ તેમને બોલતા બંધ કરી દીધા. અંતે સર્વ મનુષ્યો જંગલના મધ્યભાગમાં ઉંચા વધેલા ઘાસના એક ટાપુની પ્રદક્ષિણા કરી ચાલ્યાં ગયાં. જે ટાપુ ઉપર ઘાસ બહુ ઉંચુ વધ્યું હતું અને જેની પ્રદક્ષિણા કરીને રાજાનાં સર્વ મનુષ્યો ચાલ્યાં ગયાં હતાં તેજ ઘાસમાં ઉમાજી અને તેનાં સાથીદારો પૃથ્વી સાથે આડા પડી રહ્યા હતા. ઘાસ આઠ દશ ઈંચથી વધારે ઉંચું નહોતું. ત્યાંસુધી જઈ તેમાં શોધ કરવાની તેમને બુદ્ધિ સુજી નહિ! જો તેમાંના થોડાં ઘણાં મનુષ્યો થોડાં પગલાં આગળ ગયાં હોત તો ઉમાજી અને તેના સાથીદારો અચાનક તેમના હાથમાં સપડાઈ જાત. કારણકે તે જગ્યા શિવાય અન્ય સર્વ મેદાન હતું, અને નજીકમાં કોઈ ટેકરી કે એકાદ ઉંચી જગ્યા તેમને આશ્રય લેવા માટે નહતી. ઘોડેસ્વાર આગળ ખુલ્લા મેદાનમાં તેમનું શું ચાલે તેમ હતું? એટલો ઘાસથી ઢંકાયલો ભાગ આગળ જઇને જોવાની તેમાંના એક પણ મનુષ્યને તાપને લીધે કહો કે ભૂખને લીધે કહો, તૃષાથી કહો કિંવા સર્વ શોધતાં શોધતાં મોડું થઈ જતાં કંટાળો આવ્યો તેથી કહો, ગમે તેમ પણ તેમણે માત્ર તે એકજ ટાપુ શોધ્યો નહિ, તેથીજ ઉમાજી અને તેના સાથીદારો બચી ગયા. પરમાત્મા કોઈ પણ મનુષ્ય પ્રાણીને બચાવવા ધારે છે ત્યારે કેવી રીતે બચાવે છે તે કોઈ જાણી શકતું નથી. તારનારના મ્હો આગળ મારનારનું કાંઇ ચાલતું નથી, એવી કહેવત છે તે ખોટી નથી. ઘોડેસ્વારોના ચાલ્યા ગયા પછી ઉમાજી ત્યાંથી ઉઠી ખુશી થતો અને ઇશ્વરનો આભાર માનતો ચાલતો થયો.

ઉપર કહ્યા પ્રમાણેના અનેક પ્રસંગ, પ્રવાસ કરતાં ઉમાજી ઉપર વીતી ગયા હતા. ઈ. સ. ૧૮૨૭ ના જાનેવારીથી એપ્રિલ મહિના પર્યંત તેણે ઘણાં સ્થાનોમાં નિવાસ કર્યો હતો. ધારવા કરતાં ઘણા દિવસો વીતી જવા છતાં કંપની સરકાર પાસે તેણે કૃષ્ણાજી નાયક દ્વારા સલાહ કરવાનું કહાવ્યું હતું. તેનું પરિણામ જણાયા શિવાય બીજું કોઈ પણ કાર્ય નહિ કરવાનો તેણે પ્રથમથી જ નિશ્ચય કર્યો હોવાથી તે ઉપર કહ્યા પ્રમાણે અનેક સ્થળે નિવાસ કરતાં પોતાનો સમય વ્યતીત કરતો

હતો. એને અર્ધો મે મહિનો વીતી ગયો. ઉમાજીનું કહેવું-સરતો-સાંભળી તે પ્રમાણે તેની અને રામોશીલોકોની વ્યવસ્થા કરવાની બુદ્ધિમાન કંપની સરકારની પ્રથમથીજ ઇચ્છા નહોતી. પરંતુ અંતે કોઇ પણ રીતે તોફાન શાંત કરવાની ધારણાથી સરકારે ઉમાજી અને તેના અનુચરોને, તા. ૧૦મી ડિસેમ્બર ૧૮૨૭ ને દિવસે જે સિપાહીઓને રામોશીઓએ મારી નાંખી અપરાધ કર્યો હતો તે સિવાય પ્રથમના સર્વ અપરાધની માફી બક્ષી. એ અપરાધની તપાસ કરતાં જેણે જે અપરાધ કર્યો હશે અથવા જેની આજ્ઞાથી એ કૃત્ય થયું હશે તે સર્વ અપરાધીઓને સખ્ત શિક્ષા કરવામાં આવશે. સરકારે પોતાનો એ નિશ્ચય તેજ ક્ષણે ઉમાજી અને તેનાં માણસોને જણાવી દીધો. બન્ને પક્ષની સરતો પરસ્પર એક બીજાએ કબૂલ કર્યા પછી અને લશ્કરી અમલદારની મુલાકાત લેવાનું નક્કી કર્યા પછી ઉમાજી અને તેના સાથીદારો તેજ કાર્યમાં વળગ્યા. કોણ જાણે કદાચ ભેટ લેવા જતાં કંઇ દગો ફટકો પણ થાય, એવો ભય લાગવાથી સર્વ રામોશીઓએ મુલાકાત લેવા જતાં પહેલેથીજ સંપૂર્ણ સાવચેતી રાખી હતી. ઉમાજી સંબંધી કોઈ પણ પ્રકારની શંકા ન રહે તે માટે સેંકડો જમીનદાર અને ગામના પટેલોની ખાત્રી કરી લેવાની યોજના કરવામાં આવી હતી. ઉમાજીએ પણ પોતાની સાથે આશરે દોઢસો માણસો લીધાં. પોતાને માથે ધરવા માટે તેણે કરેપાઠારના ખંડોબાના દેવળમાંથી આબદાગીરી મેળવી. રણશિંગા, તુરાઇઓ, તતુડાં વગેરે વાદ્યો એકઠાં કર્યાં. ત્યાર પછી એ વાજીંત્રો વગાડતા દોઢસો માણસોનું ટોળું લઇને, આબદાગીરી નીચે ચાલતો, આસપાસ ચામર ઉડાવતો, એકાદ ન્હાના રાજાની સ્વારી ચાલતી હોય તેમ ઉમાજી નાયકની સ્વારી વાજતે ગાજતે કમાન્ડિંગ ઑફિસરની મુલાકાત લેવા સાસવડથી એક ગાઉ વેગળે એક ટેકરી પર આવી થોભી. તા. ૨૧ મી મેને દિવસે લશ્કરના કમાન્ડિંગ ઑફિસર પોતાની સાથે રિસાલદાર અને બીજા બે ઘોડેસ્વાર લઈ ઉમાજીની મુલાકાત લેવા માટે પેલી ટેકરી તરફ વળ્યા. લશ્કરના મુખ્ય અમલદારને પોતાની મુલાકાત લેવા આવતો જોઈ ઉમાજી પણ પોતાના સર્વ માણસો સહિત તેમની મુલાકાત લેવા ટેકરીથી નીચે ઉતર્યો. એ સમયે તેની આસપાસ તેના સેંકડો

મિત્રોનું ટોળું ભરાયું હતું. રાજનીતિ પ્રમાણે ઉમાજી થોડેક સુધી અમલદારની સ્હામે ગયો. ટેકરીની નીચે બન્નેની મ્હોટા ઠાઠમાઠથી મુલાકાત થઈ. કમાન્ડિંગ ઑફીસરે તેને સરકારનો માફીનો હુકમ વાંચી સંભળાવ્યો. તે ઉમાજીએ અને તેના મિત્રોએ શાંત ચિત્તે સાંભળ્યો. ત્યાર પછી ઉમાજી એ ઑફીસરની રજા લઈ પોતાના સાથીદારોને મળવા માટે પુનઃ ટેકરી પર ચાલ્યો ગયો. આજનો સમારંભ પૂર્ણ થયા પછી ભોજાજી નાયક પોતાની સાથે સત્તર મનુષ્યોને લઇ સાકુર્ડી ચાલ્યો ગયો. ઉમાજી ચાર પાંચ દિવસ પછી તેને ત્યાં જઈ મળ્યો. બન્ને જણા સલાહ–મસલત કરવા લાગ્યા.

પ્રકરણ ૯ મું.

સરકારી નોકરી.

કંપની સરકારે આ સમયે ઉમાજીને તેના પાછલા સર્વ અપરાધોની ઉદાર ચિત્તે માફી બક્ષી હતી તે માત્ર એક શરત ઉપર જ આધાર રાખતા હતા. તેમ થવાથી માફી આપવા માટે કંપની સરકારના મનમાં કંઈ કપટ હોવું જોઇએ એવો તેને સંદેહ ઉપજ્યો. સિપાહીઓના વધ સંબંધી કંપની સરકારે જે શરત કરી તે તેને બીલકુલ પસંદ પડી નહિઃ તે સરત રદ કરવાની તેની ઘણી ઇચ્છા હોવાથી એ સંબંધી તેણે પ્રયત્નો પણ કર્યા હતા. કંપની સરકારે વિશેષ ઉદાર થઈ અંતે તે સરત પણ રદ કરી ઉમાજીને પોતાનો બનાવી લીધો. એ સરત રદ કરવા જેવી નહોતી તેમ છતાં કંપનીએ શા કારણથી તે રદ કરી ઉમાજીને તે એક બેડીમાંથી મુક્ત કર્યો તેનું કારણ મૅકિનટોશ સાહેબ* પણ જાણતા નથી. તેજ પ્રમાણે ઉમાજી, તેના બીજા સાથીદાર નાયકો અને રામોશી લોકો સાથે આ સમયે સલાહ કરવાનાં કંપની સરકારને કયાં ખાસ કારણો હતાં

* જેમણે અંગ્રેજી ભાષામાં ઉમાજીનું જીવન ચરિત્ર લખ્યું છે તેમનું નામ.

તે બાબત પણ ગુપ્તજ રાખવામાં આવી છે. ઉમાજીને પાછલી એક સરત માટે નામદાર કંપની સરકાર તરફથી જે વગર સરતની માફી મળી તે ઉપરથી તેનો દૈવ આ સમયે તેને પૂર્ણ અનુકૂળ હતો એમજ કહેવું પડશે.

રામોશી લોકોએ જે તોફાન શરૂ કર્યું હતું તે તેમણે પોતે કર્યું નહોતું પરંતુ તેમાં અંદરખાનેથી પુનાના કેટલાક મ્હોટા મ્હોટા માણસોની ઉશ્કેરણી હતી એવી એક ગપ તે સમયે સર્વત્ર ઉડી હતી. એવી ગપ ઉપર કેટલાકનો વિશ્વાસ હતો અને કેટલાકનો નહતો. પરંતુ તે કારણથી વિના કારણે લોકોમાં બે પક્ષ પડી ગયા હતા. એ સમયે પુનાના મેજીસ્ટ્રેટ અને કલેકટર સાહેબની કચેરીના મુખ્ય કારકુન ઘોંડોપંત ઉપર એવાજ કારણથી કેસ ચાલ્યો હતો. "તે રામોશી લોકોમાં અંદરખાનેથી મળી ગયો છે, અને તેઓ ધાડ કે લૂંટ કરે છે તેની મિલ્કતમાં તેનો ભાગ હોવાથી તેમને તે ઉત્તેજન આપે છે." એવો તેના પર આરોપ હતો. પુનાના સેસન જડજ સાહેબ પાસે ઘણા દિવસ પર્યંત તેનો કેસ ચાલ્યા પછી સાહેબે તેને ફાંસીની શિક્ષા ફરમાવી હતી. જડજમેંટ મળ્યા પછી કારકુને સરકારમાં અપિલ કરી. તેમાં સરકારે તેની ફાંસીની શિક્ષા રદ કરી જન્મદેશનિકાલની શિક્ષા કરી. એ શિક્ષા ભોગવતાં ઘોંડોપંત ૧૮૩૧માં કેદમાંજ મરણ પામ્યો. પરંતુ ઘોંડોપંતને જે શિક્ષા થઈ હતી તે સંબંધી બન્ને પક્ષમાં ઘણી ચર્ચા ચાલી હતી. એક પક્ષ "તે અપરાધી હોવાથી તેને બરાબર શિક્ષા થઈ છે." એમ કહેતો ત્યારે બીજો પક્ષ "તેને ફાંસીની અને જન્મદેશનિકાલની શિક્ષા થઇ તેમાં અન્યાય થયો છે" એમ કહેતો. એવી તે સમયે લોક સ્થિતિ હતી, તેથી એ બનાવમાં સત્ય શું હતું તે પ્રસિદ્ધ થવાનો જેમ માર્ગ નહોતો તેજ પ્રમાણે ઉમાજીને માફી બક્ષવામાં અને તે તેણે સ્વીકારવામાં કયું ગુપ્ત કારણ હતું તે જાણવાનો પણ માર્ગ નહોતો. એટલું તો ખરૂંજ કે કમ્પની સરકારે ઉમાજીની પ્રાર્થના ઉપરથી તેને પોતાના કૃપાછત્ર નીચે લીધો અને તે પણ તે છત્રની શીતળ છાયામાં ઉત્સાહ અને આનંદપૂર્વક ગયો હતો. આ સમયથી તેના આયુષ્ય ક્રમને થોડું જૂદુંજ વલણ લાગ્યું હતું. તે તેને કેટલું રૂચ્યું અને કેટલું સુખદાયક થયું તે આપણે જોઈએ.

અત્યાર સુધી ઉમાજી પોતાના રામોશી સાથીદારોને લઇ લૂંટફાટ અને ચોરી, ધાડ કરતો હતો. તે હવે બીજાની ચોરી, લૂંટ, ધાડની તપાસ કરવાના કામમાં ગુંથાયો અને તેમાં ઇનામ, બહાદુરી અને યશ પ્રાપ્ત કરવાની ખટપટમાં પડ્યો. ઇ. સ. ૧૮૨૮ માં માળવામાં કેટલીક ચોરીઓ થઇ હતી. ઉમાજીને તેની બાતમી મળતાં તે શોધી કાઢવા અને તેનો બંદોબસ્ત કરવા માટે અને તેમાંના ગુન્હેગારોને પકડી લાવવા માટે ઉમાજીએ વિઠુજી અને કૃષ્ણાજી નાયકોને કેટલાક રામોશીઓ સહિત તે પ્રાંતમાં મોકલ્યા. તેમણે ચોરી કરનારા મનુષ્યોમાંના ઘણા મનુષ્યોને પકડયાં અને ઉમાજીએ તેમને જે કામ ઉપર મોકલ્યા હતા તેમાં તેને યશ અપાવ્યો. એ કાર્ય કર્યા પછી સર્વ મનુષ્યો ઉમાજી પાસે સાકુર્ડી મુકામે પાછાં આવી પહોંચ્યાં. તેમના એ કાર્ય માટે કંપની સરકારે ઉમાજીને એક સારી જમીન ઇનામમાં આપી. ત્યાર પછી પુનાના તે વખતના કલેકટર મિ. મિલ્સ સાહેબે ઉમાજી નાયક, કૃષ્ણાજી નાયક અને તેના તાબાના રામોશીઓને કંપની સરકારની નોકરીમાં દાખલ કરી લઇને તા. ૧૭ મી જાનેવારી ૧૮૨૯ થી તેમનો પગાર પણ શરૂ કર્યો. ઉમાજીને દરમહિને ત્રિશ રૂપિયા પગાર મળતો હતો. ભોજાજીને વીશ રૂપિયા અને પાંચ નાયકોને પ્રત્યેકને બાર રૂપિયા, એક કારકૂનને દશ રૂપિયા અને બોતેર રામોશીઓને–પ્રત્યેકને પાંચ રૂપિયા પ્રમાણે પગાર ઠેરવી તેમનું એક જુદુ ખાતું જ કંપની સરકારે સ્થાપન કર્યું.

આટલે સુધી કંપની સરકારે કાર્ય કર્યું તેથી કંપની સરકાર સંબંધી તેમના મનનો સંશય થોડો ઓછો થયો પરંતુ તે પૂરેપૂરો ગયો નહોતો. "કંપની સરકારના આ કૃત્યમાં કંઇક ગુપ્ત ભેદ હોવો જોઇએ, અને પૂર્વના રાજ્યાધિકારીઓ આપણી સાથે જે પ્રમાણે વર્તતા હતા તે પ્રમાણે આ રાજ્ય કર્તાઓ પણ નહિ વર્તે એમ કેમ કહી શકાય ?" આ વિચારે તેમના મનમાં પ્રવેશ કર્યો. તેમના મનમાં એ વિચારો વારંવાર ઉદય પામતા હતા એ ખરૂં, તેમ છતાં તેમનું એ નવીન સ્વતંત્ર પોલીસ ખાતું ઘણું ખરૂં કાયમ થયા જેવું જ હોવાથી કમ્પની સરકાર ઉપર વિશ્વાસ રાખી સ્વસ્થ રહેવામાં હરકત નથી એવું તેમને જણાવા લાગ્યું. ઉમાજી એ સ્થળે આનંદપૂર્વક રહેવા

લાગ્યો. પોતાના સંબંધી સરકારના મનમાં કંઇ આડો વિચાર ભરાય નહિ તેવું વર્તન રાખવાનો તેણે નિશ્ચય કર્યો. પરંતુ પૂર્વે તેને જે જે ટેવો પડી હતી તે આ સમયે દિવસે દિવસે વધવા લાગી.

કંપની સરકારે ઉમાજીને અને તેનાં માણસોને પોતાની નોકરીમાં રાખીને અને તેમનું જુદું જ પોલીસ ખાતું સ્થાપન કરીને તેમને જે અધિકાર આપ્યો હતો તે માત્ર તે પ્રદેશમાં શાંતતા રાખવા માટે જ અને પ્રજાજનોના જાનમાલનું સંરક્ષણ થવા માટે જ આપ્યો હતો. ઉમાજી હવે સાકુર્ડી રહેવા લાગ્યો. કંપની સરકારે તેને આપેલા અધિકારનો તેણે કેવો ઉપયોગ કર્યો અને પોતાનું વર્તન કેવું રાખ્યું, તથા પોતાના તાબાના પ્રદેશના રહેવાસીઓને તેણે ત્રાસ કિંવા સુખ કેવું આપ્યું તે આપણે જોઇએ.

દક્ષિણમાં પેશ્વા સરકારનો રાજ્ય અમલ નષ્ટ થયો અને તેને સ્થળે કંપની સરકારનો અમલ સર્વત્ર શરૂ થયો ત્યારથી દેશનાં કેટલાંક માણસોમાંથી સિપાહીગિરિનો, શૌર્યનો અને પૌરૂષાદિ ગુણનો ઝપાટાબંધ લોપ થવા લાગ્યો. કંપનીબાહ્નના કૃપાપ્રસાદથી સર્વ દેશમાં શાંતતાદેવી સ્વેચ્છા પ્રમાણે વર્તતી હતી તેથી એનો વિશેષ ઉપયોગ નહિ હોવાથી દક્ષિણમાં સેંકડો લોકોએ ઉદ્યોગ વગરના થઇ આમ તેમ ભટકવા લાગ્યા. નકામા માણસો ઘણા દિવસ ઉદ્યોગ વગર ભટકે તો તે પણ દેશ સ્થિતિને માટે ઇષ્ટજનક કહેવાય નહિ, પરંતુ બુદ્ધિમાન અને ચતુર કંપનીના રાજ્ય અમલમાં એ સર્વની સગવડ થવી કઠિન હતું. ઘણા દિવસ નકામા ગાળ્યા પછી એવાં માણસો અંતે ધીમે ધીમે ઉમાજી પાસે ઉદ્યોગને માટે એકત્ર થવા લાગ્યા. થોડા દિવસમાં જ તેની પાસે એવા પુષ્કળ માણસોનો એક મ્હોટો મેળો ભરાયો ! ઉમાજી પણ એ માણસોમાંના કેટલાકને બે ચાર દિવસ રાખતો અને તેમને ધાન્ય વગેરે આપી તેમના ઉદરનિર્વાહની વ્યવસ્થા કરતો. એક સાધુ પાસે કિંવા ગુરૂ પાસે બે વખત ગુરૂની પંક્તિનો અને ઉત્તમ પકવાન્નનો અલભ્ય લાભ મળતાં જેમ તેમની પાસે અનેક "પ્રસાદિયા" શિષ્યો ઝપાટાબંધ વધે છે અને પછી એવા સમર્થ ગુરૂના ચરણ છોડવાની તેમને કદી પણ ઇચ્છા થતી નથી તેમ જ ગુરૂચરણની સેવા નિમિત્તે પરંતુ

ઉદર ભરવા માટે તે ત્યાં હમેશ માટે નિવાસ કરી રહે છે તેજ પ્રમાણે ઉમાજી દ્વારા પેટ ભરવાની વ્યવસ્થા થતી જોઇને અનેક નકામા ભટકતા મનુષ્યો તેની પાસે આવી મહિનાના મહિના પર્યંત રહેવા લાગ્યા! એકત્ર થયેલા સર્વ મનુષ્યોને એવી આશા હતી કે: "ઉમાજીની સિફારસથી વખતે આપણને પણ કંઇક નોકરી મળી જશે." પ્રદેશના બંદોબસ્તના કામ માટે કંપની સરકારે ઉમાજીને નોકરીએ રાખ્યો હતો તે કામ માટે તેના હાથ નીચે થોડા પોલિસ અધિકારીઓ પણ આપ્યા હતા. એમાં કંપની સરકારનો મુખ્ય હેતુ દેશમાં સર્વત્ર શાંતિ પ્રસરે એ જ હતો. એ કાર્ય ઉમાજી કરતો હતો પરંતુ તેની સાથે ગામના લોકો તેની પાસે સેંકડો ફરીઆદો લઇ જતા તે સાંભળી લઇને તેની પણ તે ધીમે ધીમે તપાસ કરતો. એ ફરીઆદો વતન સંબંધી હોય, ચોરીની હોય, કિંવા ઘરગતુ મારામારી કે ગાળાગાળી સંબંધીની હોય તોપણ ઉમાજી, પોતાની પાસે એકઠા થયેલા પુષ્કળ નિરૂદ્યોગી અને પેટભરા મનુષ્યોની સહાયતાવડે તે સર્વનો નિકાલ કરવા લાગ્યો. તેમ થવાથી સાકુર્ડીની આસપાસના પંદર વીશ અથવા ચાળીશ માઇલ સુધીના ગામના કણબી, રામોશી અને ઢેડ, ભંગી વગેરે અનેક હલકી જાતિના અનેક લોકો નાના પ્રકારની ફરીઆદો લઇને તેનો ઇન્સાફ કરાવવા નિત્ય ઉમાજીની ન્યાય કચેરીમાં આવવા લાગ્યા. ફરીઆદીએ ઉમાજીને ત્યાં ફરીઆદ નોંધાવ્યા પછી તોહોમતદાર પ્રતિવાદી તેનો ઉત્તર આપવા માટે તે સમયે હાજર ન થતો તો ઉમાજી તેને સત્વર બોલાવી મંગાવતો. ઉમાજીનું તેડું આવતાં પ્રત્યેક મનુષ્યો મુંગે મ્હોડે તેની કચેરીમાં હાજર થતા. તેની કચેરી સાકુર્ડીમાં તેના મુખ્ય થાણાના સ્થાનમાં જ ભરાતી.

વાદી ઘણુંખરૂં ઉમાજીને અથવા તેની પાસેના માણસોને પોતાની ફરીઆદનો નિકાલ પોતાની તરફેણમાં અને સત્વર આવે તે માટે પોતાની શક્તિ પ્રમાણે થોડીક રકમ પણ આપતા હતા! તપાસ થઇ રહ્યા પછી ઉમાજી પ્રતિવાદીને તેની શક્તિના પ્રમાણમાં એક, બે કે ચાર, પાંચ રૂપિયા દંડ પણ કરતો. વધારે ભાંજગડના કેસોમાં ત્રીશથી સાઠ રૂપિયા પર્યંત તે દંડ કરતો, અને તે કેટલીક વખત પ્રતિવાદી પાસેથી ધાન્યના રૂપમાં વસુલ

કરવામાં આવતો. એમ થયા પછી બન્ને પક્ષને ઉમાજી તરફથી એક હુકમનામું મળતું. પરંતુ એ હુકમનામું બન્ને અમલમાં લાવે તે પહેલાં "આ ન્યાયકચેરીમાંથી અમને જે ન્યાય મળ્યો છે તે અમને માન્ય છે, અમને તેથી સંતોષ થયો છે, અમે એ ફેંસલા વિરૂદ્ધ કોઈ પણ સ્થળે પુનઃ તકરાર કરીશું નહિ. અથવા સરકારમાં જાહેર કરીશું નહિ." એવી મતલબનો લેખ તેમની પાસેથી સખ્તાઇથી કહો, અથવા ખુશીથી કહો, અથવા સખ્તાઈ-ખુશીથી કહો, ગમે તેમ પણ એક રાજીનામું લખાવી લેવામાં આવતું. બન્ને પક્ષ તરફથી રાજીનામું લખાવી લીધા પછી પણ "જો મ્હારા નિકાલ વિરૂદ્ધ સરકાર પાસે તકરાર કરવા જશો તો તમારે તેનું પરિણામ ભોગવવા અથવા ભયંકર શિક્ષા ભોગવવા તૈયાર રહેવું." એવી બન્ને પક્ષને મ્હોડેથી સમજુત આપવામાં આવતી. એ સમજુત તે કાંઈ માત્ર શબ્દોની ખોટી ધમકી કિંવા વિનતિ નહિ પણ તે અક્ષરશઃ ખરી પડે એવી હતી એવું સર્વેનું માનવું હતું. ઉમાજીના નિકાલ વિરૂદ્ધ તકરાર કરવામાં આવતાં ઘરબ્હાર બાળી મૂકવામાં આવતાં કિંવા માથા ઉપર અને બરડા ઉપર મ્હોટા મ્હોટા પત્થર ઉંચકી તાપમાં ઉભા રહેવું પડતું. અથવા બીજી કડક શિક્ષા તેમને ભોગવવી પડતી. એ સંબંધી કોઇને પણ સંશય ન હોવાથી કોઈ પણ તેના વિરૂદ્ધ વર્તન કરવા સાહસ કરતું નહિ.

તેની સાથે વાદવિવાદ કરે એવા પણ કેટલાક માણસો નીકળી આવતા પરંતુ એવા ઘણાજ થોડા. તેના ફેંસલા વિરૂદ્ધ જે લોકો તકરાર કરતા કિંવા પોતાની નાખુશી દર્શાવતા તેમને કેદમાં રાખી મૂકવાની ઉમાજીની નીતિ હતી. એવા માણસોને કોઇ કોઈ વખત આઠ, પંદર દિવસ કિંવા તેથી પણ વિશેષ દિવસ પર્યંત ઉમાજીની કેદમાં રહેવું પડતું. કેદમાં હોય તે સમયે તે માણસોને પહેરેગીર સિપાહીની દ્રષ્ટિ સમક્ષ કોઈ વખત જમણ લેવું પડતું, અને અમુક હદની બહાર જવાનો તેમને માટે પ્રતિબંધ રહેતો. આ પ્રમાણે જેજુરીની આસપાસના પ્રદેશનાં અને ઇંદાપુર પરગણાના મેજીસ્ટ્રેટનો સર્વ અધિકાર ઉમાજી પોતાની મેળે જ છીનવી બેઠો હતો એમ કહેવામાં અડચણ નથી.

ઈ. સ. ૧૮૨૯ ના ફેબ્રુવારી માસનું પહેલું પખવાડીઉં વિત્યા પછી સતારાના છત્રપતિ શ્રી પ્રતાપસિંહ ઉર્ફે બુવાસાહેબ મહારાજની સ્વારી સિંહગડ ગઈ. ત્યાંથી પાછા આવતાં મહારાજની સ્વારીનો મુકામ શ્રીમંત પંતસચીવના ઇલાકામાંના નસરાપૂર ગામમાં થયો. પુરંદરથી થોડા મૈલ વેગળે નસરાપૂર આવેલું છે. મહારાજની સ્વારીનો મુકામ નસરાપૂરમાં આવેલો જાણી ઉમાજી તેમને મળવા માટે ગયો. ત્યાં ગયા પછી તેને મળવાની વરદી મળતાં મહારાજે અતિ આનંદપૂર્વક તેની મુલાકાત લીધી. એ સમયે પુરંદરના પોતાના વતન સંબંધી ઉમાજી પાસે જે જે દાખલા, તામ્રપટ, ઇનામપત્રો વગેરે હતાં તે તેણે મહારાજને બતાવ્યાં. એ જોઈ મહારાજે તેને અભિવચન આપતાં કહ્યું કે: "સતારા ઇલાકામાં ત્હારા જે કંઈ હક્ક-ઇનામ વગેરે હશે તેની તપાસ કરવામાં આવશે, અને જો તું કાગળ પત્રો વડે તે સિદ્ધ કરશે તો ત્હારો હક્ક તને આપવામાં આવશે." આ સમયે ઉમાજીના માથા પર પાઘડી નહોતી પણ તેણે રૂમાલ બાંધેલો હતો. એ જોઈ મહારાજે તેને તેમ કરવાનું કારણ પૂછ્યું. ઉમાજીએ પોતાના કાકાના દિકરા રાઘુજીને માટે અને બીજાં જે જે કારણોને માટે તેણે પાઘડી બાંધવાનું છોડી દીધું હતું તે સર્વ પાછલાં કારણો છત્રપતિ મહારાજને વિદિત કર્યાં. એ સાંભળી મહારાજને પણ આનંદ અને આશ્ચર્ય લાગ્યું. તેમણે તુરત જ જમાદાર પાસે ઉત્તમ પાઘડી મંગાવી ઉમાજીને બંધાવી, અને બીજો પણ કેટલોક પોષાક આપી તેનું ગૌરવ કર્યું. ઘણા વર્ષથી આજપર્યંત તે પોતાના ભાઈના નામથી રૂમાલ બાંધતો હતો તે નિયમ આજે છત્રપતિ મહારાજની આજ્ઞાથી ભંગ કરવામાં આવ્યો, તે માટે તેને આનંદ જ થયો. આ સમયથી ઉમાજી પોતાને માથે રૂમાલને બદલે છત્રપતિએ માનપૂર્વક આપેલી પાઘડી બાંધવા લાગ્યો.

પુનાની ઉત્તરે દશ ગાઉ વેગળે શિકાપુર ગામમાં તા. ૨ જી એપ્રિલને દિવસે કૈકાડી લોકની એક ટોળીએ એક કંસારાનું ઘર લૂંટયું. બીજે દિવસે શિક્રાપુરના રામોશીઓએ કૈકાડી લોકોનાં પગલાં શોધતાં લોણી ગામ સુધી જઈ તે લોકોમાંના એક મનુષ્યને તેમણે મુદ્દામાલ સાથે પકડયો. લોણીના નજી-

ક્ના ભાગમાં ઉમાજીનો ભાઇ કૃષ્ણાજી નાયક હતો. તેણે ત્યાં આવી કેદીને મુદ્દામાલ સાથે પોતાના તાબામાં લીધો, અને શિક્રાપુર લઈ ગયો. ત્યાંના લોકોએ મુદ્દામાલ ઓળખ્યો. એ કેસ સંબંધી કેટલાક લોકોની જુબાનીઓ લઈ કૃષ્ણાજી નાયક અપરાધીઓ સહિત ઉમાજી પાસે સાકુર્ડી આવ્યો. કૃષ્ણાજીએ આણેલા કેદી પાસેથી ઉમાજીએ બાકીના સર્વ લૂંટારાઓની માહિતી મેળવી અને તેમને પણ ઉમાજીએ સત્વર પકડાવી મંગાવ્યા. તેણે પ્રથમ સર્વને કેટલાક દિવસ પર્યંત કેદમાં નાંખ્યા ત્યાર પછી લૂંટ કરવા માટે તેમની પાસેથી ઉમાજીએ ચારસો રૂપિયા દંડ દાખલ લીધા અને તેમને છોડી દીધા. એ પ્રમાણે લોકોને ન્યાય આપવાનો ઉમાજીનો ક્રમ ચાલુ જ હતો! તે ફરીઆદી લોકોને કહેતો કે: "આ કેસ પુનાના મેજીસ્ટ્રેટ સાહેબ તરફ મોકલવાને જ તૈયાર કરૂં છું." એ પ્રમાણે તે વારંવાર લોકોનું સાંત્વન કરતો, પરંતુ તેમ કરવાનું તેના મનમાં બિલકુલ નહોતું. ઉપર કહ્યા પ્રમાણે તે પોતાની ઇચ્છાનુસાર કેસનો નિકાલ કરી નાંખતો. ઉમાજી ફરીઆદીને ઉપર પ્રમાણે કહેતો એટલે તે સાંભળી બિચારો ફરીઆદી સ્વસ્થ બેસી રહેતો. ઉમાજીની બ્હીકને લીધે તે પુનઃ ઉમાજીને કિંવા પુનાના મેજીસ્ટ્રેટને પુછવાની હિંમત કરતો નહિ. કૈકાડી લોકોએ શિક્રાપુરથી લૂંટી આણેલો સર્વ માલ ઉમાજીએ પોતાની પાસે રાખી મૂક્યો અને તે લોકોનાં મન મેળવી લઇ તેણે તેમને ટોપલીઓ ગુંથવાનું કામ કરવા રોક્યા. એવા લુચ્ચા, જુઠ્ઠા, ઉઠાઉગીર અને ભામટાઓનો કેવી રીતે ઉપયોગ કરવો તે ઉમાજી સારી પેઠે જાણતો હતો.

તા. ૨૮ મી જુન ઇ. સ. ૧૮૨૯ ને દિવસે સાકુર્ડીની દક્ષિણ દિશામાં ડુંગરમાં આવેલા પિંગોરી ગામમાં બે બ્રાહ્મણનાં ઘર લૂંટવા માટે ઉમાજીએ કૈકાડી લોકોને મોકલ્યા. તેમણે ત્યાં જઇ બ્રાહ્મણોનાં ઘર લૂંટી સોનું, ચાંદી, મૂલ્યવાન વસ્ત્રો, વગેરે મળી આસરે સત્તરસો રૂપિયાનો માલ લાવી ઉમાજીને આપ્યો. બીજે દિવસે લૂંટારાઓનાં પગલાં શોધતાં બ્રાહ્મણો સાકુર્ડીની હદ સુધી આવી પહોંચ્યા. લુંટારાઓ સાકુર્ડીમાંજ હોવા જોઇએ એમ સમજી સરકારે તે ગામના પટેલને અપરાધીઓ અથવા તેઓ બીજી દિશામાં ગયા હોય તો તેમનાં પગલાં શોધી આપવાનો હુકમ ફરમાવ્યો. પટેલે ઉમાજીને

પૂછ્યું કે: "હવે કેમ કરવું?" ઉમાજીએ તેને થોડો વખત ઉડાવ્યા કર્યો. અંતે બ્રાહ્મણોએ પુને જઈ માજીસ્ટ્રેટને પોતાના ઘરની લૂંટ સંબંધી ફરીઆદ કરી.

સાકુર્ડી ગામની હદ પર્યંત લૂંટારાઓનાં પગલાં આવેલાં હોવાથી તે લોકો ગામ બહાર નીકળી ગયા હોય તો ત્યાંના પટેલ વગેરે પગલાં કાઢી આપતા નહિ હોવાથી દેશમાં પ્રથમથી ચાલતા આવેલા રિવાજ પ્રમાણે બ્રાહ્મણોની સત્તરસો રૂપિયાની ચોરી ગામના લોકોએ પોતપોતામાં ઉઘરાણું કરી ભરી આપવી જોઇએ. એવી મેજીસ્ટ્રેટે સાકુર્ડીના ગામ લોકોને સખ્ત તાકીદ આપી. તેજ પ્રમાણે ચોર પકડી આપવાનું કામ ઉમાજીનું હોવા છતાં તેણે તે કર્યું નહિ હોવાથી તેને સખ્ત ઠપકો દઈ "થોડો પણ માલ શોધી આપવો કિંવા ચોરો પકડી આપવા" એવો તેને પણ મેજીસ્ટ્રેટ સાહેબે હુકમ ફરમાવ્યો. અંતે પંદર દિવસમાં ચોરો પકડી આપવાનો અથવા ગયેલો માલ પાછો લાવી આપવાનો કિંવા તે ભરી આપવાનો મેજીસ્ટ્રેટ પાસે કરાર કરી સાકુર્ડીના લોકો પુનેથી પાછા આવ્યા.

થોડા દિવસ ગયા પછી ઉમાજીએ પિંગોરીના પટેલને અને પેલા બે બ્રાહ્મણોને સિપાહી મોકલી સાકુર્ડી બોલાવી મંગાવ્યા, અને તેમને આખો દિવસ કેદમાં રાખ્યા. તેમણે કહ્યું કે: "અમે આખો દિવસ ભૂખે મર્યા છીએ. અમને ઘેર જમવા જવા દો." એવું ઉમાજીને ઘણા કાલાવાલા કરી કહ્યું ત્યારે તેણે તેમને ત્યાંથી જવા દીધા. એ પ્રમાણે મરજીમાં આવે તેને પકડી મંગાવવા અને મરજીમાં આવે તેટલો વખત કેદમાં પૂરી રાખવા અને ઘણી બુમ બરાડ કરે તો તેને છોડી દેવો. આ પ્રમાણે લોકોને ત્રાસ આપવાનો ઉમાજીએ નવીન ક્રમ શરૂ કર્યો. અંતે એ ત્રાસથી તેઓ કંટાળ્યા અને ઉમાજી દ્વારા પોતાની ચોરીનો પત્તો લાગશે નહિ એવી મનમાં ગાંઠ વાળીને એક પાપથી છુટા થવા માટે તે લોકો ઉમાજીના કહેવા પ્રમાણે કબૂલ થયા. તેમને ઘણે વેગળે સુધી આવવા જવાનો જ માત્ર ત્રાસ નહતો પણ જે સિપાહીઓ તેમને બોલાવવા જતા તેમનો ખાધા ખર્ચ પણ વારંવાર ફરીઆદીઓને ભોગવવો પડતો! તેથી ઉમાજી જે કહે તે કબૂલ કર્યા શિવાય,

તેમની પાછળના ત્રાસમાંથી મુક્ત થવાનો અન્ય માર્ગ જ નહતો. અંતે હમેશના રિવાજ પ્રમાણે સાકુર્ડી ગામના લોકો ઉપર, ચોરીએ ગયેલા માલ માટે બ્રાહ્મણોએ સત્તરસો રૂપિયાનો દાવો કર્યો હતો તે માટે બિચારાઓએ મુંગે મોંઢે તેમને પોતાની રાજીખુશીથી ભરપાઇની રસીદ લખી આપી. ત્યારેજ તેમની પાછળનું ભૂત અદ્રષ્ય થયું! તેઓએ જે વખતે ઉમાજીને એવી રસીદ લખી આપી તે વખતે તેણે એવું કરારનામું પણ લખાવી લીધું હતું કે: "આ સંબંધી પુનાના મેજીસ્ટ્રેટ પાસે પુનઃ કદી પણ તકરાર લઈ જઈશું નહિ." આ સંબંધી તેણે બ્રાહ્મણોને સખ્ત ધમકી આપી હતી, એટલું જ નહિ પણ તેમના ઘરનાં એકેએક માણસોને ચોરી સંબંધી એક શબ્દ પણ કોઇને કહેવાની મના કરી હતી, અને જો તેમ થશે તો તેમને જીંદગી સુધી યાદ રહે એવી શિક્ષા કરવામાં આવશે, એવી પણ ઉમાજીએ સખ્ત ધમકી આપી હતી. એ ધમકીને લીધે પિંગોરીના પટેલે કિંવા બ્રાહ્મણોએ ઉમાજી વિરૂદ્ધ પુનઃ એક શબ્દ પણ કોઇને કહ્યો નહિ.

પ્રકરણ ૧૦ મું.

પ્રથમ પોટાળા

જુલાઈ મહિનામાં એક ગોસાંઈ વેપારી પુનેથી કર્નાટક જવાના સમાચાર ઉમાજીને પ્રાપ્ત થયા. તેની પાસે પુષ્કળ મૂલ્યવાન વસ્ત્રો હતાં. તા. ૧૪ મી જુલાઈ ઇ. સ. ૧૮૨૯ ને દિવસે તે વેપારી જેજુરી થઇને થોડે વેગળે ગયો. એ સમાચાર મળતાં જ ઉમાજીએ પંદર હેટકરી (દખણી–ઘાટીઓ) અને વીશ રામોશીઓની એક ટોળી બે દિવસમાં તેની પૂંઠે મોકલી. આ લોકો મધ્યરાતે નીરાના પુલની પેલી બાજુએ લોણંદામાં આવી પહોંચ્યા, અને ત્યાં ગોસાંઈ વેપારીને પકડી તેની પાસેથી આસરે ત્રણેક હજાર રૂપિયાનો માલ લૂંટી લીધો. રાતે પરાક્રમ કરીને રામોશી અને ઘાટીઓ પુનઃ નીરા નદીના પુલ ઉપર મુકામ કરવા

આવી પહોંચ્યા. ઘણી સખ્ત મહેનત કરેલી હોવાથી એ સ્થળે થોડો વખત વિશ્રાંતિ લઈ તાજા થયા પછી આગળ વધવાનો તેમણે વિચાર કર્યો. થોડી વાર સુધી વિશ્રાંતિ લીધા પછી તેઓ ત્યાંથી આગળ જવા તૈયાર થયા એટલામાં તેમનામાંના એક મનુષ્યને પગે અંધારામાં કંઈ વાગ્યું. તુરત તેણે નીચાં વળી જોયું તો ત્યાં એક પિતળની ખાલી પેટી પડેલી જણાઈ. ખાલી પેટી જોતાં જ તે ગોસાંઇની હોવી જોઇએ અને તેમાં કંઈ પણ હોવું જોઇએ અને આપણામાંના જ કોઇએ તેમાંની વસ્તુ કાઢી લઈ તે ફેંકી દીધી છે એવું પ્રત્યેકે ધાર્યું. આપણામાંનો જ કોઇ ચોર હોવો જોઇએ અને સાકુર્ડી ઉમાજી પાસે ગયા પછી તે ચોર શોધી કાઢવો; એવો પ્રત્યેકે પોતાના મનમાં નિશ્ચય કરીને સર્વ મનુષ્યો ગોસાંઇની પેટી લઇ ઉમાજી પાસે સાકુર્ડી ગયા. તેમની મંડળીમાંનો જ કોઈ ચોર છે અને તેણે જ એ પેટીમાંની વસ્તુ ચોરી છે એવી પ્રત્યેકની ખાત્રી થઇ ચુકી હતી. તેમ જ પોતાની ટોળીમાંના ચોરને શોધી કાઢી, તેને સખ્ત શિક્ષા અપાવવાને સર્વ મનુષ્યો અત્યંત ઉત્સુક હતાં. "ચોરને ચોર પસંદ હોતો નથી કિંવા દુષ્ટ મનુષ્યો દુષ્ટ મનુષ્યોને પસંદ કરતાં નથી. એવું કહેવામાં આવે છે તે આનું નામ!" સર્વ મનુષ્યો સાકુર્ડીમાં આવ્યા પછી ઉમાજી અને ભોજાજી સર્વને બીજે દિવસે એક ડુંગરની એક ખીણમાં લઈ ગયા. ત્યાં તેમણે સર્વની જડતી લીધી. પરંતુ પ્રત્યેકે પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું કે: "અમે તે પેટી પ્રથમ કદી પણ જોઈ નથી કિંવા તેમાં શું હતું તે પણ અમે જાણતા નથી." ત્યારે સર્વને સખેદાશ્ચર્ય થયું. છેવટે ઉમાજીએ પ્રત્યેકને ગોસાંઇના વસ્ત્રોમાંથી એક એક તાકો આપી સંતુષ્ટ કર્યા અને બાકીનાં પોતે રાખી લઇ સંધ્યા સમયે સર્વે પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

લોણંદના પટેલ વગેરે લોકોએ એ ચોરીનાં પગલાં વાલ્હા પર્યંત શોધી કાઢ્યાં. ત્યાંથી આગળ તેનો પત્તો લાગ્યો નહિ; અથવા બીજા શબ્દોમાં કહીએ તો લોણંદના રામોશીઓ ઉમાજીના ગામ પર્યંત એટલે સાકુર્ડી પર્યંત ચોરોનાં પગલાં શોધી કાઢવા હિમ્મતવાન થયા નહિ! સાકુર્ડી આવીને ગોંસાઈ વેપારીએ પોતાનો માલ લૂંટાયા બાબતની હકીગત ઉમાજીને વિદિત

કરી. તેણે પોતાની પિતળની પેટીમાં કેટલાક સોનાના દાગીના, કેટલાંક મોતી, અને સાતસો રૂપિયાની કિંમતનો એક હીરો વગેરે જણસો હતી એમ પણ કહ્યું. પરંતુ તેની અરજીનો ઉમાજીએ કશો ઉપયોગ કર્યો નહિ. કારણ કે તે કૃત્યમાં ઉમાજી મુખ્ય સૂત્રધાર હતો એ બાબતની લૂંટાયલા અને આશાતુર થયેલા બિચારા ગોસાંઈ વેપારીને કશી ખબર ન હતી! ચોરને જ ચોરીની હકીગત કહી તેની શોધ કરવાનું કામ સોંપવામાં આવે તો તેને એવી રીતે નિરાશા જ પ્રાપ્ત થાય છે! તે બિચારો જેમ જેમ ઉમાજીને વિનતિ કરતો અને ગદ્ ગદ્ કણ્ઠે પોતાની વાત કહેતો તેમ તેમ તે તેને ઉપર ઉપરનું આશ્વાસન અને ધૈર્ય આપતો. પરંતુ મનમાં ને મનમાં તેના મૂર્ખપણા માટે તેને ઘણું જ હસવું આવતું! એવો અનુભવ અનેક મનુષ્યોને થોડેઘણે અંશે પણ મળ્યો હશે જ. એવી જ સ્થિતિ અત્યારે ગોંસાઈ વ્યાપારી અને ઉમાજીની થઈ હતી. કારણ કે ગોંસાઈ વેપારી ગરીબડે મુખે, કળકળતે અંતઃકરણે, નેત્રમાં આંસુ સહિત પોતાની હકિગત કહેતો હતો અને ઉમાજી તથા તેના સાથીદારો તે સાંભળી મનમાં ને મનમાં હસતા હતા, અને પોતાના કૃત્યને માટે પોતે જ પોતાને ધન્ય માનતા હતા.

તા. ૩૧ મી જુલાઈને દિવસે ઉમાજીએ પુનઃ તે કૈકાડી લોકોને એવાજ એક કામ ઉપર મોરગાંવ મોકલ્યા. તેમણે ત્યાં જઈને બે બ્રાહ્મણોના ઘર ઉપર ધાડ પાડી. એક ઘરમાંથી તેમને ચાંદી સોનું મગીને આશરે નવસો બોત્તેર રૂપિયાની અને બીજા ઘરમાંથી આશરે બસો છેંતાળીસ રૂપિયાની જણસો મળી.

તા. ૪ થી ઑગષ્ટની રાતે કૈકાડી લોકોએ પુનઃ બેલસર ગામના એક વ્યાપારીના ઘર ઉપર ધાડ પાડી લુગડાં વગેરે મળીને આશરે ત્રણસો છેંતાળીસ રૂપિયાની કિંમતનો માલ લૂંટી લાવી ઉમાજીને સ્વાધીન કર્યો. ઉમાજીનો અને તેના સાથીદારોનો એવો ક્રમ ચાલતો જ હતો.

તા. ૨૨ મી ઑગષ્ટે પુનાના કલેક્ટર કૅપ્ટન રૉબર્ટસન સાહેબે ઉમાજીને પોતાની મુલાકાતે પુને બોલાવ્યો. એ સાહેબ બહાદુર માંદા હોવાથી ઘણા દિવસથી રજા લઈ વિલાયત ગયા હતા. તેઓ હમણાં જ આવ્યા હતા.

આજ્ઞા પ્રમાણે ઉમાજી પુને આવ્યો. ત્યાં આવ્યા પછી તેને જણાવ્યું કેઃ તા. ૩૧ મી ઑગષ્ટ ૧૮૨૯ થી તેનો પગાર વધાર્યો હતો તેમ જ તેની ટોળીની સંખ્યા પણ સરકારે વધારી હતી. તેનો પગાર ત્રીશ રૂપિયા હતો તેને બદલે ચાળીશ રૂપિયા થયો હતો. ભોજાજી નાયકને ત્રીશ રૂપિયા, બીજા દશ નાયકોને પ્રત્યેકને મહિને વીશ રૂપિયા, એક કારકુનને મહિને રૂપિયા દશ, અને તેની ટોળીનાં એકસો બાવીશ મનુષ્યોને પ્રત્યેકને મહિને છ રૂપિયા; એ પ્રમાણે સરકારે પગાર વધારી આપ્યો. આ સમયે સરકારે ઉમાજીને અને તેના હાથ નીચેના દશ નાયકોને મળીને આશરે બસો રૂપિયાની કિંમતના પોષાક વહેંચી આપ્યા. તેની પાસેથી તેના વતનના હક્કનો તામ્રલેખ સરકારે લઈ લીધો હતો તે પાછો આપવાને ઉમાજીએ સાહેબને વિનતિ કરી પરંતુ તે સફળ થઈ હોય એવું જણાતું નથી.

પુનાથી અગ્નિ ખુણ (દિશા) માં બે ગાઉ ઉપર ઉંડી નામક એક ન્હાના ગામડામાં આવજી નાયક નામનો એક રામોશી રહેતો હતો. કલ્યાણના એક શાહુકારને ઘેર પુષ્કળ રોકડા રૂપિયા છે, એવી તેને ખબર મળી. તેથી પોતાના કેટલાક સાથીદારોને એકત્ર કરીને તે કલ્યાણ ગયો. ત્યાં જઈ તા. ૨૭ મી અકટોબરને દિવસે આવજીએ વ્યાપારીના ઘર ઉપર ધાડ પાડી રૂપિયા ૨૯૧૫૪ ની કોથળીઓ મેળવી ચાલવા માંડયું ! કલ્યાણમાં ધાડ પાડ્યા પછી આવજી કેટલેક દિવસે ઉંડી પાછો આવ્યો. ત્યાં કેટલાક દિવસ રહ્યા પછી આવજીની સ્વારી પોતાના કેટલાક સાથીદારો સહિત સાકુર્ડી આવી પહોંચી. તેણે કલ્યાણથી મેળવેલા રૂપિયામાંથી બે હજારની રકમ ઉમાજીને તેના "નાયકપણા"ના ભાગ માટે ભેટ આપી. એ નજરાણું કૃષ્ણાજી નાયક ભીંવડી લઈ ગયો. એ રકમ લઈ જતાં ઉંચકનાર મનુષ્ય વિશેષ ભાર હોવાથી વાંકો વળી ગયો હતો. આગળ જતાં કલ્યાણની લૂંટની તપાસ થતાં આવજીને પકડવામાં આવ્યો અને તેની થાણામાં તપાસ થઈ પરંતુ અંતે સરકારે તેને નિર્દોષ ઠરાવી છોડી દીધો અને પુને મોકલ્યો !

એક દિવસ પુનાનો એક શાહુકાર પોતાના મુંબઈના મુનીમને દશ-બાર રખવાળો સાથે મ્હોટી રકમ મોકલવાનો છે એવી એક રામોશીએ

ઉમાજીને બાતમી આપી. રામોશીએ એ વાત એક બ્રાહ્મણ પાસેથી સાંભળી હતી. એ બાતમી મળતાં જ તેમના પર છાપો મારી તેમની પાસેની રકમ લૂંટી લેવા માટે એક ટોળી મોકલવાનો નિશ્ચય કર્યો. તેણે તુરત જ સગનભાઉ હેટકરી, તેનાં બાર મનુષ્યો અને એક રામોશીની ટોળી સાકુર્ડીથી મોકલી. ઉંડીથી દશ અને રાક ગામથી દશ મળી બીજાં વીશ મનુષ્યો તેમની ટોળીમાં આવી મળ્યાં. તે સર્વેએ ગુપ્ત રીતે ત્વરાથી બોરઘાટ ઉતરી કર્જત અને પનવેલની વચમાંના ચૌક ગામમાં આવી પડાવ નાંખ્યો. તે સમયે જેમ થાણા અને કલ્યાણથી મુંબઈ જવાનો રસ્તો હતો તેજ પ્રમાણે કર્જત, પનવેલ અને ચૌક થઇને પણ મુંબઈ જવાતું હતું. સામ્પ્રત સમયે આગગાડી થવાથી પનવેલ, કર્જત અને ચૌક તરફનો રસ્તો વિશેષ સગવડવાળો જણાતો નથી. એ રસ્તે થઇને રખેવાળો રૂપિયાની થેલીઓ ભરેલાં ગાડાં લઈ જતા હતા. ચૌક ગામ આગળ ઉમાજીનાં માણસો સંતાઇને બેઠાં હતાં ત્યાં થઇને શાહુકારનાં ગાડાં પસાર થતાંજ તા. ૨૯ મી નવેમ્બર ૧૮૨૯ ની રાત્રે નવ વાગતાં તેઓએ તેમના પર છાપો માર્યો. અને તેમાંનાં કેટલાંક માણસોને તેને તેજ જગ્યાએ મારી નાંખ્યાં અને રૂપિયાની કોથળીઓ લૂંટારાઓએ પોતાને તાબે લીધી. ત્યાર પછી ગાડાં હાંકી મૂકયાં અને સર્વ રકમ લઈ લૂંટારાઓ નજીકના ડુંગરોમાં વૃક્ષ ઘટાથી આચ્છાદિત થયેલી ઘોર અંધકારમય ઝાડીના ઉંડાણમાં જઈ પહોંચ્યા. શાહુકારે જે થેલીઓમાં રૂપિયા ભર્યા હતા તે ઘણી મોટી હતી. તે એક માણસથી ઉંચકાય તેવી નહિ હોવાથી તેના કટકા કરી ન્હાની બનાવવા માટેજ લૂંટારાઓ ઝાડીમાં ભરાયા હતા. એ ઝાડીથી થોડે વેગળે એક દુધવાળાનું ઘર હતું. તેણે ઘણે વેગળેથી ઉપલો બનાવ નજરે નજર જોયેલો હોવાથી તુરતજ ચૌક ગામ જઈ રસ્તાનો બંદોબસ્ત રાખવા માટે સરકારે રાખેલી સત્તરમી રેજીમેન્ટના એક સુબેદારને સર્વ વાત કહી. ઝાડીમાં પડેલા રામોશી લોકો પોતાને નિર્ભય અને સ્વસ્થ સંમજતા હોવાથી આરામ લેતા પડ્યા હતા. પ્રવાસને લીધે તેઓ ઘણા થાકી ગયા હતા, તેમજ હજી પ્રવાસ કરવાનો હતો. આ સ્થળે તેમના પર અકસ્માત સંકટ આવી પડશે એવું તેમના સ્વપ્નામાં પણ નહતું. એક

કાંબળો પાથરી તેના પર કેટલીક કોથળીઓ ખાલી કરી પાંચ પાંચ રૂપિયાની ઢગલી બનાવી તેઓ નિરાંતે બધા રૂપિયાની ગણત્રી કરતા હતા. પ્રત્યેકને પાંચ પાંચ રૂપિયાની એકેક ઢગલી આપવામાં અને એ પ્રમાણે બધી રકમ સરખે ભાગે વહેંચી લેવામાં સર્વે ગુંથાયા હતા. એટલામાં સુબેદારે એકદમ તેમને ઘેરી લઈ તેમના પર હલ્લો કર્યો અને બંદુકો ફોડવા માંડી. તેમાં જે રામોશીઓ બળવાન અને ચપળ હતા, તેઓ પોતાની બાંધેલી કોથળીઓ ખભે ઉંચકી ન્હાસી ગયા; અને બીજા કેટલાક રૂપિયાની ઢગલીઓ એમને એમ પડતી મૂકી ફાવ્યું તે દિશામાં ન્હાસી ગયા. સુબેદારના સિપાહીઓ તુરત જ તેમની પૂઠે પડ્યા, પણ ડુંગરની ઝાડી એટલી બધી ઘીચ હતી અને સિપાહીઓ જે સ્થળે હતા તેનાથી રામોશીઓ એટલા બધા નીચાણમાં ઉતરી પડયા હતા કે સિપાહીઓએ તેમના ઉપર ગોળી બ્હાર કર્યાં તે નિષ્ફળ ગયા. એક પણ રામોશી ઘાયલ થયો નહિ. સર્વ રામોશીઓ સુબેદારના હથિઆરબંધ માણસોની નજર સ્હામેથી ન્હાસી ગયા અને પોતાની સાથે પુષ્કળ રૂપિયા લઈ ગયા. સિપાહીઓએ છાપો માર્યો તે વખતે કાંબળી ઉપર માત્ર ચાર હજાર સાતસો રૂપિયા પડયા હતા તેટલા જ સુબેદારના હાથમાં આવ્યા ! રામોશી લોકો ચૌકથી નિકળ્યા તેવાજ ઘાટ ચઢી ઉતાવળે પગલે સાકુર્ડી આવી પહોંચ્યા. એ મોટી લૂંટમાંથી તેમણે ઉમાજીને છ હજાર ઉપરાંત રૂપિયા આપ્યા હતા.

એ પ્રમાણે ઉમાજીને જેટલી લૂંટમાંથી ભાગ મળતો તે તુરતજ બધાંને વહેંચી આપતો. આ સમયે પણ તેણે સગનભાઉ અને બીજા એક હેટકરીને પગમાં ઘાલવાનો એક એક ચાંદીનો તોડો (સાંકળું) અને વીશ વીશ રૂપિયા રોકડા ઇનામ તરીકે આપ્યા. રાક અને ઉંડી ગામના રામોશીઓને પ્રત્યેકને તેણે પાંચસો પાંચસો રૂપિયા આપ્યા. પરંતુ કલ્યાણની લૂંટમાંના પ્રથમના પાંચસો રૂપિયા ઉંડી ગામના રામોશીઓ પાસેથી વસુલ લેવાના હોવાથી આ વખતના રૂપિયા તેણે પોતાની પાસે જમા કરી દીધા. ચૌક આગળના ડુંગરની ખીણમાં તેમના ઉપર સિપાહીઓએ છાપો માર્યો તે સમયે ન્હાસી જવાની ધાંધળમાં છ હેટકરી લોકો પોતાની બંદુકો ત્યાં

પડી રહેવા દઈને ન્હાસી આવ્યા હતા. તેમણે બંદુકો ઝાડને ટેકવીને મુકી હતી. ગભરાટમાં તે લેવાનું તેમને ભાન જ રહ્યું નહોતું. તેથી ઉમાજીએ તે છ હેટકરીઓને છ છ રૂપિયા વધારે આપ્યા, અને તેમની ગુમ થયેલી છ બંદુકો સંબંધી કોઇને કાંઈ પણ નહિ કહેવાની સખ્ત તાકીદ આપી. કારણ કે તેમ થવાથી કોઇ પણ પ્રસંગે તેઓને પકડાઈ જવાનો સંભવ હતો.

ઉપલી લૂંટને ઘણા દિવસ વીત્યા નહોતા એટલામાં એક બીજો મ્હોટો શિકાર ઉમાજીના સપાટામાં આવ્યો. બાબદેવ ટોકેકર નામનો એક શાહુકાર પોતાના કુટુંબનાં સર્વ મનુષ્યોને લઇ યાત્રા જવા માટે પુનેથી કોલ્હાપુર જવા નીકળ્યો. તેની સાથે બંદોબસ્તને માટે દશ સિપાહીઓ પણ હતા. સાસ્વાથી થોડા મૈલને અંતરે તાંબેગામમાં વિશ્રાંતિ માટે તેમણે મુકામ કર્યો. એ શાહુકાર સાથે કેટલાં માણસો છે તથા કયે દિવસે ક્યાં મુકામ કરવાના છે વગેરે સર્વ બાબતની ઉમાજીને ચોક્કસ માહિતી મળી હતી. શાહુકાર નિરા નદી ઓળંગી બીજી બાજુએ આવે એટલે તેને લૂંટવાની રામોશી લોકોની ધારણા હતી. તે પ્રમાણે તા. ૨૪ મી જાનેવરી ૧૮૩૦ ને દિવસે બાર હેટકરી અને ત્રીશ રામોશીઓની એક ટોળી તેણે તાંબે નામક ગામ મોકલી. તે લોકોએ પ્રથમ તાંબે ગામમાં પડાવ નાંખ્યો અને શાહુકાર ત્યાં આવી પહોંચ્યો કે તુરત જ તેને લૂંટી લીધો. લૂંટારાઓ આવતાં જ તેનાં સર્વ માણસો જીવ બચાવવા માટે ન્હાસી ગયાં. શાહુકારની સ્ત્રીઓના શરીર ઉપરના ચાંદી, સોનાના અલંકારો તથા કપડાંલત્તાં અને વાસણો, રામોશી લોકોએ લૂંટી લીધાં. એ લોકોએ સાકુર્ડી પાછા આવીને પોતાની પાસેની સર્વ માલમત્તા ઉમાજી સમક્ષ હાજર કરી. તે જોઇ ઉમાજીને અને ભોજાજીને આશ્ચર્ય થયું. આ સમયે લૂંટપર ગયેલા રામોશીઓએ ઘણા પૈસા અને માલ સંતાડી રાખેલો હોવો જોઇએ એવો તેમને શક જવાથી તે બન્ને સર્વ રામોશીઓ પર ગુસ્સે થયા. ઉમાજીએ તે પ્રત્યેકને સોગંદ આપ્યા. ત્યાર પછી શાહુકારના સામાનની યાદી અને તેની કિંમત બતાવી રામોશીઓની ખાત્રી કરી આપી. ઓછામાં ઓછા તેમને પાંચસો છસો રૂપિયાના દાગીના [illegible] હતા તેને બદલે ફક્ત ત્રણસો રૂપિયાનાં વાસણો તથા

લુગડાં મળેલાં જોઇ તેણે દૈવને જ દોષ દીધો ! જે નાયકના ઉપરીપણા નીચે ઉમાજીએ આ વખતે ટોળી મોકલી હતી તે નાયકે ત્રણસો રૂપિયાનાં ઘરેણાં ઉચાપત કર્યાં હતાં. શાહુકારની સ્ત્રીઓના શરીર ઉપરનાં ઘરેણાં ત્રણ હજાર રૂપિયાનાં અને નોકરોના ત્રણસો રૂપિયાના મળીને તેત્રીશસો રૂપિયાનું તેને નુકશાન થયું હતું. તેની કોલ્હાપુરની યાત્રા તાંબેમાં જ પુરી થઈ !

પ્રકરણ ૧૧ મું.

વિઘ્ન.

ઉમાજીએ પોતાના રામોશીઓ અને કૈકાડી લોકો દ્વારા ઉપર લખ્યા પ્રમાણે પુના પ્રાંતમાં જેવું ધાંધળ મચાવી મૂક્યું હતું-કહો કે એક પ્રકારનો ત્રાસ વર્તાવ્યો હતો. તે પ્રમાણે તેજ અરસામાં બીજા લોકોએ સતારા પ્રાંતમાં મ્હોટી ગડબડ મચાવી મૂકી હતી. તેમનાં દુષ્ટ કૃત્યોની અનેક ફરિઆદ, સતારાના તે સમયના **છત્રપતિ પ્રતાપસિંહ મહારાજને** કાને જઇ પહોંચી હતી. તેઓ તેમની તપાસ કરવાની તૈયારીમાં જ હતા. સતારા પ્રાંતમાં જે અન્ય જાતિના લોકોએ લૂંટફાટ કરી ત્રાસ વર્તાવ્યો હતો તે કાર્ય ઉમાજી નાયકની પ્રેરણાથી જ થતું હતું કે કેમ તે માટે મૅકિનટોશ સાહેબને પણ સંશય જ છે. મહારાજ અને તેમના દરબારીઓ તથા સતારા પ્રાંતના સર્વ પ્રજાજનોની ખાત્રી થઇ હતી કેઃ લૂંટ ધાડ અને ચોરીના સર્વ કૃત્યો ઉમાજીની ઉશ્કેરણીથી જ થાય છે. તેમ છતાં ઉમાજી સામ્પ્રત કંપની સરકારનો નોકર હોવાથી તેના પરનો આરોપ કોઈ પણ મનુષ્ય ખુલ્લી રીતે કહી શકતું નહોતું !

છત્રપતિ પ્રતાપસિંહ મહારાજ, પ્રસંગોપાત પોતાના પ્રાંતની પ્રજાસ્થિતિ નિહાળવા, અમાત્યાદિ સહિત પ્રવાસે નીકળતા હતા. તા. ૧૬-૧૭ ફેબ્રુવારી ઇ. સ. ૧૮૩૦ ના અરસામાં તેમનો મુકામ પુરંદરની દક્ષિણે થોડા ગાઉ ઉપર નિરા નદીને કિનારે ભોળી નામક ગામમાં હતો. મહારાજની

સ્વારી ત્યાં આવ્યાના સમાચાર મળતાંજ ઉમાજી તેમની મુલાકાતે ભોળી ગામ આવી પહોંચ્યો. તા. ૧૮ મી ફેબ્રુવારીને દિવસે મહારાજ સાથે તેની મુલાકાત થઈ. આ સમયે મહારાજાની સાથે તેમના સર્વ માંડલિક જાગીરદારો અને માનકરીઓ હતા. તેમાં ભોરના પંત સચિવ પણ હતા. આ મુલાકાત વખતે "લોકો ઉપર પોતાનો ધાક કેવો છે, તથા પોતાની પાસે કેટલાં માણસો છે અને તેમાં પોતાનું મહત્વ કેવું છે તે વગેરે વાર્તાઓ કહી મહારાજાને આશ્ચર્ય ચકિત કરવાનો અને પંત સચિવના પ્રદેશમાં પોતાનો જે કાંઈ વતન હક્ક હતો તેને લગતા સનદપત્રો પંત સચિવને મહારાજ સમક્ષ બતાવવા" એવો ઉમાજીનો ઉદ્દેશ હતો. એજ પ્રમાણે સતારા પ્રાંતમાં જે લૂંટ ધાડ ચોરીઓ થતી હતી તેમાં ઉમાજીનું નામ બોલાય છે એ વાત કહીને ઉમાજીના કાન ઉઘાડવાનો મહારાજનો હેતુ હતો. આ પ્રમાણે બન્નેના મનમાં જુદા જુદા હેતુ હતા.

ઉમાજીએ આવી મહારાજને મુજરો કરી તેમના સ્હામુ ઉભો રહ્યો એટલે મહારાજાએ તેને કહ્યું કે: "સતારા પ્રાંતમાં લૂંટ ચોરીઓ થાય છે તે ત્હારી ઉશ્કેરણી અને સલાહથી થાય છે. તેમજ તેમાં લોકો ત્હારૂં જ નામ દે છે." મહારાજે સારી પેઠે તેના કાન ઉઘાડયા, પરંતુ મહારાજની ધમકીથી ઉમાજી કિંચિદ્ પણ ભય પામ્યો નહિ. ઉમાજીએ ઉત્તર દીધો કે: "જે લૂંટારા લોકો મ્હારૂં નામ દે છે તે લોકો પકડાય ત્યારે તેને મહારાજાએ સખ્તમાં સખ્ત શિક્ષા કરવી. એ સંબંધી મ્હારી કંઈ પણ તકરાર નથી."

ઉમાજીએ કેટલાક દિવસ ઉપર શ્રી પંત સચિવના પ્રદેશમાં પોતાના વતનના હક્ક હોવાનું તથા તે લીધા સિવાય નહિ રહેવાનું પંત સચિવને સૂચવ્યા પછી ઉમાજીએ તેમના તાબાના ખેરબારી નામક ગામનું વસુલ ભરણું પોતાના સિપાહી મોકલી લૂંટી લેવડાવ્યું હતું. ઉમાજી હમણાં પોતાના હક્કને લગતા સનદપત્રો અને તામ્રપટ મહારાજાને બતાવવા આવ્યો હતો.

ઉપર કહ્યા પ્રમાણે સતારા પ્રાંતમાં લૂંટ ધાડ ચોરીઓ સંબંધી છત્રપતિ મહારાજ સાથે વાતચિત થયા પછી શ્રી પંત સચિવના રાજ્યમાં પોતાના

વતન સંબંધી જે સનદપત્રો તે પોતાની સાથે લાવ્યો હતો તે મહારાજની પરવાનગીથી તેમને બતાવ્યા. તેણે કહ્યુંઃ "આ સનદપત્રો ઉપરથી જો મ્હારા વતન–હક્ક સાબિત થાય તો તે મહારાજાએ મ્હને અપાવવા જોઇએ. તે જો મ્હને નહિ મળે તો મ્હારૂં સર્વસ્વ નાશ પામશે. હું જો જુઠું બોલતો હોઉં તો મ્હારી ગાંસડી બાંધી મ્હને નિરા નદીમાં ડુબાવી દો." ઉમાજીએ મહારાજને ઘણી નમ્ર વિનંતિ કરી. છત્રપતિ મહારાજે તેને આશ્વાસન આપી કહ્યુંઃ "આ સનદપત્રો ઉપરથી શ્રી પંત સાહેબના રાજ્યમાં ત્હારા જે કાંઈ વતન–હક્ક હશે તે તને અપાવીશું. તું સતારે આવ. ત્યાં પણ જો ત્હારા કંઇ વતન–હક્ક હશે તો તે પણ તને મળશે." એમ કહી મહારાજાએ તેને ધૈર્ય આપ્યું. તેના વતન હક્ક સાબત થતા પહેલાં જ તેણે ખેરબારી ગામની વસુલાતની રકમ લૂંટી લીધેલી હોવાથી શ્રી પંત સચિવ ઉમાજી ઉપર ગુસ્સે થયા હતા. તેઓ આ સમયે તેના તરફ વક્ર દૃષ્ટિએ જોતા હતા. તે ઉમાજીના જોવામાં આવ્યાથી અને મહારાજા તરફથી આશ્વાસન મળેલું હોવાથી તેણે શ્રી પંતને કહ્યું કેઃ "મહારાજ! છત્રપતિ સરકાર સમક્ષ આપ મ્હારા સ્હામુ ક્રોધ ભરેલી દ્રષ્ટિયે જોશો નહિ. આંખવડે ધમકી આપી આપ મ્હને અને મ્હારા વતન હક્કને દબાવી દેવાનો પ્રયત્ન કરશો નહિ, અને મ્હારો હક્ક લૂંટી લેશો નહિ." એ પછી મહારાજાએ શ્રી પંતને ઉમાજીના વતન હક્કની તપાસ કરવાની અને ઉમાજીને પણ સનદપત્રો લઈ સતારે આવવાની આજ્ઞા ફરમાવી. આ તકરારમાં કોણ સાચું અને કોણ જુઠું કહે છે તેનો નિકાલ કરવા માટે ઉમાજીએ મહારાજને એક સૂચના કરી. તેણે કહ્યું કેઃ "મહારાજ! એક મ્હોટા પાત્રમાં મ્હને અને એક બીજા પાત્રમાં શ્રી પંત સાહેબને ઘાલી તેનાં મુખ બંધ કરી અમને બન્નેને નિરા નદીમાં ફેંકી દો. એટલે સાચો કોણ અને જુઠો કોણ તે સહજે જણાઈ આવશે!"

ઉમાજીએ છત્રપતિ મહારાજને એવી પણ વિનંતિ કરી હતી કેઃ "તેને પોતાની નોકરીમાં રાખી નિરા નદીનો દક્ષિણનો પ્રાંત તેના બંદોબસ્તમાં સોંપવો." પરંતુ મહારાજાએ તે તરફ લક્ષ્ય નહિ આપતાં કહ્યું કેઃ "ત્હારા સર્વ કાગળ પત્રો લઇને તું સતારે આવ ત્યાર પછી તપાસ કરીશું." એટલું

કહીને મહારાજે ઉમાજીને રજા આપી. મહારાજે પણ પોતાનો મુકામ ઉઠાવી રાજધાની તરફ પ્રયાણ કર્યું. ઉમાજી પોતાના થાણામાં આવ્યો. મહારાજની આજ્ઞા પ્રમાણે ઉમાજી પોતાના કાગળ પત્રો લઈ સતારે ગયો નહિ તેથી તેના વતન હક્કની તપાસ કરવાનું કામ પડી રહ્યું. એક મહિના પછી ઉમાજીનો એક નોકર અને જેણે ઉમાજીના કહેવાથી સતારા પ્રાંતમાં લૂંટ ધાડ ચોરીનો ત્રાસ વર્તાવ્યો હતો તે એક જીવજાન મિત્ર મળી બન્ને એક લૂંટના કામમાં દરબારી સિપાહીઓને હાથે પકડાઈ ગયા. રીતસર તેમની તપાસ શરૂ થઈ તેમાં તેમને તેમના દુષ્કૃત્યને માટે દેહાંત પ્રાયશ્ચિત્ત મળ્યું. એમ થવાથી સતારા પ્રાંતની લૂંટ ધાડમાં ઉમાજીનો હાથ હોવા સંબંધી કોઇને શંકા રહી નહિ, અને ઉમાજી પણ પોતાના વતન હક્ક સંબંધી તકરાર કરવા માટે સતારે ગયો નહિ.

વતન હક્ક સંબંધીની તકરાર ઉમાજીએ આ સમયે છત્રપતિને કાને નાંખી તે પહેલાં (ફેબ્રુવારી મહિનામાં) તે વાત કંપની સરકારના કાન ઉપર ગઈ હતી. તેજ પ્રમાણે તેણે શ્રી પંત સચિવના રાજ્યમાં પોતાના સિપાહી મોકલી ખેરબારી ગામના વસુલ સંબંધી જે જબરદસ્તી વાપરી હતી તે વાત પણ સરકારના કાન ઉપર ગઈ હતી. તે આ સમયે કંપની સરકારનો નોકર હોવાથી બ્હારો બ્હાર એવું તોફાન કરવું એ બન્નેને માટે અયોગ્ય જ હતું. એવું ધારી તે સમયના પુનાના કલેક્ટર સાહેબ મિ. ગિબર્ન સાહેબે શ્રી પંત સચિવના રાજ્યમાં ઉમાજીએ મોકલેલા સિપાહીઓને એકદમ પાછા બોલાવી લેવાનો સખ્ત હુકમ ઉમાજી પર લખી મોકલ્યો. તે આજ્ઞા પ્રમાણે ઉમાજીએ તુરતજ પોતાના સિપાહીઓને પાછા બોલાવી લીધા. તેમ થવાથી શ્રી પંત સચિવના રાજ્યમાં થોડી શાંતિ પ્રસરી. ઉમાજીના વતનની તકરાર સંબંધી કંપની સરકાર વિચાર ચલાવતી જ હતી. સરકારે યોગ્ય વિચાર કરીને પુનાના કલેક્ટર મિ. ગિબર્ન સાહેબને ફરમાવ્યું હતું કે: "તેઓએ ઉમાજીના વતન સંબંધી કાગળ પત્રો, સનદો, અને તામ્રપટ વગેરે જોઇ તપાસી યોગ્ય હકિગત સરકારમાં વિદિત કરવી જેથી તે સંબંધી યોગ્ય ઈન્સાફ આપવામાં આવશે." બીજી તરફ ઉમાજીને પણ સરકારે આજ્ઞા ફરમાવી હતી

કે: " કંપની સરકારે તેને કયા કારણોથી પાછલા સર્વ અપરાધોની ક્ષમા આપી તેને પોતાની નોકરીમાં રાખ્યો છે, તેણે કેવી રીતે વર્તવું જોઇએ, એવા જબરદસ્તીનાં કામ કરવાથી કેવું નઠારૂં પરિણામ ભોગવવું પડશે, વતન સંબંધી અથવા બીજી કોઇ પણ તકરાર હોય તો તે તેણે સરકારને નિવેદન કરવી, અને સરકાર તેનો ન્યાય કરે ત્યાં સુધી વાટ જોવી. " એવો હુકમ આવતાં જ ઉમાજીએ તે પ્રમાણે વર્તવાનું કબૂલ કર્યું હતું.

એ પછી કલેક્ટર સાહેબ મુલ્કી કામ માટે જ્યારે પુરંદર તાલુકામાં ગયા ત્યારે ઉમાજીએ અને તેના ભાઈએ પોતાના સર્વ કાગળ પત્રો અને સનદો વગેરે લઈ સાહેબ બહાદુરની મુલાકાત લીધી. તેણે બધા મળીને ચોવીશ કાગળો સાહેબને આપ્યા હતા. પૂર્વના રાજાઓએ, સુબાઓએ અને મામલતદારોએ પુરંદર કિલ્લાના કોળી, (મહાર) ઢેડ અને રામોશી લોકોને પ્રસંગોપાત જે બક્ષિસો આપેલી તે સંબંધીના એ કાગળપત્રો હતા. તે જ કાગળ પત્રોને ઉમાજી ઘણા મહત્વના જાણતો હતો, અને તેના ઉપર આધાર રાખીને જ ઉમાજી પોતાના વતન હક્ક માટે એક સરખી લડત ચલાવતો હતો. મિ. ગિબર્ન સાહેબે તેના સર્વ કાગળ પત્રો વગેરે જોઈ તપાસીને તા. ૩૦ એપ્રિલ ઇ. સ. ૧૮૩૦ ને દિવસે સરકારમાં સવિસ્તર રિપૉર્ટ કર્યો.

ખેરબારી વગેરે તેર ગામના પોકાસ (ઇનામી) હક્કને માટે ઉમાજીએ શ્રી પંત સચિવ સાથે તકરાર ઉપસ્થિત કરી હતી અને તે તેર ગામનું વસુલાત–નાણું તેણે પ્રથમથી જ જમે કરી લીધું હતું. તે પોકાસ (ઇનામ) હક્કની સનદ, આશરે એકસો ચાળીશ વર્ષ પહેલાં કોઈ " દિવાનઅલ્લી " નામક અમલદારે પુરંદરના " કોળી નાયકને " કરી આપી હતી. તેમાં રામોશી લોકોનાં નામનો ઉલ્લેખ જ નહોતો. આસરે સિત્તેર એંશી વર્ષમાં તે હક્કનો કોઈ ઉપયોગ કરતું હોય એવું પણ મળી આવ્યું નહિ. કોઈ ચાંદજી નામક કોળી નાયકે મુસલમાન અમલદાર વિરૂદ્ધ પ્રપંચ રચેલો હોવાથી તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો તેથી કોળી નાયકોનો પણ એ હક્ક સાથે સંબંધ રહ્યો નહોતો. શ્રીપંત સચિવે આશરે એકસો સત્તાવીશ વર્ષ પૂર્વે ખેરબારી ગામનો ઇનામી હક્ક કોળી લોકો પાસેથી ઉપરોક્ત કારણોને

લીધે જ છીનવી લીધો હતો. જે સનદના બળ ઉપર ઉમાજી લડતો હતો તે ખેરબારી વગેરે તેર ગામના ઇનામી વતન-હક્કની સ્થિતિ ઉપર પ્રમાણે હતી. ઉમાજી વતન હક્ક સંબંધી જે તકરાર કરે છે તેમાં કિંચિદ્ પણ સત્યતા નહિ હોવાની અને તેમાં લુચ્ચાઈ હોવાની સર્વેની ખાત્રી થઈ હતી. તેમ છતાં વતન હક્કની તકરાર હદપાર સુધી તે લઈ ગયો હતો, એટલું જ નહિ પણ એ હક્કને ખાતર તે કંપની સરકારની નોકરી છોડી દેવાને પણ તૈયાર હતો ! તેણે પુનાના કલેકટર સાહેબને એ સંબંધી લખાણ પણ મોકલ્યું હતું. એમ કરવામાં તેનો બીજો કંઈ જ હેતુ ન હતો પણ નોકરીની બેડીમાંથી મુક્ત થયા પછી જંગલમાં રહી પોતાનો લૂંટ, ધાડ, ચોરી વગેરે કરવાનો પૂર્વનો ધંધો ગ્રહણ કરવાની તેની ઇચ્છા હતી. કંપની સરકારની નોકરીમાં હોવા છતાં પણ તેણે પોતાનો પ્રિય વ્યાપાર તદ્દન જ છોડી દીધો ન હતો ! માત્ર તે આડકતરી રીતે પડદામાં ચાલ્યા કરતો હતો એટલું જ ! વતન હક્કની તકરાર માટે મહેરબાની કરી કંપની સરકાર ઉમાજીને ખેરબારી વગેરે તેર ગામનો ઇનામી હક્ક અપાવે તો તે પુનઃ કંઈ ઉલટપાલટ કરી એવા જ બીજા હક્ક માગવા તૈયાર થશે, એવું જાણી કમ્પની સરકારે તેની તકરારનો એકદમ અંત લાવી નાંખ્યો હતો. એમ થવાથી ઉમાજીને પોતાનો પૂર્વનો વ્યવસાય સ્વીકારવાની સારી સંધિ પ્રાપ્ત થઈ હતી.

ઉમાજીનું સમસ્ત જીવન કિંવા આયુષ્યમાંનાં પચીશેક વર્ષ લૂંટ ધાડ અને ચોરીઓ કરવામાં વ્યતીત થયેલાં હોવાથી અને તે જ કાર્ય તેને પસંદ પડેલું હોવાથી-કહો કે તે જ માર્ગનો તે ભોમિયો થઈ પડેલો હોવાથી તેને નોકરીની બેડી આગળ જતાં અસહ્ય જ જણાઈ. તેની ટેવ પ્રમાણે તેને જે જે સમયે સંધિ પ્રાપ્ત થાય તે તે સમયે કાર્ય સાધવામાં તે ઉણપ કરતો નહતો.

ફલટણની પૂર્વ દિશામાં સાકુર્ડીથી આસરે પચીશ ગાઉ ઉપર ધરમપુરી નામક એક ગામ છે. ત્યાંનો પટેલ ઘણો શ્રીમંત હોવાના સમાચાર ઉમાજીને મળતાં જ તેણે પોતાના રામોશીઓની એક ટોળી પટેલના ઘર ઉપર ધાડ પાડવા માટે મોકલી. તે ટોળીએ તા. ૨૧ મી એપ્રિલ ૧૮૩૦ ને દિવસે

પટેલના ઘર ઉપર દરોડો પાડી સોનું, ચાંદી અને કિંમતિ કાપડ મળીને આસરે બે હજાર રૂપિયાનો માલ લૂંટી લીધો. તેમાંથી ઉમાજીને આસરે સાતસો રૂપિયાના સોનાના ઘરેણાં અને પાંચસો રૂપિયાનું કાપડ મળ્યું હતું. એ ઉપરાંત તે ટોળીના નાયકને ઉમાજીએ ધમકી આપી કે: "તું જુઠું બોલે છે. બીજો કેટલોક માલ તેં સંતાડી રાખ્યો છે, તને પુનાના મેજીસ્ટ્રેટ સાહેબને સ્વાધીન કરવો જોઇએ." વગેરે કહી ધમકી આપી અને તેની પાસેનો એક ઘોડો લઈ લીધો. ઉમાજીએ તેને જે ધમકી આપી તે માત્ર તેનો ઘોડો પાછો લેવાનો યત્ન કરે નહિ તે માટે જ હતી. ઉમાજીનો હેતુ સિદ્ધ થયો. તેણે તેનો ઘોડો લઈ લીધો—અરે પચાવીજ પાડયો!

જે દિવસે ધરમપુરીના પટેલના ઘર ઉપર ઉમાજીના રામોશીઓએ ધાડ પાડી તેજ દિવસે જેજુરીના ઇશાન ખુણા તરફ અઢી માઇલ વેગળે આવેલા આંબે ગામના એક વણિકના ઘર ઉપર ઉમાજીના કૈકાડી લોકોએ ધાડ પાડી આશરે બસો ત્રીશ રૂપિયાનો માલ લૂંટી લીધો હતો.

ઉમાજીનું થાણું સાકુર્ડીમાં હતું તે સમયે પુના અને સતારા પ્રાંતના પોતાના તાબાનાં માણસો દ્વારા પાછળ કહ્યા પ્રમાણે ધાડ, ચોરી, લૂંટ કરાવવાનું નિંદાજનક કાર્ય ઉમાજીએ ચાલુ જ રાખ્યું હતું. તે સમયે પ્રજાને તે કયા પ્રકારનો ન્યાય આપતો હતો તે પણ પાછળ કહ્યું છે. ઉમાજીની ન્યાય કચેરીમાંથી જેને ન્યાય મળતો તે બિચારાને ઉમાજીએ તાકીદ અને ધમકી આપેલી હોવાથી તેના વિરૂદ્ધ કંપની સરકારના અમલદાર પાસે તેઓએ કદી પણ ફરીઆદ કરી નહોતી. તેઓને તેમ કરવાનું કારણ કહેવાની આવશ્યકતા નથી, પરંતુ તેમણે ઉપરી અમલદારો પાસે ફરીઆદ કરી નહિ તેથી તેમને મળેલો ન્યાય તદ્દન સત્ય હતો અને તેથી ન્યાય મેળવેલી પ્રજાને સંતોષ થયો છે એવું સમજવું ભૂલભરેલું કહેવાશે. જનસમાજના મનમાં કોઈ એક મનુષ્ય સંબંધી તિરસ્કાર કિંવા આદર ઉત્પન્ન થાય છે તે "ભય કિંવા ભક્તિભાવ"ને લીધે જ ઉત્પન્ન થાય છે. જે મનુષ્યોને કોઇ મનુષ્યે નાના પ્રકારની યુક્તિઓથી ઠગી—છેતરી—ત્રાસ આપ્યો હશે તે મનુષ્યોના મનમાં ઠગનાર મનુષ્ય ઉપર "ભક્તિભાવ" ઉત્પન્ન થાય એ સમ-

જવું મનુષ્ય ગુણ ધર્મથી તદ્દન વિરૂદ્ધ છે. તેને બદલે તેના ઉપર કંઈ બીજો જ ભાવ ઉત્પન્ન થવો જોઈએ. ઉમાજી સંબંધી પણ એમ જ હતું. તેની ન્યાય કચેરીમાંથી જેઓને એકાદ વખત પણ ન્યાયનું ઉદાહરણ મળ્યું હશે તેના મનમાં કેવો ભાવ જાગૃત થયો હશે વારૂ ? ઉમાજીનાં ઇતર કૃત્યો જેમ પુનાના કલેકટર સાહેબને કાને જતાં હતાં તે જ પ્રમાણે તેના ન્યાયની રીતનાં અને જજમેંટનાં દષ્ટાંતો પણ જતાં હતાં. તેથી તેની એવી નિંદાજનક, લુચ્ચાઇભરેલી વર્તણુક ચાલુ રાખવાનું કલેકટર સાહેબને ઇષ્ટ જણાયું નહિ. ઉમાજીના કાર્યમાં વિઘ્ન નાંખવા માટે, તેના ન્યાયના કામમાં હમેશાં તેને મદદ કરનાર બે લુચ્ચા કારકુનો ઉમાજીએ નીમ્યા હતા, તેને તુરત જ નોકરી ઉપરથી બરતરફ કરવાનો હુકમ કલેકટર સાહેબે લખી મોકલ્યો, અને તેની જગ્યાએ પુનેથી બીજો એક કારકુન ઉમાજી પાસે મોકલવામાં આવ્યો. કલેકટર સાહેબના હુકમ પ્રમાણે કરવાની ઉમાજીને ફરજ પડી—તેણે તે પ્રમાણે કર્યું ! એમ થવાથી ઉમાજીની ન્યાય કચેરીનો એક પાયો લંગડો થઈ પડયો. તે સમયથી જ તેનાં કૃત્યોમાં મ્હોટું વિઘ્ન આવી પડયું, અને લોકોને પડતો ત્રાસ પણ ઓછો થયો.

પ્રકરણ ૧૨ મું.

એ ભગવાન એના એ !

સાકુર્ડીનાં આસપાસનાં ગામોમાં લગ્ન કે જનોઈ જેવાં શુભકાર્યો થતાં કે તુરતજ ઉમાજીને તેના તાબાનાં ગુપ્ત મનુષ્યોદ્વારા તે સંબંધી અથઇતિ સુધીના સમાચાર પ્રાપ્ત થતા. તે સમયે કેવી રીતે લાગ સાધવો અને કોઈને ખબર ના પડે તેમ કામ કાઢી લેવા માટે ઉમાજી અને તેના સાથીદારો ચિંતાતુર થતા. તેજ પ્રમાણે જેને ઘેર એવો પ્રસંગ આવી પડતો તે તથા તેના કુટુંબી જનો પણ આવેલું કાર્ય ઉમાજીના ત્રાસ વગર નિર્વિઘ્ને પાર પડે તે માટે ચિંતાતુર રહેતા. કારણ

કે ન્હાની ન્હાની ચોરીઓ કે ધાડનાં કામો કરવા કરતાં આવે પ્રસંગે તેમને મ્હોટી રકમ મળવાનો ઘણો સંભવ રહેતો, તેમજ તેમને શ્રમ પણ ઘણો કરવો પડતો; તેથી એવાં લગ્નકાર્ય કયા ગામમાં, કયે દિવસે થવાનાં છે તે સંબંધી બહુજ કાળજી ભરેલી ચોકસી કરવામાં ઉમાજી દક્ષ રહેતો.

સાકુર્ડીની ઉત્તરમાં બે ગાઉ ઉપર આવેલા પેખતપૂર ગામના કુળકર્ણીને ઘેર તેની પુત્રીનાં લગ્ન ૧૮૩૦ ના એપ્રિલની આખરે ઠર્યાની બાતમી ઉમાજીને મળી. કુળકર્ણીએ પોતાને ઘેર લગ્ન હોવાથી મ્હોટી ધામધુમ મચાવી મૂકી હતી. એ લાગ જોઈ તા. ૧ લી મેની રાત્રિએ કેટલાક મહાર અને કૈકાડી લોકોએ જઈ કુળકર્ણીને ઘેર અકસ્માત્ છાપો માર્યો અને તેનું ઘર તમામ લૂંટી લીધું. એ લૂંટમાં આશરે સાડી ચૌદસો રૂપિયાનો માલ તેને હાથ લાગ્યો. લૂંટમાં કુળકર્ણીના ઘરના દાગીના ગયા તો ગયા પણ તેણે બીજાં મનુષ્યોના પહેરવા માગી લાવેલા દાગીના પણ લૂંટાઇ ગયા! ઉમાજી તે ગામથી બે ગાઉ વેગળે બંદોબસ્ત માટે થાણું રાખી રહ્યો હતો અને તેની નજીકમાં ધાડ પડવાથી ધાડ પાડુઓને પકડવા એ તેનું કર્તવ્ય હતું છતાં તેણે પોતાનું કામ બરાબર બજાવ્યું નહિ. તેમ થવાથી લૂંટના કાર્યમાં તેનો હાથ હોવો જોઈએ, એમ સમજી ઉમાજીએ ધાડ પાડુઓને પકડી આપવા જોઈએ, કિંવા લૂંટાયલો માલ ભરી આપવો જોઈએ. એવી મતલબની એક અરજી ગામના લોકોએ મામલતદારને આપી.

સાકુર્ડીની આસપાસના ગામમાં જે ચોરીઓ અને લૂંટ થતી તે સર્વ ઉમાજીની સલાહ મસલતથી જ થતી હતી, એવી તે પ્રાંતની પ્રજાની તદ્દન ખાત્રીજ હતી પરંતુ ઉમાજી ઉપર તેવો આરોપ ખુલ્લી રીતે મૂકવા કોઈની હિંમત ચાલતી નહિ. ઉમાજી પણ એ વાત જાણતો હતો. આસપાસના ગામોમાં ઘણી ચોરીઓ થયેલી હોવાથી લોકોનો સંશય તેના પ્રત્યે વૃદ્ધિ પામતો હતો. એ જાણી પ્રજાનો સંશય દૂર કરવા માટે ઉમાજીએ અને તેના તાબાના નાયકોએ આ સમયે એક યુક્તિ રચી.

પેખતપૂરના જે કુળકર્ણીને ઘેર તા. ૧ લી મેને દિવસે લૂંટ થઈ હતી તે કુળકર્ણીને ત્રણ દિવસ પછી ઉમાજીએ કહાવ્યું કે: "ત્હારે ઘેર

જે લૂંટારાઓએ લૂંટ કરી છે તેમાંના એક બે ચોર અમે પકડયા છે અને તેમની પાસેથી ઘણો ખરો માલ અમે મેળવ્યો છે.” ઉમાજીએ બીજી તરફ એક મહાર અને એક કૈકાડીને લૂંટારાઓમાંના ગુન્હેગારો ગણી પુનાના મેજીસ્ટ્રેટ તરફ ન્યાય માટે મોકલી દીધા. ઉમાજીનો સંદેશો પહોંચતાં જ બિચારો કુળકર્ણી સાકુર્ડી આવ્યો. તેને ઉમાજીએ સાતસો રૂપિયાનું કાપડ આપ્યું અને બાકીનો માલ આઠ દિવસમાં મેળવી આપવાનું આશ્વાસન આપી સર્વ માલ પૂરેપૂરો મળી ગયાની તેમની પાસેથી રસીદ લખાવી લીધી. “જે મળ્યું તે ખરૂં, આટલુંએ ના મળ્યું હોત તો શું કરત?” એવું સમજી, ઉમાજીના ભયને લીધે અને ભવિષ્યના ત્રાસને લીધે, બિચારા કુળ-કર્ણીએ મુંગે મોઢે ઉમાજીના કહેવા પ્રમાણે રસીદ લખી આપી પોતાને ગામ ચાલ્યો ગયો. બાકીની રકમો આઠ દિવસમાં શોધી આપવાનું વચન ઉમાજી નાયકે પાળ્યું નહિ એ કહેવાની જરૂર નથી! એ સર્વ હકિગત જ્યારે તે સમયના પુનાના કલેકટર મિ. ગિબર્ન સાહેબના જાણવામાં આવી ત્યારે તેમણે કુલકર્ણીની રસીદ તેને પાછી આપવાની ઉમાજીને ફરજ પાડી. પરંતુ તે સમયે રસીદ તેની પાસે નહોતી. ગડપ થયેલા દાગીના સાથે જ તે પણ નાશ પામી હતી!

ચેખતપૂરમાં લૂંટ કર્યા પછી પુનઃ તા. ૧૬ મી મે ને દિવસે કૈકાડી લોકોએ નાયગામ જઈ એક ગરીબ વણિકની દુકાન લૂંટી લીધી. આ સમયે તેમને છેંતાલીસ રૂપિયા કરતાં કંઈ વિશેષ મળ્યું નહિ.

એ અરસામાં જ બે રામોશીઓની ટોળીઓ જુદે જુદે સ્થળે લૂંટ ચલાવવા સાકુર્ડીથી રવાના થઈ. એકે પોતાની સ્વારી વાઈ દેશ તરફ ચલાવી ત્યારે બીજાએ ભીમથડી તાલુકા તરફ પ્રયાણ કર્યું. જે ટોળી ભીમ-થડી તાલુકા તરફ વળી હતી તેમાં સાસવડનો સુખીયો અને રાવજી એ બન્ને નાયક હતા. એ ટોળીએ ભીમથડી તાલુકાના વડગામમાં જઈ તા. ૧૯ મી મેને દિવસે એક બ્રાહ્મણના ઘર ઉપર ધાડ પાડી. જે બ્રાહ્મણના ઘર ઉપર રામોશીઓની ટોળીએ અચાનક ધાડ પાડી તે બ્રાહ્મણ કંઈ જેવો તેવો નહતો. રામોશીઓ તેના ઘર ઉપર ધસી ગયા તેજ સમયે બ્રાહ્મણે

પણ હાથમાં એક મ્હોટો સોટો લઈ તેમના સ્હામે થયો. અને કેટલીક વાર સુધી એકલા બહાદુરે રામોશીઓનું કંઇ પણ ચાલવા દીધું નહિ. તેણે જ પોતાની માલમતાનું સંરક્ષણ કર્યું. તે એવી ખુબીથી સોટો ઘુમાવતો કે જેથી રામોશીઓ તેની નજીક આવી શકતા નહિ. પરંતુ તેની પાસે એક સોટા સિવાય બીજું કશું હથિઆર નહોતું. રામોશી લોકો પાસે હથિઆરો હતાં. કેટલાક રામોશીઓએ બ્રાહ્મણને ઘેરી રાખ્યો હતો. તે સમયે રામોશીના નાયક સુખિયાએ લાગ જોઈ બ્રાહ્મણને એક એવો સખ્ત ઘા કર્યો કે જેથી એકે ઝપાટે બ્રાહ્મણ પૃથ્વી પર પડી ગયો અને તેના પ્રાણ પરલોક પહોંચી ગયા. બ્રાહ્મણની પેઠે જ તેનો એક નોકર પણ શરીર હતો. તેણે પોતાના જીવની કિંચિત્ પણ દરકાર નહિ કરતાં પોતાના સ્વામીની પેઠે જ તે પણ રામોશીઓ સાથે ટક્કર ઝીલતો હતો. તેના સ્વામીની પેઠે તેને પણ રામોશીઓએ ઘાયલ કરી મારી નાંખ્યો ત્યારે તેમને બ્રાહ્મણનું ઘર લૂંટવાની મગદૂર પડી! અને તેનું ઘર લૂંટી લીધું. આ લૂંટમાં આશરે ત્રણેક હજાર રૂપિયાનો માલ તેમને હાથ લાગ્યો. બ્રાહ્મણને ઘેર લૂંટ થવાના સમાચાર ગામમાં પ્રસરતાં જ ગામના લોકો રામોશીઓ ઉપર ચઢી આવ્યા. એકત્ર થયેલાં ગામલોકો આગળ પોતાનું કંઇ ચાલશે નહિ એવું જણાતાં જ રામોશીઓ પાછા ચાલ્યા ગયા. પણ જતાં જતાં ઉપર કહેવા પ્રમાણે માલ લૂંટી લઇ ગયા. રામોશી લોકો લૂંટ અને બ્રહ્મહત્યા કરીને સાકુર્ડી જઈ પહોંચ્યા. તેમણે ત્રણ હજાર રૂપિયાની લૂંટમાંથી ફક્ત છસો રૂપિયાનો માલ ઉમાજીને બતાવ્યો. લૂંટમાં થોડો માલ મળેલો જોઈ ઉમાજીને તે ટોળી ઉપર અને તેના બે નાયકો ઉપર બીજો ઘણો માલ સંતાડી રાખેલો હોવો જોઇએ એવો શક ઉત્પન્ન થયો. કારણ કે લૂંટમાં થોડું અથવા વધારે જે કાંઈ મળે તે સર્વ, સૌથી પહેલાં નાયકના સંમુખ મુકવું જોઈએ. તેમાંથી એક સુતરનો તાંતણો પણ વેગળો મુકી શકાય નહિ, એવો તેમનો નિયમ હતો, અને ઘણું ખરૂં સર્વ ટોળીના ન્હાના નાયકો એ નિયમ પ્રમાણે વર્તતા હતા, તેમાં જેઓ સુખિયા અને રાવજી જેવા હરામખોર અને પ્રપંચી હતા તે જ એવી દગલબાજી કરતા!

ઉમાજીને બન્ને નાયકો ઉપર સંશય ઉત્પન્ન થવાથી તેણે તેમને ખુબ

ધમકી આપી અને ભય બતાવી પૂછ્યું. તેમણે ઉત્તર દીધો કે: "ગામના લોકો અમારા ઉપર ચઢી આવ્યા તેથી અમને વિશેષ લૂંટવાનો સમય મળ્યો નહિ, જે મળ્યું તે અમે આપની પાસે હાજર કર્યું છે." એવી થાપ મારી ઉમાજીના મનને સંતોષ આપવાનો તેમણે પ્રયત્ન કર્યો, પરંતુ તેથી ઉમાજીને સંતોષ થયો નહિ. અંતે તેણે બન્ને નાયકોને દેવના સોગંદ લેવાનું કહ્યું. તે પ્રમાણે તેમણે દેવના સોગંદ ખાધા ત્યારે ઉમાજીને સંતોષ થયો. અને ત્યારે જ તેણે તેમનો પિચ્છો છોડયો. બન્ને નાયકોએ ઉમાજી સમક્ષ દેવના સોગંદ ખાધા તે ખોટા હતા પરંતુ દેવ ઉપર અને પ્રતિજ્ઞા ઉપર ઉમાજીને અત્યંત વિશ્વાસ હતો. દેવના સોગંદ ખાધા પછી ઉમાજી કોઇને કંઇ પણ કહેતો નહિ. થોડા મહિના પછી સુખિયાને અને રાવજીને પકડવા માટે સરકારી સિપાહીઓની ટુકડી તેમની પૂઠે લાગી ત્યારે તે ટુકડીના હાથમાંથી મુક્તિ મેળવવા માટે ઝપાટાબંધ ન્હાસતાં સુખિયાનો એક હાથ ભાંગી ગયો. તે દુઃખથી અને ખોટા સોગંદ ખાધેલા હોવાથી અતિ પશ્ચાતાપ થતાં તે મરણ પામ્યો. રાવજી પણ ન્હાસતો હતો, એટલામાં વાલ્હા નજીક એક સિપાહીની ગોળી વાગતાં તેના પણ પ્રાણ પંચત્વ પામ્યા ! આ પમાણે પોતાના ઉપર વિશ્વાસ રાખનાર મુખ્ય નાયક સાથે વિશ્વાસઘાત કરનાર, જુઠ્ઠી પ્રતિજ્ઞા કરનાર, બન્ને નાયકોનો શોચનીય રીતે અંત આવ્યો ! તેમના મૃત્યુ માટે તેમની ટોળીમાંના અન્ય રામોશીઓને જરા પણ દુઃખ થયું નહિ. ઉલટું તે બન્નેએ પોતાના ઉપરી નાયક એટલે ઉમાજી સાથે વિશ્વાસઘાત કર્યો અને ઘણી માલમિલ્કત તેમણે સંતાડી રાખી ખોટી પ્રતિજ્ઞા કરી તેથી તેમને એવું જ પ્રાયશ્ચિત મળવું જોઇએ એવું સર્વ માનવા લાગ્યા. બન્ને નાયકોએ ઉમાજી સાથે વિશ્વાસઘાત કર્યો હતો તેથી અને ટોળીના એક નિયમનું ઉલ્લંઘન કર્યું હતું તેથી કોઇને સારૂં લાગ્યું ન હતું. તેમને શોચનીય સ્થિતિમાં મરણ પામેલા જોઇ સર્વના મનમાં સંતોષ જ થયો હતો.

એ લૂંટ પછી એક મહિના પછી તા. ૧૫ મી જુનની રાતે કેટલાક કૈકાડી અને કેટલાક રામોશીઓએ મળી પાર ગામના કુળકર્ણીના ઘર ઉપર ધાડ પાડી. તેમાં સોનાનાં ઘરેણાં, વસ્ત્રો અને તાંબાનાં વાસણો વગેરે મળી

આસરે સવા છસો રૂપિયાનો માલ લૂંટી લીધો. એ શિકાર કર્યા પછી કૈકાડીઓની ટોળીએ પુનઃ બારામતી પાસેના ડોરલાની વાડીમાં જઇ તા. ૧૦ મી ઑગષ્ટને દિવસે બે ઘરો લૂંટી લીધાં. એક ઘરમાંથી તેમને ત્રણસોને સાઠ અને બીજા ઘરમાંથી ચારસો રૂપિયાનો માલ મળ્યો. એ સર્વ માલ નિયમ પ્રમાણે અંતે સાકુર્ડી આવ્યો. એ વાડીમાં એક રખવાલદાર હતો. તે ભોજાજી નાયકનો ભાઇ હતો, પરંતુ તેને ભોજાજી અને ઉમાજીનાં દુષ્કૃત્યો પસંદ ન હતાં. તે શાંત સ્વભાવનો મનુષ્ય હતો. તે માત્ર પોતાનું રખવાલદારનું કામ કરી નિશ્ચિન્ત જીવે જીંદગી વ્યતીત કરતો. ચોરી થયા પછી બે દિવસ વીતતાંજ તેણે સાકુર્ડી સુધી ચોરોનાં પગલાં કાઢ્યાં. ઉમાજીના ગામ પર્યંત ચોરોનાં પગલાં નીકળેલાં હોવાથી અને તે પ્રાંતમાં બંદોબસ્ત રાખવાનું કામ તથા તે ગામ પર્યંત આવેલાં ચોરોની શોધ કરવાનું કામ ઉમાજીનું હોવાથી ચોરીનો માલ ભરી દેવા માટે તેણે તેની પાછળ એક સરખી ઉતાવળ કરવા લાગ્યો. ઉપરાંત એ કામમાં સાકુર્ડીના ગામ લોકોએ પણ મદદ કરવી જોઇએ એમ કહીને તેમને થોડા પૈસા આપવાની લાલચ પણ રખવાલદારે બતાવી. પરંતુ તેનો કોઈ પણ પ્રયત્ન સફળ થયો નહિ. તે જેવો સાકુર્ડી આવ્યો હતો તેવો જ પાછો પોતાને ગામ હાથ હલાવતો ચાલ્યો ગયો. વાડી ગયા પછી તેણે તે હકીગત જે વેપારીનું અને બ્રાહ્મણનું ઘર લૂંટાયું હતું તેમને કહી સંભળાવી. તેમણે પણ સાકુર્ડી આવી લૂંટ સંબંધી ઘણી ખટપટ કરી જોઇ પરંતુ તેમને પણ એ કામમાં યશ મળ્યો નહિ. "એ કામમાં વિશેષ તપાસ કરવા જતાં ભવિષ્યમાં ખત્તા ખાવા પડશે માટે સાવચેત રહેવું અને એ નાદ છોડી દેવો." એવી તેમને સૂચના મળેલી હોવાથી જે ગયું તે "શિવાર્પણ" સમજી બિચારા બન્ને ગૃહસ્થો મુંગે મ્હોડે પોતાને ગામ પાછા ચાલ્યા ગયા !

તા. ૨૩ આગષ્ટની રાતે પુરંદરની એક રામોશી ટોળીએ કિકવી નજીકના આળંદી ગામના દેશપાંડેના ઘરમાં ધાડ પાડી આશરે સત્તરસો પંચાણું રૂપિયાનો માલ લૂંટી સર્વ જણસો સાકુર્ડી લઇ ગયા. આ લૂંટમાં તેમને કેટલાક સોના ચાંદી અને મોતીના દાગીના પણ મળ્યા હતા.

સપ્ટેમ્બર મહિનામાં ફલટણ દેશમાં ઉમાજીએ જે એક ટોળી મોકલી હતી અને જેણે તે પ્રાંતમાં ત્રણ ધાડ પાડી હતી તે સિવાય સાકુર્ડીમાં નિવાસ હતો ત્યાં સુધીમાં બીજી કોઇ પણ લૂંટમાં અથવા ચોરીમાં ઉમાજીનો બિલકુલ હાથ નહતો. તેના નામથી બીજા લોકો તેવાં કામ નહોતા કરતા એમ નહતું. સામ્પ્રત એ પ્રાંતમાં એવાં કાર્ય માટે તેનું નામ જેટલું જગપ્રસિદ્ધ થયું હતું તેટલું બીજા કોઇનું થયું નહતું એટલો જ ભેદ હતો.

પ્રકરણ ૧૩ મું.

વાઘની ગાય !

કંપની સરકારની નોકરીમાં સાકુર્ડી રહીને આસપાસના પ્રાંતમાં અને ક્વચિદ્ વેગળેના પ્રાંતમાં પોતાના તાબાના કૈકાડી અને રામોશી લોકોને મોકલી ઉમાજી લોકોના ઘર ઉપર ધાડ પડાવતો હતો તે તથા પાછળ કહ્યા પ્રમાણે લોકોના સર્વ પ્રકારના તોફાન ધાંધળનો ઇન્સાફ પોતાની ઇચ્છાનુસાર સ્થાપન કરેલી ન્યાય-કચેરીમાં કરતો હતો અને તેમ કરી દ્રવ્ય ઉપાર્જન કરવાની અને પ્રાંતમાં શાંતતા રાખવાની તેણે અજબ યુક્તિ શોધી કાઢી હતી અને કંપની સરકારના પ્રદેશમાં દંડાનું રાજ્ય પ્રસાર્યું હતું તે ઘણા દિવસ ચાલુ રાખવાનું કંપની સરકારની દ્રષ્ટિયે કોઇ પણ રીતે ઇષ્ટ જણાયું નહોતું !

કંપનીએ ઉમાજીને એ કાર્ય માટે જ પોતાની નોકરીમાં રાખ્યો નહતો. તેને સાકુર્ડીમાં સ્વતંત્રપણે રાખવો અને તેના કામ ઉપર દાબ રાખવા કોઇ અમલદાર નીમવો, તે પણ આસપાસના ગામની પ્રજાને માટે અને સરકારને માટે ત્રાસદાયક જણાયું. તેથી અમલદારોએ તેને સાકુર્ડીથી પુનાના કલેક્ટર સાહેબની દેખરેખ નીચે લાવી રાખવાનું નક્કી કર્યું, અને સરકારે તે પ્રમાણે અમલ પણ કર્યો. પરંતુ તેમ કરવા પહેલાં સરકારના મનમાં ઉમાજીની સાકુ-

દીથી સત્વર બદલી કરવા માટે તા. ૨૨ મી સપ્ટેમ્બરને ઇ. સ. ૧૮૨૯ ને દિવસે પુનામાં ખજાનાના તળાવ પાસેના મંગળદાસ શાસ્ત્રીને ઘેર જે ચોરી થઇ તે બનાવ શી રીતે બન્યો તેની હકીગત પ્રથમ લખવાથી સર્વ વિષય વાંચકોના લક્ષ્યમાં આવી જશે.

પુરંદરના કિલ્લા પાસે સોનોરી નામક એક ન્હાના ગામમાં હનમંતા નામનો એક રામોશી રહેતો હતો. તેણે આસપાસનાં ન્હાનાં ગામોમાંથી કેટલાક કોળી લોકોની એક ટોળી એકત્ર કરી ઉપર લખેલે દિવસે (તા. ૨૨ મી સપ્ટેમ્બરે) રાતને સમયે પુને ખજાનાના તળાવ પાસે રહેતા મંગળદાસ શાસ્ત્રીના ઘર ઉપર દરોડો પાડયો, અને ત્યાંથી તેમણે આશરે એક હજાર રૂપિયાનો માલ લૂંટી લીધો. એ કાર્ય તેમણે ઉમાજીની સલાહથી કર્યું નહતું, તેથી તેઓ મનમાં જાણુતા હતા કેઃ ઉમાજી તેમના ઉપર ગુસ્સે થયા શિવાય રહેશે નહિ. તેથી ઉમાજીને પ્રસન્ન કરવા માટે અને તેનો પોતાના ઉપરનો ક્રોધ ઉતારી દેવા માટે હનમંતાએ કેટલાક દિવસ પછી આશરે પાંત્રીશેક રૂપિયાનું કાપડ તેના તરફ મોકલી દીધું.

એકાદ ખાતાના ઉપરી અધિકારીના હાથ નીચેના એક ન્હાના અમલદારે કિંવા એકાદ મ્હોટા કુટુંબના મનુષ્યોમાંથી એક નોકરે પોતાની ઇચ્છાનુસાર એકાદ કામ કરી દેવું અને પછી ગમે તેમ કરીને પોતાના વડીલની તે માટે જેમ રજા મેળવવી; તેજ પ્રમાણે હનમંતાનું વર્તન થયું હતું. ન્હાના અમલદારે પોતાના ઉપરીને નહિ પૂછતાં જે કામ કર્યું હોય છે તે માટેની જેમ પાછળથી રજા મળવાનો સંભવ નથી રહેતો અને તે નહિ મળવાથી જેમ ન્હાના અમલદારને પોતાના ઉપરી પાસે નાક લીટીઓ તાણવી પડે છે અને તેમ કરતાં કરતાં તેનો દમ નાકે આવી જાય છે અને તેમ કરવા છતાં પણ ઉપરી અધિકારી પ્રસન્ન થયો નથી એવું જાણ્યાથી બિચારા ન્હાના અમલદારની જેવી શોચનીય સ્થિતિ થાય છે તેવી જ સ્થિતિ હમણાં હનમંતાની થઇ હતી.

પુરંદરના પ્રદેશમાં વસતા સર્વ રામોશીઓમાં ઉમાજી મુખ્ય નાયક હતો. સર્વ રામોશીઓ અત્યાર સુધી તેને પોતાનો મુખ્ય જાણી તેની આજ્ઞા

પ્રમાણે વર્તતા હતા. જુદે જુદે સ્થળે જુદા જુદા નાયકોના હાથ નીચે ન્હાની મ્હોટી ટોળીઓ સોંપી તેને ન્હાની મ્હોટી ચોરીઓ અથવા લૂંટ કરવાના કામ ઉપર મોકલવાનો સર્વ અધિકાર મુખ્ય નાયક (ઉમાજી) ના હાથમાં હતો. ન્હાના મ્હોટા સર્વ બનાવો તેની જ સલાહથી બનતા હતા. મુખ્ય નાયકની સંમતી વગર પુરંદરનો ગમે તે એક રામોશી એક ટોળી એકત્ર કરી ઇચ્છામાં આવે તે સ્થળે ધાડ પાડે અને પછી પોતાના મુખ્ય નાયકની સંમતિ મેળવવા માટે કિંવા તેને ખુશી કરવા માટે અથવા તેના નાયકપણાનું માન રાખવા માટે તેના તરફ દશવીશ રૂપરડીનું કાપડ વગેરે મોકલી દે એ તો મુખ્ય નાયકનું અપમાન કરવા જેવું જ ગણાતું. મુખ્ય નાયકથી એવું કાર્ય સહન થતું નહિ. હનમંતા રામોશીએ આ વખતે એવું જ કાર્ય કર્યું હતું. તેણે પાછળથી ઉમાજીના મનને સંતોષ આપવાનો પ્રયત્ન કર્યો હતો. તેમાં તેને યશ મળ્યો નહિ. તેણે ઉમાજીને પાંત્રીસ રૂપિયાનું કાપડ મોકલ્યું તેથી સંતોષ નહિ પામતાં ઉમાજી ઉલટો તેના પર ગુસ્સે થયો. તેણે તુરત જ હનમંતાને રૂબરૂ બોલાવવા માટે એક માણસ મોકલ્યું. હનમંતા જાણતો હતો કે તેણે કરેલું કૃત્ય ઉમાજીને પસંદ પડશે નહિં. ઉમાજીના મનુષ્યને બોલાવવા આવેલો જોઈ હનમંતાના ટાંટીયા નરમ થઈ ગયા. તેણે ત્યાંથી મ્હોં સંતાડયું. ઉમાજીનો માણસ તેને તેડયા શિવાય ત્યાંથી ખસે તેમ નહતું. હનમંતો તેને પોતાનું મ્હોં બતાવતો નહતો. તે જો ઉમાજીના માણસ સ્હામુ એક વખત આવ્યો હોત તો બસ હતું. તે તેને તુરતજ પકડી સાકુર્ડી લઈ જાત. હનમંતો મ્હોં બતાવતો નહિ હોવાથી અંતે તે માણસે હનમંતાના ન્હાના ભાઈને સાકુર્ડી લીધો. ત્યાં ગયા પછી ચોરીમાં જેટલાં મનુષ્યો હતાં તે સર્વને પકડી પુનાના મેજીસ્ટ્રેટ સાહેબ પાસે ઉભા કરવાની ઉમાજીએ તેને ધમકી આપી. અંતે હનમંતા પાસેથી દંડ તરીકે ઉમાજીએ પાંચસો રૂપિયા રોકડા અને સો રૂપિયાની એક ચીઠ્ઠી લખાવી લીધી. હનમંતાએ દંડની રકમ એકલાએ ભરી નહોતી. તેણે તે રકમ પોતાની ટોળીમાંના સર્વ મનુષ્યો પાસેથી સરખે હિસ્સે ઉઘરાવી લીધી હતી. એટલું કરીને જ ઉમાજી થોભ્યો નહોતો. તેણે પોતાનાં માણસો

ઉપર રૉફ બેસાડવા અને પોતાનો અધિકાર કેટલો છે તે સર્વને બતાવી આપવા માટે હનમંતાના ન્હાના ભાઇને અને તેની ટોળીમાંનાં કેટલાંક માણસોને પકડી (ઉમાજીએ) પુનાના મેજીસ્ટ્રેટ સાહેબની કૉર્ટમાં ઉભાં કર્યાં. ત્યાં તેમનો ન્યાય થયો અને તેમને સખ્ત મજુરીની કેદની શિક્ષા થઈ. જે રૂપિયા માટે હનમંતાએ ઉમાજીને ચીઠ્ઠી લખી આપી હતી તે વસુલ કરવા માટે ઉમાજીના ભાઇ અમૃતાએ કેટલાક દિવસ પછી સોનોરી જઇને હનમંતાને અને તેના ઘરનાં માણસોને અત્યંત ત્રાસ આપીને અને તેનું ઘર લૂંટી લઇને માંગતા રૂપિયા વસુલ કરી લીધા. હનમંતાએ ઘણે કષ્ટે અને કાલાવાલા કરીને તેટલી રકમ પુરી કરી આપી. દંડમાંના સો રૂપિયા બાકી રહ્યા હતા તે માટે અને પ્રથમનાં પાંચસો રૂપિયા માટે હનમંતાને, તેના કુટુંબનાં મનુષ્યોને અને તેના મિત્રોને ઉમાજી તરફથી જે ત્રાસ સહન કરવો પડયો હતો તેથી ચ્હીડાઇ, ગુસ્સે થઇને અને ઉમાજીની વર્તણુકથી કંટાળી જઇને તેના ઉપર વૈર લેવાનો નિશ્ચય કરી હનમંતો તેજ કાર્યમાં વળગ્યો.

તે સમયે પુનાની આસપાસના પ્રદેશમાં જે રામોશી લોકોએ ચોરીઓ કરી હતી તેને પકડવા માટે પુનાના કલેક્ટર સાહેબના હુકમથી અગીઆરમી પલટણમાંની એક ટુકડીની—એ કામ માટે—નિમણુક થઈ. જે સમયે એલ્ફિન્સ્ટન સાહેબનું થાણું પુનામાં હતું તે સમયે યવતનો રાણું નામક એક સુપ્રસિદ્ધ રામોશી તે ટુકડીમાં હતો. હનમંતા તેને જઈ મળ્યો. ઇ. સ. ૧૮૨૯ ના સપ્ટેમ્બર માસમાં પુનામાં હનમંતાએ જે ધાડ પાડી હતી તે માટે રાણુ પાસેથી માફી મળવાનું વચન લઇ ઈ. સ. ૧૮૩૦ ના મે મહિનામાં વડગામ ભાંડીમાં જે ધાડ પડી હતી અને તેમાં એક બ્રાહ્મણ મરણ પામ્યો હતો તે ધાડ સંબંધી ઘણી ખબરો પુરી પાડવાનું હનમંતાએ તેની પાસે કબૂલ કર્યું. રાણુએ પણ તે વાત કબૂલ કરી. ત્યાર પછી કેટલેક દિવસે વડગામ ભાંડીની ધાડમાં જે જે માણસો સામેલ હતાં તેમાંના ઘણાં માણસોને અગીઆરમી પલટણની ટુકડીએ પકડયાં. એ ટોળીમાંના બે મનુષ્યો ઉમાજીના તાબામાં હોવાનું હનમંતાએ કહ્યું તેથી ટુકડીના ઉપરી અમલદારે તે બન્ને મનુષ્યોને તાબડતોબ પોતાના તરફ

મોકલી દેવા માટે ઉમાજીને તાકીદનો હુકમ લખી મોકલ્યો. ઉમાજીએ તે પત્રનો ઉત્તર મોકલ્યો નહિ, એટલુંજ નહિ પણ તે પત્ર લઇ આવનાર મનુષ્યને જ કેદમાં ઠોકી દીધો ! ઉત્તર મળ્યો નહિ તેમજ પત્ર લઈ જનાર મનુષ્ય પણ પાછો આવ્યો નહિ, એ જોઈ પોતાની ફોજની ટુકડી આગળથી સાસવડ મોકલી દઇ, અમલદાર રાણુ રામોશીને લઈ પાછળથી સાકુર્ડી ગયો. અમલદાર તા. ૧૨ મી અકટોબરે સ્હવારે ત્યાં પહોંચ્યો તે જ વખતે ઉમાજીનાં માણસોએ તેની આસપાસ ઘેરો ઘાલ્યો. પ્રથમ તેમણે રાણુ ઉપર હુમલો કરી તેની પાસેનાં હથીઆરો છીનવી લીધાં. ત્યાર પછી તેમણે ચારે તરફથી તેના પર લાત મુક્કીના પ્રસાદનો વર્ષાદ્ વર્ષાવ્યો. એ પ્રસાદની અતિ વૃષ્ટિ તે બિચારાથી સહન થઈ નહિ. વર્ષાદના જોરથી તે વાંકો વળી ગયો અને પૃથ્વી પર પડી અંતે બેભાન થઈ ગયો. થોડી વાર થયા પછી તેને મળેલો પ્રસાદ હજી ઓછો જાણી ઉમાજીની ટોળી પુનઃ તેના પર ધસી પડી, અને થોડા સમયમાંજ તેમણે તેના શરીરની કણક સારી પેઠે કેળવી ! તેમનું એવું અપમાનકારક કૃત્ય જોઈને અને પોતાના તાબાના એક નોકરની, અવિચારી અને ક્રોધાંધ થયેલા રામોશી લોકોએ દુર્દશા કરેલી જોઇને, ટુકડીના અમલદારથી સ્વસ્થ રહેવાયું નહિ. પરંતુ રામોશીઓ ઘણા હોવાથી અને પોતે તેમના ગામમાં ગયેલા હોવાથી તેમને ધમકી આપ્યા શિવાય બીજું કંઇ કરી શકાય તેમ નહોતું. તેમનાં કૃત્યનું પરિણામ સારૂં આવશે નહિ એમ પણ તે અમલદારે તેઓને કહ્યું. પરંતુ તેમના કહેવાનો સદુપયોગ થયો નહિ. ઉલટું તેમના મન ઉપર અગ્નિમાં તેલ હોમાયા જેવું પરિણામ થયું, અને તેઓ વિશેષ ગુસ્સે થયા. તેમણે તે અમલદારને કહ્યું કેઃ "જો જીવની દરકાર હોય તો તુરત અહિંથી ચાલ્યા જાઓ, નહિ તો તમારી પણ એવી જ વ્હલે થશે." વધારામાં તેના ઉપર ગાળોનો વર્ષાદ વર્ષાવી તેની શોભામાં વૃદ્ધિ કરી !

"રાણુ યવતનો હોવાથી તેને અમારી હદમાં આવી અમારા કામમાં હાથ ઘાલવાનો અને અમારો અધિકાર છીનવી લેવાનો શો હક્ક છે વારૂ? આ પ્રાંતના બંદોબસ્તનું કામ સરકારે અમને સોપ્યું છે તે કામ અમે જ

કરીશું. તે અમારા કામમાં ધાલમેલ કરવા આવ્યો તેથી તેની આવી દશા થઈ છે." એવું તેમણે અમલદારને કહ્યું, અને તેને બોલતો બંધ જ કરી દીધો. તે સમયનો ભયંકર પ્રસંગ જોઇ અમલદાર તુરત જ સાસવડ ચાલ્યો ગયો. ત્યાં જઈને કેટલાક ઘોડેસ્વાર મોકલી રાણુને તુરત જ છોડી દેવાની ઉમાજીને આજ્ઞા ફરમાવી. એ હુકમને પણ ઉમાજીએ પ્રથમની પેઠે ખીંટીએ લટકાવ્યો! ઉમાજીએ અમલદારને કહાવ્યું કે: "રાણુના હાથ નીચે હનમંતા નામનો જે રામોશી છે તેને પકડી તુરત જ સાકુર્ડી મોકલી દેવો, કારણ કે ઘણી ચોરીઓમાં તેનો હાથ હોવાના પુષ્કળ પુરાવા છે." ઉમાજી જાણતો હતો કે તેના એ સાહસ કર્મનું પરિણામ સારૂં આવશે નહિ. તેથી બીજે દિવસે સ્હવારે રાણુને તાબડતોબ બંધન મુક્ત કરવાનો કલેકટર સાહેબનો હુકમ આવતાં જ ઉમાજીએ તેને તુરત જ છોડી દીધો. તે ત્યાંથી જીવ લઇને નાઠો તે ઝપાટાબંધ પુને આવીને થોભ્યો.

રાણુ પુને ગયો ત્યાર પછી ઉમાજીએ પણ સાકુર્ડીને હમેશને માટે સલામ કરી! અને પાડોશના ડુંગરમાં જઈ ત્યાં પોતાનું થાણું રોપ્યું. તેજ દિવસથી ઉમાજી કિંવા તેનાં માણસો રાતે સૂઈ રહેવા માટે કદી પણ ગામમાં આવ્યાં નહિ. જોકે ત્યાર પછી ઉમાજી પુને ગયો હતો ખરો પરંતુ તેનાં માણસોએ પોતાનું રહેઠાણ ડુંગરમાં કર્યું તેજ કર્યું.

અમલદારની આજ્ઞાનો ભંગ કરવો અને તેના તાબાના મનુષ્યોની દુર્દશા કરવી એ ઉમાજીનું વર્તન ખરેખર અવિચારી હતું. તેના એ વર્તન માટે સરકાર તેને ક્ષમા આપે એ પણ અશક્ય જ હતું. તેના એ કૃત્ય ઉપરથી સરકારે તેને પુરંદર પ્રદેશના પોલીસ ખાતામાંથી દૂર કરવાનો નિશ્ચય કર્યો.

આ સમયે કૅપ્ટન મૅકિનટોશ સાહેબ અહમદનગર હતા. તેને સરકારના સેક્રેટરી સાહેબે જણાવ્યું કે: "તમે તુરત જ મહાબલેશ્વર ગવર્નર સાહેબને મળવા આવો." એ પત્ર મૅકિનટોશ સાહેબને તા. ૧૭ મી અકટોબરે મધ્યાન્હકાળે મળ્યો. "ઉમાજીને હવેથી સાકુર્ડી રહેવાનું નથી પણ તેણે પુને જ રહેવું જોઈએ. ત્યાં તેને દર મહિને ચાલીશ રૂપિયા પગાર મળ્યા કરશે. સાકુર્ડી અને તેની આસપાસના પ્રદેશનું કામ ઉમાજીના ભાઇ કૃષ્ણા-

જીને સોંપવામાં આવ્યું છે તેથી તેણે ત્યાં રહેવું. ઉમાજીએ પોતાનું સ્થાન સાકુર્ડીથી બદલી આઠ દિવસમાં પુને આવવાની તૈયારી કરવી. એથી વિશેષ દિવસ રહેવાની સગવડ મળશે નહિ. આઠ દિવસમાં જો તે પુને નહિ આવે તો લશ્કરી સિપાહીઓદ્વારા તેને તેમ કરવાની ફરજ પાડવામાં આવશે." આટલે દરજ્જે સરકારમાં નિશ્ચય થયો હતો અને એ સંબંધી ઉમાજીને ખબર પણ આપવામાં આવી હતી.

ઉમાજી જો સરકારનો ઉપરોક્ત હુકમ માને નહિ અને કદાચ સ્હામું થઈ જાય તો તેની સ્હામે હુમલો લઈ જવાનો નિશ્ચય કરવા માટે ગવર્નર સાહેબે મૅકિનટોશ સાહેબને મહાબળેશ્વર પોતાની મુલાકાતે બોલાવ્યા હતા. તેમજ પુનાની એક લશ્કરી ટુકડીને થોડા સમયમાં જ હુમલો કરવા જવાને તદ્દન તૈયાર થઇ રહેવાનો સરકારી હુકમ મળ્યો હતો. પરંતુ એવો પ્રસંગ ઉમાજીએ ડહાપણ વાપરી આવવા દીધો નહિ. સરકાર તરફથી તેને આઠ દિવસની મુદ્દત આપવામાં આવી હતી તે મુદતમાં ઉમાજી પુને ગયો નહિ, પરંતુ છેલ્લે દિવસે એટલે તા. ૫ મી નવેમ્બરને દિવસે પોતાના કુટુંબસહિત તે પુને જઈ પહોંચ્યો.

સાકુર્ડીથી પુને આવી રહેવા માટે સરકારે ઉમાજીને જ્યારે ફરજ પાડી અને તે પ્રમાણે તે પુને આવી રહ્યો ત્યારે પુનાના મેજીસ્ટ્રેટની પરવાનગી શિવાય પુના છોડી નહિ જવાની સરકારે ઉમાજી પાસેથી તથા તેના જામીન તરીકે પુરંદર પ્રદેશના પાંચ ગામના પટેલો પાસેથી કબુલત લખાવી લીધી. ત્યાર પછી સરકારે ઉમાજીને ઘર બાંધવા માટે બસો રૂપિયા અગાઉથી આપ્યા. ઉમાજીને પુને લાવી રાખ્યાથી અને રહેવાનું ઘર બંધાવી આપ્યાથી તે સ્વસ્થ રહેશે, કંઇ પણ ઉપદ્રવ નહિ કરતાં પુનામાં જ પડી રહેશે અને સરકાર તરફથી મળતા પગારથી સંતોષ પામી, તેના પગમાં ઘાલેલી નોકરની બેડી ધીમે ધીમે સજ્જડ થતી હોવાથી ઉમાજી સહવાસને લીધે તે પણ સહન કરશે એવું સરકારના ધારવામાં હતું, પરંતુ તે માત્ર ભ્રમ હતો! જે મનુષ્યો તેના સ્વભાવને ઓળખતા હતા તેમને એવો ભ્રમ થતો ન હતો એવું મેકિનટોશ સાહેબ કહે છે. સરકારે ઉમાજીને પુને લાવવામાં સ્થળાંતર

કર્યો હતો તેજ પ્રમાણે તેનામાં સ્થિત્યાંતર પણ થયું હતું. તે સાકુર્ડી હતો તે સમયે તેની આસપાસના પ્રદેશનાં સર્વ ન્હાનાં મ્હોટાં મનુષ્યો ઉપર તેનું વજન હતું. તે શૂરવીર, સાહસિક, અને જનસમાજનો આગેવાન થવાને લાયક હોવાથી તેમ જ તે પ્રથમ એક મ્હોટી ટોળીનો આગેવાન નાયક હોવાથી સર્વ મનુષ્યો તેનાથી ભય પામતાં હતાં. તેમાં વળી તેના હાથમાં પોલીસ અમલદારનો અધિકાર આવ્યાથી વિશેષ વૃદ્ધિ થઈ હતી. તેમ થવાથી તેનો પ્રભાવ પ્રથમ કરતાં વિશેષ પડતો હતો. તેનું સર્વ આયુષ્ય લૂંટફાટ, ચોરી, ખુન અને ધાડ જેવાં દુષ્કૃત્યો કરવામાં વીતેલું હોવાથી તેને એવાં કામ કરવાની જ ટેવ પડી હતી. તે ટેવને લીધે સાકુર્ડીમાં રહીને તે ઇચ્છાનુસાર કાર્યો કરી શકતો. અધિકારને લીધે લોકો ઉપર મરજી પ્રમાણે સત્તા ચલાવતો, અને લોકો પણ નિરૂપાયે તેની સત્તા કબૂલ કરતા. ઉમાજી પુને આવ્યા પછી એ સર્વ પ્રપંચ બંધ પડ્યા. પુનામાં કોઈ તેનો ભાવ પૂછતું નહિ. જે ઉમાજી સાકુર્ડીમાં વાઘની પેઠે ગર્જના કરતો હતો, તે પુને આવ્યા પછી ગોકળ ગાય જેવો નરમ થઈ ગયો! તેના હાથમાંથી અધિકાર જતો રહેલો હોવાથી તે પુનામાં નિસ્તેજ અને નિર્માલ્યવત્ થઈ ગયો. ગામડાનો (પોલીસ) પટેલ પોતાના ગામમાં રાજા જેવો હોય છે પણ તે શહેરમાં આવે છે ત્યારે તેનાં ગામનાં જ માણસો તેનો ભાવ પૂછતાં નથી! તેજ પ્રમાણે ઉમાજી પુને આવ્યા પછી થયું હતું. પોતાની એ સ્થિતિ ઉમાજી જેવા ચાણાક્ષ અને ઘણા દિવસ સ્વતંત્રપણે સત્તા અને અધિકાર ભોગવી મસ્ત બનેલા મનુષ્યના લક્ષ્યમાં થોડા દિવસમાં જ આવ્યા શિવાય રહ્યું નહિ. નોકરી ચાકરી નહિ કરતાં ઘરમાં સ્વસ્થ બેસી રહીને કંપની સરકાર દ્વારા મળતું અન્ન તેનાથી ઉડાવાયું નહિ! તે તેને કેદખાનાના દુર્ગંધમય અન્ન જેવું લાગ્યું. તેના મનની સ્વસ્થતા ચાલી ગઇ અને તેને બદલે અસ્વસ્થતા આવી. કોઈ પણ પ્રકારની ખટપટ કરીને ત્યાંથી છુટવાનો તેણે ઉદ્યોગ કર્યો. પુને આવ્યા પછી તેણે કયાં કયાં કાર્યો કર્યા અને તેમાં તેને કેવો યશ મળ્યો તે આપણે હવે પછીના પ્રકરણમાં જોઈશું.

પ્રકરણ ૧૪ મું.

વાઘ છૂટયો રે છૂટયો!

પુરંદર પ્રદેશમાં પોલીસ અમલદાર તરીકે રહીને ઉમાજીએ સાકુર્ડીમાં નિવાસ કર્યો તે દરમ્યાન તેણે જૂદા જૂદા પ્રકારનાં તોફાનો કર્યાં હતાં તે કંપની સરકારે તેને ત્યાંથી બદલી પુને મોકલ્યો ત્યારથી ઘણાં જ ઓછાં થઈ ગયાં, અને ત્યાંની પ્રજાને થોડીક શાંતિ મળવા લાગી. થોડી શાંતિ કહેવાનું કારણ એ છે કે ઉમાજીની પેઠે જ બીજી જાતના લૂંટારા લોકો એવો જ ધંધો ગ્રહણ કરી સરલ રીતે પોતાની ત્રીજોરી ભરવાની અનેક ખટપટો કરતા હતા! ઉમાજી પોલિસ અમલદાર થયો તે પહેલાં લૂંટફાટના કામમાં ઘણો પ્રસિદ્ધ હતો તેથી તેનું નામ સર્વત્ર પ્રસિદ્ધ થઇ ગયું હતું. તેના નામથી બીજા લૂંટારાઓએ પણ એવો જ વ્યાપાર ચાલુ રાખ્યો હતો. ભોજાજી, કૃષ્ણાજી, યાવતનો રાણુ અને સત્તુ વગેરે તે ટોળીમાંના જ હતા. એ લોકોની ટોળીએ પુના અને સતારા જીલ્લામાં જેમ કેટલાંક વર્ષ પર્યંત લૂંટફાટ ચલાવી હતી તે જ પ્રમાણે નગર જીલ્લામાં એક બ્રાહ્મણ બળવાખોરે પણ કેટલાક દિવસ ઘણી લુંટફાટ કરી હતી. તે બ્રાહ્મણનું નામ કાકાજી હતું. એ નગર જીલ્લા પૈકીના પિરના રાંજણ ગામનો રહેવાસી કરાડો હતો. તેણે પોતાની પાસે હોંશિયાર ઘોડેસ્વાર રાખીને તે પ્રાંતમાં ઉમાજીના જેવો જ ધંધો ચાલુ રાખ્યો હતો. એક દિવસ ત્રીજી નેટિવ પાયદળ પલ્ટનના લેફટેનન્ટ કર્નલ નગરથી પુને આવવા માટે નિકળ્યા હતા. તેની સાથે માર્ગમાં જ કાકાજીની મુલાકાત થઈ. કાકાજીએ એવા મ્હોટા સાહેબ બહાદુરને પણ પોતાનો હાથ બતાવવામાં પાછું જોયું નહિ. તેણે સાહેબનો બેસવાનો ઘોડો, તેમનું ઘડીઆળ વગેરે વસ્તુઓ નિર્ધાસ્તપણે લૂંટી

લીધી. તે લઇને કાકાજીએ તેમને જીવતા છોડી દીધા કે તલવાર વડે બલિદાન આપ્યું તે નક્કી કહી શકાય એમ નથી. સાહેબ બહાદુરને પોતાનું પરાક્રમ બતાવી કાકાજીની સ્વારી ત્યાંથી સાકુર્ડી ઉમાજીની મુલાકાતે ગઈ. ત્યાં કેટલાક દિવસ રહ્યા પછી બન્નેએ એવો નિશ્ચય કર્યો કેઃ બન્નેએ સલાહ સંપથી એકત્ર થઇ પોતાનું કાર્ય ચલાવવું. એવું ઠર્યાથી બન્ને પ્રતિજ્ઞા અને શરતો કરવા માટે જેજુરી ગયા, અને ત્યાંના ખંડોબાના દેવળમાં દેવની સમક્ષ દેવને ચઢેલાં પુષ્પ ઉંચકી પરસ્પર પ્રતિજ્ઞાઓ કરી. કેટલાક દિવસ પછી કાકાજીએ નિરા નદીના કિનારા પરના સર્વ ગામડાંના પટેલોને બોલાવી લાવવાનું ઉમાજીને ફરમાવ્યું. કાકાજીને એ પ્રાંતની માહિતી નહિ હોવાથી અને પોતાની ઘોડેસ્વાર ટોળીમાં વિશેષ મનુષ્યોનું ભરણું કરવાની ઇચ્છા હોવાથી તેણે ઉમાજી દ્વારા એ કાર્ય કરી લેવાનો ઘાટ ઘડયો. પરંતુ ઉમાજી એકગણો ઉસ્તાદ હતો ત્યારે કાકાજી બમણો પ્રપંચી–ડફાડગીર–જુઠ્ઠો અને કપટી હતો ! તેણે ઉમાજીને પોતાનું ખરૂં નામ જણાવ્યું ન હતું. કાકાજીએ ઉમાજીને પોતાનું નામ ગોદાજી ડેંગળે અને ત્રિંબકજી ડેંગળેનો પુત્ર જણાવ્યો હતો. ઉપરાંત પોતે શ્રીમંત બાજીરાવ પેશ્વા સાહેબ તરફથી આવ્યો છે અને કંપની સરકારને ત્રાસ આપવાનો પોતાનો મુખ્ય ઉદ્દેશ છે, શ્રી પેશ્વા સાહેબે એક બ્રાહ્મણ દ્વારા ફલટણના શાહુકાર ઉપર અઢી લાખ રૂપિયાની હુંડીઓ એ કામ માટે જ લખી મોકલી છે વગેરે વાતો કહી. તેથી પ્રથમ તો ઉમાજીનો તેના ઉપર વિશ્વાસ બેઠો. તે ઉપરથી તેણે નિરા નદીના કિનારા પરનાં ગામડાના સર્વ પટેલોને બોલાવી મંગાવ્યા. તે બધા આવી પહોંચ્યા એટલે ઉમાજીએ અને કાકાજીએ તેમને પોતાના વિચારો કહી સંભળાવ્યા. સર્વ ગામના પટેલોને ઉમાજી દ્વારા થોડો ઘણો ત્રાસ વેઠવો પડયો હતો. ભવિષ્યમાં તેમને કાકાજી પોતાની નોકરીમાં રાખશે અને તેમના દ્વારા લૂંટ, ચોરીઓ અને ધાડ પાડવાનાં કાર્યો કરાવી પોતાની તિજોરી તર કરશે એવું જાણી તેમણે ઉમાજીની માંગણી સ્વીકારી નહિ. તેમણે ઉમાજીને સાફ ના પાડી. કારણ કે એ ભાંજગડમાં પડવાથી તેમને કેવાં કેવાં સંકટો સહન કરવાં પડશે તે સર્વ પટેલો સારી પેઠે જાણતા હતા. એમ થવાથી

કાકાજીએ મનમાં રચેલી વ્યૂહ રચના ઢસળી પડી ! ત્યાર પછી તે ઉમાજી પાસે ઘણા દિવસ પર્યંત રહ્યો નહિ. તેમના વચ્ચે થયેલા કોલ કરાર તેમની પાસે જ રહ્યા. કાકાજી પોતાના ઘોડેસ્વારની ન્હાની ટુકડી લઇને સ્વતંત્ર રીતે લૂંટફાટ કરવા લાગ્યો. પરંતુ થોડા સમયમાં જ કંપની સરકારે તેને પકડી કેદમાં પૂર્યો. તેણે કરેલા અત્યાચારોની ન્યાય-કૉર્ટમાં તપાસ ચાલી. તેમાં કાકાજીને ઈ. સ. ૧૮૩૦ ના માર્ચ મહિનામાં નગરમાં ફાંસી દેવામાં આવી. એમ થવાથી નગર જીલ્લામાંથી એક ન્હાની લૂંટારૂ ટોળી નાશ પામી અને તે પ્રાંતમાં શાંતિનું સામ્રાજ્ય પ્રવર્તવા લાગ્યું.

ઉમાજી અને કાકાજી વચ્ચે સંપ થયો નહિ; તે ફાંસીએ ગયો વગેરે બધી વાત ખરી પરંતુ ઉમાજીને કાકાજીએ કહ્યું હતું કે: બાજીરાવે એક બ્રાહ્મણદ્વારા અઢી લાખ રૂપિયાની હુંડીઓ ફલટણના એક શાહુકાર ઉપરની આપી છે. એ ગપ્પ સાંભળતાં જ તે રકમ મેળવવા માટે ઉમાજીના મ્હોંમાં પાણી છુટયું હતું ! કારણ કે બાજીરાવ અને ત્રિંબકજીની સલાહથી ગંગાધર શાસ્ત્રી પટવર્ધનનું ખૂન થયા પછી કંપની સરકારમાંથી શ્રી. બાજીરાવ સાહેબ ઉપર તાકીદ થતાં ત્રિંબકજીને પકડવામાં આવ્યો હતો. તેને કંપનીએ પોતાના તાબામાં લઈ થાણાના કિલ્લામાં કેદ કર્યો હતો. ત્યાંથી એક સિપાહીની મદદથી ન્હાસી જઈ તે મહાદેવના ડુંગરોમાં ભરાઈ ગયો હતો. તે ત્યાં હતો તે સમયે તેને શ્રીમંત બાજીરાવ તરફથી ગુપ્ત રીતે પૈસા વગેરે પુરા પાડવામાં આવતા હતા. તે કામ માટે ફલટણના શાહુકારોને ત્યાં શ્રીમંતે પુષ્કળ પૈસા જમે રાખ્યા હતા એવું લોકોમાં બોલાતું હતું. એ વાત કંપની સરકારના અમલદારોના કાન પર્યંત જઈ પહોંચી હતી. ત્યાર પછી ત્રિંબકજી અને તેના માલિક શ્રીમંતના પ્રપંચની અને તેમની સાથે જ મરાઠી રાજ્યની ઇતિશ્રી થઈ તથા તે બન્નેને ઉત્તર હિંદુસ્તાનમાં જૂદે જૂદે સ્થળે જવું પડયું. એ સર્વ બનાવો પટવર્ધન શાસ્ત્રીનું ખૂન થયું તે સમયથી બે ત્રણ વર્ષ (ઈ. સ. ૧૮૧૬-૧૮)માં બની ગયા હતા. તેમ થવાથી ત્રિંબકજીની મદદને માટે ફલટણના શાહુકારોને ત્યાં જે મ્હોટી રકમો જમે થઇ હતી તેનો બરાબર ઉપયોગ થઈ શકયો નહિ. તે રકમો

શાહુકારોને ત્યાં અનામત જ રહી ગઈ. મહાદેવનો ડુંગર ફલટણથી આઠ દશ ગાઉ ઉપર છે. ત્યાંથી ત્રિંબકજીને ગુપ્ત રીતે મદદ કરવાનું સહેલું થઈ પડયું હતું, અને તે કામ માટે જ ફલટણના શાહુકારોને ત્યાં શ્રીમંત બાજીરાવ સાહેબે મ્હોટી રકમો જમે રાખી હતી, એ વાત પુના દરબારના બે મ્હોટા જાગીરદારોના જાણવામાં હતી. પેશ્વાઈ ડૂબ્યા પછી ઉમાજીએ જ્યારે પ્રથમ બહારવટાનો ઝુંડો ઉભો કર્યો તે સમયે તે રકમ અથવા તેમાંના થોડા ઘણા રૂપિયા શાહુકારો પાસેથી પોતાને હાથ આવે એવી તે સરદારોને ઇચ્છા થઇ. પરંતુ તેઓ શાહુકારોને સંશય ન આવે એવી રીતે પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવાની ચિંતા. કરવા લાગ્યા. ઘણો વિચાર કર્યા પછી તેમણે નીચે પ્રમાણે યુક્તિ શોધી કાઢી.

શાહુકારો પાસે પૈસા લેવા માટે જેમ તેમના ઉપર હમેશાં હુંડીઓ કિંવા ચીઠીઓ લખાય છે તે પ્રમાણે પેલા બન્ને સરદારોએ ફલટણના જે શાહુ- કારો પાસે શ્રીમંત બાજીરાવ સાહેબે મ્હોટી રકમો જમે કરાવ્યાનો શક હતો, તે રકમ પાછી લેવા માટે તેમણે શાહુકારો ઉપર હુંડીઓ અને ચીઠ્ઠીઓ લખી. પેશ્વાઈ રાજ વખતે ઘણું કરીને રૂપિયાને બદલે મોહોરો, હોન અને પુતળીઓ જેવાં સોનાનાં નાણાં માટે જ એવી ચીઠ્ઠીઓ લખવામાં આવતી અને તેમાં મોહોરો, હોન અને પુતળીઓની સાવસ્તર હકીગત હમણાંની નોટોની પેઠે લખવાની ફરજ પડતી. શાહુકારોને શક ન પડે તે માટે પેલા બે સરદારોએ પણ ચીઠ્ઠીઓમાં મોહોરો અને પુતળીઓની સવિસ્તર વિગત લખી. ત્યાર પછી ચીઠ્ઠીઓ ઉપર પોતાની પાસ પેશ્વા સરકારના સિક્કા હતા તે માર્યા અને સર્વ કાગળો શાહુકારોને મોકલવા માટે તૈયાર કર્યા. તેમની પાસે પેશ્વા સરકારના સિક્કા હોવાથી તે કામ બહુ જ ચોક્કસ થયું હતું. તેમના સદ્ભાગ્યે તે જ સમયે ઉત્તર હિંદુસ્તાનનો એક ગોસાંઈ દક્ષિણમાં આવ્યો હતો, તેને તેમણે પોતાના પ્રપંચમાં ભેળવી લીધો. તેને પણ એવું જ કોઇક કામ જોઇતું હતું. તે મળવાથી ગોસાંઇનું અનાયાસે કામ થઈ ગયું ! શ્રીમંત બાજીરાવ પેશ્વા બ્રહ્માવર્તમાં જઈ રહ્યા પછીથી તે તરફનો ગમે તે ઢોંગી મનુષ્ય દક્ષિણમાં જઇ તેમના નામે ખરી ખોટી અનેક ગપ્પો મારતો અને તેમ કરી તેમને દ્રવ્ય કઢાવવાનું એક જબરૂં સાધન હાથ આવ્યું

હતું. હિંદુસ્તાનની બાતમી ફેલાવવાનો એ એક નવીન ધંધો થઇ પડયો હતો એમ કહેવું અસત્ય નથી. બાકી તેમના ગપાષ્ટકોમાં કેટલું સત્ય હતું તે તો તે ગપ્પીદાસ કિંવા પરમેશ્વર જ જાણતો !

ગોસાંઈને પોતાના પ્રપંચમાં સામેલ કર્યા પછી તેણે કેવી રીતે વર્તવું, તે બ્રહ્માવર્તથી બાજીરાવ સાહેબના કામ માટે દક્ષિણમાં આવ્યો છે વગેરે ગપ્પ ક્યાં અને કેવી રીતે ઠોકવી તે સર્વ સમજાવી, સરદારોએ શાહુકારો ઉપરની ચીઠ્ઠીઓ તેને સ્વાધીન કરી. ગોસાંઇએ તે ચીઠ્ઠીઓ ઉમાજીને આપવી અને ઉમાજીએ પોતાના માણસોની મદદ વડે શાહુકારોને ત્યાં જઈ તે ચીઠ્ઠીઓ વટાવી લેવી, એવો તેમના વચ્ચે ઠરાવ થયો હતો. વળી "ઉમાજીએ કંપની સરકારના પ્રદેશમાં જે તોફાન મચાવ્યું છે તેથી શ્રીમંત પેશ્વા સરકાર ઉમાજી ઉપર ઘણા ખુશી થયા છે" એવું ઉમાજીને કહેવા માટે ગોસાંઇને સમજાવી દીધું. તેમ થવાથી ઉમાજી એ કાર્ય કરવામાં આવું પાછું જોશે નહિ એવી તેમની ધારણા હતી. આ પ્રમાણે સરદારો પાસેથી ચીઠ્ઠીઓ લઈ ગોસાંઈ ઉમાજીને શોધતો શોધતો જેજુરી ગયો. ત્યાં તે ઘણા દિવસ રહ્યો પરંતુ ઉમાજી સાથે તેનો મેળાપ થયો નહિ, અને ગોસાંઇનો શ્રમ નિરર્થક ગયો. એ પછી કેટલેક દિવસે કંપની સરકારે ઉમાજીના પાછલા અપરાધની ક્ષમા આપી પોતાના તાબામાં નોકરીએ રાખ્યો તેથી ચીઠ્ઠીઓનું કામ એમને એમ પડી રહ્યું. થોડા દિવસ વિત્યા પછી ઉપરોક્ત એમાંનો એક સરદાર મરણ પામ્યો, અને બીજા સરદાર સાથે ઉમાજી અને કૃષ્ણાજીનો મેળાપ થયો ત્યારે તેણે સર્વ સાચી વાત ઉમાજીને કહી સંભળાવી, અને હજી પણ જો શાહુકારો પાસેથી ઉમાજી તે પૈસા કઢાવે તો તેમાંથી તેને મ્હોટો ભાગ મળવાની સરદારે લાલચ બતાવી, અને હુંડીઓ ચીઠ્ઠીઓ ઉમાજીને સ્વાધીન કરી. એ વાત સાંભળી ત્યારથી જ શાહુકારો પાસે ગુપ્ત રાખેલી મ્હોટી રકમ માટે ઉમાજીના મ્હોંમાં પાણી છુટયું હતું ! અનેક યુક્તિ પ્રયુક્તિ વડે મ્હોટી ભેખડ તોડી પાડયા શિવાય નહિ રહેવાનો તેણે વિચાર કર્યો અને તેજ ઉદ્યોગે વળગ્યો.

ઉમાજીએ પોતાના એક ભાઇને ઉપલા બનાવની તપાસ કરવા માટે

ગુપ્ત રીતે શાહુકારો તરફ મોકલ્યો. તેમાં કાંઇક સત્ય જણાયાથી તેણે પોતાની પાસેની હુંડીઓ–ચિઠ્ઠીઓ–ભિંવડીના પટેલને સ્વાધિન કરી અને તેની સાથે થોડાંક માણસો મોકલી તેમને ફલટણના શાહુકારોને ત્યાં પૈસા વસુલ કરવા મોકલ્યા. હુંડીઓ અને ચિઠ્ઠીઓ જોતાં જ તેની સત્યતા માટે સંશય આવતાં શાહુકારોએ કંઇક શાહુકારી અડચણો બતાવી હુંડીઓ સ્વીકારવાની ના પાડી. ઉમાજીનાં માણસોએ ઘણી જ ખટપટ કરી પરંતુ તેમાં તેમનું કંઇ વળ્યું નહિ, અને તેઓ જેવા હાથ હલાવતા ગયા હતા તેવા જ પાછા સાકુર્ડી આવ્યા.

આ બનાવને થોડા દિવસ વિત્યા પછી ઉમાજીએ પુનઃ પોતાનાં માણસોને ફલટણ મોકલ્યાં. તેમણે હુંડીના નાણાં માટે શાહુકારોને સખ્ત ધમકી આપી. ફલટણ પ્રદેશમાં ઉમાજીનું નામ અને પરાક્રમ કોઇથી અજાણ્યું નહતું. તે પ્રદેશની પ્રજા પણ તેનાથી ભય પામતી હતી. આ સમયે શાહુકારો તેમને પૈસા આપવાની તજવીજમાં જ હતા પરંતુ વચમાં બોલવા ચાલવામાં કંઇક એવો ચમત્કાર થયો કે જેથી સર્વ ઘાટ ફરી ગયો! શાહુકારોને ઉમાજીના માણસો ઉપર પક્કો વહેમ આવ્યો. તેમણે જઇને તુરત જ તે વાત ત્યાંના મામલતદારને વિદિત કરી, અને પોતાને ત્યાં પેશ્વાં સરકારની કાંઈ પણ રકમ જમે નથી તેમ જ તમને કંઈ પણ મળશે નહિ એવું શાહુકારોએ તેમને સ્પષ્ટ રીતે કહી રસ્તે પાડી દીધા! એ સમયે ફલટણની જાગીર ઉપર સતારાના મહારાજાની જપ્તી હોવાથી તેના તરફથી સંસ્થાનું કામ તપાસવા ત્યાં એક મામલતદાર રહેતો હતો. એ મામલતદારને જ શાહુકારોએ ફરીઆદ કરી હતી. મામલતદારે તુરત જ તે વાત સતારાના છત્રપતી મહારાજને લખી જણાવી. તેમણે ઉમાજીનાં માણસોને તપાસ માટે સતારે મોકલી દેવાનો મામલતદાર પર હુકમ લખી મોકલ્યો. મામલતદારે ઉમાજીનાં માણસોને પોતાના સિપાહીઓના પહેરા હેઠળ સતારે મોકલી દીધાં. તેઓ સતારે પહોંચ્યા પછી થોડે થોડે દિવસને અંતરે એક એક કરીને, ભિંવડીના પટેલ શિવાય તમામ મનુષ્યો લાગ જોઇને ન્હાસી ગયા! પટેલને બિચારાને થોડા દિવસ પર્યંત કેદખાનાનું સુખ ભોગવવું પડયું! અંતે થોડા

દિવસ પછી દરબારે તેને પણ છોડી દીધો. એ બધું બન્યું ખરૂં પરંતુ તે વાતમાં કેટલું સત્ય છે એ જાણવાની ઇચ્છાથી તપાસ કરવાની દરબારને પણ થોડી જીજ્ઞાસા ઉત્પન્ન થઈ. તેમણે શાહુકારોને ત્યાં ઘણી તપાસ કરી પરંતુ શાહુકારોએ તપાસ કરનાર અધિકારીઓ સમક્ષ પ્રતિજ્ઞા લઈને કહ્યું કે: "પેશ્વા સરકારે અમારી પાસે કંઇ પણ રકમ જમે મુકી નથી. જો તેવું કંઇ સાબિત થશે તો અમે બમણો દંડ સરકારને ભરીશું." વગેરે વાતો છાતી ઠોકીને કહી ત્યારે જ તેમની પાછળ વળગેલું ભૂત છુટું થયું. પરંતુ ઉમાજીએ તે વાત છોડી નહોતી.

ઉપલો બનાવ ઇ. સ. ૧૮૨૯ ના જુન-જુલાઈ મહિનામાં બન્યો હતો. તે પછી આશરે આઠેક મહિને એટલે ઇ. સ. ૧૮૩૦ ની શરૂઆતમાં ફલટણના પેલા શાહુકારોમાંનો એક મનુષ્ય કંઇ કામ પ્રસંગે બારામતી ગયો હતો. એ સમયે ઉમાજી સાકુર્ડીમાં પોતાના ઓઢ્ઢાપર હતો. તેને શાહુકારની ખબર પડતાં જ તેને પકડી લાવવા માટે દશ બાર રામોશીઓને બારામતી મોકલ્યા. આટલા બધા દિવસ પછી ઉમાજી તરફથી પકડવા માટે માણસો આવશે એવું તે બિચારાના સ્વપ્નમાં પણ નહતું ! તે પોતાનું કામ પૂરૂં કરવાના ધ્યાનમાં હતો એટલામાં ઉમાજીનાં માણસોએ તેને ઘેરી લીધો. અને તેને કેદ કરી ત્યાંથી જરા પણ હાલવા નહિ દેતાં સાકુર્ડી ઉમાજી પાસે લઇ ગયા. "શાહુકારની પાસે પેશ્વા સરકારની મ્હોટી રકમ જમે હોવી જોઇએ નહિ તો તે પ્રથમથીજ ના કહેત. બીજી વખત તો તે રકમ આપવા તદ્દન તૈયાર થયો હતો તેમ કદી પણ થાત નહિ." વગેરે વિચારો કરવાથી ઉમાજીનો તેમના પરનો સંશય દ્રઢ થઇ ગયો હતો અને તેથી જ ઉમાજીએ આઠ મહિના સબુરી રાખી હતી અને સંધિ પ્રાપ્ત થતાં જ હમણાં શાહુકારને કબ્જે કર્યો હતો; અને ઉમાજીના માણસો માટે શાહુકારોના મનમાં જેમ સંશય આવતાં તેણે તેમને ખાલી હાથે પાછાં ઠેલ્યાં હતાં તેજ પ્રમાણે ઉમાજીને પણ આ સમયે શાહુકાર ઉપર સંશય આવતાં કોઈ પણ યુક્તિ વડે તેની પાસેથી પૈસા કઢાવવાનો તેણે ઘાટ ઘડયો હતો. રામોશી લોકો શાહુકારને પકડી સાકુર્ડી લાવ્યા ત્યાર પછી ઉમાજીએ તેને હેટકરી લોકોના

તાબામાં સોંપી દીધો, અને પેશ્વાની અનામત રકમ માટે તેને રોજ ધમકી, ભય અને ત્રાસ આપવાનું શરૂ કર્યું. હેટકરી લોકોના કબ્જામાં હોવાથી શાહુકારને કંઈ પણ ત્રાસ વેઠવો નહિ પડયો હોય એમ નથી. આ પ્રમાણે સપાટામાં આવેલા બીજા લોકો પાસેથી અને મુખ્ય કરીને શાહુકાર મનુષ્યો પાસેથી પૈસા કઢાવવાના જે કેટલાક નરમ ગરમ ઉપાયો હોય છે તે સર્વનો ઉપયોગ આ સમયે તેના ઉપર કરવામાં આવ્યો હતો. તે શાહુકાર પણ કંઈ ઓછો બુદ્ધિમાન નહતો. તેના જેવા લક્ષ્મીપુત્રો ઉપર એવા ઘણા પ્રસંગો વારંવાર આવી પડતા હતા. અગિઆર દિવસ પર્યંત હેટકરીઓના કબ્જામાં રહેવા છતાં તેણે ઉમાજીની કોઇ પણ ધમકી અથવા ત્રાસને માથુ નમાવ્યું નહિ. ત્યાં જે જે ત્રાસ પડયો તે તેણે મુંગે મ્હોડે સહન કર્યો. અંતે કંઈ પણ વળ્યું નહિ ત્યારે ઉમાજીએ તેનો નવસો રૂપિયા દણ્ડ કર્યો. શાહુકારે પણ બહુ ખેંચતાણ નહિ કરતાં તે દણ્ડ કબૂલ કર્યો, અને તેટલી રકમની ઉમાજીને વાયદા ચિઠ્ઠી લખી આપી વાઘના ડાચામાંથી છુટકો કરી લીધો! શાહુકાર સુખરૂપ પોતાને ઘેર જઇ પહોંચ્યો, અને ઉમાજીને નવસોની રકમ મળી ગઈ, પરંતુ તે તેને વધારે દિવસ પચી નહિ. શાહુકારને ઉમાજીએ બહારોબહાર બારામતીથી પકડાવી બોલાવ્યાની બાતમી તેના ફલટણના મિત્રમંડળને મળતાં જ તેમણે ત્યાંના મામલતદાર મારફતે છત્રપતિના દરબારમાં તે સંબંધી ફરિયાદ નોંધાવી. છત્રપતિએ રેસીડન્ટ સાહેબને લખાણ કર્યું અને તેમણે પુનાના મેજીસ્ટ્રેટ સાહેબને લખાણ કરી શાહુકાર પાસેથી ઉમાજીએ લીધેલી નવસો રૂપિયાની રકમ ઉમાજીના પગારમાંથી કાપી લઈ શાહુકારને આપવાનો હુકમ ફરમાવ્યો! મેજીસ્ટ્રેટ સાહેબે ફલટણના શાહુકારને પુને બોલાવી નવસો રૂપિયા આપી દીધા, અને તે રકમ પાછળથી ઉમાજીના પગારમાંથી વસુલ કરી લીધી.

ઉમાજી જ્યાં સુધી સાકુર્ડી હતો ત્યાં સુધી એવાં લુચ્ચાઈનાં અને ચોટ્ટાઇનાં કામો થયા જ કરતાં હતાં. તેમ કરવાનો તેને અધિકાર અને સમય પણ ત્યાં મળ્યાં હતાં, પરંતુ તેની પુને ઉઠાંતરી થયા પછી એવાં બદમાશી ભરેલાં કામો બંધ પડ્યાં. પુને આવ્યા પછી તે તદ્દન નિર્માલ્યવત્

થઈ પડયો! કંપનીનો પગાર ખાવો અને તેણે બાંધી આપેલા ઘરમાં પડી રહેવું અથવા બહુ થાય તો ચિત્તભ્રમ થયેલા મનુષ્યની પેઠે શહેરમાં ફરી આવવું. એ શિવાય તેને પુનામાં બીજું કંઈ કામ ન હતું.

પુને આવ્યા પછી આશરે સવા મહિનો ઉમાજીએ શહેરમાં ખાલી ભટકવામાં વિતાડયો. કંપની સરકાર તરફથી ઠરવેલો પગાર માત્ર તેને વખતસર મળતો હતો, પરંતુ જેણે કેટલાંક વર્ષ સ્વતંત્રતામાં અને સેંકડો મનુષ્યો ઉપર અધિકાર બજાવવામાં ગાળ્યાં હોય તેને મનથી એવું નિર્માલ્ય અન્ન ખાવાનું અને ફક્ત માંખો મારતા બેસી રહેવું કેમ પસંદ પડે? તેને તેની એવી નિર્માલ્યવત્ સ્થિતિનો અને પુના શહેરની મેજીસ્ટ્રેટની નજર કેદમાં હમેશાં રહેવાનો પાંચ અઠવાડીયામાં જ કંટાળો આવ્યો. તેનો સ્વભાવ ચંચળ, તોફાની, પ્રપંચી, અને સાહસિક તથા અધિકાર લોલુપ હોવાથી પોતાનો પ્રથમનો અધિકાર પુનઃ શી રીતે પ્રાપ્ત કરી શકાય એ વિચારોમાં તે પુનામાં દિવસો વ્યતીત કરતો હતો. વિચાર કરતાં કરતાં અંતે તે એવા નિશ્ચય પર આવ્યો કેઃ "ગમે તેટલી અડચણો આવે તેને એક બાજુએ ધકેલી દઈને પણ મ્હારો અધિકાર પુનઃ પ્રાપ્ત કરીશ જ." ત્યાર પછી તે એ જ ઉદ્યોગે લાગ્યો. એક કામ કરવું જ જોઇએ. એવો કોઈ પણ મનુષ્યનો નિશ્ચય થયા પછી જો તે મનુષ્ય તે કાર્યમાં લાગે છે તો ધીમે ધીમે તેની ઇષ્ટ સિદ્ધિ થાય છે. માત્ર કાર્યનો આરંભ કરતી વખતે કંઇક અડચણો આવી પડે છે.

કોઇ પણ મ્હોટા કુટુંબને, સમાજને, દેશને અથવા રાષ્ટ્રને, કાલની ગતિને લીધે ઉન્નતિની અથવા દારિદ્રયની સ્થિતિ આવે છે ત્યારે તે તે સ્થિતિમાં સંતુષ્ટ અથવા અસંતુષ્ટ થતાં હોય એવા બે પ્રકારનાં મનુષ્યો એ ચારે સ્થળે જણાઇ આવે છે. એક જ સમયે એક જ પ્રકારની સ્થિતિ સર્વને સરખી રીતે પસંદ પડે છે એવું સહસા બની શકતું નથી. તે સમયે મરાઠી રાજ્યનાં યશોગાન કરનાર મનુષ્યો જેમ જણાતાં હતાં તેજ પ્રમાણે પેશ્વાઈના અંત સમયે તે રાજ્ય પ્રત્યે નાકનું ટિચકું ચઢાવનારા મનુષ્યો પણ ઘણા જણાતા હતા! પેશ્વાઇનો અંત આવ્યા પછી પ્રથમનાં દશ પંદર વર્ષ પર્યંત કંપની સરકારનાં જે તે વાતનાં યશોગાન ગાનાર ઘણા મનુષ્યો

જોવામાં આવતા હતા તેજ પ્રમાણે કંપનીનો પગાર ખાઇને તેના રાજ અમલથી અસંતુષ્ટ જણાતા ઉમાજી, ભોજાજી, અને કૃષ્ણાજી જેવા કેટલાક હિમ્મત બહાદુર મનુષ્યો પણ જણાતા હતા ! પુનામાં આમતેમ ભટકતાં ઉમાજીને કેટલાક એવા નિરૂદ્યોગી મનુષ્યો મળી આવ્યાં. તેમણે તેને આશ્વાસન આપ્યું. તેની પાસે તેમણે પોતાની પરતંત્રતાનું ભયંકર સ્વરૂપ ચતુરાઇપૂર્વક ચિતર્યું. ઉમાજીનું મન તેને મનથી જણાતી પરતંત્રતાની બેડીમાંથી છુટવાને ક્યારનુંએ આતુર થઈ રહ્યું હતું, તેમાં નિરૂદ્યોગી માણસોએ વૃદ્ધિ કરી. તેની પૂર્વની સ્થિતિનું ઉમાજીને સ્મરણ કરાવી તેની પીઠ થાબડતાંજ તે જંગલનો વાઘ અને ડુંગરનો સિંહ પોતાનું બંધન તોડી છિન્ન ભિન્ન કરવા તૈયાર થયો ! એટલામાં મુંબઇના તે સમયના ગવર્નર સર જૉન માલકમ સાહેબે પોતાની જગાનું રાજીનામું આપી વિલાયત પ્રયાણ કર્યાના સમાચાર ઉમાજીને મળ્યા. તેમ થવાથી તેને વિશેષ જાગૃતી આવ્યા જેવું થયું ! તેના સાથીદારોનો અને તેનો પ્રથમથીજ સંકેત ચાલી રહ્યો હતો. તે પ્રમાણે તા. ૧૬ મી ડીસેમ્બર ૧૮૩૦ ને દિવસે સંધ્યા સમયે એક મનુષ્ય સહિત ઉમાજી પુનઃ પોતાનો સ્વતંત્ર વ્યાપાર ચાલુ કરી પોતાના ભાગ્યની પરીક્ષા કરવા, કંપની સરકારની સુખની નોકરીને અને પુનાને હમેશના નમસ્કાર કરી જંગલને માર્ગે વળ્યો ! પુનેથી પ્રયાણ કર્યા પછી તે ડુંગરમાં જઈ પોતાના મિત્રોની સહાયતાથી ઘણા દિવસ સંતાઇ રહ્યો. ત્યાં તેણે ઈ. સ. ૧૮૩૧ ના જાને-વારી માસના અર્ધા ભાગથી વિશેષ દિવસો વિતાડ્યા. ત્યાર પછી રાજેશ્રી ઉમાજીએ પોતાના નવીન મિત્રમંડળ સાથે શ્રીમંત પંત સચીવના ભોર ઇલાકા તરફ પોતાની પ્રથમ ચઢાઈનાં પગલાં ફેરવ્યાં !

પ્રકરણ ૧૫ મું.

એ ભગવાન એના એ!

જે દિવસે ઉમાજી પુનેથી ન્હાસી ગયો તે સમયે પુનાના કલેક્ટર મિ. ગિબર્ન સાહેબ પુનાથી આસરે ત્રિશ ગાઉ ઉપર પૂર્વ દિશાના પ્રાંતોમાં ડિસ્ટ્રીક્ટ ફરવા ગયા હતા. તેમને એ સમાચાર મળતાં જ કંપની સરકારની નોકરીમાં જેટલા રામોશીઓ હતા તે સર્વને અને જે પાંચ ગામના પટેલોએ ઉમાજી માટે સરકારમાં જામીન ખત લખી આપ્યાં હતાં તેમને પોતાની સમક્ષ બોલાવી મંગાવ્યા, અને ઉમાજીની શોધ કરી તેને પુનઃ પકડી લાવી પુને લઇ આવવા માટે સખ્ત તાકીદ આપી. તેમણે સાહેબ બહાદુરની આજ્ઞા શિરોમાન્ય કરી તેમની આજ્ઞા પ્રમાણે વર્તવા માટે અને પોતાના પ્રમાણિકપણા ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી નિર્ભય રહેવા માટે સાહેબને તેમણે અભિવચન આપ્યું. પરંતુ તે જ સમયે " ઉમાજી ક્યાં ગયો છે? હમણાં તે કયા પ્રાંતમાં છે તેની અમને બિલકુલ ખબર નથી, અને તેના ન્હાસી જવામાં કોઈ પણ મ્હોટા વજનદાર અમલદારની તેને ઉશ્કેરણી હોવી જોઇએ તે સિવાય તે પુનેથી જઈ શકે એમ નથી." વગેરે કેટલીક વાતો પણ ખુલ્લી રીતે તેમણે સાહેબના કાન ઉપર નાંખવામાં બાકી રાખ્યું નહિ.

એ સમય પછી રામોશીઓના નાયકો ઘણી વખત પુને આવતા અને સાહેબની મુલાકાત લેતા પરંતુ જ્યારે જ્યારે સાહેબ તેમને ઉમાજીની શોધ સંબંધી પ્રશ્નો પૂછતા ત્યારે ત્યારે તેઓ એમ જ કહેતા કેઃ " તેનું ગુપ્ત સ્થાન અદ્યાપિ પર્યંત જડતું નથી. તે ક્યાં સંતાઈ ભરાઇ બેઠો છે તે જાણી શકાતું નથી." સાહેબ તેમના એ ખુલાસાથી સંતોષ નહિ પામતાં બીજા અનેક પ્રશ્નો પૂછતા. ત્યારે છેવટે તેઓ એમ પણ કહી દેતા કેઃ

"અતિશય કાળજીથી તેનો શોધ કરવા છતાં પત્તો લાગતો નથી ત્યારે તે આ પ્રાંતમાં નહિ હોય પણ કોઇ બીજા જ રાજાના પ્રાંતમાં ગયો હશે." એવો ઉત્તર આપવાનો હેતુ એ હતો કે પુનઃ સાહેબ તેમને ઉમાજી સંબંધી વિશેષ પૂછે નહિ.

એ ખટપટમાં પંદર દિવસ નીકળી ગયા. ત્યાં સુધીમાં મિ. ગિબર્ન સાહેબને ઉમાજી ક્યાં છે અને તે શી ખટપટ કરી રહ્યો છે તે સંબંધી કશા સમાચાર મળ્યા નહોતા. તેમ જ રામોશીઓના બીજા નાયકોએ પણ તેવા સમાચાર સાહેબને મેળવી આપ્યા નહોતા. ડિસેમ્બરની આખરે સાકુર્ડીમાં જે બીજા રામોશીઓ અને તેના નાયકો હતા તે સર્વ ગામનો ત્યાગ કરી ડુંગરમાં ચાલ્યા ગયા છે એવા સમાચાર મળ્યા. તેની પાછળ જુદા જુદા પ્રદેશમાંથી બીજા મનુષ્યો આવી સાકુર્ડીના ડુંગરમાં એકઠા થાય છે એવા બીજા સમાચાર પણ મળ્યા. અત્યાર પહેલાં જે રામોશી નાયકો વારંવાર પુને આવતા હતા તે આ સમયથી ઓછા થઈ ગયા. તેમની એવી હિલચાલ ઉપરથી ખાત્રી થાય છે કે તેમને ઉમાજીના સ્થાનની ખબર નથી એવું જે કહેતા હતા તે જૂઠું હતું. તેમને તેના સ્થાનની સંપૂર્ણ માહિતી હતી અને તેઓ પોતાના પૂર્વના મિત્રમંડળમાં જઈ ભળ્યા હતા એવી ખાત્રી થાય છે.

ઉમાજી પુનઃ પોતાના લૂંટફાટના ધંધાની શરૂવાત કરશે ત્યારે તે કેટલી સાવચેતીથી તથા કેટલાં બુદ્ધિ કૌશલ્યથી ચલાવશે અને ચારે દિશામાં કેવી ધામધૂમ મચાવી મુકી પોતાનો હેતુ સિદ્ધ કરશે તેની પુષ્કળ દિવસના પૂર્વના અનુભવથી સરકારની પૂર્ણ ખાત્રી થઈ હતી. તેમજ તેની સાથે યુદ્ધ કરવા જતાં કેટલો બધો ત્રાસ સહન કરવો પડશે અને ખર્ચના ઉંડા ખાડામાં પડવા જેવું થશે તે પણ સરકારના લક્ષ્યથી બહાર નહતું. પરંતુ એ વાત તરફ વિશેષ લક્ષ્ય આપીને એ લુંટારા મનુષ્યને મુક્ત રીતે ફરવા દેવો અને તેની લૂંટફાટ ચાલુ રહેવા દેવી એ સરકારને કદી પણ શ્રેયસ્કર જણાયું નહતું. વળી સરકારે તેના પાછલા અપરાધની ક્ષમા આપી તેને યોગ્ય અધિકાર ઉપર ચઢાવ્યો હતો તથા તેને માટે યોગ્ય તજવીજ રાખી હતી તે છતાં

સરકારનો હુકમ અમાન્ય કરી નિર્ભયપણે ન્હાસી ગયો એ તેનું અતિશય નઠારૂં કૃત્ય હતું. એ કૃત્ય તરફ કંપની સરકાર આંખ આડા કાન કરે તે કદી પણ શક્ય નહોતું. સરકાર તરફથી તુરત જ તેનાં તોફાની કાર્યનો બંદોબસ્ત કરવાની શરૂવાત થઈ.

પુનાના કલેકટર મિ. ગિબર્ન સાહેબ ઘણા ઉત્સાહી ગૃહસ્થ હતા. તેમણે સરકારની નોકરી કરતા બીજા રામોશીઓને પ્રમાણિકપણે નોકરી કરવા માટે અને પોતાનું કર્તવ્યકર્મ યોગ્ય રીતે બજાવવા માટે તેમનું મન મેળવવાની તજવીજ કરી, અને તે કામમાં તેમનાં ચાતુર્યને લીધે તેમને ઘણો યશ મળ્યો. પરંતુ રામોશીઓ ઉપર કેટલે દરજ્જે વિશ્વાસ રાખવો એ પ્રશ્ન તેમના મનમાં ગુંચવાતો હતો. રામોશી નાયકોઉપર વિશ્વાસ રાખવો એ યોગ્ય નથી, તેમ વિશ્વાસ નહિ રાખવાથી કાર્ય સધાશે નહિ, એવી સાહેબના મનની સ્થિતિ થઈ પડી હતી. ઉમાજીએ પુનઃ લૂંટફાટ કરવાનો ધંધો સ્વીકાર્યો તે માટે સાકુર્ડી એ મુખ્ય કેન્દ્રસ્થાન હતું. તેની અને તેના સાથીદારોની સર્વ હિલચાલ ઘણીખરી તે ગામની આસપાસના પ્રદેશમાં ચાલતી હોવાથી પુરંદર પ્રદેશના રામોશીઓ જો સરકારની સત્તા માને નહિ તો તેમને દાબમાં રાખવા માટે અને તે પ્રાંતમાં શાંતતા રાખવા માટે, લશ્કરી સિપાહીઓની એક ટુકડી ત્યાં તુરત જ મોકલવાનો નિશ્ચય થયો, અને તે ટુકડી ઉપર (ઉમાજીનું જીવનચરિત્ર લખનાર) કૅપ્ટન મૅકિનટોશ સાહેબની સરકારમાંથી નિમણુક થઈ.

કૅપ્ટન મૅકિનટોશ પુનેથી પુરંદર જાય તે પહેલાં મેજીસ્ટ્રેટે એક હુકમ પ્રસિદ્ધ કર્યો હતો, અને પુનામાં રહેતા ત્રણે રામોશીઓને તેની એક એક નકલ આપી હતી. એ હુકમ તા. ૧૧ મી જાનેવારી ઈ. સ. ૧૮૩૧ ને દિવસે ઉમાજી નાયક, તેના બાર સાથીદારો અને સરકારી પૈસા લેનાર તેના સોબતીઓને અનુલક્ષીને પ્રકટ કર્યો હતો. તેમાં એવું લખ્યું હતું કેઃ " તે સર્વેએ સાકુર્ડીથી ૭ મૈલ પર આવેલા સાસૂર નામક ગામમાં તા. ૧૪ મી જાનેવારી અને શુક્રવારે હાજર થઈ, સરકારી લશ્કરી ટુકડીના અધિકારીને પોતાના આવ્યાની ખબર આપવી તથા તે જે હુકમ કરે તેનું પાલન કરવું. જે હુકમ નહિ પાળે તેમને બળવાખોર, લૂંટારા સમજી તેમનો પરાભવ કરવામાં આવશે. "

ઉપરોક્ત હુકમ પ્રમાણે નહિ વર્તવાથી ઇતર નાયકોની અને તેના કુટુંબી જનોની કેવી દુર્દશા થશે તે તેમને સમજાવવા માટે પુનામાં રહેલા ત્રણ રામોશીઓની નિમણુક કરી અને તેમને એ સંબંધી ખુલાસાવાર માહિતી આપવામાં આવી. "બીજા નાયકો અમને માર્ગમાં આવી મળે કિંવા ન મળે પણ અમે તા. ૧૪ મીને દિવસે સાસૂર આવી પહોંચીશું, અને બ્રિટિશ સત્તા વિરૂદ્ધ લડનાર મનુષ્યોને જઈ મળવાનું મૂર્ખપણું અમે કદી પણ કરીશું નહિ." એવી મતલબની પ્રતિજ્ઞા લઇ ત્રણે રામોશી નાયકો સાકુર્ડીથી ચાલ્યા ગયા. જાનેવારીના પ્રારંભમાં જ રામોશી લોકો પોતાનો લૂંટફાટનો ધંધો શરૂ કરવાના છે એવી અફવા ઉડી હતી. તા. ૮ મી જાનેવારીની રાત્રે પુનાના ઘોડેસ્વારોમાંના બે ઘોડેસ્વાર, સુપે ગામની ટુકડીમાં સામેલ થવા નિકળ્યા હતા. તેમણે વરકીમાં મુકામ કર્યો હતો તે સમયે કેટલાક હથિઆરબંધ માણસોએ તેમના પર હુમલો કરી તેમને ઘાયલ કર્યા અને તેમની પાસેના રોકડા રૂપિયા પાંચસો અને બીજી માલમતા લૂંટી લીધી! તે પછી બે દિવસ પુનાથી દક્ષિણે કેટલાક લોકોને ધોળે દિવસે લૂંટવામાં આવ્યા અને પુરંદરના કિલ્લા પરના સિપાહીઓનો પગાર લઈ જનાર શિબંદીના માણસોને પકડવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો હતો. એ બધા બનાવો ઉપરથી રામોશી લોકોના કેવા પ્રયત્નો ચાલતા હતા તેની સ્પષ્ટ કલ્પના થાય એમ હતું, અને તોફાનનો પ્રારંભ કરવાના આરોપ પોતાના ઉપર નહિ આવતાં સરકાર ઉપર આવે તે માટે કેટલાક સખ્ત ઉપાયો લેવાની સરકારને ફરજ પાડવા માટે તોફાન શરૂ કરવાના વિચારમાં તેઓ હોવા જોઈએ એમાં શંકા નથી. ઉપરોક્ત હેતુ હોવાથી તેમણે પોતાની હિલચાલ ઘણીજ ગુપ્ત રીતે ચલાવી હતી. તેમની તે સમયની વર્તણુક એવી હતી કે જેથી તેઓ સંધિ (તહનામુ) કરવાને તૈયાર છે એવું લોકોને જણાય અને બીજી તરફ પોતાનાં ભયંકર કૃત્યો ઉપર ચુનો ફેરવવાનું તેમને સ્વતઃ સુલભ થઇ પડે એવી તેમની રચના હતી!

તે સમયે લશ્કરનાં ઘણાં માણસો ઓછાં કરેલાં હોવાથી કંપની સરકારનું સામર્થ્ય ઘણું જ સંકુચિત થઇ પડયું હતું, અને એ વાત લૂંટારા

લોકોને સારી પેઠે વિદિત હતી. વળી સમરાંગણમાં વિશેષતઃ તેમના ઉપર સરકાર લશ્કર મોકલવાને ખુશી નથી એવું પણ તેઓ જાણતા હતા. પૂર્વે રામોશી લોકોએ કરેલાં તોફાન બંધ પાડવામાં સરકારને યશ મળ્યો નહોતો. ઉલટું તેમની સરતો કબૂલ કરીને જ શાંતિ સ્થાપન કરવાની સરકારને ફરજ પડી હતી. તે ઉપરથી પ્રસ્તુત પ્રસંગે પણ તેવું જ બનશે એવી તેમની સમજણ હતી, અને મહારાષ્ટ્રીય જનસમાજની પણ એવી જ સમજણ હોય એવું તેમણે અનુમાન કર્યું હતું. વળી ઉમાજીએ પોતાના ઉદાર વર્તનથી જે લોકોને વશ કરી લીધા હતા તેમની અને મહારાષ્ટ્રના અન્ય અસંતુષ્ટ થયેલા લોકોની તેમના કૃત્યમાં સહાનુભૂતિ છે એવો પણ વિશ્વાસ રામોશી લોકોમાં બેસી ગયો હતો ! સરકાર ઉમાજી નાયકને પુરંદર તાલુકાના પોલિસનો મુખ્ય અધિકાર આપશે એટલું જ નહિ પણ આપણા હક્ક આપણને આપવા માટે અંગ્રેજ સરકાર પંત સચીવને ફરજ પાડશે, એવી રામોશી લોકોની સમજણ-કહો કે મહત્વાકાંક્ષા હતી !

પ્રકરણ ૧૬ મું.

પ્રતિજ્ઞા અને નિશ્ચય.

પુના છોડ્યા પછી એટલે તા. ૧૬ મી ડિસેમ્બરથી તા. ૧૦ મી જાનેવારી ઈ. સ. ૧૮૩૧ પર્યંત ઉમાજી પોતાના આપ્ત મંડળ શિવાય અને બીજા કેટલાક રામોશી નાયકો શિવાય કોઇને પણ મળ્યો નહોતો. વાલ્હાની દક્ષિણે બે ગાઉ ઉપર અંધુરી નામક એક ન્હાનું ગામડું છે. ત્યાંના શાહુકારને લૂંટવાનો તેણે સંકેત કર્યો. એ કામ માટે તેણે વીશ હેટકરી અને પંદર રામોશીઓની એક ટોળી બનાવી તા. ૧૦ મી જાનેવારીની રાતે તેમને તાબડતોબ અંધુરી રવાના કર્યા. એ ટોળીનું આધિપત્ય ઉમાજીના કાકાના પુત્ર બાપુ સોલસ્કર અને ઘોંડી પિસાને તેણે સોંપ્યું હતું. ઘોંડી પિસા એ ભોરથી ન્હાસી આવી ઉમાજીના આશ્રયમાં

રહ્યો હતો. ઉમાજી જે દિવસે પુનેથી ન્હાઠો તે દિવસે તેની સાથે જે એક મનુષ્ય હતો તે એ જ ધોંડી પિસા હતો. અંધુરીના શાહુકાર લોકોની જણસો ગીરવી રાખવાનો ધંધો કરતો હતો. તેથી તેની પાસે ગીરવી રાખેલા પુષ્કળ સોના ચાંદીના ઘરેણાં હતાં. તે દાગીના શાહુકાર વાઇ મોકલવાનો હતો. તે સંબંધી બાપુ સોલસ્કરે ઉમાજીને છેલ્લી ઘડીએ સમાચાર આપ્યા તેથી તે કામ ઉપર તેની જ નિમણુક કરી. તેમ થવાથી બાપુ સોલસ્કર, હેટકરીઓની અને રામોશીઓની મંડળી લઈ તા. ૧૦ મી જાનેવારીને દિવસે નિકળ્યો અને તે જ રાતે અંધુરી જઇ પોતાનું કામ ઉત્તમ પ્રકારે પુરૂં કરી બીજે દિવસે પ્રાતઃસમયે ઉમાજી પાસે આવી હાજર થયો. એ કાર્યમાં તેને રૂ. ૧૩૧૪ નો માલ મળ્યો હતો. પુનેથી ન્હાસી ગયા પછી "ઉમાજીનો આ પહેલો જ શિકાર" હતો ! એ સમાચાર પુને આવી પહોંચ્યા પછી ઉમાજીનાં કૃત્ય તરફ આંખ આડા કાન કરવાનું કંપની સરકારને માટે અશક્ય થઈ પડયું. તેણે તુરત જ હુમલો કરવા માટે લશ્કરી સિપાહીની ટુકડીને હુકમ ફરમાવ્યો. એ હુકમ પ્રમાણે તા. ૧૩ મી જાનેવારીને દિવસે કૅપ્ટન લ્યુકન સાહેબના હાથ નીચે ૧૭ મી રેજીમેન્ટની એક ટુકડી પુનેથી સાસવડ રવાના થઇ. તેમાં ત્રણસો સિપાહીઓ હતા. એ લશ્કર રામોશીઓ ઉપર હુમલો કરે તે પહેલાં પુનાના બુદ્ધિમાન કલેકટર મિ. ગિબર્ન સાહેબ અને રામોશી નાયકો વચ્ચે ઘણો પત્ર વ્યવહાર ચાલ્યો હતો. લશ્કર રવાના થયું ત્યાં સુધી રામોશી નાયકો સાહેબને કહેતા કે: "ઉમાજી સંબંધી અમને કશા સમાચાર મળતા નથી. તેનું સંતાવાનું સ્થળ પણ અમને જડયું નથી." અંતે જ્યારે લશ્કર પુનેની સાસવડ ગયું ત્યારે રામોશી નાયકોએ પુનઃ એ જ કામ માટે સાહેબ પાસે આઠ દિવસની મુદ્દત માગી, અને તે મુદ્દતમાં ઉમાજીને પકડી પોતાનું પ્રથમનું વચન પૂર્ણ કરવાની અને ત્યાં સુધી લશ્કરને આગળ વધવા નહિ દેવાની તેમણે વિનતિ કરી.

લશ્કરને રવાના થયેલું જોઈ હવે ઉમાજીને પકડવાની ખટપટ કર્યા સિવાય સરકાર શાંત પડશે નહિ એવી રામોશી લોકોને પકી ખાત્રી થઇ. વળી રામોશીઓનું પોલીસખાતું અને તેમને સોંપેલી પ્રાંતની રખેવાળદારી

હવે સરકાર આપણી પાસે બિલકુલ રાખશે નહિ એવું પણ તેઓ કળી ચૂક્યા. કારણ કે રામોશી લોકોના હાથમાં પોલિસનો અધિકાર આવ્યાથી સરકારને અને રૈયતને કેટલો ત્રાસ સહન કરવો પડયો હતો તેનો અનુભવ તેમને તાજો જ હતો. એ બધી બાબતોનો વિચાર કરી રામોશીઓના નાયકોએ સરકારને ઉડાવનારા ઉતર દઇને અને જૂદાં જૂદાં બહાનાં કાઢીને તથા નવીન નવીન કારણો બતાવીને લટકાવનારા પ્રયત્નો ચલાવ્યા હતા. તેમણે કલેક્ટર સાહેબ પાસે પુનઃ આઠ દિવસની મુદ્દત માગી હતી તે પણ એક બહાનું હતું. કારણ કે પુરંદરના પ્રદેશમાં રામોશી લોકોનાં સ્ત્રી બાળકો હતાં તે યુદ્ધ શરૂ થતાં સરકારના હાથમાં સપડાય નહિ, તેથી તેમને સુરક્ષિત રાખવાની ગોઠવણ કરવા માટે થોડો સમય જોઇતો હતો તે રામોશીઓને અનાયાસે મળ્યો. તેમણે પોતાનાં સ્ત્રી બાળકોને નિજામશાહી પ્રદેશના પરાંડાના કિલ્લા તરફ મોકલી દીધાં. તેમણે તેમને કહી રાખ્યું હતું કેઃ "ત્યાં પણ એકાદ જો લશ્કરી ટુકડી તેમની પૂંઠે આવે તો તમારે ત્યાંથી વિજાપુરના અગ્નિ ખુણામાં બેરડ રાજાના રાજ્યમાં સુરાપુર જવું અને શાંતિ પ્રસરે ત્યાં સુધી ત્યાં જ રહેવું." આ પ્રમાણે રામોશીઓએ અને તેના નાયકોએ નિષ્કાળજી થયા પછી સરકારની લશ્કરી ટુકડી સાથે ટક્કર દેવા માટે કમ્મર કસી.

પુનાના મેજીસ્ટ્રેટ સાહેબે જે નવીન જાહેરનામું પ્રસિદ્ધ કરી, ત્રણ રામોશી નાયકોને આપી બીજા રામોશી નાયકોનાં મન વાળવાના કાર્ય માટે મોકલ્યા હતા તેમાંના બે જણાએ પોતાનાં સ્ત્રી બાળકોને બીજા રામોશી કુટુંબો સાથે નિજામશાહી રાજ્યમાં મોકલી દીધાં હતાં, અને ત્રીજો વિઠુ નાયક ઉમાજીની સાથે બજારવાડી ચાલ્યો ગયો. એ ઉપરથી રામોશી નાયકોનો ગુપ્ત અભિપ્રાય કેવો હતો તે જાણી શકાય છે.

તા. ૧૩ મી જાનેવારી ઇ. સ. ૧૮૩૧ ને દિવસે કેપ્ટન લ્યુકન સાહેબ ૧૭ મી રેજીમેન્ટના ત્રણસો સિપાહીઓ લઇ સાસવડ જઈ પહોંચ્યા, અને સતારાની ગ્રેનેડિયર રેજીમેન્ટના ત્રણસો સિપાહીઓની ટુકડીને પણ રામોશી લોકો ઉપર ચઢાઈ લઇ જવાનો સરકારે હુકમ કર્યો હતો. પરંતુ

એ સમયે છત્રપતિ મહારાજાની સ્વારી સતારામાં નાહ હોવાથી તેમના પાછા આવતાં સુધી માત્ર બસો સિપાહીઓને જ ત્યાંના અમલદારોએ ચઢાઇ પર મોકલ્યા. એ બન્ને ટુકડીઓએ ચઢાઈ કરતી વખતે કેવી રીતે વર્તવું એ માટેનો સવિસ્તર પત્ર સરકારે તા. ૧૪ મી જાનેવારીને દિવસે સતારાના લશ્કરી કમૅન્ડિંગ ઑફિસરને લખી મોકલ્યો હતો. એને જ પહેલાં સાલપા તરફ ચઢાઈ લઈ જવાનો હુકમ થયો હતો.

"એ બન્ને લશ્કરના ચાળીશ ચાળીશ સિપાહીઓની એક એ પ્રમાણે ન્હાની ન્હાની ટુકડીઓ કરીને તે પ્રત્યેક ઉપર એક યુરોપિયન કિંવા એક દેશી અમલદાર નિમવો. જે ડુંગરોમાં, જંગલોમાં કિંવા ખીણ કોતરોમાં રામોશી લૂંટારાઓ હમેશાં આવ જા કરતા હોય તે સ્થળે તેમની નિમણુક કરવી. તે પ્રત્યેક ટુકડીએ કયે સ્થળે પોતાનું થાણું કાયમ કર્યું છે, અને કયો પ્રદેશ તાબામાં લીધો છે એ સંબંધી માહિતી જરૂર પડતાં સહજ રીતે જાણી શકાય તે માટે પરસ્પર એક બીજા સાથે સંદેશા ચાલુ રહે એવી વ્યવસ્થા કરવી. સર્વ સમયે અને તેમાં પણ અંધારી રાત્રે રામોશી લોકો સિપાહીઓની છાવણી પર છાપો મારી શકે નહિ. તે માટે તેમણે આંખમાં તેલનું અંજન કરીને ઘણી હોંશિયારીથી પહેરો ભરવો." વગેરે અનેક સૂચનાઓ સરકારે અમલદારને તે પત્રમાં લખી હતી, અને તેમના થાણાથી અમુક અંતર પર્યંતના વિભાગનાં સર્વ જંગલો, ડુંગરો અને ખીણ કોતરોમાં હમેશાં શોધ કરતાં રહેવાની, તેમ જ પરસ્પર એક બીજાએ તુરત જ ખબર આપતાં રહેવાની, તે તે પ્રદેશના રહેવાસી લોકોને પોતાના કરી લેવાની, પરસ્પર એક બીજા ઉપર પૂર્ણ વિશ્વાસ રાખવાની અને કોઈ પણ ગામના રખેવાલદાર ઉપર કિંવા પહેરેગીરો ઉપર કિંચિદ્ પણ વિશ્વાસ નહિ રાખવાની સરકારે પત્રમાં તેમને ચેતવણી આપી હતી. રામોશી લોકોની ટોળી તેમના સ્હામુ જઈ પહોંચે તો તે સમયે કેવી રીતે વર્તવું તેની પણ સરકારે તેમને સૂચના આપી હતી. આ પ્રમાણે રામોશી લોકો ઉપર ચઢાઈ લઇ જવાની સરકાર તરફથી સર્વ તૈયારી થઈ હતી. ત્યાર પછી ઉમાજી કદાચિત પુરંદરના ડુંગરમાંથી નિકળી ભોર તરફ આવે એવી કલ્પનાથી કૅપ્ટન

બૉઇડે પોતાનું થાણું ભોર આગળ રાખવું એવો તેને હુકમ મળ્યો હતો.

ઉપર લખ્યા પ્રમાણે સર્વ વ્યવસ્થા થયા પછી લશ્કરની જુદી જુદી ટુકડીઓ તેમને નક્કી કરી આપેલા થાણા પર તા. ૧૭ કિંવા તા. ૧૮ ના અરસામાં જઈ પહોંચવી જોઈએ, એવું નક્કી થયું હતું. તે પ્રમાણે કૅપ્ટન લ્યુકન એંશી સિપાહીઓની એક ટુકડી લઇ તા. ૧૬ મીને દિવસે જેજુરી તરફ રવાના થયો. બીજા ચાલીશ સિપાહીઓની એક ટુકડી તેજ દિવસે કિકવી તરફ રવાના થઇ. બીજે દિવસે પ્રાતઃ સમયે એટલે તા. ૧૭ મીને દિવસે ૧૩ મી રેજિમેન્ટના લેફ્ટેનન્ટ નીપ્ર સાહેબ પરિંચા ગામ તરફ અને લેફ્ટેનન્ટ મૅકન સાહેબ શિવરી તરફ, ચાલીશ ચાલીશ સિપાહીઓની ટુકડીઓ લઈ રવાના થયા.

રામોશી લોકો ઉપર ચઢાઈ કેવી રીતે કરવી તે સંબંધી સરકારના મંત્રિ મંડળમાં જેમ ઘણા વિચારને અંતે નક્કી થયા પછી તે પ્રમાણે સર્વ તૈયારી થઈ અને ચઢાઇની શરૂવાત થઇ; તેજ પ્રમાણે રામોશી લોકોનો પણ એક ન્હાનો દરબાર, કરેપાઠારના ખંડોબાના દેવળમાં ભરાયો અને લશ્કરી સિપાહીઓ સાથે કેવી રીતે યુદ્ધ કરવું તે સંબંધી ત્યાં વિચાર કરવામાં આવ્યો. રામોશી લોકોએ એ નવીન અને ધંધા કરતાં બીજું જ કાર્ય હાથમાં લીધેલું હોવાથી તેમની હમેશની ધાર્મિક બુદ્ધિ પ્રમાણે અને પદ્ધતિ પ્રમાણે તેમનું મુખ્ય આરાધ્ય દૈવત જે ખંડોબા તેનાં દર્શન કરવા અને નવીન આરંભેલા કાર્યમાં યશ પ્રાપ્ત થાય તે માટે તેની પ્રાર્થના કરવા સર્વ મંડળ ત્યાં એકત્ર થયું હતું. રામોશીઓની ટોળી સાકુર્ડીના ડુંગરમાંથી નીકળીને કરેપાઠારમાં આવી પહોંચી. આ સમયે ત્યાં એકત્ર થયેલા પોતાના સર્વ સાથીદારોની ઉમાજીએ અતિ પ્રેમપૂર્વક મુલાકાત લીધી. પુનેથી નિકળ્યા પછીથી આજ પર્યંત તે કેટલાક ખાસ મિત્રોને જ મળતો હતો. ખંડોબાના દેવળમાં સર્વ સાથે મુલાકાત થયા પછી ઉમાજીએ, તેના ઇતર નાયકોએ અને રામોશી લોકોએ દેવ સમક્ષ એક મનથી અને પ્રમાણિકપણે વર્તવા માટે દેવને ચઢેલાં પુષ્પ ઉંચકીને પ્રથમ પ્રતિજ્ઞાઓ લીધી. ત્યાર પછી કંપનીના સિપાહીઓ સાથે કેવી રીતે ટક્કર ઝીલવી તે સંબંધી વાદવિવાદ

થયો. આ સભામાં એકત્ર થયેલા સર્વ મનુષ્યોએ પોતપોતાની બુદ્ધિ ચાતુર્ય પ્રમાણે લશ્કર સાથે યુદ્ધ કરવાની યુક્તિઓ જણાવી. કોઇએ કહ્યું કે: "પુનાના લશ્કરી સિપાહીઓની ઝુંપડીઓને આગ લગાડવી." અને કોઇ તો તેનાથી પણ આગળ વધ્યા ! તેમણે પુના શહેરને આગ લગાડવાની સૂચના કરી. કોઈએ તાલુકે તાલુકે રાખેલો કંપનીનો ખજાનો લૂંટી લેવાની ભલામણ કરી. જાણે આ બધાં કામ સ્હેલાં જ હોય તેમ આજની સભામાં એવા અનેક વિચારોનાં દર્શન થયાં ! એ બધાંમાંથી એક પણ યુક્તિ ઉમાજીના મગજમાં ઠસી નહિ. તેણે સર્વની ભલામણોનો યુક્તિપૂર્વક ઉત્તર વાળ્યો અને લશ્કર સાથે સ્હામે થવાનું કામ કેટલું ગુપ્ત અને કેટલું ધૈર્ય રાખી કરવું જોઇએ અને તેમ કરવાથી કેટલા બધા ફાયદા છે તેમજ એકદમ ઉતાવળે યુદ્ધમાં પડવાથી કેવું ભયંકર પરિણામ સહન કરવું પડશે; એ વગેરે અનેક વાતો શાંત રીતે તેમને કહી સંભળાવી. તે સાંભળતાં જ સર્વના મનમાં તે વાત ઉતરી ગઈ. અનેક વાદવિવાદ થયા પછી શ્રી પંત સચીવના રાજ્યમાં ઉમાજીના જે હક્ક હતા અને જેને માટે તે લોકો કેટલાંક વર્ષ થયાં વિના કારણ તકરાર કરતા હતા તે શ્રી પંત સચીવના દેશ ઉપર પ્રથમ ચઢાઇ લઈ જવાનો સર્વાંશે સર્વ મતે સભામાં ઠરાવ થયો.

કરેપાઠારના ખંડોબાના દેવળમાં રામોશીઓની જે સભા ભરાઇ હતી તેમાં આશરે સાડાત્રણસો મનુષ્યો હાજર હતાં. તેમાંના ઘણા સાહસી મનુષ્યો પ્રથમના બંડમાં સામેલ થયેલા હોવાથી તેમણે તે સમયે પોતાનાં સાહસ કર્મોને લીધે પોતાનાં નામ સુપ્રસિદ્ધ કર્યાં હતાં. સતારા અને ભોર ઇલાકામાંના પુષ્કળ બળવાખોર રામોશી નાયકોને છત્રપતી મહારાજાએ તથા શ્રી પંત સચીવ સાહેબે તેમના ઘોર કૃત્યોને માટે તેમને પોતાના રાજ્યમાંથી હદપાર કાઢયા હતા. તે લોકો પણ ઉમાજીની સભામાં સામેલ થયા હતા. એ ઉપરથી ઉમાજીને મળેલા સાથીદારોની કિંમત સહજે આંકી શકાશે.

પોતાના સર્વ સાથીદારોને એક સ્થળે ઘણા દિવસ સુધી જમાવી રાખવાની ઉમાજીની ઇચ્છા નહતી. કારણ કે એ સર્વ મનુષ્યો ન્હાના મ્હોટા ગામડાંઓથી ઘણે વેગળે આવેલા ડુંગરોમાં સંતાઈ લપાઇ રહેનારા હતા !

તેમ કર્યા શિવાય તેમને માટે બીજો માર્ગ જ નહતો. એટલે વેગળે રહેનાર અનેક મનુષ્યોને રોજની અન્ન સામગ્રી એક સ્થળે પૂરી પાડવાનું કામ કેટલું ત્રાસદાયક હતું તે ઉમાજી જાણતો હતો. વળી ઘણાં માણસોનું ટોળું એક જ સ્થળે નિવાસ કરે તો તેમની હિલચાલ ઉપર કંપનીના સિપાહીઓનું તુરત ધ્યાન ખેંચાય એ પણ તેના જાણવામાં હતું.

ઉમાજીએ બીજી વખત ઉભા કરેલા તોફાનના ઝુંડા નીચે સાડા ત્રણસો મનુષ્યો તો આવી મળ્યા જ હતા. તેમની અને ઉમાજી વચ્ચે પ્રતિજ્ઞાએ પણ થઇ ગઈ હતી. તેથી હવે નવા મનુષ્યો માટે કશી શંકા રહી નહતી. એ ઉપરાંત જુન્નર અને નાશિકના ડુંગરોમાં બસો કાળી લોકો એકત્ર કરી રાખવા અને તેજ પ્રમાણે સોલાપુર જીલ્લાની અને નિજામશાહીની સરહદ ઉપરના ગામડાંઓમાં તેટલા જ ઢેડ લોકો પ્રસંગોપાત ઉપયોગી થઈ પડે તે માટે તૈયાર કરી રાખવાની ઉમાજીએ વ્યવસ્થા કરી. તેની પાસે એક મુસલમાન જમાદાર હતો. તે પિંડારાનું કામ કરવા માટે નિજામશાહીમાંથી એક ઘોડેસ્વારની ટુકડી લાવવા તૈયાર હતો, પરંતુ ઉમાજીએ તેની માંગણી હાલ તુરત કબૂલ કરી નહિ.

એકાદ ઉત્તમ સંધિ મળે તો એકદમ પહેલે જ ઝપાટે ધડાકો ઉડાવી દેવાનો ઉમાજીનો પ્રથમથી જ નિશ્ચય હતો. પહેલા ધડાકામાં જ વિજય પ્રાપ્ત થતાં જે લોકો બંડ કરવામાં સામેલ થયા છે તેમની ખાત્રી થશે અને જે લોકો સામેલ થયા નહોતા તેમને તેમાં સામેલ થવામાં ઉત્તેજન મળશે, એ વિચારથી જ તેણે એવી ગોઠવણ રચી હતી. વળી પહેલા સપાટામાં જ વિજય મળતાં સર્વ દેશમાં ત્રાસ ફેલાઇ રહેવાનો પણ ઘણો સંભવ હતો. કંપની સરકારના સિપાહીઓ સાથે રણ મેદાનમાં સ્હામસ્હામુ યુદ્ધ કરવાનું સાહસ કરી પોતાનાં લડાયક મનુષ્યોના જીવ જોખમમાં નાંખવા જેવો તે અવિચારી નહતો. એવાં અવિચારી કૃત્યથી પોતાને કેટલું નુકસાન થશે તે તે સારી પેઠે જાણતો હતો. તેણે કંપનીના લશ્કરને ત્રાસ આપી, સતાવી, તેમના પર વારંવાર છાપા મારી તેમના તાબાના પ્રદેશમાં અગ્નિ લગાડી ધ્વંશ કરી તેમની સાથે કાવત્રાં અને પ્રપંચપૂર્વક યુદ્ધ કરીને તેમને ત્રાસ

ત્રાહ્ય પોકરાવવાનો ઉમાજીએ નિશ્ચય કર્યો. તેણે પોતાની હિલચાલ તદ્દન ગુપ્ત અને સત્વર કરવાની વ્યવસ્થા કરી. તેણે પોતાના સંબંધી જુઠ્ઠી અફ-વાઓ ઉરાડી લશ્કરને છેતરવાની યુક્તિ રચી ! મારવાનું એકાદ ઉત્તમ સ્થાન મળે નહિ ત્યાં સુધી લશ્કરની સ્હામે ઉભા નહિ રહેવાનો તેનો નિશ્ચય જ હતો. પરંતુ કદાચિત્ સ્હામે ઉભા રહેવાનો પ્રસંગ આવી પડે તો તેમાં પરાજય પામી પીઠ બતાવતાં પાછળથી પોતાનું નુકસાન થાય નહિ અને શત્રુને દાબમાં રાખી પાછાં ફરવાનું બની શકે એવી યુક્તિ રચવાનો તેણે ઠરાવ કર્યો. વળી લઢાઇ શરૂ થયા પછી આસપાસના રહેવાશીઓ તેના વિરૂદ્ધ ખટપટ કરીને શત્રુને મદદ કરી શકે નહિ એવી વ્યવસ્થા કરવાની વાત પણ તેના સ્મરણમાંથી દૂર થઇ નહતી. ઉપર વિદિત કર્યા પ્રમાણે સર્વ બાબતોનો પૂર્ણ વિચાર કરતો ઉમાજી પ્રપંચી લઢાઈ લઢવાની મનમાં જ રચના રચતો હતો. પોણોસો વર્ષ પહેલાંના ઉત્તમ બુદ્ધિમાન સેનાપતિ-ઓના મસ્તકમાં એથી વિશેષ કયા ગુણ જણાયા હોત અને તેઓ આથી વિશેષ બીજા કેવા દાવપેચ લઢાવી શકત વારૂ ?

તા. ૧૧ મી જાનેવારી ઈ. સ. ૧૮૩૧ ના દિવસે પુનાના મેજીસ્ટ્રેટ સાહેબે બાર નાયકોના નામનું જે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું અને જે સર-કારી નોકરીમાં રહેલા ત્રણ રામોશી નાયકોને આપી અન્ય નાયકોનાં મન બંડમાં સામેલ થતાં અટકાવવા માટે જેમને સાકુર્ડી મોકલ્યા હતા, તેનો કંઈ પણ ઉપયોગ થયો નહિ એમ નહતું. તે જાહેરનામું વાંચીને શિબં-દીના જે કેટલાક મનુષ્યો ઉમાજીને જઇ મળ્યા હતા તેમાંના નવ મનુષ્યો તા. ૧૨ મી જાનેવારીને દિવસે ઉમાજીને છોડી પુને ચાલ્યા ગયા. પરંતુ તેમ થવાથી ઉમાજીને કોઈ જાતનું મ્હોટું નુકસાન થયું નહતું. તે સિવાય શિબંદીના બીજા આશરે નેવું સરકારી સિપાહીઓ ઉમાજીને વળગી રહ્યા હતા. તેમાંના ત્રીશ મનુષ્યો હેટકરી હતા, અને બીજા ત્રીશ મનુષ્યો જેજુરી અને સાકુર્ડીમાં ઉમાજીના આશ્રયમાં પ્રથમથી જ રહેતા હતા. ઉમાજીએ બળવાનો ઝુંડો ઉભો કર્યો કે તુરત જ તે લોકો તેને આવી મળ્યા. પહેલાના બંડમાં પુરંદરના કોળી લોકો સામેલ થયા નહોતા, પરંતુ આ

સમયે તે લોકો પણ રામોશી લોકોને આવી મળેલા હોવાથી ઉમાજીની ટોળીમાં મોટું ભરણું થયું અને પૂર્વના બંડ કરતાં આ વખતના બંડને જુદુ જ સ્વરૂપ પ્રાપ્ત થયું.

પુષ્કળ લઢાઇઓમાં લઢ્યાથી જેમ સેનાપતિને અને સૈન્યને પાછલો અનુભવ થતાં ભવિષ્યની લઢાઇઓ માટે તેઓ જેમ વિશેષ દક્ષ બને છે તેજ પ્રમાણે ઉમાજી અને રામોશી લોકો, પાછલા બંડ વખતે મળેલા અનુભવથી અને નગર તથા કિત્તુર પ્રાંતમાં પાછલાં બે વર્ષથી જે એક સરખી લૂંટફાટ ચાલતી હતી તેનું અંતિમ પરિણામ જોવાથી તેઓ પણ આ સમયે બંડના કામમાં ચતુર, વ્યવસ્થિત અને લશ્કર સ્હામુ ઉભા રહેવા માટે લાયક બન્યા હતા.

પ્રકરણ ૧૭ મું.

પહેલી ચઢાઈ.

પાંછલા પ્રકરણમાં લખ્યા પ્રમાણે બન્ને પક્ષનો યુદ્ધ કરવાનો નિશ્ચય થયા પછી તુરત જ તે કાર્યની શરૂવાત થઇ. સરકારની આજ્ઞા પ્રમાણે કૅપ્ટન લ્યુકન પોતાની ટુકડી સહિત જેજુરી તરફ બંડવાળા ઉપર કુચ કરી ગયો. તે જેજુરી જઈ પહોંચે તે દરમ્યાન જ તેને બંડવાળાઓ કરેપાહાર તરપ જણાયા. રામોશી લોકો પણ કંઈ અસાવધ નહોતા. તેમણે પણ લશ્કરી ટુકડીઓની હીલચાલ ઉપર એક સરખી દેખરેખ રાખી હતી. તેમણે પોતાની પાછળનાં સ્ત્રી બાળકોનો માયાપાશ તોડી નાંખી હાથમાં માથુ લઇને જ કંપની વિરૂદ્ધ તલવાર ઉંચકી હતી. લશ્કરને જોતાં જ તેઓ ગભરાઈ જાય તેવા નહતા. કૅપ્ટન લ્યુકન પોતાની ટુકડી સહિત જેજુરી જઈ પહોંચ્યો કે તુરત જ લૂંટારાઓએ રણશિંગાં, તતુડાં, વગેરે વાજીંત્રો વગાડીને અને બંદુકના બ્હાર કરીને તથા " એલકોટ, એલકોટ " (વધાવી લો. વધાવી લો.) શબ્દોની ગર્જના કરી

કૅપ્ટન સાહેબને સલામી આપી. તેમના "એલકોટ" શબ્દથી કરેપાઠાર સજી રહ્યું. તેમ થવાથી લૂંટારાઓ ક્યા સ્થાનમાં છે તે શોધવાની કૅપ્ટન સાહેબને તસ્દી પડી નહિ. જેજુરી પહોંચ્યા પછી કૅપ્ટન સાહેબે તેમનો પત્તો મેળવવા માટે ગામ લોકોને બોલાવી ઘણી તપાસ કરી પરંતુ તેમને બાતમી આપવામાં અને ન આપવામાં ભય હતો, અર્થાત્ તેમની નાજુક સ્થિતિ થઇ પડયાથી તેમણે સાહેબને બાતમી આપી નહિ. ઉલટું કંપની સરકારની ફોજ કરતાં લૂંટારાઓના ક્રોધનો અનુભવ તેમને તત્કાળ મળવાનો સંભવ હોવાથી તેમણે કરેપાઠાર ઉપર ગર્જના કરતાં મનુષ્યો લૂંટારાઓ નહિ પણ યાત્રાળુઓ છે એમ કહી જેમ તેમ કરી પોતાના માથા ઉપરનું સંકટ ટાળ્યું ! ગામ લોકો દ્વારા બાતમી મળવાનો સંભવ નહિ જણાવાથી કૅપ્ટન લ્યુકન સાહેબે એ કામ માટે પોતે જ કમ્મર કસી. જે દિવસે તેઓ જેજુરી પહોંચ્યા તેજ દિવસે રાત્રે કરેપાઠારની ટેકરી ચઢી તેઓ ઉપર ગયા. કરેપાઠારની બન્ને બાજુ ભીંત જેવી ઉંચી હોવાથી તેના પર ચઢવામાં સાહેબને અત્યંત ત્રાસ વેઠવો પડયો. તેમાં વળી રાત્રિનો સમય ! પરંતુ રાતને સમયે આટલો બધો શ્રમ કરીને ડુંગર ચઢવાથી કૅપ્ટન સાહેબને કશો ફાયદો થયો નહિ. ઉમાજી અને તેનાં માણસો સૂર્યાસ્ત થતાં જ કરેપાઠાર છોડીને ચાલ્યા ગયાનું સાહેબને ડુંગર પર ગયા પછી માલમ પડયું. તે પોતાનાં માણસો લઈ પૂર્વ દિશામાં ગયો કે પશ્ચિમ કે દક્ષિણ દિશા તરફ વળ્યો તે સંબંધી તેમને કંઇ ખબર મળી નહિ ! તેથી કૅપ્ટન લ્યુકનને કેટલોક સમય સુધી સ્વસ્થ બેસી રહેવું પડયું.

કૅપ્ટન લ્યુકન જેજુરી આવી પહોંચ્યા હોવાથી તે કદાચિત્ આપણા ઉપર ચઢી આવી હુમલો કરશે, માટે તેઓ તેમ કરે તે પહેલાં આપણે જ તેના ઉપર રાતે છાપો મારી હલ્લો કરવો એવો લૂંટારાઓએ વિચાર કર્યો અને તે કામ માટે સિંહગઢનો ચેસુ નિકારી પોતાની સાથે પચાસ માણસો લઈ, મુખ્ય ટોળી સાથે સંદેશા વ્યવહાર રહે અને સાહેબના લશ્કર ઉપર સારી પેઠે મારો ચલાવી શકાય એવું એકાદ સુરક્ષિત સ્થાન શોધવા ગયો હતો, પરંતુ ઘણે વિચારને અંતે તેની મંડળીએ એવો વિચાર કર્યો કે:

"આપણે જાતે યુદ્ધનો આરંભ કરવો યોગ્ય નહિ." તેથી તેને પાછો બોલાવી લીધો, અને સાહેબ ઉપર રાતે છાપો મારી હલ્લો કરવાનો પ્રથમનો વિચાર માંડી વાળ્યો.

ઉમાજી પોતાનાં સાડાત્રણસો મનુષ્યોનું ટોળું લઈ સૂર્યાસ્તને સમયે કરેપાઠાર છોડી ચાલ્યો ગયો હતો. તેણે તે રાત્ર અને બીજે દિવસ માહુર અને માંધૂરના ડુંગરમાં વિતાડયો. એ દોઢ દિવસમાં ડુંગરની આસપાસનાં ન્હાનાં ગામડાંઓમાંથી તેને અન્ન સામગ્રી પ્રાપ્ત થઈ. તે ગામડામાં રહેનારા ઘણા લોકો ઉમાજીના જીવજાન સ્નેહીઓ હતા. તેથી તેને એ સંબંધી કશી અડચણ પડી નહિ. એ દોઢ દિવસમાં આશરે સો માણસો ઉમાજીને છોડી ચાલ્યાં ગયાં. કંપની સરકારે ઉમાજી વિરૂદ્ધ બળપૂર્વક સતત ખટપટ ચલાવી છે અને તેનું બંડ સમાવી દેવાનો તેમણે દ્રઢ નિશ્ચય કર્યો છે તેથી હવે તેની ટોળીમાં રહેવાથી કશો ફાયદો થશે નહિ, પણ ઉલટું અંતે ભયંકર પરિણામ સહન કરવું પડશે એવું જાણી તેઓ ગભરાઈ ગયા. નગર જીલ્લામાં જે બંડ થયું હતું તેને બંધ પાડવાનું કામ સરકારે જે લશ્કરી ટુકડીને સોંપ્યું હતું અને તેમાં જેણે સારો યશ પ્રાપ્ત કર્યો છે તે જ લશ્કરને ઉમાજીનું બંડ સમાવી દેવા માટે સરકારે નીમી છે અને તે જ ટુકડી સાસવડ આવી પહોંચી છે એવું જાણીને જ ઉમાજીને ત્યાગ કરી જનાર સો માણસોનો દમ નાકમાં આવ્યો હતો! તેમણે જેમ બને તેમ ઉતાવળે ઉમાજીની ટોળીમાંથી પોતાનો પગ કાઢી લીધો. સો માણસો એકદમ નીકળી ગયાથી દોઢ દિવસના ટુંકા અવકાશમાં ઉમાજીને મનુષ્ય બળની મ્હોટી ખુટ પડી પરંતુ તે હિંમત બહાદુર એ બનાવથી જરા પણ ડગ્યો નહિ.

તા. ૧૭ મી જાનેવારીને દિવસે ઉમાજી પોતાની પાસે સિલિકમાં રહેલાં અઢીસો મનુષ્યોને લઇ નિરા નદી ઓળંગી પેલે પાર ગયો. ભોર ઇલાકામાં પ્રથમ ચઢાઇ શરૂ કરવાનો તેનો પ્રથમથી જ વિચાર હતો પરંતુ પ્રથમ હુમલો ભોર ઉપર કરવો કે તે ગામને આગ લગાડી દેવી એ સંબંધી નિરા નદી ઓળંગ્યા પછી તુરત જ તે વિચાર કરવા લાગ્યો. તેમાં એ બન્ને કાર્ય યોગ્ય નથી એવું તેને જણાવાથી ભોર ઉપર હુમલો કરવાનો

તેમજ તેને આગ લગાડવાનો વિચાર બંધ પાડયો, અને ભોર ઇલાકાની બજાર વાડીમાં આવી પહોંચ્યો. ઉમાજીની ટોળીએ તે ગામડામાં જઈ તેને લૂંટી લીધું અને ત્યાંથી પંત સચીવના બે બ્રાહ્મણ નોકરોને પકડી સાથે લીધા. લૂંટનો માલ લઇ રામોશી લોકો ભોરની દક્ષિણે માંધુર દેવના ડુંગરમાં ચાલ્યા ગયા. ત્યાં ગયા પછી પકડી લાવેલા બે બ્રાહ્મણોને કહ્યું કે: "તમારા રાજ્યમાં પ્રથમથી જ અમારા વતનના જે હક્ક છે તે અમને આપો, નહિ તો તમારો પ્રદેશ અમે બાળી ભસ્મ કરી નાંખીશું, એ ખાત્રી રાખશો." એવો પત્ર લખાવી તેમણે શ્રી પંત સચીવ તરફ મોકલ્યો.

બજારવાડી લૂંટયાના સમાચાર ભોર પહોંચી ગયા. તેથી જેણે તે ગામ લૂંટયું હોય તેમને પકડી લાવવા માટે પંતસાહેબે પોતાના સિપાહીઓની એક ટુકડી મોકલી. તેઓ તા. ૧૮ મીએ સવારે નવવાગે ત્યાં આવી પહોંચ્યા પછી એ કૃત્ય ઉમાજીનું છે અને તે પોતાની ટોળી સહિત માંધુરદેવના ડુંગરમાં છાવણી નાંખી પડયો છે એવી તેઓને ખબર મળી. પંત સાહેબનાં માણસો તુરતજ માંધુરદેવના ડુંગર તરફ વળ્યાં, ત્યાં પાંચસો રામોશીઓ એકઠા થયા છે એવા સમાચાર પોતાની સરકારને મોકલી દીધા. એ કામ માટેજ કૅપ્ટન બૉઇડ સાહેબનું થાણું સચીવ સાહેબે ભોર નજીક રાખ્યું હતું. સચીવ સાહેબ તરફથી રામોશીઓના સમાચાર મળતાં જ કૅપ્ટન સાહેબ પોતાની ટુકડી સહિત માંધુરદેવના ડુંગર તરફ ઉપડી ગયા. પોતાના ઉપર ફોજનો હુમલો થશે એમ જાણીને જ રામોશી લોકોએ ડુંગર ઉપર ધીચ વૃક્ષઘટાથી આચ્છાદિત થયેલું એક વિકટ અને સુરક્ષિત સ્થળ જોઇ તેમાં પ્રથમથી જ પોતાની છાવણી નાંખી હતી. તે સ્થળેથી નીચે શત્રુ ઉપર મારો કરી શકાય અને તેમના મારાનો પોતાના ઉપર કશો ઉપયોગ ન થાય એવું જ તે સ્થાન હતું. એવું આશ્રય સ્થાન મળ્યાથી તેનો યુદ્ધમાં કેટલો બધો ઉપયોગ થાય છે તેનો લૂંટારાઓને ઘણો સારો અનુભવ હતો. સ્થળે સ્થળે મારાની જગ્યા શોધી કહાડીને અને ત્યાં પોતાના સિપાહીઓ ગોઠવીને અને લડાઇની શરૂવાત કરીને કૅપ્ટન બૉઇડ સાહેબ પોતાની ટુકડી સહિત ડુંગર પર ચઢયા. તેને ચઢી આવતા જોઇ રામોશી લોકો પાછા ફર્યા

અને ચઢી આવતા સિપાહીઓ ઉપર હુમલો કર્યો. ઑઇડ સાહેબની ટુકડીએ તેમના ઉપર ગોળીબ્હાર કર્યો તેથી લૂંટારાઓને કશું નુકસાન થયું નહિ. રામોશીઓના મારાથી કૅપ્ટન સાહેબનાં મનુષ્યોમાંથી એક નાયક અને એક સિપાહી ઘાયલ થયા. ત્યાર પછી રામોશી લોકોનાં ત્રણ માણસો કૅપ્ટન સાહેબને હાથ લાગ્યા. એ સિવાય કંપની સરકારનાં માણસોને વિશેષ યશ મળ્યો નહિ. એ યુદ્ધમાં પંતસાહેબના કેટલાક શિબંદી સિપાહીઓ લશ્કરને મદદ કરતા હતા પરંતુ તેમણે અંતઃકરણપૂર્વક મદદ કરી નહોતી. યુદ્ધ શરૂ થતાં જ તે લોકો ત્યાંથી ચાલ્યા ગયા હતા. તેમ ન થયું હોત તો સારો યશ મળ્યો હોત એવું કૅપ્ટન ઑઇડિ સાહેબનું કહેવું હતું.

કૅપ્ટન ઑઇડિની ટુકડી સાથે ચકમક ઝર્યા પછી રામોશી લોકો માંધુરના ડુંગરમાં પાછા આવ્યા અને ત્યાર પછી ઉમાજીએ પોતાની ટોળી વિખેરી નાંખી. તે પોતાની સાથે માત્ર પચાશ માણસો લઇને પાંડવગઢ તરફ ચાલ્યો ગયો. ભોજાજી નાયક પણ પોતાની સાથે તેટલાં જ મનુષ્યો લઈ દક્ષિણ તરફ ચાલતો થયો, અને બીજા નાયકો બાકી રહેલાં મનુષ્યોની ન્હાની ન્હાની ટોળીઓ કરી જુદી જુદી દિશામાં પસાર થયા. બીજે દિવસે ઑઇડ સાહેબને માંધુરદેવના ડુંગરમાંથી એક પણ રામોશી મળ્યો નહિ. યેસુ, કૃષ્ણાજી અને વિઠુ, એ ત્રણ નાયકો વિશેષ માણસો જમાવવા માટે પુરંદરના ડુંગરમાં પાછા ગયા, પરંતુ તેમાં તેમને યશ મળ્યો નહિ. કારણ કે પુરંદર પ્રદેશની આસપાસ સર્વ બાજુએ કંપની સરકારની લશ્કરી ટુકડીઓએ રામોશી લોકો ઉપર ઘેરો ઘાલ્યો હોવાથી તેમાંના ઘણા ખરા ચુંટી ચુંટીને પકડેલા હોવાથી ભયને લીધે રામોશીઓની ટોળીમાં સામેલ થવા કોઈ આગળ આવે તેમ નહોતું. એ અરસામાં જ પહેલી ગ્રેનેડિયર રેજીમેન્ટના સો સિપાહીઓ લઈને લેફ્ટેનન્ટ ફુલરટન સાહેબ પુનેથી આવી પહોંચ્યા. પુરંદર ડુંગરની દક્ષિણ દિશાની બાજુ ઘેરી રાખવાનું કામ તેમને સોંપેલું હોવાથી અને તેઓ ભોંગલી નામક ગામ નજીક પચાસ સિપાહીઓ સહિત થાણું રાખી બેઠેલા હોવાથી રામોશી લોકો તદ્દન નાઇલાજ થઈ પડયા હતા !

ઉપરોક્ત કારણોથી ભોજાજી અને ઉમાજી નાયકો પોતાની બન્ને ટોળીઓ એકત્ર કરવા ઘણા ઉત્સુક થઇ રહ્યા હતા પરંતુ પુરંદર પ્રદેશની અનેક ટોળીઓ એકસરખી તેમની પૂઠે લાગેલી હોવાથી અને તેમણે તેમને સર્વ બાજુથી ઘેરી લીધેલા હોવાથી તેમની ઇચ્છાનુસાર પરસ્પર મુલાકાત થઇ નહિ. એટલુંજ નહિ પણ એક બીજાના સમાચાર નહિ મળવાથી બન્ને જુદે જુદે માર્ગે ચાલ્યા ગયા. ઉમાજી વાઇની પૂર્વે ચૌંડેશ્વર તરફ અને ભોજાજી મહાબળેશ્વરની ઉત્તર તરફના ડુંગરમાં અને તેની આસપાસ; એ પ્રમાણે બન્ને બે દિશા તરફ ચાલ્યા ગયા. ભોજાજી મહાબળેશ્વરના ડુંગરમાં આશરે એક અઠવાડીયા સુધી રહ્યો હતો. તે સમયે ડુંગરના શિખર પર રહેનારા જંગલી લોકોદ્વારા અને ત્યાંના રાનમાં વસ્તી કરી રહેલા ભરવાડ અને દૂધ વેચનારા લોકોદ્વારા તેમને પુષ્કળ અન્ન સામગ્રી મળતી હતી.

ઉમાજી પોતાનાં પચાસ માણસોની ટોળી લઇને ચૌંડેશ્વરના ડુંગરમાંથી પુનઃ સત્વર પુરંદરના ડુંગરમાં આવી પહોંચ્યો. પુરંદરનો પ્રદેશ કંપની સરકારના લશ્કરે ચારે તરફથી તદ્દન ઘેરી લીધો હતો તેમ છતાં તે પ્રાંતના લોકો ઉમાજીની હિલચાલ સંબંધી ખુલ્લા દિલથી બાતમી આપવા તૈયાર નહોતા. કદાચ તેઓ એકાદ વખત બાતમી આપતા તો લૂંટારાઓ એક સ્થળેથી બીજે સ્થળે ચાલ્યા ગયા પછી ઘણે મોડેથી તેમ કરતા. એવી ઠંડી બાતમીથી લશ્કરી અમલદારોને કશો ફાયદો થતો નહિ! સર્વ પ્રાંતોમાં ઉમાજીનો એટલો બધો સજ્જડ ધાક બેસી ગયો હતો. એજ અરસામાં નવમી રેજીમેન્ટનો લેફ્ટેનન્ટ શૉ સાહેબ સોલાપુરથી સિત્તેર સિપાહીઓની એક ટુકડી લઈ આવ્યા અને તેણે પોતાનું થાણું ફલટણથી અગ્નિ ખુણા તરફ મહાદેવના ડુંગરમાં રાખ્યું. સાલપેમાં પણ એક ટુકડી રાખીજ હતી. તે ટુકડી સાથે લૅ. શૉ સાહેબને સંદેશા ચાલી શકે એ માટે તેમના થાણાથી અર્ધા રસ્તા ઉપર એક ગામડામાં તેના હાથ નીચે એક જમાદારને ન્હાની ટુકડી આપી રાખ્યો હતો. દક્ષિણમાંથી કોકણમાં ઉતરવાનો જે ઘાટ છે તે ઘાટ પર તેરમી રેજીમેન્ટના લૅ. ફ્રૉટબસ અને અગિઆરમી રેજીમેન્ટના

લૅ. ખ્રિસ્ટોફર એ બન્નેને નીમ્યા. તેમણે ઘાટનાં મુખડાં રોકી રાખ્યાં. એવી વ્યવસ્થા થવાથી ઘાટ ઉપરના અમલદારો સાથે તેમનો સંદેશા વ્યવહાર સારી પેઠે રહ્યો અને રામોશીઓ માટે નાકેબંધી થઈ.

પુરંદર પ્રદેશમાં કંપનીના લશ્કરની હિલચાલ શરૂ થયા પછી તેમણે પુષ્કળ માણસો પકડયાં. તેમ કરવામાં તેમની પાસેથી ઉમાજીની હિલચાલ સંબંધી ખાત્રીપૂર્વક બાતમી મેળવવાનો અને તેને અનુસરીને તેના ઉપર ચઢાઇ લઈ જવાનો જ અમલદારોનો ઉદ્દેશ હતો. તેમનો ઉદ્દેશ કોઈ કોઈ પ્રસંગે સિદ્ધ પણ થતો. એજ લોકો દ્વારા તા. ૨૪ મી જાનેવારીએ રાત્રે સાસવડથી દક્ષિણ દિશાના ડુંગરની તળેટીમાં આવેલા પિંપરી નામક ગામડામાં ઉમાજી અન્ન સામગ્રી લેવા માટે આવવાનો છે એવી બાતમી અમલદારોને મળી. જે ગામથી ઉમાજી પોતાનાં માણસો માટે અન્ન આદિ વસ્તુઓ મેળવતો તે ગામના લોકોએ તે વસ્તુઓ કોઈ પણ જળાશય નજીક લાવી મૂકવી એવી તેણે ગામના લોકોને સૂચના આપી હતી, અને તે પ્રમાણે તેઓ વર્તતા હતા. ગામ લોકો સંકેતવાળા સ્થાનકે અન્ન વગેરે મૂકી જતા ત્યાર પછી ઉમાજીનાં માણસો આવી ત્યાંથી સર્વ વસ્તુઓ લઈ જતા. અન્ન વગેરે સામગ્રી તૈયાર રાખવા માટે ઉમાજી તરફથી ગામ લોકોને તા. ૨૪ મી જાનેવારીએ સૂચના મળી હતી. ડુંગર અને ગામડાની વચ્ચે એક તળાવ અને ન્હાનું ટાંકુ હતું. ત્યાં પિંપરીના લોકોએ ઉમાજીને માટે અન્ન વગેરે સામગ્રી લાવી મૂકવાનું ઠર્યું હતું. પકડેલા મનુષ્યો પાસેથી એ બાતમી મળતાં જ એ અમલદારો એ ટુકડીઓ લઇને તા. ૨૪ મીને દિવસે સવારે સાસવડથી સંકેતવાળા સ્થાનકે જવા નિકળ્યા. બન્ને જણે એ જુદી જુદી દિશાઓમાં જઇ વાંક વળીને સંકેતવાળા સ્થાને આવી પહોંચવું અને ત્યાં આવ્યા પછી સંકેતવાળા સ્થાનથી થોડે વેગળે જે ન્હાનાં મ્હોટાં ઉંચાં સ્થાન મળે તેના ઑથામાં સંતાઇ રહેવું એવી તેમણે પ્રથમથી જ વ્યવસ્થા કરી રાખી હતી. સંકેત પ્રમાણે બન્ને અમલદારો પોતપોતાની ટુકડીઓ લઇને નિકળ્યા. તે જુદી જુદી દિશામાં થઈને ગામ લોકોએ તે દિવસે જે સ્થળે અન્ન સામગ્રી મુકી હતી ત્યાં પહોંચી પોતાનાં મનુષ્યો સહિત સંતાઈને

રામોશી લોકોની વાટ જોતા બેઠા. તેમ કરતાં રાત અને દિવસ વીતી ગઈ. તે દિવસે આકાશ સ્વચ્છ હોવાથી ચાંદરણાંનો ઉજ્વળ પ્રકાશ પડતો હતો. રામોશી લોકો અન્ન સામગ્રી લેવા આવ્યા તો ખરા પરંતુ લશ્કરી ટુકડીના સમાચાર મળતાં જ તેઓ એક ગાઉ વેગળે આવેલા ગામડા તરફ ચાલ્યા ગયા. લશ્કરી માણસોએ આખી રાત તેમની વાટ જોઇ અંતે કંટાળી કંટાળીને પોતાનો શિકાર મળતો નથી એમ જાણી તે બન્ને અમલદારો રાતના ત્રણ વાગે ગયા હતા તેવા જ સાસવડ પાછા ચાલ્યા ગયા. તેમ થવાથી પિંપરી ગામના લોકોની અન્ન સામગ્રી નિરર્થક ગઇ અને રામોશી લોકોને તે દિવસે કડાકો થયો!

લૂંટારાઓની ટોળીનો એક ભાગ હવે આળંદીના ડુંગર તરફ વળ્યો. તેમ થવાથી પુનાના પૂર્વ તરફનાં ખેતરોમાં રામોશી લોકોની ટોળીઓ રાત્રિએ દ્રષ્ટિએ પડે છે એવી ચારે તરફ અફવા ઉડી રહી. એ અફવા તદ્દન જૂઠી નહોતી. રામોશી લોકો દિવસે કદી પણ બહાર નિકળતા નહોતા. તેઓ ડુંગરની ધીચ ઝાડીમાં, ગુહાઓમાં કિંવા ઉંડી ખીણ કે કોતરોમાં પોતાની કાળી કાંબળી ઓઢીને સમસ્ત દિવસ પડી રહેતા હતા. કાળી કાંબળી ધારણ કરેલી હોવાથી વેગળેથી જોનાર મનુષ્ય એમજ ધારતા કે, તે કોઈ જંગલી ડુક્કર પડી રહ્યું છે. તેમ થવાથી અનાયાસે તેમનું રક્ષણ થતું. દિવસને સમયે ઝાડીઓમાં કિંવા જંગલોમાં તેમની છાવણી પડેલી હોય છે તે વખતે તેઓ પોતાનાં ચોકીદાર લોકોને વેગળે સુધી તપાસ રાખવાને કોઇ જાણે નહિ તેવી રીતે મૂકતા. કંઈ પણ ભય જણાતાં ચોકીદારો તેમને સૂચના આપતા. તેમના ચોકીદારો કિંવા ગુપ્ત મનુષ્યોદ્વારા ભયસૂચક શબ્દ કાને પડે નહિ ત્યાં સુધી તેઓ કોઇ પણ રામોશી પોતાના સ્થાનકેથી કોઇ પણ કારણસર ખસી શકે નહિ, એમને એમ જ પડી રહે, એવો તેમની ટોળીનો સખ્ત નિયમ હતો.

અન્ન સામગ્રી મેળવવા માટે તેઓ સંધ્યા સમયે પોતાને સ્થાનકેથી બહાર નીકળી નજીકમાં આવેલા એકાદ ગામડામાં જતા. ગામ નજીક ગયા પછી પોતાની ટોળીને માટે અન્ન સામગ્રી જોઇએ તે માટે ગામના પટેલને

સૂચના આપવા માટે તેઓ પોતાનામાંથી એક બે મનુષ્યોને ગામમાં મોકલતા. ત્યાર પછી ગામમાં પોતાના કોઈ મિત્ર કે સગાં હોય કિંવા ત્યાં છાપો આવવાનો ભય ન હોય તો તે સર્વે મનુષ્યો ગામમાં જતા. છાપો આવવાનો ભય લાગતો કિંવા બીજું કોઈ સંકટ આવવાનો સંશય ઉત્પન્ન થતો તો તેઓ કદી પણ ગામમાં જતા નહિ. ભાખરી અને શાક કિંવા માટી કઢી અથવા ચટણી, ગામના લોકોએ તેમને માટે હમેશાં તૈયાર રાખવી પડતી. ઉપર લખ્યા પ્રમાણે કોઇ પણ કારણને લીધે તેઓ ગામમાં જતા નહિ, ત્યારે ગામના પટેલે સર્વને પુરી પડે તેટલી બબ્બે અથવા ત્રણ ત્રણ ભાખરી અને શાક કિંવા કઢીનું વાસણ માથે મૂકી તે લોકો કહે તેવા જળપ્રવાહને કિંવા તળાવને કિનારે લઈ જઇ મૂકવું પડતું. રામોશી લોકો કરતાં કોઈ ઉચ્ચ વર્ણનો મનુષ્ય તેમની ટોળીમાં આવતો ત્યારે પટેલને દાળ લોટનું કોરૂં સીધું તેને માટે આપવું પડતું. એવાં મનુષ્યો પોતાને હાથે પોતાની રસોઈ બનાવી લેતા. રામોશી લોકોને તેવી અડચણ પડતી નહતી. કોઈ પ્રસંગે તેમના પડાવ આગળ એકાદ બકરાં ઘેટાનું ટોળું ચરતું તેમની દ્રષ્ટિએ પડતું તો તેમાંથી એકાદ બકરા કે ઘેટા ઉપર તરાપ મારી ખુશીથી તેને ઉપાડી જતા. તેનો માલિક જો ઘણી તકરાર કરતો તો તેને ગરીબ માણસ જાણી તેના શરીર પર બકરા ઘેટાની કિંમત ફેંકી દેતા! જે દિવસે તેમને એકાદ બકરૂં મળતું તે દિવસે તેઓ મિજબાની ઉડાવી આનંદ કરતા પરંતુ એવા પ્રસંગ કવચિદ્જ! તેઓ કોઇ પાસે કોઇ વસ્તુ માગતા અને તે મનુષ્ય ખુશીથી નહિ આપતો કિંવા તકરાર કરતો તો તે મનુષ્ય ઉપર તેમનો હમેશ માટે કોપ થતો. પછીથી તેઓ કાળા સર્પની પેઠે પોતાના શત્રુ ઉપર કયે સમયે કેવી રીતે વૈર લેશે તેનો નિયમ જ નહિ. એવે સમયે રામોશી લોકો દયા માયા તદ્દન ભૂલી જાય છે. ગભરાટને સમયે અથવા લશ્કર પૂઠે પડ્યું હોય છે તે સમયે રામોશીઓને થોડું અન્ન મળે તો પણ ચાલતું. કદાચ દિવસમાં થોડુંક ખાવાનું મળતું તોપણ તેટલાથી તેઓ સંતોષ પામતા. તેમ ન કરે તો તેમને પરવડે પણ કેમ? એવે પ્રસંગે તેમને જે અન્ન સામગ્રી મળતી તે ચોરી છુપીથી વખત બેવખત મળતી. તેટલી લઇને

તેઓ પોતાનું ગુજરાન ચલાવતા. કેટલીક વખત પોતાના સંબંધી કોઇને ખબર ના પડે તે માટે અન્ન સામગ્રીના પૈસા પણ તેઓ આપી દેતા. એકાદ ગામમાં પોતાનું ઓળખાણ ન હોય તેમ છતાં ત્યાંથી અન્ન સામગ્રી લેવાની જરૂર પડતી તો ત્યાંના એકાદ ગામલોકને પકડી તેની પાસે પોતાનું કામ કરાવી લેતા. એવે પ્રસંગે તે મનુષ્ય અથવા ગામના લોકો તેમની સાથે વિશ્વાસઘાત કરતા તો પછી તેમના ઉપર રામોશી લોકોનો ભયંકર કોપ થતો. રામોશીઓનો અતિશય ભય હોવાથી કોઇ તેમની સાથે એકાએક અપ્રમાણિકપણે વર્તતું નહિ. એ પ્રમાણે પોતાનાં માણસો માટે ગામેગામના લોકો પાસેથી અન્ન સામગ્રી થોડામાં મેળવતો ઉમાજી પોતાની ચઢાઈ લઈ આનંદપૂર્વક આગળ વધતો હતો.

પ્રકરણ ૧૮ મું.

પરાજય-ન્હાસભાગ.

ઉમાજી સાકુર્ડી નજીકના ડુંગરોમાં હતો તે સમયે તેને ત્યાંના મિત્રમંડળ તરફથી અન્ન સામગ્રી પૂરી પડતી હતી. એ સમાચાર કંપનીના અધિકારીઓને મળવાથી તેમણે તા. ૨૯ મી જાનેવારીને દિવસે સ્હવારે લશ્કરની પાંચ ટુકડીઓ જૂદી જૂદી દિશામાં ડુંગરો તરફ રવાના કરી. તેઓ ત્યાં જઈ પહોંચ્યા ખરા પરંતુ દુર્ભાગ્યવશાત્ તેમને ઉમાજીની ટોળી પૈકી એક પણ મનુષ્ય ત્યાં મળ્યો નહિ. રામોશી લોકો આગલે દિવસે જ તે ડુંગર છોડી બીજે સ્થળે ચાલ્યા ગયા હતા. એવું બનવાથી સર્વ નિરાશ થયા, અને સર્વ અમલદારો પોતાને મુકામે પાછા ફર્યા.

સાકુર્ડીના ડુંગર તરફ મોકલેલી લશ્કરી ટુકડી પાછી આવ્યા પછી સરકારે સર્વ લોકોને જાહેર કરવા માટે અને ઉમાજી તથા તેના બીજા ચાર મિત્ર નાયકોને પકડી આપવા માટે બીજી વખત નીચે પ્રમાણેનું જાહેરનામું સર્વ જીલ્લામાં પ્રસિદ્ધ કર્યું:-

"સરકારે ઉમાજીને તેના પાછલા અપરાધોની દયાળુપણે ક્ષમા કરી તેના ઉપર કૃપા કરી હતી તેમ છતાં અને તે કંપની સરકારનો અત્યંત ઋણી હોવા છતાં તેણે સરકારના તે ઉપકારો પ્રત્યે બિલકુલ લક્ષ્ય નહિ આપતાં પુનઃ લૂંટફાટ કરી દેશમાં ત્રાસ ફેલાવવાનો અને પ્રજાનું નુકસાન કરવાનો વ્યવહાર પૂર્વની પેઠે આરંભ્યો છે. તેથી સર્વને ખબર આપવામાં આવે છે કે ઉમાજી, ભોજાજી, કૃષ્ણાજી અને યેસુ નિકારી નામના ચાર મુખ્ય લૂંટારાઓને જે કોઈ પકડી આપશે તેને તે પ્રત્યેકને માટે પાંચહજાર રૂપિયા રોકડા અને બસો વિઘા જમીન, વગર મહેસુલની, સરકારમાંથી ઇનામ આપવામાં આવશે."

સરકારે પ્રસિદ્ધ કરેલા એ જાહેરનામાનું આ સમયે કંઈ પણ સાર્થક્ય થયું નહિ.

તા. ૩૧ મી જાનેવારીને દિવસે લૅફ્ટેનન્ટ લૉઇડની સરદારી નીચે રેજીમેન્ટના બસો સિપાહીઓની એક ટોળી સિંહગઢની પશ્ચિમ દિશાના ડુંગરો તરફ રવાના થઈ. આ સ્થળે કહેવું યોગ્ય થઇ પડશે કેઃ સરકારની નોકરી કરતા ઘણા શિબંદી સિપાહીઓ ઉમાજીનો બળવાખોર ઝુંડો ઉભો થતાં જ તેમાં જઈ સામેલ થયા હતા. તે શિબંદી પોલિસ સિપાહીઓમાંની ખાલી પડેલી જગ્યાઓ પુનઃ ભરવા માટે કંપની સરકારે તુરત જ શરૂવાત કરી, પરંતુ બનાવ એવો બન્યો કેઃ પુષ્કળ પ્રજાજનો અન્ન વગર બેહાલ થઈ પડ્યા હતા, જઠરાગ્નિના તીવ્ર તાપ વડે તેઓ રોજ તડફડતા હતા, અને મધ્યાહ્નને સમયે પેટની કોથળી ગમે તેમ કરીને પણ ભરવા માટે તેમને નોકરી મેળવવાની આવશ્યકતા હતી તેમ છતાં પુષ્કળ રહેવાસીઓમાંનો એક પણ મનુષ્ય શિબંદી લશ્કરમાં નોકરી રહેવા ઉમાજીની બ્હીકથી આગળ ધસ્યો નહિ! એ પ્રદેશમાં સર્વને ઉમાજીનો એટલો બધો ધાક હતો! "અમારી બે હદ કંગાલ અવસ્થા છે." એવું કેટલાક મનુષ્યોએ અમલદારો સમક્ષ કબૂલ કર્યું હતું તેમ છતાં તેઓ પોલિસ લશ્કરમાં નોકરી રહેવા તૈયાર થયા નહિ. એ વાત સાંભળીને ઉમાજીનું ચરિત્ર લખનાર મિ. મૅાકનટોશ સાહેબને ઘણું આશ્ચર્ય થયું હતું, ત્યાર પછી અન્ય જનોને થાય તેમાં નવાઇ શી?

શિબંદીમાં ભરતી થવા માટે જ્યારે મનુષ્યો મળ્યાં નહિ ત્યારે અહ-મદનગરની પોલિસ કોરમાંથી રામસિંગ નામક એક હુંશિયાર મનુષ્યની, તેની સાથેના પાંચ શિબંદી સિપાહીઓ સાથે સર્વ પ્રાંતમાં ફરીને ઉમાજીને અને તેની ટોળીને કોણ અન્ન સામગ્રી પુરી પાડે છે, તથા તેને સરકારી લશ્કરની હિલચાલ સંબંધી ખાત્રીપૂર્વક કોણુ સમાચાર આપે છે, સરકારી લશ્કરને રામોશી સંબંધી ભૂલથાપ ખવાડનાર ખોટી ગપો કોણ ફેલાવે છે અને તેમને મુખ્ય સહાયતા કોની છે? વગેરે બાબતોની ચોક્કસ તપાસ કરવા માટે સરકારે તેની નિમણુક કરી. રામસિંગે બુદ્ધિ ચાતુર્ય ચલાવી નિરા નદીને કાંઠે રહેતાં પાંચ છ કણબીઓને પોતાના પક્ષમાં વાળી લીધા, અને તેમને સાથે લઈ તા. ૨ જી ફેબ્રુવારીને દિવસે પ્રાતઃસમયે ગુળુંચા ગામથી અર્ધા ગાઉ વેગળે આવેલી એક વાડીમાં જઈ પહોંચ્યો. તે સ્થળે ઉમાજીનો ભાઈ અને તેમની ટોળીમાંના એક બે મનુષ્યો પકડાવાની તેને ભરોંસા લાયક બાતમી મળી હતી. ત્યાં ગયા પછી રામસિંગે અને તેનાં માણસોએ વાડીને ઘેરો ઘાલ્યો. ત્યાર પછી રામસિંગ પોતાની સાથે એક મનુષ્ય લઇને તે વાડીમાં એક મ્હોટું ઘર હતું તેમાં રામોશીઓનો શોધ કરવા ગયો. ઘરમાં પેસતાં જ તેમાંના સ્ત્રી બાળકોએ તેને એકદમ ઘેરી લીધો. તેને બાતમી મળી હતી તે પ્રમાણે ઉમાજી એ સમયે તે જ સ્થળમાં ઉભો હતો. તેને જોતાં જ રામસિંગે તેનું કાંડુ પકડયું, પરંતુ એક આંચકો મારી ઉમાજીએ પોતાનું કાંડુ વછોડી લીધું, અને તેની પાસે ઉભેલા સિપાહીને એક ધક્કો મારી પૃથ્વી પર પાડી દઈ ઉમાજી ત્યાંથી બહાર નીકળી પડયો. ઘરની આગળ એક ન્હાની ભીંત હતી, પરંતુ તેના જેવા શૂરવીરના મ્હોં આગળ એવી ભીંતનું શું ગજું? તે સપાટાબંધ ભીંત ઓળંગી બહાર કુદી પડયો. રામસિંગ પણ કંઈ ઓછો શૂરવીર ન હતો. ઉમાજીને પોતાના હાથમાંથી છટકી જતો જોઇ તેને પણ પાણી ચઢયું. તેણે પણ તેની પાછળ તે જ ભીંત ઉપરથી કુદકો માર્યો. તેના એક હાથમાં તરવાર અને બીજા હાથ પર ઢાલને બદલે ધોતીયું વિંટાળ્યું હતું. રામસિંગને પોતાની પાછળ કુદી આવતો જોઈ ઉમા-જીએ એક ચક્કર મારી તેના ઉપર પોતાની તરવારનો એક એવો ઘા માર્યો

કે જો તે રામસિંગના શરીર ઉપર વાગ્યો હોત તો તેના બે કટકા થઈ ગયા હોત, પરંતુ રામસિંગે ઘણી ચતુરાઇ વાપરી તે ઘા પોતાના ડાબા હાથ ઉપર ઝીલી લીધો. તે હાથ ઉપર તેણે ધોતીઉં વિંટાળ્યું હતું, તેથી તે દિવસે તે જીવતો છટકવા પામ્યો. ઉમાજીનો ઘા પડતાં જ હાથે વિંટાળેલા ધોતીયાના કટકે કટકા થઇ ગયા. એટલામાં ઉમાજી તેના હાથમાંથી વેગળો ચાલ્યો ગયો. આ સમયે મકાનમાં ઉમાજી એકલો ન હતો પરંતુ તેના પાંચ છ જાતભાઈ મિત્રો હતા. તેમને એ વાતની ખબર પડતાં જ સર્વ મનુષ્યો મકાનમાંથી નિકળી થોડે વેગળે આવેલા ડુંગરની એક મ્હોટી ગુહામાં ઉતરી પડયા. રામસિંગને હાથતાળી આપી ઉમાજી તો ક્યારનોએ તે ગુહામાં જઈ બેઠો હતો. રામસિંગ અને તેના સિપાહીઓ તેની પૂઠે પડયા. તેમણે ધૈર્યપૂર્વક ડુંગર સુધી પૂઠ પકડવામાં બાકી રાખ્યું નહોતું. શિબંદીના સિપાહીઓ ગુહા પર્યંત જઈ પહોંચે એટલામાં તો એક ખીણમાંથી ત્રીશ રામોશીઓ બહાર નિકળી આવ્યા. તે ઉમાજીના જ માણસો હતા. તે દિવસે (તા. ૨ જી ફેબ્રુવારી) સવારથી વર્ષાદ વરસતો હતો. તેથી બાકીના ત્રીશ માણસોને ડુંગરની ગુહામાં રહેવા દઈ ઉમાજી પોતાની સાથે સાત આઠ માણસોને લઇ વાડીમાં પોતાના એક સ્નેહિને મળવા ગયો હતો. ઉમાજીના ત્રીશ માણસોને જોતાં જ શિબંદીના સિપાહીઓ ઉમાજીની પૂઠ છોડી પોતાના જીવનું રક્ષણ કરવા માટે મોર ગામ તરફ પાછા ફર્યા. તે ત્રીશ ચાળીશ માણસો આગળ દશબાર માણસનું કેટલું જોર? તેમણે તેમનો તે વખતે જ ફેંસલો કરી નાંખ્યો હોત, પરંતુ શિબંદીના માણસોને પાછા ફરતા જોઇ રામોશીઓ ડુંગર તરફ ચાલ્યા ગયા. તેમણે ત્યાં એક ઉંચી જગ્યામાં જઇ આસપાસના પ્રદેશની તપાસ કરવા માંડી. થોડા સિપાહીઓ આવેલા હોવાથી તેમની પાછળ મ્હોટું લશ્કર હોવું જોઇએ, તે શિવાય તેઓ આગળ ધસી આવે નહિ. તે લશ્કર ક્યાં હશે? અને ક્યાંથી આવે છે? તે બાબતની રામોશીઓ ઉંચી જગ્યામાંથી તપાસ કરતા હતા, પરંતુ તેવું કંઇ નહિ હોવાથી અને રામસિંગ એકલો જ દશબાર માણસોને સાથે લઇને આવેલો હોવાથી બીજી કોઈ પણ ટુકડી તેમની નજરે જણાઈ નહિ. ત્યાંથી ઉમાજીએ પોતાની ટોળીનો મુકામ સતારા તરફ ફેરવ્યો.

જ્યાં જ્યાં લૂંટારાઓની ટોળીઓ જાય ત્યાં ત્યાં તેમની પૂઠ પકડવા માટે સરકારે જુદે જુદે સ્થળે લશ્કરી ટુકડીઓ નીમી જ હતી. સતારા પ્રાંતમાં ઉમાજીએ પ્રવેશ કર્યો તે સમયે ત્યાં કૅપ્ટન લ્યુકન અને અહમદનગર પોલિસ કોરનો સુબેદાર લક્ષ્મણગીર, એ બન્ને ન્હાની ન્હાની ટુકડીઓ લઈ તેમની શોધમાં ફરતા જ હતા, તે તેની પૂઠે પડ્યા, અને તેમને સાલપાની અગ્નિ દિશા તરફ હાંકી કાઢ્યા. સાલપાથી આગળ વધ્યા પછી ઉમાજીને તેનો ભાઈ કૃષ્ણાજી તથા તેનો મિત્ર ભોજાજી નાયક ચાળીશ મનુષ્યો સહિત આવી મળ્યા. ઉમાજી મોળીગાંમ હતો તે સમયે તા. ૪ થી ફેબ્રુવારીએ સતારા પ્રાંતમાંના સર્વ રામોશીને ઉદ્દેશીને તેણે ત્રણ જાહેરનામાં પ્રસિદ્ધ કર્યાં હતાં. તે તેણે પોતાની તેમ જ ભોજાજી નાયક અને પુરંદર કિલ્લાના કોળી તથા ઢેડ તરફથી પ્રસિદ્ધ કર્યાં હતાં. તેણે સર્વને પુરંદર બોલાવી તેમના વતન હક્કની જરૂર હોય તો તેની ટોળીમાં આવી મળવું અને એક મન પ્રાણથી એ કામમાં સામિલ થઈ મદદ કરવી તથા હુમલાનું કામ ચલાવવું એવું તેણે જાહેર કર્યું.

એ જાહેરનામુ ઉમાજી, કૃષ્ણાજી અને રામરાવ કાળે; એ ત્રણેએ મળી તૈયાર કર્યું હતું. એ કામમાં રામરાવ કાળે તેમનો ચિટણીસ હતો. કંપની સરકારનું લશ્કર ચારે તરફ ફરતું હોવાથી અને તેમની ટોળીનાં માણસોને પ્રથમની પેઠે જૂદે જૂદે ગામથી અન્ન સામગ્રી નહિ મળતી હોવાથી તેમને એક સ્થળે એક બે દિવસથી વિશેષ રહેવાનું કઠીન થઈ પડ્યું હતું. તેથી તેઓ પોતાના મિત્રમંડળને જઈ મળવા ઉત્સુક થઈ પડ્યા હતા. તા. ૫ મી ફેબ્રુવારીને દિવસે જાહેરનામુ પ્રસિદ્ધ કરી તેણે ચારે દિશામાં મોકલી દીધા પછી થોડા સમયમાં જ સ્વદેશભૂમિ તરફ એટલે પુરંદરના ડુંગર તરફ તેમણે પ્રયાણ કર્યું.

ઉમાજી અને તેનાં મનુષ્યો તા. ૬ ઠ્ઠીને દિવસે વાલ્હા નજીક આવ્યા. તે દિવસ તેમણે ગામ બહાર કોઈક સ્થળે સંતાઈ રહીને વિતાડયો. સંધ્યા સમય થયા પછી સર્વ મનુષ્યોએ વાલ્હા ગામમાં પ્રવેશ કર્યો. ત્યાં તેમણે એક વણિકનું ઘર લૂંટી લીધું, અને એક ઢેડને ઘાયલ કર્યો. ઉમાજીની

ટોળીમાં આ સમયે સીત્તેર મનુષ્યો હતાં પરંતુ તે દોઢસો જણાય એવી તેમણે ખુબી કરી હતી. વાલ્હાથી આસરે એક ગાઉ ઉપર ધોંડ નામક ગામમાં ૧૭ મી રેજીમેન્ટના ભીમા નામક જમાદારને સરકારે એક ટુકડી આપી નીમ્યો હતો.

રામોશી લોકોએ ગામમાં પ્રવેશ કર્યો તેજ સમયે બે મનુષ્યો જમાદારને લૂંટારાઓની બાતમી આપવા દોડતા ગયા. તેમની તરફથી બાતમી મળતાં જ ભીમા જમાદારે પોતાના માણસો તૈયાર કર્યા અને ખબર આપનાર સાથે વાલ્હા જવા નીકળ્યો. તે દિવસે કાળુ ઘોર અંધારૂં સર્વત્ર પડતું હતું અને પવનના જબરદસ્ત સુસવાટા વહેતા હતા. તેઓ ત્યાં આવી પહોંચે તે પહેલાં રામોશી લોકો વણિકને ઘેરથી મળેલી લૂંટ લઈ સાકુર્ડીના ડુંગર તરફ ચાલતા થયા. તેઓ ભીમા જમાદારની ટોળીને માર્ગમાંજ મળ્યા. જમાદારના માણસોએ તેમને તુરત જ અટકાવ્યા. "તે કદાચિત્ ગરીબ પ્રજાજન હશે અને આપણે તેમને લૂંટારાઓ સમજી તેમના પર ગોળી બ્હાર કરવાથી વિનાકારણે નિર્દોષ મનુષ્યોના પ્રાણ જશે" એમ સમજી જમાદારે તેમને રિવાજ પ્રમાણે કડક મિજાજે દબાવીને પૂછપરછ કરી. જમાદારની દબામણ અને બ્હીવડામણનો રામોશી લોકોએ બંદુકના બે બ્હાર કરીને જ પ્રતિ ઉત્તર વાળ્યો. બંદુકની ગોળીઓ સિપાહીઓની ડોકી ઉપરથી સૂંસૂં કરતી પસાર થઇ ગઇ. તેમનું સદ્‌ભાગ્ય હોવાથી ગોળીઓએ કોઇના પ્રાણ લીધા નહિ. બંદુકના અવાજ થતાં જ તેમને માટે સિપાહીઓને કશી શંકા રહી નહિ. જમાદારના માણસોએ પણ તેમના તરફ તુરત જ ગોળી બ્હાર કર્યા. સિપાહીઓનો ગોળી બ્હાર થતાં જ રામોશીઓએ ગોળી બ્હાર બંધ કર્યા. તેથી તેઓ શું કરે છે? તેમની શી ઇચ્છા છે? અને તે કઇ દિશામાં જાય છે? એ વગેરે અંધારૂં ઘોર હોવાથી શિબંદીના સિપાહીઓ જાણી શક્યા નહિ. એ બધી બાતમી મેળવવા માટે જમાદારે ઘણાં ચક્કર માર્યા, પરંતુ તેનો હેતુ સફળ થયો નહિ. તેમાં વળી જમીન ઉંચી નીચી, આડી અવળી અને કાળા પત્થરની હોવાથી તેમને ઘણી સાવચેતીથી પ્રત્યેક ડગલું ભરવું પડતું. જતાં જતાં રસ્તામાં તેમને એક રામોશીનું પ્રેત જડયું. સિપાહી લોકોએ

પાછળથી જે ગોળી બ્હાર કર્યાં હતા તેને લીધે તે રામોશી મરણ પામેલો હોવો જોઇએ. રામોશીઓના ઘણા મનુષ્યો ઘાયલ થયા હતા એવી પાછળથી સિપાહીઓને ખબર મળી હતી.

ભીમા જમાદારના માણસોએ એકાએક રામોશી લોકોને પકડી તેમના ઉપર ન્હાનો સરખો વિજય મેળવ્યો હતો એમ કહેવામાં હરકત નથી. જો કે આ ન્હાનો વિજય હતો તો પણ તેનું પરિણામ રામોશીઓ ઉપર ભયંકર થયું હતું. એ ન્હાની ચકમકે રામોશીઓની ટોળીમાંના ઘણા મનુષ્યોને ગભરાવી મૂકયા હતા. આસરે અર્ધા મનુષ્યો ભયથી કંપી જઇને ઉમાજીની ટોળી છોડી ચાલ્યા ગયા હતા, તે પુનઃ કદી પણ લૂંટફાટના કામોમાં સામિલ થયા નહોતા. જતાં જતાં તેમણે પોતાનાં હથિઆરો ઝાડી કોતરોમાં ફેંકી દીધાં હતાં. તે પાછળથી ઘણે દિવસે સરકારી માણસોને હાથ લાગ્યાં હતાં. એ ચકમક ઝરતાં જે મનુષ્ય મરણ પામ્યો હતો તે ઉમાજીનો સગો હતો. તે મ્હોટો શૂરવીર અને ઉમાજીના હાથ નીચે એક નાયક હતો. તે જેવો શૂરવીર હતો તેવો જ ઉમાજીનો એકનિષ્ઠ અને ખરો મદદગાર મિત્ર હતો. પ્રથમ તે ઉમાજીની પેઠે કંપની સરકારની નોકરીમાં હતો અને તેને મહિને વિશ રૂપિયા પગાર મળતો હતો. એ રામોશી નાયકના મરણથી ઉમાજીની એક બાજુ ખાલી પડયા જેવું થયું હતું. ઉમાજીનો ચિટણીસ રામરાવ કાળે પણ એ સમયે પોતાના કોળી લોકોને લઈ તેની ટોળીમાંથી નીકળી ગયો. તે પોતાની ટોળી સહિત ઉત્તર દિશામાં ચાંભારગોંધા તરફ ગયો. ત્યાંથી પંઢરપૂર અને પંઢરપૂરથી કોલ્હાપૂર તરફ તેણે પોતાની સ્વારી ફેરવી હતી. તેને દક્ષિણ તરફ વળતો જોઈ સરકારે કૅપ્ટન ઑક્ડિને તેની પૂઠે પડવાનો હુકમ કર્યો. તે પ્રમાણે દક્ષિણમાં તેની પૂઠે પડી માર્ચ મહિનામાં કૅપ્ટન ઑક્ડે સર્વને પકડી સારો યશ પ્રાપ્ત કર્યો હતો.

ઉમાજીનો પરાભવ થયાથી અને તેની ટોળીમાં ફાટફુટ થયાથી તે હવે ઘણું કરીને પુરંદરના ડુંગરી જંગલમાં આવશે એવું સર્વેએ અનુમાન કર્યું, પરંતુ ભવિષ્યમાં શું કરવું એ સંબંધી ડુંગરમાં પડેલી જુદી જુદી ટુકડીઓ તા. ૮ મી સુધી કંઈ પણ નિશ્ચય કરી શકી નહિ. લૂંટારા લોકો

ઘણા જ ગભરાઈ ગયા હતા. સમસ્ત દિવસ (તા. ૭) તેમણે ડુંગરમાં સંતાઈ રહીને વિતાડયો હતો, અને છેક સંધ્યા સમયે તે સ્થળ છોડી રામોશીઓ બીજી દિશામાં ચાલ્યા ગયા. જ્યાં સુધી તેઓ ત્યાં હતા ત્યાં સુધી લશ્કર સાસવડ તરફ વળ્યું નહિ, કારણ કે તેમ થયું હોત તો રામાશીઓના અનેક મિત્રોમાંથી કિંવા મદદગારોમાંથી કોઇએ પણ તેમને તુરતજ તે સંબંધી બાતમી આપી હોત. અને તેથી ભવિષ્યની યુક્તિ નિષ્ફળ જાત. તેથી સર્વ ટુકડીઓ તા. ૮ મી પર્યંત ત્યાં જ પડાવ નાંખી રહી હતી.

પ્રકરણ ૧૯ મું.

મૂર્ખતાભરેલું જાહેરનામું.

અહમદનગરથી કૅપ્ટન લિવિંગસ્ટન આઠમી રેજીમેન્ટનાં બસો માણસોને લઈ તા. ૧૨ મી ફેબ્રુઆરીને દિવસે આવી ત્યાં હાજર થયો. તેમની સાથે જેજુરીની પૂર્વ અને ઉત્તરમાં અહમદ નગર જીલ્લા પૈકી દક્ષિણ તરફના તાલુકાના મામલતદાર સાથે સંદેશા વ્યવહાર રાખી શકાય એવી વ્યવસ્થા કરી. કૅપ્ટન લિવિંગસ્ટન અને તેમનાં માણસો દ્વારા અન્ય ટુકડીઓને રામોશીઓ સંબંધી જેવી ખબર મળે તે પ્રમાણે વર્તવાનો સરકારનો હુકમ થયો હતો.

એ અરસામાં એક પાયદળની અને એક ઘોડેસ્વારની મળીને બે ટુકડીઓ નિજામશાહીની સરહદ ઉપર આવેલી અહમદનગર જીલ્લાની સરહદ ઉપર એકાએક દ્રષ્ટિએ પડી. તેથી ઔરંગાબાદ તરફ એક ઘોડેસ્વારની અને એક પાયદળ પલટણની મળીને બે મ્હોટી ટુકડીઓ તુરત જ રવાના થઈ. આ સમયે ઉમાજી નાયક સતારા જીલ્લામાં છે, કોકણમાં પણ હોવાનું સંભળાય છે, નિજામશાહીમાં પણ જોઇએ તો છે જ, નગર જીલ્લામાં પણ નથી એમ નહિ, એટલે જ્યાં જોઇએ ત્યાં તે છે જ. એવી તેના સંબંધી સર્વ

પ્રજાજનોમાં સમજણ ફેલાઇ ગઇ હતી. તો પછી નગર જીલ્લાની સરહદ ઉપર એકદમ દેખાતી ઘોડેસ્વારની અને પાયદળ ટોળીમાં તે નહિ હોય એમ શા ઉપરથી કહી શકાય ? તે ઉપરથી જ કંપની સરકારે ઔરંગાબાદ તરફ તેજ સમયે લશ્કર રવાના કર્યું. ઉમાજીના સર્વ પ્રાંતોમાંજ હિતેચ્છુ અને મિત્રો હતા. ઉમાજીના સર્વગામિત્વ માટે અને તેની ચપળતા માટે અતિશયોક્તિ ભરેલી વાર્તાઓ ફેલાવવામાં અને કંપની સરકારની ફોજને અને સરકારને સતાવવામાં કેવો ફાયદો હતો તેની તેને સંપૂર્ણ રીતે ખબર હતી.

પુના અને સતારા જીલ્લામાં જુદે જુદે સ્થળે કંપની સરકારના લશ્કરની જે ટુકડીઓને લૂંટારાઓને ઘેરી વળવા માટે રાખી હતી તેમાંની ઘણી ફોજ મુખ્ય ઠેકાણે એટલે પુને પાછી બોલાવી લેવી એવી એક અરજ સરકારને કરવામાં આવી હતી. "મુખ્ય સ્થળના લોકો લૂંટારાઓને ઉત્તેજન આપવાનો પ્રયત્ન કરશે કિંવા તેમને કોઈ મદદ કરશે તો તેને સરકારી લશ્કરી બળવડે તેને તેજ ઠેકાણે દબાવી દઈ શકાશે. જો કે પુના જીલ્લાના દૂરના સ્થાનમાં લૂંટારાઓએ તોફાન જગાડયું છે તેમ છતાં પુના એ સર્વ લશ્કરનું કેન્દ્રસ્થાન હોય તો આવે સમયે ઘણું બુદ્ધિ ચાતુર્યનું અને ડહાપણનું કામ ગણાશે. પુરંદરના ડુંગરમાં, બળવાના મૂળમાં એવી રીતે પ્રથમ ઘા મારવો જોઇએ. તેમ થયા સિવાય તોફાન શાંત પડશે નહિ." સરકારને મોકલેલા પત્રમાં એ પ્રમાણે લખેલું હતું, પરંતુ સરકારે ઉત્તર વાળ્યો કે: "પ્રાંતમાં ફેલાયલું લશ્કર પાછું બોલાવી શકાય તેમ નથી. એકના હાથમાં જ સર્વ લશ્કર રહેવા દેવું અને એકના વિચારથી જ સર્વ ચઢાઇઓ લઈ જવી; એજ જય મેળવવાનું મુખ્ય તત્ત્વ છે, અને એ બન્ને કાર્ય કૅપ્ટન મૅકિનટોશ સાહેબની સત્તામાં સોંપ્યાં છે. કૅપ્ટન મૅકિનટોશ ઘણે વેગળે હોવાથી સરકારે જે કાર્ય ઉપાડયું છે તેને જોઇતાં સાધનો પૂરાં પડશે નહિ અને તેને લીધે સરકારના સામર્થ્યમાં કંઈ ઉણપ આવશે એવું બનશે નહિ." સરકારનો એવો નિર્ભય ઉત્તર મળવાથી તેવા બનાવો તેજ સ્થળે શાંત પડી ગયા.

એક તરફ આવો પ્રકાર ચાલી રહ્યો હતો ત્યારે બીજી તરફ રામોશી લોકો ભીમાને કિનારે થઇને નીચે ઉતરતા હતા. તા. ૧૬ મી ફેબ્રુવારીને દિવસે તેમનો મુકામ બાબુલસર નામના ગામડામાં હતો. તે સમયે ઉમાજી, ભોજાજી અને કૃષ્ણાજીએ અને તેના બે ત્રણ મિત્રોએ મળીને એક બ્રાહ્મણ કારકુન દ્વારા સર્વ રાજા, જાગીરદારો, ઇનામદારો અને હિંદુસ્તાનની સર્વ પ્રજાને ઉદ્દેશી પોતાના નામથી (ઉમાજી અને ભોજાજીના નામથી) એક મ્હોટું લાંબું લચક જાહેરનામુ તૈયાર કર્યું. એવા કામ માટે તેમણે પોતાની પાસે એક કારકુન નોકર રાખ્યો હતો, તે જાહેરનામામાં લખાયલી વિગત તેણે જ કહી હતી. તેનું મૅકિનટોશ સાહેબે અંગ્રેજીમાં જે ભાષાંતર આપ્યું છે તે અક્ષરશઃ નીચે પ્રકટ કરવામાં આવે છેઃ—

"It sets forth, that:—

"It is by order of Government that the proclamation is published to the whole of the inhabitants of Hindoostan. All Rajas, Noblesand all other persons are directed to destroy the Europeon, gentlemen and soldiers, wherever they can find them, and that such persons as are most active in this work of distruction, shall be presented with Jageers, Enams and money by the new Government. It is strongly recommanded to all persons who have been deprived of hereditary rights and emoluments to make themselves useful on the present occasion, that their rights might restored to them. The whole of the population of Hindoostan is called upon to rise simultaneously, and cause a general uproar and confusion. The Infantry and Cavalry in the British pay are told to withdraw their allegiance from the

Europeans, and to seize them, and that if they act contrary to this proclamation, the new Government will punish them. The property belonging to the Europeans to be plundered and destroyed. All treasuries to be plundered and no person is required to render any account of what falls to his share. No revenue is to be paid to the Europeans. Such villages as pay revenue contrary to the orders given shall be distroyed. Terrible imprecations are called down on the heads of all Hindoos and Musalmans that will not confirm to the Spirit of the Proclamation. It further stated that it is declared in the Shastras that the reign of the Europeans is at an end. That they are to be exterminated, and a new and just reign is to be established."

જ્યારે લૂંટારા નાયક વગેરેએ ઉપરોક્ત વિચિત્ર મૂર્ખતાભરેલું જાહેરનામું તૈયાર કર્યું અને પ્રસિદ્ધ કર્યું તે સમયે કોઇએ તેના સ્હામુ જોયું સુદ્ધાં નહિ! પછી વાંચીને તે પ્રમાણે વર્તવું એતે અને ક્યાંથી? એવું રામોશીઓને પણ સ્પષ્ટ જણાયું હશે. ઉમાજીએ ત્રીજી વખત પ્રસિદ્ધ કરેલું જાહેરનામું તેની નિરાશાજનક સ્થિતિ દર્શાવતું હતું. ઘણું થાય તો તે ગાંડા મૂર્ખ રામોશીઓ સરકારી ત્રિજોરી ઉપર કદાચ હુમલો કરશે. એ શિવાય વિશેષ તેઓ કરી શકે એમ નથી એવું સર્વ જાણતા હતા. વળી તેમની અસહાય સ્થિતિને લીધે કોઈ પણ સ્થળે એવું એકાદ છમકલું કરવાની ઇચ્છા પણ થઈ હતી. બાકી ઉમાજીએ પ્રસિદ્ધ કરેલું ઉપરોક્ત વિચિત્ર—મૂર્ખતાભરેલું—જાહેરનામું તેના જીવનચરિત્રના વિચિત્રપણાને લાયક જ હતું એમાં શંકા નહોતી!

ઉમાજી અને તેના માણસો બાપુલસર ગામથી આગળ પૂર્વ દિશામાં પરાંડયા તરફ વળ્યા હતા. નિજામશાહીમાં જઇને કેટલાક દિવસ વિશ્રાંતિ

લેવાની તેમની ઇચ્છા હતી, પરંતુ તે દિશામાં પણ કંપનીની અનેક ટુકડીઓએ તેમને ઘેરી લીધેલા હોવાથી તેમનો ઉદ્દેશ સિદ્ધ થયો નહિ. પરાંડયા તરફ જવાનો ઉમાજી વિચાર કરતો હતો એટલામાં યેસુ નાયકને બારામતી પાસે અને ઉમાજીના ભાઇ અમૃતાને પરાંડયા પાસે પકડયાની તેને બાતમી મળી. ઉમાજીની ટોળીમાંના એ બન્ને મનુષ્યો મ્હોટા શૂરવીર અને સાહસિક તથા આગેવાન હતા. તેમના પકડાવાથી ઉમાજીને અને તેની ટોળીને એક મ્હોટો ધક્કો લાગવા જેવું થયું. માંધુરદેવના ડુંગરમાં ન્હાની લડાઈ થયા પછી અમૃતો ન્હાસી ગયો હતો. તે પછીથી પરાંડયાના ડુંગર તરફ ભટકતો હતો એટલામાં પકડાઇ ગયો. પૂર્વ દિશામાં પરાંડયાની બાજુએ જવામાં ભય જાણીને લૂંટારાઓએ તે પ્રદેશ છોડી દઇને ફલટણના પ્રદેશમાં જતાં ઉમાજીએ એક ઢેડ ભોમીઓ સાથે લીધો હતો. તેને પાછળ લખ્યા પ્રમાણેનું એક લાંબુ લચક જાહેરનામું તેના ગામના પટેલને આપવા માટે આપ્યું અને એ પ્રમાણે વર્તવાનું તેણે તે પટેલને કહાવ્યું. ભોમીયાએ તે જાહેરનામું ઉમાજીની આજ્ઞા પ્રમાણે પોતાના ગામના પટેલને આપ્યું, અને તેને ઉમાજીનો સખ્ત હુકમ પણ કહી સંભળાવ્યો. પટેલ તે જાહેરનામું લઇ ઇંદાપૂરના તલાટી પાસે ગયો. તેણે તે તેની પાસેથી લઇ રોષ્ઠારા સાસવડથી પુનાના અધિકારીઓને મોકલી દીધું. એ જાહેરનામું ઉમાજીએ જ તૈયાર કર્યું હતું કે નહિ તે સંબંધી અધિકારીઓને ઘણા દિવસ પર્યંત સંશય જ હતો. ઉમાજી પકડાય ત્યાં સુધી એ સંબંધી ખુલાસો થાય તેમ ન હતું, અને તે પ્રમાણે તેમને કશો ખુલાસો મળ્યો પણ નહિ.

ફલટણ પ્રદેશમાંથી દક્ષિણમાં જતાં ત્યાંના એક ગામના પટેલ સાથે ઉમાજીને મુલાકાત થઇ. તેની સાથે વાતચિત કરતાં ઉમાજીએ કહ્યું કઃ "અમે હવે વિશાળગઢ તરફ અને સાવંતવાડી તરફ જઇશું. કારણ કે આ પ્રાંતમાં સર્વ સ્થળે વેગળે સુધી કંપની સરકારની ફોજ ફરતી હોવાથી અમારે આ સ્થળે રહેવું અને ફરવું ભયકારક છે." ઉમાજીએ પટેલને જે જે કહ્યું હતું તે માત્ર ભૂલ થાપ આપવા માટે જ હતું ! તેમ કરવાનું તેના મનમાં ન હતું. એવી એકાદ ગપ્પ મારીને ફોજના અમલદારોને બીજી જ

દિશામાં દોડાવી મૂકવાનો તેનો મુખ્ય ઉદ્દેશ હતો. એ ગપ્પથી તેનો ઉદ્દેશ પરિપૂર્ણ થયો. પટેલ પાસેથી એ સમાચાર તેના ઉપરી અધિકારી પાસે અને ત્યાંથી તેના ઉપરી અધિકારી પાસે અને તેમની પાસેથી લશ્કરના ઉપરી અમલદાર પાસે જોતજોતામાં ચાલ્યા ગયા. તેમ થવાથી પુરંદર પ્રદેશમાંથી બે ન્હાની ટુકડીઓ અને સતારા પ્રાંતમાંથી કેટલીક ટુકડીઓ દક્ષિણ દિશા તરફ ગઇ. બાકીનું લશ્કર ઉમાજીની કલ્પના પ્રમાણે અને તેને ઉરાડેલી ગપ પ્રમાણે વિશાળગઢ તરફ ચાલ્યું ગયું. એમ થવાથી તેની આસપાસ લશ્કરની જે મ્હોટી જાળ પથરાઇ રહી હતી અને જેને લીધે તેને પોતાની હિલચાલ કરવાનું દિવસે દિવસે કઠિન થઇ પડયું હતું તે અનાયાસે ઓછું થઈ ગયું! તેને પણ એવું જ જોઈતું હતું, અને એટલા માટે જ તેણે પટેલને મોંઢે એવી ગપ ઠોકી હતી!

આ તરફનું લશ્કર વિશાળગઢ તરફ ચાલ્યું ગયા પછી એક ટુકડી કોલ્હાપૂરથી અને બીજી દાપોલીથી વિશાળગઢ તરફ ચાલી ગઇ. લૂંટારાઓ તે દિશામાં જણાય અથવા બીજા મનુષ્યો તેને મદદ કરવા તૈયાર થાય તો તેના ઉપર દરોડો પાડવા માટે જ એ લશ્કરની ટુકડીઓ ઉતાવળે તે તરફ રવાના થઈ હતી. પરંતુ ખરી રીતે તેવું કશું નહતું. તેથી આ વખતની સરકારની સાવચેતી નિરર્થક ગઈ.

થોડા દિવસ પછી લૂંટારા લોકો ભીમાશંકરના અને જુન્નરના ડુંગરોમાં ચાલ્યા ગયા. ત્યાંથી કોંકણમાં ઉતરીને તે પ્રાંતમાં લૂંટફાટ કરવાની અને તોફાન મચાવવાની તેમની ઇચ્છા હોવાથી તેમણે તે પ્રાંતના કોળી લોકોને ઉશ્કેરી તેમની દ્વારા લૂંટફાટ કરાવી પોતાની પેઠે તેમને પણ સરકારમાંથી ખાસ હક્ક અપાવવાની ધારણા રાખી હતી.

ઘાટ ઉપરથી લૂંટારાઓ કોંકણમાં ઉતરે તો ઉત્તરકોંકણ પ્રદેશમાં શાંતિ પ્રસારવા માટે અને રામોશીઓને નીચે કોંકણમાં નહિ ઉતરવા દેવા માટે સરકારે મુંબઇથી લશ્કરની એક ટુકડી મોકલી હતી. યેસુ નિકારી નાયકને પકડી આપવા માટે બક્ષિસ આપવાનું જે જાહેરનામું સરકારે પ્રસિદ્ધ કર્યું હતું તેનાથી ઘણો ફાયદો થયો હતો. જાહેરનામામાં લખાયલી સરત પ્રમાણે

ઉમાજી, યેસુ, કિંવા બીજા રામોશી નાયકોને પકડી અપાવવાથી સરકાર તેમને પાંચ હજાર રૂપિયાનું મ્હોટું ઇનામ આપવા જેટલા પૈસા ખર્ચ કરશે એ વાત ઉપર લોકોનો વિશ્વાસ બેઠો નહિ. વળી ઉમાજી પકડાશે તો સરકાર તેને ખરેખર શિક્ષા કરશે એ પણ પ્રથમના બનાવ ઉપરથી તેઓ માનતા નહોતા, કારણ કે સરકારે પ્રથમ તેને પકડવા માટે એવુંજ ઇનામ આપવાનું જાહેરનામું પ્રકટ કર્યું હતું પરંતુ પછીથી સરકારે તેના અપરાધ માફ કરી તેને પોતાની નોકરીમાં રાખ્યો હતો; તેવું જ આ વખતે પણ બનશે, અને પછી પકડાવનાર લોકો ઉપર ઉમાજીને ભયંકર રીતે વૈર લેવાની સગવડ મળશે એવું ધારી ઉમાજીને નહિ પકડાવવા માટે લોકોના મનમાં વિચાર થતા હતા. પરંતુ યેસુ નિકારીને પકડાવી આપ્યા પછી સરકારે જે વર્તન ચલાવ્યું હતું તે ઉપરથી સરકાર ઉપર પાછો થોડો થોડો વિશ્વાસ ઉત્પન્ન થવા લાગ્યો હતો. તેમ થવાથી ઘણા સારા સારા મનુષ્યો સરકારને મદદ કરવા તૈયાર થઇ ગયા, પરંતુ "ઉમાજીને પકડયા પછી તેને બિલ્કુલ છુટો મુકવામાં આવશે નહિ, તેને શિક્ષા કરવામાં આવશે, કબૂલ કરેલું ઇનામ આપવામાં આવશે." એવું સરકાર પાસેથી તેઓ લેખિત અભિવચન માંગવા લાગ્યા. "જો લોકો ઉમાજીને પકડી આપશે તો તેને પુનઃ છુટો રાખવામાં આવશે નહિ. તે લોકો ઉપર વૈર લઇ શકે એવી સંધિ તેને આપવામાં આવશે નહિ. સરકારે કબૂલ કરેલું ઇનામ પકડાવનારને આપવામાં આવશે. સરકારની પકડાવનાર ઉપર હમેશાં કૃપાદૃષ્ટિ થશે." એવી સરકારને મદદ કરવા તૈયાર થયેલા લોકોની અધિકારીઓએ પોતાના વજનદાર મુખે ખાત્રી કરી, પરંતુ લેખિત ખાત્રી આપવાની તેમને સાફ ના પાડી.

"ઉમાજીને પકડી આપવા માટે કિંવા તેને સહજે પકડી શકાય એવી બાતમી લશ્કરી અધિકારીઓને આપવા માટે સરકારે જે ઇનામ પ્રસિદ્ધ કર્યું હતું તે પ્રજા જનના મુખમાં પાણી છૂટે તેવું ભરપૂર નહતું. એવા કામ માટે જે ઇનામની રકમ નક્કી થાય તે જે કોઇ મનુષ્ય પોતાનો જીવ ભયમાં નાંખવા તૈયાર થાય તેને તેના કામ કરતાં ઘણે દરજ્જે વધારે છે એવું જણાય તેટલી મ્હોટી હોવી જોઇએ. ઇનામ, કામનું મહત્વ, તેમાં

સમાયેલું જોખમ, અને તે સંબંધી મનમાં થતી ચટપટ; એ બધું સમતોલ થવું જોઈએ. એટલુંજ નહિ પણ ઇનામનું પલ્લું નીચે બેસે એટલું તે વજનદાર હોવું જોઇએ. તે શિવાય એવા કામ માટે કોઈ ભાગ્યેજ આગળ ધસે! અધિકારીઓએ ઇનામ બાબત એવું નહિ કર્યાથી લોકો ઉમાજીને પકડી આપવા તૈયાર થયા નહોતા;" આવો કૅપ્ટન મૅકિનટોશ સાહેબનો અભિપ્રાય છે. ભેદની સુરંગને માટે ચાંદી સોનાના દારૂની જરૂર પડે છે!

પ્રકરણ ૨૦ મું.

ટોળીમાં ન્હાસભાગ.

શ્રી સમર્થ રામદાસ સ્વામીની ક્ષેમકુશળતાના સમાચાર શ્રી શિવાજી છત્રપતિ મહારાજ તરફથી નિત્ય રાજવંશી ઠાઠમાઠથી લેવામાં આવતા. એ સમયે શ્રી સમર્થનો પ્રસાદ લેવા માટે રોજ તેમની પંક્તિમાં સેંકડો શિષ્યો પોતાનાં આયુદ્ધ લઇને-સમય ચૂક્યા શિવાય-હાજર રહેતા. એ શિષ્ય પંક્તિનું સૈન્ય પ્રતિદિન વૃદ્ધિ પામતું ગયું. થોડા દિવસ પછી તેમાં ખરા વીર શિષ્યો કેટલા છે તેની પરીક્ષા કરવાની શ્રી સમર્થને ઇચ્છા થઈ તેથી તેમણે મુખ્ય શિષ્ય કલ્યાણને બીજે દિવસથી વ્યવસ્થા કરવાની આજ્ઞા ફરમાવી. શ્રી સમર્થની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું કોઇનામાં સામર્થ્ય નહતું. બીજે દિવસે સ્વામીજીનો મુકામ એક ડુંગરમાં થયો. ત્યાં નિત્ય પ્રમાણે ઠાઠમાઠથી વ્યવસ્થા થશે એમ જાણીને ઘણા શિષ્યો તેમની સાથે ગયા. તે દિવસે મધ્યાહ્ન સમયે શ્રી રામદાસ મહારાજને રાજવંશી ઠાઠમાઠથી પકવાન્નનું ભોજન નહિ મળતાં યોગીઓને યોગ્ય એવો નૈવેદ્યનો પ્રસાદ થયો! યોગીઓને યોગ્ય નૈવેદ્ય એટલે લિંબડાનાં પાંદડાં વાટી બનાવેલો લીલોછંમ જેવો એક ગોળો તેમને ધર્યો હતો! એ નૈવેદ્યનો પ્રસાદ સર્વ શિષ્ય પંક્તિમાં વહેંચાયો. પછી પૂછવું શું? કેટલાક મનુષ્યોએ નાઇલાજે, આંખ નાક મીંચતાં, મ્હોં કટાણું કરતાં, કમકમી ખાતાં પ્રસાદ હાથમાં લીધો, પરંતુ સંધ્યા સમયથી જ શિષ્ય

પંક્તિ ઓછી થતી ગઈ! એ પ્રમાણે બે ચાર દિવસ વિતતાં કલ્યાણ જેવા કેટલાક ખરા શિષ્યો હતા તેજ તેમની સાથે રહ્યા. એ યુક્તિવડે શ્રી સમર્થે સાચા જુઠા શિષ્યોની પરીક્ષા સર્વને બતાવી આપી. જ્યાં સુધી કોઈ પણ વાતની ઉણપ જણાતી નથી કિંવા કંઈ વ્યાઘાત નથી આવતો ત્યાં સુધી મનુષ્યો એક બીજાને વળગી રહે છે પરંતુ એકાદ અડચણ આવતાં પ્રથમની પેઠે એકનિષ્ઠ થઇ વળગી રહેનાર હરિના લાલ ઘણા થોડા હોય છે! આ સમયે ઉમાજીની પણ એવી જ સ્થિતિ થઇ હતી.

જ્યાં સુધી ગામની પ્રજા પાસેથી ઉમાજીની ટોળીનાં મનુષ્યોને મફતની અન્ન સામગ્રી પ્રાપ્ત થતી હતી અને થોડા દિવસમાં લૂંટનો માલ ઘણો મળતો હતો ત્યાં સુધી તેની ટોળીમાં સેંકડો મનુષ્યો સરકારી નોકરી છોડીને ઘણા આનંદભેર આવી ભળ્યા, પણ જ્યારે કંપની સરકારની ફોજ તેમની પૂઠે લાગવાથી તેમને રાત દિવસ જંગલે જંગલ અથડાવાનો સમય આવ્યો અને કેટલીક વખત અન્ન વગર ઉપવાસ કરવા પડયા ત્યારે તેમાંના ઘણા મનુષ્યો તેને છોડી ચાલ્યા ગયા, અને નિત્ય જવા લાગ્યાં, એટલું જ નહિ પણ કેટલાંક મનુષ્યો તેમાંથી નીકળી જવાની બ્હીક પણ બતાવવા લાગ્યા. ઈ. સ. ૧૮૩૧ ના ફેબ્રુઆરી માસની આખરે ઉમાજી પોતાની ટોળી લઇને મહાદેવાના ડુંગરમાં આવ્યો, તે સમયે તેની સાથેના બાર હેટકરી (દખણી–ઘાટી જેવા લોકોએ) ઉમાજીને કહ્યું કેઃ "અમને બહુ ત્રાસ વેઠવો પડે છે, ઉપવાસ થાય છે. કામ બહુ હોય છે. હવે અમારાથી દુઃખ સહન થતું નથી. તેથી અમને ઘેર જવાની રજા આપો." ઉમાજી પાસે રોજ બડબડાટ કરવા માંડયો. ઉમાજી તેમને દર મહિને ૭ રૂપિયા પગાર આપતો હતો. તેમના બડબડાટ સાંભળી ઉમાજીએ અને કૃષ્ણાજીએ તેમને તે દિવસથી બાર રૂપિયા પગાર આપવાનું કબૂલ કર્યું, ત્યારે તેમનો બડબડાટ શાંત પડયો. "જમવા ખાવાની અગવડ છે એ ખરૂં પરંતુ એટલાથી નિરાશા થવું નહિ. હમણાં જે દુઃખ વેઠવું પડે છે તેનો બદલો શુભ દિવસ આવતાં જ વાળી આપ્યા શિવાય અને અત્યાર પર્યંત તમે પ્રમાણિકપણે જે નોકરી કરી છે તેનો બદલો વાળ્યા શિવાય રહીશું નહિ, એ તમારે સારી પેઠે લક્ષ્યમાં રાખવું.

સંકટ સમયે તમારે ધૈર્ય છોડવું નહિ.” વગેરે શબ્દો કહી ઉમાજીએ તેમને આશ્વાસન આપ્યું ત્યારે તેઓમાં ધૈર્ય આવ્યું.

માર્ચના અર્ધાથી વિશેષ દિવસો ઉમાજીએ મહાદેવાના ડુંગરમાં વિતાડયા. ત્યાર પછી તા. ૨૨ મી માર્ચને દિવસે તે પોતાની ટોળી લઇને પિંગોરી અને સાકુર્ડીના મધ્ય ભાગમાં આવેલા ડુંગરોમાં ગયો. તે ડુંગરમાં જવાની ખબર પ્રજાને મળતાં જ તેમણે ઘોંડ અને પાંગારેમાં લશ્કરી ટુકડીઓ હતી તેને સમાચાર આપ્યા. સાકુર્ડી અને પિંગોરીની વચમાં આવેલા ડુંગરો તદ્દન સરળ અને અગવડ વગરના તેમ જ વૃક્ષ ઘટાથી ભરપૂર છે. પાંગર ગામમાં જે ટુકડી હતી તે તેની ઘણી નજીક હતી તેમ છતાં તેનો ઉપયોગ થયો નહિ; તે ટુકડી દુર્ભાગ્યવશાત્ માર્ગ ભૂલી જઇને ઉત્તર દિશાની એક ખીણ તરફ ચાલી ગઈ. ઘોંડમાં જે લશ્કરી ટુકડી હતી તેજ માત્ર રામોશી લોકોની પૂંઠ પડી હતી. તે આવી પહોંચે તે પહેલાં જ રામોશી લોકો એક સાંકડી અને ખડકાળ ખીણમાં થઇને ડુંગરના એક ઉંચા શિખર ઉપર જઇ થોભ્યા. ત્યાંથી ઉપર ચઢી આવનાર સિપાહી લોકો તેમને જણાતા હતા, અને તેઓ તેમના ઉપર સારી પેઠે મારો ચલાવી શકે તેમ હતું. સિપાહી લોકોને ખીણમાંથી ઉપર ચડી આવતા જોઈ રામોશી લોકોએ તેમના ઉપર મ્હોટા મ્હોટા પથરા ગબડાવી પાડવા માંડયા, અને બંદુકની ગોળીઓ મારવા માંડી. ડુંગર ઉપર પત્થરની કશી ખોટ જ નહતી. પત્થર ગબડાવવાથી અને ગોળાના મારાથી તેમણે સિપાહીઓને થોડી વારમાં જ એવા જેર કર્યા કે તેમના મારા આગળ તેઓથી એક પગલું આગળ ભરી શકાયું નહિ. તેમની ગતિ તેને તેજ જગ્યાએ તેમણે બંધ કરી દીધી. એક સિપાહી પત્થર વડે અને બે મનુષ્યો ગોળા વડે ઘાયલ થયા. સિપાહીઓ જે સમયે ઉપર ચઢવા લાગ્યા હતા તે વખતે તેમણે પણ રામોશીઓ પર ગોળી બહાર ચાલુ કર્યો હતો. તેથી એક ગોળી વાગતાં રામોશીની ટોળીમાંનો એક શૂરવીર, ચાલાક અને હોંશિયાર મનુષ્ય મરણ પામ્યો. તે ગોળી રામોશીના ગળામાંથી આરપાર નીકળી ગઇ હોવાથી તે ત્યાં ને ત્યાંજ પડયો હતો. પરંતુ તેના સ્નેહીઓ તેને ત્યાંથી તુરત જ ઉંચકી લઈ ગયા હતા.

ડુંગરમાં યુદ્ધ ચાલતું જ હતું તે સમયે ઉમાજી સિપાહીઓને વારંવાર મ્હોટેથી બૂમ પાડી કહેતો હતો કેઃ "ભાઇઓ! તમે નકામા મ્હારી પાછળ શા માટે લાગ્યા છો? તમને ત્રાસ આપવાનો મ્હારો બિલકુલ હેતુ નથી. તમને તમારા પગાર ઉપરાંત દર મહીને અઢી રૂપિયા ભથ્થુ મળે છે તે લઇને તમે સ્વસ્થ કાં બેસી રહેતા નથી? હું તો મ્હારૂં ગયેલું પાછું મેળવવા માટે તકારાર કરૂં છું. હું એ બધી પંચાત મ્હારી જાતે કરૂં છું. તમારે તો તેવું કશું છે નહિ! તમે મ્હારા એ કામમાં નિરર્થક શા માટે અડચણ નાંખો છો? મ્હારી પૂઠે નહિ લાગતાં તમે તમારે સ્થળે સ્વસ્થ જઈ બેસો. તમે તમારો જીવ ભયમાં શા માટે નાંખો છો?"

આ સમયે આસપાસના ગામ લોકોએ સરકારી લશ્કરને મદદ કરવામાં ઘણી સારી હોંશિયારી બતાવી હતી. પહેલા લશ્કરને બીજી મદદ આવી મળે તે પહેલાં જ ઉમાજી પોતાની ટોળી લઈ ડુંગરોમાં થઇને જ હરગુડે ગામ તરફ રવાના થઇ ગયો. લશ્કરને ગામ લોકોએ મદદ કરી હતી તે સમાચાર ઉમાજીને મળ્યાથી તેના મનમાં તે વાત ઘોળાયા કરતી હતી. તેથી તેણે મનમાં જ નિશ્ચય કર્યો હતો કે ગામના કેટલાક માણસોને પકડી તેમની આંખમાં ચચરતું અંજન કરવું કે જેથી પુનઃ તેઓ એવી ભાંજગડમાં પડે નહિ! જતાં જતાં માર્ગમાં તેને પુષ્કળ ગામલોકો મળ્યા હતા. તેને જોતાં ઉમાજીને ઘણો ક્રોધ ચઢ્યો. જે લોકો તેને માર્ગમાં મળ્યા તેમાંથી પરિંચે ગામના એક માણસને તેણે પાસે બોલાવ્યો અને બીજા ગામના લોકોના અપરાધનો ગુસ્સો તેણે તેના પર સારી પેઠે કાઢ્યો. ક્રોધના આવેશમાં તેણે તેને એટલો બધો ઘાયલ કર્યો કે જેથી તે બિચારો તે જ રાત્રે પરલોકમાં પહોંચી ગયો. તે ક્રૂર કૃત્ય કર્યા પછી સર્વ રામોશી લોકો હરગુડે ગામમાં પેઠા. તે ગામના ઘણા માણસો ડુંગરમાં ગયા હતા. દુર્ભાગ્યવશાત્ જે મનુષ્યો તેમને ગામમાં મળ્યા તેને ઉમાજીએ અને તેનાં માણસોએ પૂછ્યું કેઃ "તમે સરકારને અમારા સંબંધી ખબર શા માટે આપી અને લશ્કરને મદદ કરવાનું ધૈર્ય તેમનામાં શી રીતે આવ્યું? તમે જે કાર્ય કર્યું છે તેના બદલામાં અમે તમને સખ્ત શિક્ષા કર્યા શિવાય રહીશું નહિ." એ ધમકીના શબ્દો સાંભળી ગામ

લોકો તદ્દન ગરીબ ગાય જેવા થઈ ગયા. રામોશીઓએ પ્રથમ તેમને ધમકી આપ્યા પછી ગાળોનો વર્ષાદ વર્ષાવ્યો. તે થયા પછી તેમણે તેમના ઉપર લાત મુક્કીના પ્રહારો કર્યા. ક્રોધના બદલામાં દુષ્ટ રામોશીઓ તેમને એટલો જ પ્રસાદ આપીને થોભ્યા નહિ. અંતે તેમને પોતાના હથિયારોનો પ્રસાદ આપ્યો અને તેમના શરીરમાંથી પુષ્કળ લોહી વહેતું જોયું ત્યારે તેમનાં રાતાં થયેલાં નેત્રો કંઇક શાંત પડ્યાં, અને તેમનો ક્રોધ થોડો સમ્યો. તેમણે આ સમયે હરગુડી ગામના ગરીબ દશ મનુષ્યોને ઘાયલ કર્યા. કદાચ તેઓ નિરપરાધી પણ હશે પરંતુ આ સમયે અપરાધી કોણ અને નિરપરાધી કોણ તે ક્રોધના આવેશમાં જુવે છે કોણ ? તેમણે તેમના ધાન્યની ખળીઓમાં અને બે ઘરોમાં આગ લગાડી દીધી. હરગુડે ગામમાં એવું પરાક્રમ બતાવીને અન્ય ગામના લોકોને ભય પમાડી રામોશી લોકો ઉતાવળે પગલે ડુંગરો ઉપર થઇને જ તેઓ નિરા નદીને પેલે પાર નિકળી ગયા. તે સમયથી તેમની હિલચાલની કેટલાક દિવસ પર્યંત કશી ખબર મળી નહિ. પરંતુ સાલપે ઘાટની દક્ષિણમાં થોડા ગાઉ ઉપર મ્હોટી પિંપરી નામક ગામથી એક ગાઉ વેગળે જે એક ઉંડી ભયંકર ખીણ છે અને જે પ્રથમથી જ તેમનું ગુપ્ત રહેઠાણ છે તે ખીણમાં તેઓ લપાઇને બેઠા તે જ બેઠા. ત્યાંથી તેઓ કેટલાક દિવસ પર્યંત બહાર નિકળ્યા જ નહિ.

પિંપરી ગામ પાસેના ડુંગરમાં જ્યાં સુધી ઉમાજી પોતાની ટોળી લઇને રહ્યો હતો ત્યાં સુધી તેને તેના મિત્રો દ્વારા અન્ન સામગ્રી મળતી હતી. તે માટે તેને કેટલીક વખત પોતાની પાસેનું સોનું ચાંદી પણ વેચવી પડી હતી. પ્રત્યેક દિવસે સ્હવારે તે બે રામોશીઓને ટેકરીને માથે તપાસ કરવા મોકલતો. સ્હવારથી સૂર્યાસ્ત પર્યંત તેમણે ત્યાં રહીને એકાદ લશ્કર તેમની શોધ માટે આવતું તેમની નજરે પડે તો તુરત જ તે માટેની ઉમાજીને ખબર આપવાનું કામ તેમને સોંપ્યું હતું. સંધ્યા સમય થતાં જ તે રામોશીઓ ખીણમાં આવતા અને તેમની જગ્યાએ રાત્રે હેટકરીઓને પહેરો ભરવો પડતો હતો. એ પ્રમાણે રાત દિવસ પહેરેગીરો રાખીને ઉમાજી પિંપરી ગામના ડુંગરમાં અતિ સાવધપણે રહ્યો હતો. તે ત્યાં હતો તે સમયે લૅફ-

ટેનન્ટ હાર્ટલે સાલુસી ગામથી અને લૅફ્ટેનન્ટ ક્લાર્ક સાલપાથી ઉમાજીનો શોધ કરતા ફરતા ફરતા તેના નિવાસની છેક પાસે થઇને ચાલ્યા ગયા, પરંતુ તેમને તેના ગુપ્ત સ્થળનો પત્તો નહિ લાગવાથી તેમનો ફેરો નિષ્ફળ ગયો. ઘણું કરીને આખો એપ્રિલ મહિનો ઉમાજીએ ત્યાં જ ગાળ્યો. અંતે એપ્રિલની આખરે લૅફ્ટેનન્ટ ક્લાર્ક પોતાની ટુકડી લઇને સાલપામાં થાણું રાખી રહ્યો હતો તેના ઉપર હલ્લો કરવાનો ઉમાજીએ નિશ્ચય કર્યો. એકાદ શૂરવીર સેનાપતિની પેઠે તેણે પોતાના શત્રુ ઉપર હલ્લો કરવાની યુક્તિ રચી હતી, પરંતુ એ હુમલામાં યશ મળવા સાથે સારો ફાયદો થશે એવી તેને ખાત્રી થતી નહોતી. વળી સિપાહીઓની બંદુકો હંમેશાં ભરેલી રહેતી હોવાથી હુમલામાં પોતાના માણસો માર્યા ગયા શિવાય રહેશે નહિ એવું તેને જણાયાથી તેણે વિચારાંતે લૅફ્ટેનન્ટ ક્લાર્કની ટુકડી પર હુમલો કરવાનો વિચાર માંડી વાળ્યો.

સરકારે આ સમયે કેટલાક ગામડાંના સારા હોંશિયાર અને બુદ્ધિમાન પટેલો હતા તેમના હાથ નીચે એક હવાલદાર અને કેટલાક શિબંદીના સિપાહીઓ આપી ન્હાની ન્હાની પુષ્કળ ટોળીઓ તૈયાર કરી તેને પોતાના ઉપયોગમાં લીધી. લશ્કરની ન્હાની ટુકડી અને નવીન તૈયાર કરેલા શિબંદી સિપાહીઓની ટોળીઓ ચારે દિશામાં ઉમાજીની શોધ કરતી, રાત દિવસ સર્વત્ર ફરવા લાગી. તેમણે સર્વ ગામ ગામડાં, રાન જંગલો, પર્વતો, ખીણો, કોતરો વગેરેમાં શોધ કર્યો, પરંતુ હરગુડે ગામના લોકોમાંના કેટલાકે ઉમાજી સંબંધી સરકારને બાતમી આપ્યાથી તે માટે તેમને થોડા સમય ઉપર જ સખ્ત શિક્ષા મળી હતી, એ બનાવ અન્ય ગામના પ્રજાજનો સમક્ષ તાજો હોવાથી આ સમયે લશ્કરી સિપાહીઓને ગામના લોકો દ્વારા ઉમાજી સંબંધી યત્કિંચિત્ પણ બાતમી મળી નહિ. લોકોના મનમાં ઉમાજીની એટલી બધી બ્હીક પેસી ગઈ હતી. આ સમયે કેટલાક રામોશી નાયકોના મનમાં ઉમાજી માટે અત્યંત આદર હતો પણ જેઓ તેના એકનિષ્ઠ ભક્ત હતા તેવા મનુષ્યોને સરકારે પોતાની નોકરીમાં રાખી લીધા અને તેમને પણ એ જ કાર્ય પર મોકલી દીધા.

ઉમાજીએ બીજી વખત લૂંટફાટનો વ્યાપાર શરૂ કર્યો તેના સર્વ દોષ, તેના આમ મિત્રોએ સરકારને જણાવવાના હેતુથી એક જાહેરનામામાં પ્રસિદ્ધ કર્યા પ્રમાણે પુનાના તે સમયના મ્હોટા અધિકારીઓ ઉપર અને વજનદાર મનુષ્યો ઉપર આરોપ્યા હતા. એવી અસ્વસ્થતાને સમયે કેટલાક લુચ્ચા મનુષ્યો, પોતાનો હેતુ અનેક રીતે સિદ્ધ કરવા માટે અનેક કારસ્થાનો રચે છે તેવીજ ઉમાજીના મિત્રોની એ એક યુક્તિ હતી. પૂર્વની પેઠે હમણાં પણ તેમને અનેક પ્રકારની સગવડો મળશે એવું તેમણે અનુમાન કર્યું હતું, અને તે માટે તેમણે અનેક નિંદનીય પ્રયત્નો પણ ચલાવ્યા હતા. જે રામોશી લોકોએ જાહેરનામામાં પુનાના પ્રજાજનો ઉપર દોષારોપણ કર્યું હતું તેમને પકડવા માટે પરવાનગી માગવાનો દુષ્ટ પ્રયત્ન પણ થયો હતો. પરંતુ શાણી સરકારે તે તરફ વિશેષ લક્ષ્ય આપ્યું ન હતું. સરકારે તેમને એવો ઉત્તર દીધો કેઃ "તમે જે મનુષ્યો ઉપર મોઘમમાં દોષારોપ કરો છો તે લોકોનાં નામ વાર યાદી આપો. જેથી તે સંબંધી તપાસ કરવામાં આવશે. જો તપાસમાં તે લોકો દોષિત ઠરશે તો તેમને કાયદા પ્રમાણે શિક્ષા થશે." એ સમયે સરકારે તેમને એમ પણ કહ્યું હતું કેઃ "ઉમાજીનું મિત્રમંડળ જે લોકો ઉપર એવો દોષારોપ કરે છે તે લોકોને તેમના અપરાધને માટે જો શિક્ષા થશે તો ઉમાજી અને તેની બળવાખોર ટોળીએ જે દુષ્ટ કૃત્યો કર્યાં તે માટે તેમને એ કારણથી અર્થાત્ બળવો જગાડવામાં સામેલ રહેનારા લોકોનાં નામોની ખબર આપવા માટે, શિક્ષા થશે નહિ અને પૂર્વની પેઠે તેમને ક્ષમા અને સગવડો પણ મળશે; એવું જો તેઓ સમજતા હોય તો તેમાં તેમની ભૂલ છે. ઉમાજી અને તેના માણસો પકડાશે કિંવા તેઓ પોતાની મેળે સરકારને તાબે થશે તેમની તપાસ થશે અને તેમને શિક્ષા થશે એ માટે તેમણે ખાત્રી રાખવી." લુચ્ચા ઉઠાઉગીર લોકોને ન્યાયી સરકાર તરફથી એવો રોકડો ઉત્તર મળ્યાથી તેમની યુક્તિ, હેતુ અને મનોરાજ્ય તેમના મનમાં ને મનમાં જ રહ્યાં. લુચ્ચા લોકોના કહેવાથી સરકારે એવા અસ્વસ્થતાના સમયમાં પણ વગર વિચારે અગ્નિ પાથરી નહિ અને દુષ્ટ લોકોની દુષ્ટ યુક્તિ, વખતસર જમીનદોસ્ત કરી દીધી એ તેમને માટે ભૂષણાવહ નથી એવું કોણ કરી શકશે?

ચોમાસું નજીક આવ્યું હતું. તે સમયે આટલું મ્હોટું લશ્કર નોકરી પર રાખવું કે નહિ તે માટેની સરકારને એક નવીન ચિંતા ઉત્પન્ન થઈ. જો તેમને નોકરી પર રાખવામાં આવે તો એવા દિવસોમાં તેમને સર્વ સામગ્રી પૂરી પાડવામાં કેટલો ત્રાસ અને કેટલો ખર્ચ વેઠવો પડશે એ તેમને ખબર જ હતી. વારૂં, લશ્કર ન રાખવામાં આવે તો ઉમાજીનું તોફાન વધી પડે એ પણ નક્કી જ. આટલા બધા દિવસ થયાં મહેનત કરવા છતાં તેનો જોઇએ તેવો પરાભવ થયો ન હતો. અંતે લૂંટારા લોકો ઉપર દાબ રાખવા માટે અને તેમની લૂંટફાટ, ચોરી, ખુન વગેરે કૃત્યોમાં વિઘ્ન નાંખવા માટે ત્રણસો સિપાહીઓ તે પ્રાંતમાં રહેવા દઈ જુન ગહિનો બેસતાં જ બાકીના સર્વ લશ્કરને તેમણે પાછું બોલાવી લેવાનો નિશ્ચય થયો.

આ સમયે લશ્કરે જે કામ બજાવ્યું હતું અને તેમના અધિકારીઓએ જે મહેનત કરી હતી અને જે પદ્ધતિથી ચઢાઇ લઇ ગયા હતા તે માટે તેમને સરકાર તરફથી શાબાસી આપવામાં આવી. ઉમાજીએ જે સમયે લૂંટ કરવાની શરૂવાત કરી તે સમયે તેની ટોળીમાં ત્રણસો સાડા ત્રણસો મનુષ્યો ભળ્યાં હતાં. એવા મ્હોટા બળવાખોરનો બળવો સમાવવો એ કાંઈ સામાન્ય કામ નહોતું. પરંતુ લશ્કરી અધિકારીઓએ પોતાનાં કૃત્યો વડે તેમનું ઘણું જોર ઓછું કર્યું હતું, એમ કહેવામાં અડચણ નથી. ઉમાજી સંબંધી જોઇએ તો તેનો જે અધિકારીઓને પૂર્ણ અનુભવ થયો હતો તેઓ તો "ઉમાજી લશ્કરી બળવડે અથવા યુક્તિ પ્રપંચ વડે સહેલાઇથી પકડાય એવું કદી પણ બનશે નહિ." એવો જ તેમનો અભિપ્રાય બંધાઈ ચૂક્યો હતો, અને તે સરકારના જાણવામાં પણ આવ્યું હતું.

એવી સ્થિતિ હતી તેમ છતાં લશ્કરી સિપાહીઓને બહાર એ કામ ઉપર જ રાખવા એવું સરકારને ભાસતુ હતું, કારણ કે ચોમાસાના દિવસોમાં નદી નાળાં ભરાઇ જવાથી લૂંટારાઓને આમથી તેમ ન્હાસવામાં અડચણ પડશે, પછી તેમની ટોળીને પકડવામાં ઘણી અડચણ પડશે નહિ, અને તેમનું નિવાસ સ્થાન શોધી કાઢવા માટે ચોમાસામાં સહેલું થઈ પડશે. એવું જણાયાથી સરકારે પુનઃ તેવી યોજના કરવાનું મનમાં ધાર્યું. સરકારની એ યોજનાનો કેવો ઉપયોગ થયો તે આપણે હવે પછીના પ્રકરણમાં જોઈશું.

પ્રકરણ ૨૧ મું.

ચારે તરફથી સપાટામાં !

ચોમાસુ શરૂ થતાં જ લશ્કરને ઘણો ત્રાસ વેઠવો પડશે, એવી સમજણથી ત્રણસો મનુષ્યોને રહેવા દઇ બાકીનું લશ્કર મુખ્ય સ્ટેશન ઉપર પાછું બોલાવી લેવાનો સરકારે નિશ્ચય કર્યો હતો પરંતુ ભાગ્યવશાત્ દર વર્ષે જેટલો વર્ષાદ પડતો હતો તેટલો આ વર્ષે (ઇ. સ. ૧૮૩૧) પડ્યો નહિ ! હમેશ કરતાં આ વર્ષે સર્વ દેશમાં ઘણો જ થોડો વર્ષાદ પડ્યો. તેથી જુન, જુલાઈ અને ઑગષ્ટ; એ ત્રણ માસ લૂંટારાઓએ જેજુરીની ઉત્તરમાં અને પૂર્વના પ્રદેશોમાં સ્વસ્થપણે ગાળ્યા. એ જ પ્રાંતમાં ૮ મી રેજીમેન્ટની ન્હાની ન્હાની ટુકડીઓ સરકારે રાખી હતી તે રેજીમેન્ટો ચોમાસાને લીધે નગર તરફ પાછી જવાથી રામોશી લોકોને ત્યાં સ્વસ્થપણે રહેવાનું મળ્યું.

તે પ્રદેશમાં બાકીનું જે લશ્કર રહ્યું હતું તેને ઉમાજીને પકડવાની વિશેષ ખાત્રી જણાતી નહોતી. તેમ છતાં તેમના ઉપરી અધિકારીઓએ પોતાના કામમાં જરા પણ મંદપણું કર્યું નહોતું. એ ત્રણ મહિનાના અરસામાં કૅપ્ટન લ્યુકન, લૅફ્ટેનન્ટ લૅાંગ અને નગર પોલીસકોરની બે ટુકડીઓ; એ સર્વેએ જુદે જુદે વખતે ઉમાજીને પકડવાનો પુષ્કળ પ્રયત્ન કર્યો હતો. એક વખત તો લૅફ્ટેનન્ટ લૅાંગ સાહેબે રામોશીઓની ટોળી પકડવા માટે બે રાત્રિ અને એક દિવસ એક સરખો ત્રાસદાયક પ્રવાસ કર્યો. પરંતુ તે પોતાની ટુકડી લઈને નિમેલે ઠેકાણે જઇ પહોંચે તે પહેલાં જ લૂંટારાઓ ત્યાંથી ઘણે વેગળે નિકળી ગયા હતા, તેથી તેમનો એટલો બધો શ્રમ અને આશા નિષ્ફળ થયાં હતાં. એ અરસામાં સતારાના છત્રપતિ મહારાજ તરફથી એક

ઘોડેસ્વારની અને એક ઇરેગ્યુલર પાયદળ પલટણની મળીને બે ટુકડીઓ સાસવડ મુકામે કંપની સરકારના લશ્કરમાં આવી મળી. રામોશીઓનું તોફાન સમાવવા માટે કંપની સરકારનું લશ્કર સતારા પ્રાંતમાં જ્યાં જ્યાં જાય ત્યાં તે લશ્કરની સાથે રહેવાનો છત્રપતિ મહારાજે પોતાના લશ્કરી અધિકારીઓને હુકમ ફરમાવ્યો હતો. તેમજ સરકારી લશ્કરના અધિકારીઓ વખતો વખત જે મદદ માંગે તે તેમને આપવી એવો પણ મહારાજે પોતાના રાજ્યના મામલતદારોને હુકમ લખી મોકલ્યો હતો. રામોશી લોકો પોતાનાં રહેઠાણ વારંવાર અને ઘણી ત્વરાથી બદલતા હોવાથી અને તે સંબંધી કંપનીના લશ્કરી અધિકારીઓને ખબર નહિ મળતી હોવાથી તેઓ પોતાના લશ્કરને કુચ કરાવી શકતા નહોતા, અને જો કુચ કરાવવામાં આવે તો તેથી કશો ફાયદો થાય એવો સંભવ પણ નહોતો.

અહમદનગર જીલ્લાના મીરગાંમમાં બાપુસિંગ નામનો એક ઘણો ચપળ અને ખટપટી મનુષ્ય હતો. તેણે પ્રથમ રામોશી લોકોને મદદ કરી હતી, તેથી સરકારે તેને કેટલાક દિવસ પર્યંત કેદમાં રાખી એપ્રિલની આખરે "સરકાર કહે તે વખતે પુનઃ હાજર થઈશ." એવી તેની પાસેથી જામીનગીરી લઈને છોડયો હતો. તે મનુષ્યની સરકારને સારી પેઠે ખબર હોવાથી તેનો આ વખત સારો ઉપયોગ થશે એવું જાણી તેનો ઉપયોગ કરી જોવાનો વિચાર કર્યો. તેને છોડયા પછી બીજા બે રામોશીઓને પણ છુટા કર્યા અને તેમને બાપુસિંગની સાથે રહેવાનું સરકારે ફરમાવ્યું. એવા મનુષ્યો દ્વારા ઉમાજીને પકડવાનું કામ કરાવવાનો પ્રસંગ આવ્યો ! કાળુ નામક એ રામોશીઓના કાકાનો પુત્ર હતો. તા. ૧૮ મી જાનેવારીને દિવસે માંધુરદેવના ડુંગરમાં જે યુદ્ધ થયું હતું તે પૂર્ણ થયા પછી કાળુ રામોશી ઉમાજીની ટોળીમાંથી નીકળી ગયો હતો. તેની સાથે બાપુસિંગને પ્રથમથી થોડી ઓળખ હતી. એ બધા લોકો જો ઉમાજીની ટોળીમાં પુનઃ પ્રવેશ કરે તો તેને પકડવાની બહુ સરળતા થાય અને તેવો લાગ મળતાં આ લોકો તેવું કામ જરૂર કરશે એમ જણાયાથી અધિકારીઓએ ઉપરોક્ત ત્રણે રામોશીઓને પુનઃ ઉમાજીની ટોળીમાં જઈ ભળવા માટે સમજાવવાનું કામ પેલા

બદમાશ બાપુસિંગને સોંપ્યું. ગમે તે યુક્તિથી બાપુસિંગે તેમને ઉમાજીની ટોળીમાં ભેળવી દેવા અને એ કામમાં પોતાની અક્કલ હોંશીઆરીનો ઉપયોગ કરવાનું અધિકારીઓએ બાપુસિંગને જણાવી તેને છાપરે ચઢાવ્યો ! ઉમાજીની ટોળીમાં પુનઃ પ્રવેશ કરતાં ઉમાજી તેમની કેવી આબરૂ રાખશે તે તેઓ સારી પેઠે જાણતા હતા. તેથી પુનઃ તે ટોળીમાં જવાની તેમની ઇચ્છા નહોતી. તે માટે જ તેમને સારી પેઠે સમજાવવાની ગોઠવણ થઈ હતી અને તે કામ બાપુસિંગને સોંપવામાં આવ્યું હતું. એ કામ માટે તેને મરાઠી અને અંગ્રેજી પરવાનાઓ પણ અધિકારીઓએ આપ્યા હતા. પરવાના હાથમાં આવ્યાથી ત્રણ રામોશીઓને તે કામ કરવાનું ધૈર્ય આવ્યું અને "અમને સોંપેલું કામ હવે ગમે તે પ્રયત્ને પરિપૂર્ણ કરવાનો પ્રયત્ન કરીશું." એવી તેમણે પણ તેની ખાત્રી કરી આપી. ત્યાર પછી તેઓ એજ કામ પાછળ વળગ્યા. એ કામ તદ્દન ગુપ્ત રીતે કરવાનું હોવાથી ત્રણે રામોશીઓની નિમણુક પણ બનતે પ્રયત્ને ઘણી જ ગુપ્ત રાખવામાં આવી હતી.

આ સમયે ઉમાજીની ટોળીમાં નાના નામનો ઉપરોક્ત ત્રણે રામોશીઓનો એક મસીઆઇ ભાઈ હતો. તેનું ઉમાજી પાસે ઘણું વજન હતું, અને તેના ઉપર તેનો વિશ્વાસ પણ હતો. પોતાની સ્ત્રીઓ દ્વારા તેમણે એ નાના સાથે સંબંધ જોડી વાતચિત કરવાનું શરૂ કર્યું. ઉમાજીના વિશ્વાસનો બળવાન અંતર્કોટ તોડવા માટે એવાં નાજુક શસ્ત્રનો જેટલો વિશેષ ઉપયોગ થઈ શકે તેટલો અન્ય શસ્ત્રોનો નહિ થાય એવી સર્વને ખાત્રી હતી. "કાળુ અને બીજા રામોશીઓ પુનઃ ઉમાજીની ટોળીમાં સામેલ થાય તો મ્હારાથી બનશે તે મદદ કરી શકીશ." એવું નાનાએ, પોતાને જે માર્ગે ખબર મળી હતી તે નાજુક માર્ગે ઉત્તર તરીકે કહાવી મોકલ્યું. નાના દ્વારા એટલું આશ્વાસન મળવાથી ત્રણે રામોશીઓને બમણો ઉત્સાહ થયો. આ સમયથી ઉમાજીના આયુષ્યને તીક્ષ્ણ ઉધાઈ લાગી અને ત્યારથી જ ધીમે ધીમે તેનું પ્રાણ–કાષ્ટ કોતરવા લાગ્યું !

બાપુસિંગને કેટલાક શિબંદી સિપાહીઓ આપીને અધિકારીઓએ તેને જેજુરીમાં રાખ્યો. તે રામોશીઓ વિરૂદ્ધ સરકારને મદદ કરે છે અને તે

કામ માટે જ તેને સરકારે નિમ્યો છે એવી લૂંટારાઓને ખબર પડવાથી તેના ઉપર હુમલો કરવાનો રામોશીઓએ નિશ્ચય કર્યો. તેમ કરવામાં નાનાએ વાંધો લીધો. બાપુ ઉપર હુમલો કરવાનો વિચાર થતો હતો તે વખતે નાનાએ કહ્યું કે: "મ્હારા બે સગાંનો તેણે છુટકો કરાવ્યો છે. તે બન્નેને જો બોર મોકલવામાં આવ્યા હોત તો શ્રીમંત પંત સાહેબ તેમને ફાંસીની શિક્ષા કરત. બાપુની સિફારસથી તે પ્રસંગ ટળ્યો છે. તેથી જે માણસે તેમને જીવતદાન આપી અમને ઋણિ કર્યા છે તે માણસ ઉપર હુમલો કરી તેના ઉપકારનો આપણા તરફથી એવો બદલો મળે તો એ કાર્યને હું કદી પણ અનુમોદન આપીશ નહિ. તેમ છતાં પણ જો તમે બાપુસિંગ ઉપર હુમલો કરશો તો હું તમારી સાથે આવીશ નહિ. હુમલો કરીને તમે પાછા ફરો ત્યાં સુધી હું કોટલે ગામમાં રહીશ." એ ગામ જેજુરીથી ત્રણ મૈલ વેગળે છે. નાનાએ આ સમયે જે મુત્સદ્દીગિરિ ચલાવી અને પોતાનું ડહાપણ બતાવ્યું તે ઉપરથી સર્વ રામોશી લોકોના તેમજ ઉમાજીના મન ઉપર નાના સંબંધી સારૂં પરિણામ થયું. બસ, થયું. નાનાનું કામ સિદ્ધ થયું. તેનું પ્રપંચી બોલવું સાંભળી રામોશીઓએ બાપુસિંગ ઉપર હુમલો કરવાનું કામ બંધ રાખ્યું. નાનાનાં ગુપ્ત કારસ્થાન અત્રેથી જ શરૂ થયાં. તેણે ઉમાજીના કિલ્લામાં મ્હોટું ગબારૂં પાડયું તે એ જ !

કૅપ્ટન લ્યુકનને શિવરીમાં, કૅપ્ટન કિંગ્સ્ટનને કિકવીમાં, લૅફ્ટેનન્ટ ઍન્ડરસનને પિંગોરીમાં, લૅફ્ટેનન્ટ લૅાગને સોનોરીમાં, અને લૅફ્ટેનન્ટ લૉઈડને સુપેમાં, તેમના હાથ નીચે લશ્કરની ટુકડીઓ આપીને ચોમાસામાં લૂંટફાટનો બંદોબસ્ત રાખવા માટે રાખ્યા હતા. તે શિવાય અહમદનગર પોલીસ કોરમાંથી પુષ્કળ જુદી જુદી ટુકડીઓ દેશમાં સર્વત્ર એક સરખી ફરતી હતી.

એ પ્રમાણે લશ્કરે ચારે દિશામાં નાકેબંધી કરેલી હોવાથી ઉમાજી પોતાનાં માણસો લઇને પૂર્વ દિશા તરફ ચાલ્યો ગયો. તેથી આ સમયે તે કોઈ પણ ટુકડીના સપાટામાં આવ્યો નહિ. તે આગળ પૂર્વમાં જતો હતો તે સમયે સુપના ઇશાન ખુણામાં છ ગાઉ ઉપર અને પાટસ ગામની પૂર્વે

આવેલા ગિરીમ નામના ગામના લોકો પાસેથી તેણે અન્ન સામગ્રી લીધી. એ સમાચાર ત્યાંના પટેલે તા. ૨૦ મી ઓગષ્ટને દિવસે સુપેમાં રહેતા લશ્કરી અધિકારીને અને રાવના પિંપલ ગામના થાણામાં પહોંચાડી.

ગિરીમના પટેલ તરફથી સમાચાર મળતાં જ ભીમથડી તાલુકાનો શેખદાર, લૂંટારાઓની શોધ કરવા માટે મ્હોટા ઠાઠમાઠથી નિકળ્યો. શેખદારના તાબામાં જે ગામો હતાં તેમાંના નજીકના એક ગામમાંથી આસરે પચાશેક મનુષ્યો તેણે ભેગાં કર્યાં. તેમાં કોઇએ લાકડીઓ, કોઇએ તરવારો, અને કોઇએ બંદુકો લીધી હતી. શેખદાર સાહેબની સ્વારી સર્વ મનુષ્યોને લઇ ગિરીમગાંવ તરફ ચઢાઈ કરી. રામોશી લોકો તે ગામ નજીક જ હતા. તેમાંના એક મનુષ્યે શેખદારનાં મનુષ્યોને જોતાં જ " લશ્કર આવ્યું. " કહીને મોટેથી બૂમ પાડી પોતાની ટોળીને ચેતવણી આપી. કોઇએ કહ્યું કેઃ " એ તો બિચારા ગરીબ ગામ લોકો છે. " કોઇએ કહ્યું કેઃ " ગામ લોકોના વેશમાં સિપાહીઓ છે. " એ પ્રમાણે તેમની ટોળીમાં ચર્ચા શરૂ થઈ. પીઠવડે ભીંત ચઢી જવામાં એકાદ ચોર હુંશિયાર હોય છે, એટલે તેનામાં જે અવગુણ હોય છે તે તે વખતે ગુણના રૂપમાં ફેરવાઈ લોકો જેમ તેની પ્રશંસા કરે છે તેવું ભોજાજી નાયકના સંબંધમાં હતું. તે વાંદરાની પેઠે બે હાથ અને બે પગ ઉપર શરીર ટેકાવી વાંકો વળી મ્હોટી મ્હોટી છલંગો મારતો ઉતાવળે ન્હાસી જઈ શકતો હતો. એ પ્રમાણે ન્હાસી જવામાં તેની ટોળીમાં તેની બરાબરી કરી શકે તેવું કોઈ ન હોતું. સ્હામેથી આવતાં માણસોની ખાત્રી કરવા ભોજાજી વાંદરની પેઠે કુદકા મારતો તેમની તરફ ગયો. થોડા સમયમાં પાછા આવી તેણે કહ્યું કેઃ "તેઓ ગામ લોકો છે." ત્યાર પછી પાસેના એક નાળામાં ભરાઈ રહી આવનારા માણસોને એકાએક બ્હીવડાવી તેમની ગંમત કરવાનો વિચાર કરી બધા રામોશીઓ નાળામાં જઈ સંતાઈ બેઠા. શેખદાર સાહેબ પોતાની સાથે ગામ લોકોને લઈ ઉમાજીની શોધ કરતો, સર્વ બાજુએ તપાસ કરતો, સાવચેતીથી આગળ વધતો હતો. જે નાળામાં રામોશી લોકો ભરાઇ બેઠા હતા તેમાં આવતાં જ રામોશીઓ મ્હોટી બૂમો પાડી તેમના ઉપર ટૂટી પડ્યા. કોઈના

સ્વપ્નમાં પણ નહિ હોવા છતાં પૃથ્વીમાંથી એકદમ ઉપસી આવ્યા પ્રમાણે રામોશી લોકો નાળામાંથી નિકળી આવ્યાથી અને તેમના ઉપર અકસ્માત્ હુમલો કર્યાથી તે તરવાર, બંદુક, અને લાકડી બહાદુરોની અને તેમના આગેવાન શેખદારની કેવી વ્હલે થઇ તે કહી શકાતું નથી! તેમને ન્હાસતાં ભોંય ભારે પડી, જે ગામના લોકો ઉમાજીને અને લૂંટારાઓને પકડવા માટે મ્હોટી બહાદુરીથી તૈયાર થઇને આવ્યા હતા. તેમને એ રાક્ષસોના હાથમાંથી પોતાના જીવ કેવી રીતે બચાવવા તેની જ ચિંતા થઈ પડી! રામોશીઓએ તુરત જ તેમના પર ગોળી બ્હાર કરી જોતજોતામાં ચારે દિશામાં ન્હસાડી મૂકયા. ગોળી બ્હાર કરતાં શેખદારનો એક મનુષ્ય મરણ પામ્યો અને બે ઘાયલ થયા. શેખદાર પોતાના માણસો લઇને ખાલી હાથે પાછો ફર્યો. રામોશી લોકો તેની પૂઠે પડ્યા. તેમણે ગિરીમગામ પર્યંત તેમની પૂઠ પકડી. ગામ નજીક આવતાં જ કેટલાક ઘોડેસ્વાર અને સિપાહી લોકોને પોતાના તરફ આવતા જોઈ રામોશી લોકો ત્યાંથી પાછા ફર્યા અને તેમણે એક મજબૂત ઉંચા સ્થળનો આશ્રય લીધો. ગામ લોકોની પૂઠ પકડવાનું કામ તેમણે છોડી દીધું. રામોશી લોકો એક અતિ ઉંચું આશ્રયસ્થાન જોઇ ત્યાંથી જેમ સારી પેઠે યુદ્ધ કરી શકે છે તેમ ખુલ્લા મેદાનમાં તેઓ કરી શકતા નથી. તેથી એવો પ્રસંગ આવતાં તેઓ હમેશાં એવાં સ્થાનનોજ આશ્રય લેતા હતા. સિપાહી લોકોને મેદાનમાં સ્હામ સ્હામે યુદ્ધ કરવાની જેવી ટેવ હતી તેવી ડુંગરોમાં વાંકાચૂંકા વળીને કરી શકતા નહોતા. એમ હોવાથી એવે પ્રસંગે તેઓને રામોશી લોકોની સ્હામેથી પાછું ફરવું પડતું અને રામોશી લોકો લશ્કર સ્હામેથી પાછા ફરતા. અર્થાત્ તે બન્નેને સ્હામ સ્હામુ યુદ્ધ કરવાનો પ્રસંગ કદી પણ આવ્યો નહતો. શેખદારના લોકો ઉપર રામોશીઓને હુમલો કરવાનો પ્રસંગ સ્હવારે આઠ વાગે આવ્યો હતો. રામોશી લોકો ઉપર જે એક ઘોડેસ્વારની ટુકડી ચઢી આવતી હતી તેમાં અગીઆરમી રેજીમેન્ટના વીશ સિપાહીઓ અને પુના હૉર્સમાંના આઠ સિપાહીઓ હતા. તે બધા ગણેશસિંગ હવાલદારના હાથ નીચે હતા. રામોશી લોકો ઉપર એકદમ હલ્લો કરવાનું તેમના મનમાં

ઘણુંએ હતું પરંતુ તે ઘણે લાંબેથી આવેલા હોવાથી તદ્દન થાકી, કંટાળી ગયા હતા તેથી એ સ્થળે એકદમ આવી પહોંચ્યા નહિ, અને તેમના પર હલ્લો કરી શકાયો નહિ !

ગણેશસિંગ હવાલદાર પોતાની ટુકડી લઇને રામોશી લોકોને પકડવા માટે, તે સ્થળે આવી પહોંચે તે પહેલાં જ તેઓ એક મજબૂત સુરક્ષિત સ્થળે જઇ બેઠા હતા. સિપાહીઓને નજીક આવી પહોંચતા જોઈ રામોશી લોકો ત્યાંથી તેમને બૂમ પાડી કહેવા લાગ્યા કે: “ ભાઈઓરે ! તમે નિરર્થક અમારી પૂઠે શા માટે આવ્યા છો ? તમને ત્રાસ આપવાની અમારી બિલકુલ ઇચ્છા નથી, પછી તમે તમારો જીવ શા માટે સંકટમાં નાંખો છો ? તમે જ્યારે અમારા ઉપર ચઢાઇ કરી આવ્યા છો ત્યારે અમારા સંરક્ષણને માટે અમારે તમારા ઉપર ગોળીબ્હાર કરવો જ જોઈએ. અમારા ગોળીબ્હારના તમે શા માટે ભોગ થઇ પડો છો ? ” તેમનું એવું બોલવું સાંભળી સિપાહીઓએ તેમને કરડે સ્વરે કહ્યું કે: “ ઉભા રહો, ન્હાસી જશો નહિ. ” સિપાહી લોકોના મનમાં તેમની સાથે વેગળેથી જ વાત કરવાની ઇચ્છા હતી એટલામાં ઉમાજીએ તેમને કહ્યું કે: “ તમને હમણાં સારો પગાર મળે છે તે લઇને છાનામાના બેસી રહો. તમારી સાથે આ વખતે કોઈ મ્હોટો અમલદાર હોય એમ જણાતું નથી. ત્યાર પછી અમારા ઉપર હુમલો કરીને તમે તમારા જીવ ઉપર શા માટે સંકટ વ્હોરી લોછો ? ” એ સાંભળી એક તરવાર બહાદુર સિપાહીને બોલવાનો જુસ્સો ચઢયો. તેણે રૉફ બંધ કહ્યું કે: “ અમે ત્હારૂં માથુ કાપી લઇ જવા માટે આવ્યા છીએ. ” એ સાંભળી ઉમાજીએ સ્મિતહાસ્ય કરી ઉત્તર દીધું કે: “ ઓહો ! તેમાં શું ? તે તો હું મ્હારી હથેલીમાં લઇને જ ઉભો છું. જેણે માતાનું દુધ પીધું હોય અથવા જેના શરીરમાં શક્તિ હોય તેણે ખુશીથી મ્હારી સ્હામે આવી લઈજવું. ” બન્નેનો સંવાદ પૂરો થયા પછી પરસ્પર એક બીજા ઉપર ગોળીબ્હાર શરૂ કર્યો. એ ચકમકમાં ગણેશસિંગ હવાલદારને ગોળી વાગતાં તે મરણ પામ્યો. તેથી તે ટોળીમાં કોઈ ઉપરી અમલદાર રહ્યો નહિ. હવાલદારને મરણ પામેલો જોઈ તે ટુકડી પર એકદમ તુટી પડી તેને સખ્ત શિક્ષા આપવાનો રામો-

શીઓએ વિચાર કર્યો પરંતુ એક રામોશી અને એક હેટકરી સખ્ત ઘાયલ થયેલા હોવાથી તેમણે તે વિચાર છોડી દીધો, અને તેમણે ત્યાંથી પાછા ફરવાનો જ વિચાર કર્યો. તેઓ પોતાના મનુષ્યોનું કુંડાળુ કરી ઉંચા ઠેકાણાનો આશ્રય લેતા લેતા પાછા હઠવા લાગ્યા. સિપાહી લોકો પણ મધ્યાહ્ન સમય પર્યંત તેમની પાછળ પાછળ પડયા હતા. આ સમયે ઘોડેસ્વારોને જ્યારે જ્યારે સંધિ મળી ત્યારે ત્યારે તેમણે તેમના ઉપર જેવી ખુબીથી હુમલા કરવા જોઇએ તેવી ખુબીથી કર્યા નહિ. તેથી તેમને આ વખતે અપયશ મળ્યો, એવું કૅપ્ટન મૅકિનટોશ સાહેબનું કહેવું છે.

જેજુરી પાસે જે એક ટુકડી હતી તેને ઉપલા બનાવની ખબર મળતાંજ તે તેજ રાત્રે લૂંટારાઓની પૂઠે પડવા ત્યાંથી નિકળી ગઈ. ગિરીમ ગામમાં ચકમક ઝર્યા પછી ઉમાજી ફલટણ પ્રદેશમાંથી પિંપરના પોતાના હમેશના ગુપ્ત સ્થાન તરફ ચાલતો થયો.

આ યુદ્ધ થવાથી બાપુસિંગનું કામ સ્વિકારી બેઠેલા કાળુ અને ઉમાજીના વિશ્વાસપાત્ર નાના રામોશીની યોજના જરા લંબાઇ. કારણ કે તા. ૨૧ મી ઑગષ્ટની રાત્રે તેણે ઉમાજીને જેજુરીમાં મિજબાનીની માટે બોલાવ્યો હતો, અને તેજ રાત્રે તેનો વિશ્વાસઘાત કરી પકડવાની ગોઠવણ કરી હતી. ઉમાજીને કાળુના અને તેમાં પણ વળી તેના વિશ્વાસુ ભક્ત નાનાના આસુરી પ્રપંચની ખબર ન હોવાથી શૂરવીર પરંતુ ભોળા ઉમાજીએ મિજબાનીમાં જવાનું કબૂલ કર્યું હતું. પણ ગિરીમ ગામમાં સિપાહીઓની ટોળી સાથે અકસ્માત્ યુદ્ધમાં પડવાથી મિજબાની છોડી દઇ તેને બીજી દિશા તરફ જ જવું પડયું.

ઉમાજીને અને તેની ટોળીને આ સમયે ચારે દિશામાંથી સરકારી લશ્કરે ઘેરી લઈ બરાબર સપાટામાં લીધા હતા. એવે પ્રસંગે ટોળીમાંના ઘાયલ અને માંદા મનુષ્યને સાથે લઇ એક સરખું ન્હાસતા ફરવું એ ઘણું કઠિન કામ હોય છે. આ સમયે ટોળી સાથે બે ઘાયલ અને એક માંદો મળીને ત્રણ મનુષ્ય હતાં. તેમને લઇને તેઓને ન્હાસવું પડતું. તેમાં આપા કાનડા નામક એક મનુષ્યને બન્ને પગમાં વાળો નિકળ્યો હતો. બે મહિનાના મંદવાડને

લીધે તેના શરીરમાં હાડકાં અને ચામડી માત્ર રહી હતી. તે ક્યારે મરશે તેનો ભરોંસો નહતો. એવા મનુષ્યને આવે પ્રસંગે સાથે લઈ ફરવું એ તેમને બહુ કઠિન થઈ પડયું હતું. તેમને લઈ ધીમે ધીમે પ્રયાણ કરવાથી કદાચ ટોળી ઉપર સંકટ પણ આવી પડવાનો સંભવ હતો. ફલટણ પ્રદેશથી પિંપરી તરફ જતાં તેમને એક વાઇદેશના અને એક સાસવડની પાસેના ગામડાના મળીને બે રામોશીઓને સ્વાધીન કર્યા પછી તેઓ આગળ ચાલતા થયા. કેટલાક મનુષ્યો કહે છે કેઃ તેમણે તે જીવંત પ્રાણીઓને માટીમાં પધરાવી દઈ તેમના પ્રાણને શાંતિ પમાડી! કોઈ કહે છે કેઃ તેઓ રોગથી જ મરણ પામ્યા. એ એક જ કારણથી ઉમાજી ઉપર અને સર્વ રામોશીઓ ઉપર ક્રૂરપણાનો ભયંકર આરોપ મૂકવામાં આવે છે. જો તે માંદો હોવાથી જ ખરેખર મરણ પામ્યો હોય તો તો કશું કહેવા જેવું નથી કારણ કે તેમ થવાનો સંભવ વિશેષ જ રહે છે પરંતુ તેવું ન બન્યું હોય તો તે કૃત્ય ક્રૂરપણાનું જ કહેવું પડશે, અને તે સાથે એમ પણ કહેવું પડશે કેઃ સારો અથવા નરસો સમય એજ મનુષ્યને દયાળુ અથવા ક્રૂર બનાવે છે.

પ્રકરણ ૨૨ મું.

પકડવાની ખટપટ.

બાપુસિંગનો મળતીયો કાળુ રામોશી, પૂર્વ સંકેત પ્રમાણે ઉમાજીની ટોળીમાં પુનઃ સામિલ થવા માટે તે ટોળીની શોધ કરતો ફરતો હતો. એટલામાં તે ગિરીમ ગામનું ન્હાનું યુદ્ધ થતાં પહેલાં નગરની પોલીસ કોરને હાથે પકડાઇ ગયો. તે પ્રથમ લૂંટારાઓની ટોળીમાં હતો એ સર્વ જાણતા હતા. તેથી તે દ્રષ્ટિયે પડતાં જ પોલીસોએ તેને લૂંટારા તરીકે ઓળખી માંદુર ગામ નજીક તુરત જ ચતુર્ભુજ કર્યો. એવો પ્રસંગ આવી પડતાં તેમાંથી મુક્ત થવા માટે સરકારી અધિકા-

રીઓએ તેને પરવાનો લખી આપ્યો હતો. પરંતુ આ વખતે તેનો કંઈ પણ ઉપયોગ થયો નહિ. કાળુને નગરની પોલીસ કોરે પકડયો તે વખતે જ તેણે પોતાની પાસેનો પરવાનો તેમને બતાવ્યો પરંતુ તે ચોરી લાવેલો હશે એમ જાણી પરવાના તરફ દુર્લક્ષ્ય કરી તેને કેદમાં પૂર્યો. તેણે તેમને બીજી ઘણી વાતો કહી પરંતુ સિપાહીઓ તેનું બોલવું સાચું માનતા નહિ–તેના ઉપર તેમને વિશ્વાસ ઉત્પન્ન થતો નહિ. એ હકિગત મુખ્ય થાણે પહોંચતાં જ તેને તુરત છોડી દેવાનો અને કંઈ પણ પ્રશ્ન નહિ પૂછવાનો હુકમ આવ્યો તેથી કાળુને તેજ રાત્રે બંધન મુક્ત કર્યો પરંતુ તેને પકડયા પછી તુરત છોડી દીધેલો હોવાથી તે સરકારનો નોકર હોવો જોઇએ એવા સમાચાર થોડા સમયમાં જ સર્વત્ર પ્રસરી ગયા. તેની નિમણુક અત્યંત ગુપ્ત રાખવા માટે અત્યાર પર્યંત જેટલી ખટપટ કરી હતી તેટલી એક ક્ષુલ્લક બનાવથી નિષ્ફળ ગઈ. એકાદ સમયે ખરી વાત કઈ રીતે પોતાની મેળે પ્રકટ થાય છે તે કહી શકાતું નથી તે આ પ્રમાણે જ! દુઃખમાં સુખની વાત એટલી જ કે પોલીસ લોકોએ કાળુને લૂંટારા તરીકે પકડી માત્ર કેદમાં જ રાખ્યો હતો. મહાર નાયકની પેઠે તેના નાક કાન કાપ્યા નહોતા એટલું જ તેનું મહદ્ ભાગ્ય !

કાળુ ત્યાંથી મુક્ત થઈ પોતાના બે સાથીદારો (મસીઆઇ ભાઇઓ) ને લઈ ફલટણ દેશમાં જઈ ઉમાજીની ટોળીમાં પુનઃ મળ્યો. ઉમાજીએ અને ભોજાજીએ તેને પાછલી બાબતો સંબંધી પૂછપરછ કરી ત્યારે કાળુએ તેમને ઉલટ સુલટ થાપો ખવડાવી. છેવટે તેણે કહ્યું કે: "હું સરકારને હાથે પકડાયો ત્યારે તેમણે મ્હને નાના પ્રકારનું કષ્ટ આપ્યું. મ્હને તેઓ ફાંસી કે કાળા પાણી મોકલવાની શિક્ષા કરવાના હતા પરંતુ મ્હેં તેમને લૂંટારાના નાયકોને પકડવાનો યત્ન કરવાની પ્રતિજ્ઞા કરી ત્યારે તેમણે મ્હારો છુટકો કરી મ્હને એક પરવાનો લખી આપ્યો છે. એવું કર્યા શિવાય મ્હારો જીવ બચાવી પુનઃ તમારી ટોળીમાં આવી ભળવાનો મ્હારે માટે બીજો માર્ગ જ નહોતો. નાયક સાહેબ! હું મ્હારા નાયક સાહેબનો એટલે મ્હારા સ્વામીનો વિશ્વાસઘાત કરી પકડાવી દેવા જેવું તિરસ્કારજનક કામ કદી પણ કરૂં

ખરો કે? દેવની પ્રતિજ્ઞા. મ્હારે હાથે એવું કામ કદી પણ થશે નહિ. પુનઃ તમારી ટોળીમાં આવી મળવાની અમારી પૂર્ણ ઇચ્છા હતી તેથી તેમ કરવા માટે અને તેમના હાથમાંથી મુક્તિ મેળવવા માટે તેમના કહ્યા પ્રમાણે કબૂલ કર્યાં શિવાય અમારે બીજો ઉપાય જ નહતો. તેથી જ તેમના કહેવા પ્રમાણે કબૂલ કરીને અને પરવાનો લઇને જેમ તેમ કરીને ત્યાંથી નિકળી અમે આપની પાસે આવી પહોંચ્યા છીએ" એમ કહી કાળુએ અને તેના સાથીદારોએ પોતાની પાસેના પરવાના કાઢી ઉમાજીને બતાવ્યા. તેમની હકિગત ઉમાજીએ અને તેના તાબાના અન્ય નાયકોએ સાચી માની લઇ કાળુ જેવા ઘરભેદુ કાળા સર્પને પોતાની મંડળીમાં પુનઃ સામિલ કર્યો. એ કાળો સર્પ લાગ જોઇને ક્યારે ઉમાજીના ગળાનું લોહી ચૂસી લેશે એ કોને ખબર?

ઉમાજીએ નવીન ત્રણે મનુષ્યોને પ્રથમ તેની ટોળીમાં હોવાથી પોતાની ટોળીમાં રાખી લીધા ખરા પરંતુ તે તેમનાથી પ્રથમના કરતાં વિશેષ સાવચેતીથી વર્તવા લાગ્યો. તેજ પ્રમાણે ટોળીનાં ઇતર મનુષ્યો પણ તેમના ઉપર વિશેષ શકની નજરે જોવા લાગ્યાં. એ બનાવ કાળુ અને તેના સાથીદારોના લક્ષ્યમાં આવ્યા શિવાય રહ્યો નહિ. તેના હૃદયમાં ભયે હમેશનું સ્થાન રોપ્યું. તેની સ્ત્રીઓ સાથે અધિકારીઓએ વિશેષ સંદેશા વ્યવહાર રાખ્યો. ત્રણે મનુષ્યોને એક તરફથી ઉમાજી, ભોજાજીની અને બીજી તરફથી સરકારની એક સરખી ભીતિ લાગવા માંડી. તેમનાં નીચ કૃત્યોને લીધે સુડી વચ્ચેના સોપારી જેવી સ્થિતિ થઈ પડી. કારણ કે જ્યાંથી દબાણ થશે ત્યાંથી તેમના બે કટકા થવામાં વિલંબ થશે નહિ, એવી તેમની ખાત્રી હતી. થોડા દિવસ વિત્યા પછી ઉમાજીને પકડી આપવા માટે અધિકારીઓએ ત્રણેની પૂંઠે એક સરખા તજવીજ કરવા માંડી. તેમને તેઓ ક્વચિદ્ વચનો આપતા અને ક્વચિદ્ નિરાશાજનક અથવા ઉડાવનારો જવાબ આપતા. જ્યારે અધિકારીઓએ તેમની પૂઠે પડી ઘણો સખ્ત તગાદો કર્યો ત્યારે તેમણે ઉત્તર દીધો કે: "તમે અમને તેઓને (ઉમાજી વગેરેને) મારી નાંખવાનો હુકમ આપો. અમે તે કામ ગુપ્ત રીતે તુરત જ પૂરૂં કરીશું." ઉમાજીની ટોળીમાં રહીને તેનું જ ગળું કાપવા માટે એ દુષ્ટ અને નીચ મનુષ્યો પોતાનું પાપી પેટ

ભરવા ખાતર કેવી રીતે તૈયાર થયા હતા તે તેમના મનના નીચ સંકલ્પ ઉપરથી સારી પેઠે જણાઈ આવે છે! પરંતુ એ નીચ લોકોની પેઠે સરકારી અધિકારીઓ નીચ થયા નહિ એજ તેમને શાબાશી અપાવે છે. તેમણે તેમને એવું પાપી કૃત્ય કરવાની રજા આપી નહિ, એટલું જ નહિ પણ તેમને તેમ કરવા માટે સખ્ત મના કરી. તેમણે તેમને પુનઃ કહ્યું કે: "તમને માત્ર પકડી આપવાનું જ કામ સોંપ્યું છે, અને તેજ કામ માટે તમારી નિમણૂક કરવામાં આવી છે. તમારે તેજ કામ કરવું જોઇએ."

રામોશી લોકોની લૂંટફાટ બંધ પાડવા માટે સરકારે જે લશ્કર મોકલ્યું હતું તેમાંનો ઘણો વિભાગ પાછો બોલાવી લેવાનું ઠર્યું અને તે પ્રમાણે સરકારી હુકમો પણ છૂટયા હતા, એટલામાં તા. ૧૮ મી અક્ટોબ્બરને દિવસે અધિકારીઓ દ્વારા સરકારને એક વિનંતિ પત્ર મોકલવામાં આવ્યો. તેમાં લખ્યું હતું કે: "લૂંટારાઓને પકડવા માટે હજી થોડા દિવસ સર્વ લશ્કર અહિં રહેવા દેવું. ઉમાજીને પકડવા માટે સર્વ તજવીજ થઇ ચૂકી છે અને આશા છે કે એ તજવીજને લીધે તે સત્વર પકડાશે." એ વિનતિ પત્ર પહોંચતાંજ સરકારે લશ્કર પાછું બોલાવી લેવાનું કામ કેટલાક દિવસ પર્યંત મુલતવી રાખ્યું.

લૂંટારાઓની પૂઠે પડયા પછી સરકારના લશ્કરે તેમાંના ઘણા મનુષ્યોને પકડયા હતા. તેમાંના ઘણા મનુષ્યોને ફાંસી દેવામાં આવી. એમ થવાથી લૂંટારાઓને મદદ કરવામાં આવતાં કિંવા તેમાં સામેલ થતાં અંતે એવી સખ્ત શિક્ષા ભોગવવી પડશે, એવું લોકોના મન ઉપર પરિણામ થયું. તેમ થવાથી સરકારનું ઘણું કામ થયું, પરંતુ તેજ સમયે સરકારે લશ્કર પાછું બોલાવી લેવા સંબંધીની બાતમી ચારે દિશામાં પ્રસરવાથી જે પ્રજાજનો શાંતતા પ્રિય હતા અને સરકારને મદદ કરવાની શુભેચ્છાથી રામોશીઓ વિરૂદ્ધની દરેક બાબતમાં તૈયાર થયા હતા તેમનામાં પુનઃ અસ્વસ્થતા ઉત્પન્ન થઈ, એટલું જ ખોટું થયું; કારણ કે લશ્કર પાછું જતાં જ ઉમાજીની લૂંટફાટ પુનઃ પ્રબળ વેગે શરૂ થશે અને સરકારને મદદ કરવા માટે ગામ લોકો ઉપર તેઓ ભયંકર અને વૈર લીધા વગર રહેશે નહિ એવો

તેમને ભય ઉત્પન્ન થયો. એ પ્રમાણે એક જ સમયે બે બનાવ બનવાથી જનસમૂહ ઉપર તેનાં જૂદાં જૂદાં પરિણામ થયાં.

ઉમાજીની ટોળીમાં જે હેટકરી લોકો હતા, તેમણે આ વખતે પુનઃ માથું ઉંચકયું. તેમણે પોતાનો પગાર ચુકતે કરી આપવા માટે અને ઘેર જવા માટે પરવાનગી મળવા માટે ઉમાજી પાછળ એક સરખો તગાદો કર્યો. તેઓ કહેતા કેઃ " અમને તમારી સાથે રહેવાનો તદ્દન કંટાળો આવ્યો છે. આજ પર્યંત અમે ઘણું સંકટ સહન કર્યું. હવે અમારાથી બિલકુલ સહન થતું નથી. "

હેટકરી લોકોએ જ્યારે ઉપર પ્રમાણે પૈસા માટે સખ્ત તગાદો કર્યો ત્યારે એકાદ મ્હોટા શ્રીમંત ગૃહસ્થનું ઘર લૂંટી તેમનાં મ્હોં બંધ કરવાની ભોજાજીએ ઉમાજીને સલાહ આપી, પરંતુ ઉમાજીને એ વાત પસંદ પડી નહિ. તેના મનમાં આવ્યું કે સરકારનો એકાદ ખજાનો લૂંટી હેટકરી લોકોની માંગણી પૂરી પાડવી, અને તેમ કરવા માટે તેણે પુના અને મુંબઈ તરફ જતા આવતા સરકારી ખજાનાની બાતમી કાઢવા માટે બે માણસો બોરઘાટ તરફ મોકલ્યા, અને પાછળથી ઉમાજી પણ પોતાની ટોળી લઈને તે તરફ ગયો. ઉમાજીએ મોકલેલા બે મનુષ્યોને ખજાનાની બાતમી મળી નહિ પરંતુ જે રામોશીઓને લૂંટારાઓ સાથે સામેલ થવા માટે પકડયા પછી કાળા પાણીની શિક્ષા થઈ હતી તે લોકોને બે દિવસ પહેલાં જ ઘાટ ઉતારીને મુંબઇ મોકલ્યાની દુઃખદાયક બાતમી મળી !

એ દુઃખદાયક સમાચાર સાંભળી ઉમાજીને ઘણું દુઃખ થયું નહિ. કૃષ્ણાજી નાયક અને વિઠુ નાયક તે મિત્રોને તુરત બંધન મુક્ત કરી તેમને પુનઃ પાછો પુને લઈ આવશે તથા તેમને પણ પાછલા અપરાધોની પેઠે બધાંની સાથે અંતે ક્ષમા મળી હતી તેવી આ સમયે પણ મળશે એવી તેને પક્કી ખાત્રી હતી. એ કારણને તેને તેના મિત્રોના સ્થલાંતર માટે વિશેષ મહત્વ જણાયું નહિ.

ઉમાજી પોતાની ટોળી લઈ ને બોર ઘાટને કિનારે કિનારે ચાલતો થયો, અને અંતે કોંકણમાં ઉતરી તેણે જાંબુલપાડાના આસપાસના પ્રદેશમાં કેટલાક

દિવસો નિર્ગમન કર્યા. આ સ્થળે હેટકરી લોકો પોતાને ઘેર જવા ઉતાવળા થઇ ઉમાજી પાસે પરવાનગી માંગવા લાગ્યા. પરંતુ નાનાએ અને કાળુએ તેમને ઉમાજીના વચન ઉપર થોડા દિવસ વિશ્વાસ રાખવાની અને થોડા વખતમાં તમને રજા અપાવીશું એવી બે વાત સમજાવીને તુરતને માટે રાખી લીધા.

નાના અને કાળુ નાયક એ બન્ને બદમાસોએ, સરકારે ઉમાજીને અને અન્ય નાયકોને પકડી આપવા માટે જે ઇનામી જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું તેમાંનો ઉલ્લેખ, તેમની મતલબ જાણી લેવા માટે, સહજ વાત કરતાં કરતાં તેમને (હેટકરીઓને) કાને નાંખ્યો પરંતુ પોતાની ગુહ્ય મતલબ હેટકરીઓને એકદમ કહેવી તેમને સુરક્ષિત જણાઈ નહિ. હેટકરીઓને સમજાવી ટોળીમાં રાખી લેવાથી પોતે ઉમાજીના કામમાં સારી મદદ કરી એવું ઉમાજીને જણાતાં તેનો વિશ્વાસ પોતાના ઉપર પ્રથમ કરતાં વિશેષ બેસે અને પછી તે આપણા કબ્જામાં આવે એવો જ તે બન્નેનો મુખ્ય ઉદ્દેશ હતો. તેથી જ તેમણે હેટકરીઓને આડું અવળું સમજાવી રાખી લીધા. તેમનું એ ગુપ્ત કારસ્થાન ઉમાજી શી રીતે કળી શકે ? તેણે તો ઉલટો તે કાર્ય માટે તેમનો ઉપકાર જ માન્યો !

નવેમ્બર મહિનાના અંતમાં ઉમાજીએ કોંકણ છોડયું અને તા. ૨૭ મી ને દિવસે સંધ્યા સમયે મુળશી ગામથી અઢી ગાઉને અંતરે આવેલા ઔળસ ગામમાં પોતાની ટોળી સહિત આવી પહોંચ્યો. તે ગામમાં આવ્યા પછી લૂંટારાઓએ ત્યાંના પટેલને અને એક બ્રાહ્મણ જોશીને પકડી તેની પાસેથી પાંચસો રૂપિયા ખંડણી લેવાનો પ્રયત્ન કર્યો. એ કામ માટે રામોશી લોકોએ તે બન્નેને ઘણો ત્રાસ આપ્યો. ત્યાર પછી ટોળીમાંના માણસો બ્રાહ્મણના ઘરમાં પેઠા અને ટોળી માટે રસોઈ બનાવવાનું બ્રાહ્મણને ફરમાવ્યું. ઉમાજીનું કહેવું તે સમયે કોણ પાછું ઠેલે એમ હતું ! બ્રાહ્મણે તુરત જ ઘરના માણસોને રસોઈ બનાવવાની આજ્ઞા કરી. રસોઈ થતી હતી તે દરમ્યાન ઉમાજીએ બ્રાહ્મણને પોતાની પાસે બેસાડી એક ગવર્નર સાહેબ ઉપર અને એક પુનાના કલેક્ટર સાહેબ ઉપર મોકલવાના બે પત્રો લખાવી લીધા. પુનાના તે વખતના કલેક્ટર મિ. ગિબર્ન સાહેબ ઉપર તેણે જે પત્ર

લખ્યો હતો તે હંમેશના રિવાજ પ્રમાણે આદરપૂર્વક પદ્ધતિથી નહિ પણ જરા ઉચ્છૃંખલતાથી અને આજ્ઞાકારક પદ્ધતિથી લખ્યો હતો. તેમાં તેણે એવું લખ્યું હતું કે: "સરકાર મ્હારી સાથે તદ્દન અન્યાયપૂર્વક વર્તેલી હોવાથી મ્હારા સંરક્ષણને માટે મ્હારે ન્હાસી જવું પડ્યું છે. સરકારે મ્હને પકડવા માટે અહમદનગરથી ઘાટ નીચે કોંકણમાં સાવંતવાડી પર્યંતના સર્વ દેશમાં લશ્કરી સિપાહીઓ રાખ્યા છે તથાપિ મ્હને પકડવાના કામમાં સરકારને અદ્યાપિ પર્યંત કિંચિદ્ પણ યશ પ્રાપ્ત થયો નથી. તેમના એ કામના સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા છે એ સરકારના ધ્યાનમાં આવ્યું જ હશે. તેથી હું સરકારને કહું છું કે તેમણે એ કામ માટે જે લશ્કર નિમ્યું છે તે તુરત પાછું બોલાવી લેવું. સરકાર તેને પાછું બોલાવી લેશે એટલે હું કંઈ પણ ગડબડ નહિ કરતાં તદ્દન સ્વસ્થ રહીશ. પરંતુ સરકાર અને મ્હારા વચ્ચે જ્યાં સુધી તહનામું થયું નથી ત્યાં સુધી દેશમાં પૂર્વવત્ શાંતતા થશે નહિ, એ તેમણે ખાત્રીપૂર્વક માનવું." તેણે વિશેષ લખ્યું હતું કે: "આ પત્રનો ઉત્તર તેમણે મ્હને કૃષ્ણાજી વગેરે નાયકદ્વારા મોકલવો. ઉત્તરને માટે કલેક્ટર સાહેબને આઠ દિવસની અને ગવર્નર સાહેબને પંદર દિવસની મુદ્દત આપવામાં આવી છે. એટલામાં અવશ્ય ઉત્તર મળવો જોઇએ." એ પ્રમાણે કલેક્ટર સાહેબ અને ગવર્નર સાહેબને ધમકી ભરેલા પત્રો લખાઈ રહ્યા પછી સર્વેએ બ્રાહ્મણને ઘેર જમવાનું કામ પૂરૂં કર્યું. "આપણા પત્રો કલેક્ટર સાહેબ અને ગવર્નર સાહેબને પહોંચતાં જ તે વાંચી ગભરાઈ ગયા શિવાય રહેશે નહિ અને તે પ્રથમની પેઠે જ મ્હારી સાથે તહ કરવા કબૂલ થશે અને આપણને પ્રથમની પેઠે સ્વાતંત્ર્ય, અને નવીન હક્ક મળશે તેમ જ પહેલાંની પેઠે જ આપણે બડેજાવ મહેરબાન થઈશું!" એવું મનોરાજ્ય ભોગવતો અને મનમાં જ આનંદ પામતો, ઉમાજી પોતાની ટોળી લઇને સહ્યાદ્રિ પર્વતનાં ખીણુ કોતરોમાં, ડુંગરોમાં, અને ઉજ્જડ પડેલા કિલ્લાઓમાં ભટકતો ફરતો હતો. એ પ્રમાણે મૃગરાજની પેઠે સ્વેચ્છાથી અને નિષ્કાળજીથી ઉમાજી પોતાના માણસો લઇને સહ્યાદ્રિ પર્વત ઉપરના જંગલમાં વિચરતો હતો. તે એવું મનોરાજ્ય સુખ ભોગવતો હતો તે સમયે—કલેક્ટર

અને ગવર્નર સાહેબને તેણે આઠ અને પંદર દિવસની જે મુદત પોતાના પત્રમાં આપી હતી તે પૂરી થવાને દિવસે જ—સરકારના ઉત્તરને બદલે તેના ઉપર કેવું ભયંકર સંકટ આવી પડશે તે તેના સ્વપ્નામાં પણ ન હતું.

લૂંટારાઓ જમવા ખાવામાં ગુંથાયા હતા. તે સમયે જોશી બાવાએ પોતાના ગામથી બે ગાઉ વેગળે એક ગામડામાં કેટલાક શિખંદીના સિપાહીઓ સહિત એક જમાદાર થાણું નાંખી રહ્યો હતો તેને ખબર આપવા એક મનુષ્ય મોકલ્યો. જોશીએ તેમને કહાવ્યું હતું કે: "એક ક્ષણનો પણ વિલંબ નહિ કરતાં બેઠા હો ત્યાંથી ઉઠીને તુરત જ આવજો." તે માણસે લૂંટારાઓ ગામમાં આવ્યાના સમાચાર નહિ કહેતાં માત્ર "તુરત જ મ્હારી સાથે આવો." એટલું જ જમાદારને કહ્યું ! સમાચાર પહોંચતાં જ જમાદાર પોતાની ટુકડીમાંના શિખંદી સિપાહીઓ સહિત નીકળ્યો. તે રાતે નવ વાગે ઔળસ ગામમાં આવી પહોંચ્યો. હમેશના રિવાજ પ્રમાણે ઉમાજીએ લશ્કરની તપાસ રાખવા માટે બે રામોશી પહેરેગીરોને રાતે આસપાસ ફરતા રાખ્યા હતા. શિખંદીના માણસો ગામ નજીક આવતાં જ બન્ને રામોશીઓએ દોડતા આવી તે સંબંધી ઉમાજીને સમાચાર આપ્યા. તે ક્ષણે જ બ્રાહ્મણ અને ગામના પટેલને લઈ ગામ બહારની એક ઉંચી ટેકરી પર તે જઈ પહોંચ્યો. તે ગામ બહાર ગયો અને શેખ જમાદાર ટોળી સહિત બ્રાહ્મણને ઘેર આવ્યો. ઘરમાં તપાસ કરતાં ત્યાં લૂંટારા જણાયા નહિ. લૂંટારાઓ ત્વરિત ગતિએ ન્હાસી ગયાની તેને ખબર ન હતી. તેથી ખોટી ખબર આપવા માટે અને સર્વને ગભરાવી મૂકવા માટે તેમ જ લશ્કરને ત્રાસ આપવા માટે તેણે ગામ લોકને જ દૂષણ આપ્યું. ત્યાર પછી કેટલીક વારે રામોશી લોકો પુનઃ ગામમાં આવ્યા. તેઓ બ્રાહ્મણના ઘર નજીક ચાલી આવ્યા તે જ ક્ષણે જોશીના ઘરના બારણાં એકદમ ઉઘડયાં અને શિખંદીના લોકોએ તેમના ઉપર બંદુકના ગોળી બ્હાર કર્યા. ગોળી બ્હાર સાંભળી રામોશી લોકો જરા ગભરાયા ખરા, તેમ છતાં તેમણે બ્રાહ્મણના ઘર ઉપર ધસી જવાનો યત્ન કર્યો, પરંતુ બારણામાં ઉભેલા શિખંદીના સિપાહીઓએ તેમના ઉપર એક સરખો ગોળી બ્હાર શરૂ રાખ્યાથી તેમનું કંઇ વળ્યું

નહિ. લૂંટારાઓએ એ પ્રમાણે ઘણી વખત તેમના પર હલ્લો કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ સિપાહીઓએ પૂર્વ પ્રમાણે જ તેમના પ્રયત્ન નિષ્ફળ કર્યા. અંતે શિબંદીના માણસો કેટલા છે અને હલ્લાનું પરિણામ શું થશે તેની રામોશીઓને ખાત્રી નહિ હોવાથી તેમણે પોતાનો પ્રયત્ન તદ્દન છોડી દીધો. બારણાને જો કે ઘણી ગોળીઓ લાગી હતી. તેમ છતાં બન્ને પક્ષનું એક પણ માણસ મરણ પામ્યું ન હોતું. ગામ લોકોએ કરેલા એ વિશ્વાસઘાતનું વૈર લેવા માટે રામોશીઓએ જતાં જતાં કેટલાંક ઘરોને અને ધાન્યને અગ્નિ લગાડયો. અને તેના અજવાળામાં જયઘોષ કરતા તેઓ અન્ય દિશા તરફ ચાલ્યા ગયા.

પ્રકરણ ૨૩ મું.

વાઘ પિંજરામાં!

ઓળસ ગામમાં થયેલા ન્હાના સરખા યુદ્ધ પછી અહમદનગર પોલીસ કોરની અને શિબંદી લશ્કરની અનેક ટુકડીઓએ લૂંટારાઓની શોધ કરવા માટે આસપાસનો સર્વ ડુંગર, થોડા દિવસમાં જ શોધી નાંખ્યો પરંતુ તેમનામાંના કેટલાકને લૂંટારાઓ કઇ દિશામાં ચાલ્યા ગયા તેનો પણ પત્તો લાગ્યો નહિ. અંતે એક ટુકડીએ તેઓ સિંહગઢ તરફ ગયા હશે એવા સમાચાર મેળવ્યા. એ જ અરસામાં બાપુસિંગના ભાઇ ચિમનસિંગને સિપાહીઓની એક ન્હાની ટુકડી આપી અધિકારીઓએ તેને કાળુ અને નાના સાથે વાતચિત કરવા મોકલ્યો. એ પહેલાં થોડા દિવસ અગાઉ નાનાના જોડભાઇને પણ સાસવડથી નાના પાસે મોકલી ઉમાજીને સત્વર પકડી આપવા માટે સંદેશો કહાવ્યો હતો. ભાગ્યવશાત્ એવું બન્યું કેઃ તા. ૧૭ મી ડિસેમ્બરની રાત્રે ઉમાજીએ પોતાની ટોળીના નાના, કાળુ અને તેની સાથેના બે રામોશી બંધુઓને બજારવાડી જઈ તેમનાં ઘરનાં કુટુંબી જનોને મળી આવવાની પરવાનગી આપી. ઉમાજી

કંઈ તદ્દન કાચો માણસ ન હતો. તેણે તેમની પ્રત્યેક હિલચાલ ઉપર બારીક નજર રાખવા માટે પાંડુ નાયકને તેમની સાથે યુક્તિ કરી મોકલી દીધો. નાના અને કાળુ બજારવાડીમાં આવી પહોંચે તે પહેલાં જ ચિમનસિંગ ત્યાં આવી પહોંચ્યો હતો. બજારવાડીના રામોશીઓ જોડે તેની ઘણી મુલાકાત થઇ હતી તેમાં ઉમાજીને પકડી આપવાના કામમાં તેઓ મદદ કરવા કબૂલ થયા હતા. તે પ્રમાણે નાના, કાળુ અને પાંડુ બજારવાડીમાં આવી પહોંચ્યા તે જ સમયે ત્યાંના અન્ય રામોશીઓએ ચિમનસિંગને ખબર આપી તેને ત્યાં બોલાવી લીધો. નાના અને કાળુની હિલચાલ ઉપર અને વર્તન ઉપર પાંડુ નાયકની ગુપ્ત રીતે બારીક નજર હતી તેમ છતાં તે કામમાં બીજા બન્ને મિત્ર દ્રોહીઓએ તેની આંખમાં ધૂળ નાંખી ચિમનસિંગની મૂલાકાત લીધી. ચિમનસિંગે તે બન્નેને સ્પષ્ટ કહ્યું કે: "આટલા બધા દિવસ થયા તમે કબૂલ કર્યું હતું તે છતાં ઉમાજીને પકડવાનું કામ પરિપૂર્ણ થયું નહિ. તેથી સાસવડના અધિકારીઓને તમારા ઉપર હવે વિશ્વાસ આવતો નથી. તમારૂં વર્તન તેઓને સંશયાસ્પદ જણાય છે." તેમનું એ કહેવું નાના કાળુને જરા આશ્ચર્યજનક જણાયું. તેમણે ચિમનસિંગને કહ્યું: "ઉમાજીને પકડી આપવાનો અમારો દૃઢ નિશ્ચય પ્રથમની પેઠે કાયમ જ છે. ઉમાજી અને ભોજાજી એટલા બધા સાવચેત, વ્હેમી અને દુરાગ્રહી છે કે અમારૂં તેમના આગળ કશું ચાલતું નથી, અને અમારૂં તેમના આગળ વજન પડતું નથી. અમારા વર્તન ઉપર તમને સંશય આવતો હોય તો બને તેટલો યત્ન કરીને તમે અમારી તદ્દન નજીક રહો. તેથી અમારૂં વર્તન કેવું છે તે તમારા લક્ષ્યમાં આવશે, અને ત્યાર પછી તમને જે સત્ય જણાય તે તમે અધિકારીઓને વિદિત કરજો. થોડા દિવસમાં અમે જાતે કિંવા તમારી મદદથી અમે જરૂર કામ કરીશું." ઉમાજીને પકડી આપવાનું કામ અમે સત્વર કરીશું એવું નાનાએ ચિમનસિંગને કહ્યું તો ખરૂં પરંતુ તેને પકડાવ્યા પછી ભવિષ્યમાં શું થશે તે માટે કાળુ વગેરે બીજા રામોશીઓને તો વિશેષ સંશય નહતો પરંતુ નાનાને એ માટે ઘણો સંશય જણાતો હતો. પરંતુ એ સમયેજ બજારવાડીના તેના મિત્રોએ, યેસુ નિકારી વગેરે બીજા લૂંટારા રામોશી લોકોને સર-

કારે પકડી જેજુરી ગામમાં ફાંસી દીધાના સમાચાર કહ્યાથી નાનાને તથા બીજાઓને સરકાર ઉપર વિશ્વાસ ઉત્પન્ન થયો. ભવિષ્યમાં શું થશે ? એ સંબંધી તેમને અત્યાર પર્યંત જે વિચારો થતા હતા તે હમણાં ઘણા ખરા ઓછા થઇ ગયા. નાનાની પત્નિને શ્રીમંત પંત સચીવના એક ડુંગરની તુરંગમાં કેદ નાંખી હતી તેને મુક્ત કરવા માટે નાનાએ ચિમનસિંગને પ્રાર્થના કરી. તે સાંભળી તેણે ઉત્તર દીધો કે: " તમે તમારૂં વચન પ્રથમ પુરૂં કરો. પછી તમારી રીતસરની માંગણીઓ કબૂલ કરવામાં આવશે." એમ કહી તેને તેનું કામ પરિપૂર્ણ કરવાની વારંવાર માંગણી કરી. તેણે નાનાને અને કાળુને એમ પણ કહ્યું કે: " જે સમયે તેના ભાઇને સરકારે આ કામ કરવા માટે પુનઃ પોતાની નોકરીમાં રાખ્યો તે સમયે જ તેને સાસવડના અધિકારીઓએ તેમની યોગ્ય માંગણીઓ કબૂલ કરવાનું વચન આપ્યું છે. હવે નવીન માંગણીઓ કરવાની જરૂર નથી." તેમનો એ ઉત્તર સાંભળીને નાનો શાંત જ થઇ ગયો. એ પ્રમાણે ચિમનસિંગ અને નાના, કાળુ વગેરે મનુષ્યોની મુલાકાત અને વાતાચત થયા પછી નાના વગેરે ઉમાજીને મળવા માટે બજારવાડીથી ચાલ્યા ગયા અને પૂર્વવત્ રહેવા લાગ્યા.

ઉમાજી સાથે નાના વગેરે પુના જઇ મળ્યા પછી તેમણે જેજુરીમાં યેશુ નિકારી વગેરેને સરકારે ફાંસી દેવાના સમાચાર ટોળીમાંના અન્ય રામોશીઓને નિવેદન કર્યા. એ સમાચાર સાંભળતાં જ તેમને વિજળીના જેવો ધક્કો લાગ્યા જેવું થયું ! તેમનું ધૈર્ય ખુટી ગયું, અને તેમની ચિત્તવૃત્તિ તદ્દન ગભરાઈ ગઈ. ઉમાજીએ તેમને પોતાની હમેશની ગંભીર વૃત્તિ વડે ચાર ડાહી વાતો કહી સમજાવ્યા–કહો કે શાંત પાડયા. તેણે સર્વેને એવું પણ કહ્યું કે: " આપણા આમ વર્ગમાંથી કોઈને ફાંસી દીધી નથી. એ ઉપરથી સરકારનો હેતુ અને નિશ્ચય કોને શિક્ષા કરવી એ નક્કી નથી તે સ્પષ્ટ જણાઇ આવે છે. મ્હને સંપૂર્ણ ખાત્રી છે કે સરકાર આપણી સાથે અંતે પ્રથમની પેઠેજ વર્તશે, અને સર્વેને પૂર્ણ સગવડો મળશે અને સારો ફાયદો થશે, પરંતુ ત્યાં સુધી સર્વેએ ધૈર્ય રાખવું જોઈએ. સર્વેએ મ્હારા કહેવા ઉપર વિશ્વાસ રાખી મુંગે મ્હોડે હું કહું તેમ કરવું જોઈએ. નકામા ઉતાવળા થવું જોઈએ નહિ."

ઉમાજીએ ધીરજની ચાર વાતો કહી ટોળીના સર્વ મનુષ્યોનાં મન થોડાં ઘણાં શાંત કર્યાં. તેમ છતાં તેમનાં અંતઃકરણની સ્થિતિ જુદી જ થઈ હતી. નાના વગેરેએ તેમને જે નવીન સમાચાર કહ્યા હતા તે તેને મનથી નવીન નહતી. તે પોતાની ટોળી લઇને બોરઘાટ પર વિચરતો હતો તે સમયે એ અને સરકારે લૂંટારાઓને માટે મોકલેલી ફોજને પાછી બોલાવી લેવાના વિચારમાં છે એવી બન્ને બાતમીઓ તેને એક જ સ્ત્રી જાસુસ દ્વારા મળી હતી. પરંતુ તે તેણે ગુપ્ત રાખી અત્યાર સુધી પોતાની ટોળીમાંના કોઈ પણ મનુષ્યને એ વાત કહી નહતી.

તા. ૧૪ મી ડિસેમ્બરથી, ઉમાજીના અત્યંત વિશ્વાસુ સાથીદાર નાના ચૌહાણનો મિત્રદ્રોહી પ્રપંચ પુનઃ શરૂ થયો. તેણે તે દિવસે હેટકરી લોકોને તેમના પગાર માટે ઉમાજી પાસે હઠ ભરેલી માંગણી કરવાને ઉશ્કેર્યા. તે દિવસે સંધ્યા સમયે હેટકરી લોકોએ પોતાની બંદુકો ભરીને ઉમાજીની આસપાસ ઘેરો ઘાલ્યો. " અમારો પગાર હમણાં ને હમણાં જ ચુકતે થવો જોઇએ. નહિ તો તમને બંદુકની ગોળી મારી ઠાર કરવામાં આઘું પાછું જોઇશું નહિ." એવી ઉમાજીને તેમણે ધમકી આપી અને સર્વેએ ઉમાજી તરફ બંદુકો તાકી. " જેટલા લૂંટારા પકડાશે તેને સરકારે ફાંસી દેવાનો વિચાર કર્યો છે. તે સમયે મરવા પહેલાં અમે તમને મારી નાંખીને પછી અમારી જાતે બંદુક મારી તમારી સાથે જ આપઘાત કરી મરણ પામીશું. અમને અમારા જીવની હવે બિલકુલ આશા નથી. અમારો પગાર આપી દો. " એવું તેમણે ઉમાજીને કહ્યું. તેમને જીવ પર આવેલા જોઈ " થોડા દિવસમાં તમારો પગાર ચુકતે કરીશ. તમે આટલા બધા કડક થાઓ નહિ. ધૈર્ય રાખો, અને મન સ્વસ્થ રાખો. તમારી ઇચ્છા પ્રમાણે સર્વ થશે. "

એવું કહી ઉમાજીએ તેમને શાંત પાડવાનો યત્ન કર્યો. આ સમયે ઉમાજી પોતાની ટોળી સહિત ભોરથી બે ગાઉ વેગળે એક ડુંગરમાં હતો. નાનાએ જે હેટકરીઓને અંદર ખાનેથી ઉશ્કેર્યા હતા તે ઉમાજીના જાણવામાં નહતું. તેણે તેને પોતાનો વિશ્વાસુ અને જીવજાન સાથીદાર જાણી આ સમયે કેવી રીતે વર્તવું તે સંબંધી તેને જ ખુલ્લા દિલથી સલાહ પૂછી.

આ સમયે તેણે તેને ઉત્રોળીના જગુ શિંદાના જમાઈ ભૈરૂ કોંડલે પાસે પોતાનો દોઢસો બસો રૂપિયાનો માલ છે એવું પણ કહી દીધું. ભૈરૂ એ સાસવડનો નિવાસી અને ઉમાજીની પ્રથમની ટોળીમાં હતો. સોના ચાંદીના દાગિના તોડવાનું અતિ વિશ્વાસુ કામ ઉમાજીએ તે સમયે તેને સોંપ્યું હતું. તેથી જ પહેલાના કેટલાક માલમાંનો થોડો માલ, ઉમાજીના કહેવા પ્રમાણે તેમની પાસે સિલિક રહી ગયો હતો. "હેટકરીઓ હઠે ભરાશે ત્યારે ઉમાજી નરમ થઇને આપણને જ સલાહ પૂછશે." એવા વિચારથી જ નાનાએ એ પ્રપંચ રચ્યો હતો. એ પ્રપંચમાં હવે તે ફાવ્યો. તેમ થવાથી જ ઉમાજીને પકડાવી દેવાનો પ્રપંચ બરાબર પરિપૂર્ણ થશે એવું તેને જણાયું. ભૈરૂ કોંડલે પાસે રહેલા માલની વાત સાંભળતાં જ તે બન્નેને આનંદ થયો, અને "જગુ શિંદેના કુટુંબને અમે સારી પેઠે ઓળખીએ છીએ. તેમની પાસેથી પૈસા મંગાવો એટલે હેટકરીઓને શાંત પાડવાનો પ્રયત્ન કરીશું." એવું તેમણે ઉમાજીને આગ્રહપૂર્વક કહ્યું, અને તે કામમાં સંમતિ આપી.

જગુ શિંદે પાસે સારો માલ છે અને તે પૈસા આપવામાં ઘણું કરીને આનાકાની કરશે નહિ, એવા ભરોંસા ઉપર તેણે હેટકરીઓને અગાઉથી સો બસો રૂપિયા આપવાનું કબૂલ કર્યું હતું. ઉત્રોળીથી પૈસા મળે નહિ તો હેટકરીઓએ ખુશીથી એકાદ ગૃહસ્થનું ઘર લૂંટવું, એવું પણ તેણે તેમને તે જ સમયે કહી દીધું હતું, અને તે તેમણે કબૂલ પણ કર્યું હતું. તથાપિ નાનાએ, ઉત્રોળી જવાથી હાલ તુરત જોઇએ તેટલી રકમ મળી જશે એવી ખાત્રી બતાવી અને તે જ રાત્રે ઉત્રોળી જવાનું ઠરાવ્યું, પરંતુ ઉત્રોળી જવામાં તેનો ગુપ્ત પ્રપંચ તદ્દન જુદો હતો. જે દિવસે તેણે એ પ્રપંચ રચ્યો તે તા. ૧૫ મી ડિસેમ્બરનો દિવસ હતો.

ગોઠવણ કર્યા પ્રમાણે ઉમાજી પોતાના જુના મિત્ર બાપુ સોળસ્કર, કાળુ, નાના, લાડુ અને બીજા છ રામોશીઓને સાથે લઈ ઉત્રોળી જવા નિકળ્યો. ભોજાજી અને બીજા સત્તર રામોશીઓ ત્યાં જ રહ્યા. ઉમાજીએ પ્રથમ તોફાન શરૂ કર્યું, તે સમયે તેની ટોળીમાં ત્રણસો સાડાત્રણસો માણસો હતાં તેમાંથી રહેતાં રહેતાં અત્યારે વીશ પચીશ રહ્યાં હતાં. કોઈ પણ સારૂં

અથવા નઠારૂં કૃત્ય શરૂ કરતી વખતે તે કામમાં આરંભશૂર જેવા સ્વભાવના જેટલા મનુષ્યો ઉમંગથી–શરૂવાતમાં–મળે છે, તેમાંના એક સોમા ભાગ જેટલાં મનુષ્યો તે કાર્યના અંતપર્યંત દ્રઢ આસ્થાથી ટકી રહેતાં નથી. અંતપર્યંત અનેક પ્રકારનાં સંકટો સહન કરીને ધૈર્ય ધારણ કરી રહેનારા હરિના લાલ તો આંગળીના વેઢા ઉપર ગણાય તેટલા જ હોય છે. ઉમાજીની ટોળીમાં હમણાં રહેલા મનુષ્યોની સંખ્યા ઉપરથી એ સૂત્રનું સિદ્ધાંત જણાઈ આવે છે. એ ઉપરથી ઉમાજીએ લૂંટફાટનું જે કૃત્ય કર્યું તે સારૂં કર્યું છે એમ તો કદી પણ કહી શકાશે જ નહિ. અસ્તુ. તેના વિશ્વાસુ ગળકટ્ટુ મિત્ર નાનાએ આ સમયે પણ એક કાવત્રું રચ્યું. ભોજાજી નાયકને અને ટોળીમાંના પાછળ રહેલા અન્ય માણસોને પોતાના ઉપર બિલ્કુલ શક આવે નહિ તે માટે તે કાવત્રાંખોર મનુષ્યે પોતાના ભાઇ વિઠુને તેમની સાથે જ–પાછળની ટોળીમાં જ–રહેવા દીધો. ત્યાર પછી ઉમાજી પોતાની સાથેના દશ અગિઆર મનુષ્યો સહિત સંધ્યા સમય પછી એક પ્રહર વીતવાને સુમારે ઉત્રોળી ગામ નજીક આવી પહોંચ્યો. ગામથી આશરે આઠસો યાર્ડ વેગળે ઉભા રહી ઉમાજીએ કાળુ અને નાનાને ગામમાંથી જગુ શિંદેને ઘેર જઈ ભૈરૂ કોડલેને બોલાવવા મોકલ્યા. ઉમાજીએ તેમની સાથે સંદેશો કહાવ્યો કેઃ “ પૈસા સંબંધી ત્હારી સાથે કંઇ વાતચિત કરવી છે, તું તુરત જ ગામ બહાર મ્હને મળવા આવ. હું ત્હારી વાટ જોઉં છું.” સમાચાર કહાવ્યા પછી ઉમાજી ગામ બહાર એક કાંટાની વાડને ઑથે બેઠો. ગામમાં જઈ સંદેશો કહેવાનું કામ તેમના હાથમાં આવવાથી તે બન્નેને અતિશય આનંદ થયો. તેઓ ઉમાજીનો સંદેશો લઇ ગામમાં પેઠા તે પ્રથમ જગુ શિંદેને ઘેર નહિ જતાં ઢેડવાડામાં ગયા. ત્યાંથી બે ઢેડ સાથે ચિમનસિંગને સંદેશો કહાવ્યો કેઃ “ અમે ઉમાજીને અને ભોજાજીને પકડયા છે. તમે શિબંદી સિપાહીઓ લઇને તુરત જ આવી અમને મળો.” પરંતુ આ સમયે ચિમનસિંગ પોતાની ટુકડી લઇ શિરવળ ગયો હતો. એ જાણી ઉત્રોળીના ઢેડ નાનાનો સંદેશો લઇ તુરત જ દોડતા શિરવળ ગયા. ઢેડવાડામાં એ કામ કર્યા પછી નાના તથા કાળુ જગુ શિંદેને ઘેર ભૈરૂનો શોધ કરવા ગયા. જગુ શિંદે ઘેર જ હતો. નાના અને કાળુએ મોડી રાત્રે

પણ તેનાં બારણાં ઠોકયાં અને બૂમો પાડી. તે સાંભળી જગુ ગભરાઈ ગયો. તેણે અને તેના ચારે પુત્રોએ તુરત જ નાનાનો શબ્દ ઓળખ્યો. ઉમાજીની લૂંટફાટ ચાલુ હતી તેવામાં નાનાનો શબ્દ કાને પડતાં જ લૂંટારાઓ આપણા ઘર ઉપર ધસી આવ્યા છે એવી કલ્પના કરી—અરે! તે પાંચેના જીવ ઉડી ગયા! ભયને લીધે તેમની જીભ લથડી ગઈ. તેમને ઉત્તર દેવાનું પણ ભાન રહ્યું નહિ એટલા બધા તેઓ ગભરાઇ ગયા. તેમણે એકી બૂમે નાનાને જવાબ દઇ બારણું ઉઘાડયું નહિ. નાનો પણ તેમને છોડે તેવો ક્યારે હતો! તેણે પુનઃ બેચાર બૂમો પાડી અને બારણાં ઉઘાડવા માટે જગુને થોડીક વિનતિ, થોડી સમજામણ અને થોડી ખાત્રી કરી ત્યારે તે બ્હીતો બ્હીતો બારણાં ઉઘાડી બહાર આવ્યો. નાનાને અને કાળુને બન્નેને જોતાં પોતાના ઘર ઉપર ધાડ આવી નથી એવી તેની ખાત્રી થઈ, અને ત્યારે જ તેનું મન કંઇક શાંત પડયું. નાનાએ અને કાળુએ જગુને કહ્યું કેઃ "અમે ઉમાજીને પકડી ગામ સુધી લાવ્યા છીએ. એને પકડી સરકારના કબજામાં સોંપી દેવો છે પરંતુ એ કામમાં તમે અને તમારો જમાઇ મદદ કરો તોજ પરિપૂર્ણ થાય એમ છે." ઉમાજી સંબંધી તેણે જે વાત સાંભળી તે ઉપરથી તે જો કે આનંદ પામી નાચવા કુદવા લાગ્યો નહિ પણ ઉલટો તે ભય પામી ગભરાઇ ગયો. તેણે તેમને એકદમ કશો ઉત્તર દીધો નહિ. થોડી વારે તેણે બન્નેને ઉત્તર દીધો કેઃ "હું મ્હારા ઘરનાં માણસોને અને ગામ લોકોને પૂછ્યા પછી તમને ઉત્તર દઇશ." જગુએ એટલી રાતે પણ ગામના કેટલાક લોકોને પોતાને ઘેર બોલાવી મંગાવ્યા અને હવે શું કરવું? એ સંબંધી પરસ્પર વાતચિત ચલાવી. એ સમયે નાનો અને કાળુ થોડે વેગળે હતા કારણ કે લોકોનો અભિપ્રાય જાણવાનું જગુએ પોતાને માથે લીધું હતું. જગુ શિંદે અને ગામ લોકો વચ્ચે ધીમે ધીમે વાદવિવાદ ચાલતો હતો. તેમાં નાના અને કાળુએ ઉમાજીને પકડાવી દેવા સંબંધી ચર્ચા ચાલતી હતી. તે દરમ્યાન ઉમાજીને પકડાવી આપવાના કામમાં મદદ કરવાને બદલે "નાનાને અને કાળુનેજ પ્રથમ પકડી ભોરના શ્રીમંત પંત સાહેબને સ્વાધીન કરવાથી સારૂં કહેવાશે." એ વાત ઉપર ચર્ચા ચાલી. એ સમયે જગુ શિંદેના એક

સગાએ કહ્યું કેઃ "નાના અને કાળુ પાસે મરાઠી અને અંગ્રેજી ભાષામાં સાસવડથી લખેલા સરકારી અધિકારીઓના પરવાના છે. તેથી તેમને પકડવાથી ફાયદો શો ? ઉલટું ઉમાજીને પકડી આપવામાં જ ડહાપણ છે." નાનાં અને કાળુને પકડી આપવા માટે ઉત્રાળીના ગામ લોકોમાં જે પ્રશ્ન ઉપસ્થિત થયો હતો તેનું એક કારણ હતું. ગામ લોકોએ જગુ શિંદેને ઘેર આવ્યા પછી "નાના અને કાળુ એ બે રામોશીઓને પકડી ભોરના શ્રીમંત તરફ મોકલી દઇએ કે કેમ ? એ બાબતનો તુરત ખુલાસો કરવો." એવો સંદેશો લઇને ગામના હજામને ભોર મોકલ્યો હતો, તેના ઉત્તરની વાટ જોતા બધા બેઠા હતા. કેટલાક દિવસ પહેલાં નાના અને કાળુ એ બન્ને કેટલાક રામોશીઓ સાથે પોતાનો જીવ બચાવવા માટે ભોરથી ન્હાસી ગયા હતા. ઉમાજીને પકડવા પહેલાં કેટલાક મહિના અગાઉ, ન્હાસી ગયેલા રામોશીઓમાંના ચાર મનુષ્યો પારકા ઇલાકામાંથી પકડાયા હતા. જે લોકોએ તેમને પકડ્યા હતા તે મનુષ્યોને ભોરના શ્રીમંત પંત સચીવ સાહેબે ઇનામો પણ આપ્યાં હતાં. પકડાયલાં મનુષ્યોમાંથી ત્રણ મનુષ્યોને શ્રીમંતે ફાંસી દેવડાવી હતી, અને ચોથાને એક ડુંગરી કિલ્લામાં કેદ રાખ્યો હતો. નાના અને કાળુ એ ન્હાસી ગયેલા કેદીઓમાંના હતા. તેઓ અનાયાસે પોતાના ગામમાં આવ્યા હતા. ત્યારે તેમને પકડી આપવાથી પોતાને પણ પહેલાંની પેઠે શ્રીમંત પાસેથી ઇનામ મળશે; એવું ગામ લોકો ધારતા હતા, અને તેથી જ તે બન્નેને પકડી આપવા માટે તેમના મનમાં કલ્પના ઉત્પન્ન થઈ હતી. ભોર ઇલાકામાંથી ન્હાસી ગયા પછી નાના અને કાળુએ કંપની સરકારની કેવા મહત્વની નોકરી સ્વીકારી હતી, તે ઉત્રાળીના ગામ લોકોને ખબર ન હતી. તેઓ તો તેમને બળવાખોર–લૂંટારા જ સમજતા હતા. તેમની પાસે સરકારી અધિકારીઓના પરવાનાની અને હોદ્દાની વાત તેમનામાંના એક મનુષ્યે કહી ત્યારે તેમણે તે વાત તદ્દન છોડી દીધી.

ભૈરૂ અને જગુ એ કામમાં આગેવાનપણું લેવાને ખુશી ન હતા. કારણ કે પાછળથી લૂંટારાઓ પોતાને પકડી જબરદસ્ત ખંડણી લીધા સિવાય રહેશે નહિ એવી તેમને ખાત્રી હતી. જગુશિંદેના એક પુત્રે જગુ તરીકે

અને ગામના કુળકર્ણીએ ભૈરૂ તરીકે તેમની સાથે જઇ કામ કરવું એવો અંતે તેમણે તોડ કાઢયો, અને તે પ્રમાણે કામ કરવાનું ઠરાવ્યું. નાનાએ અને કાળુએ પોતાની સાથે એક એક મ્હોટું દોરડું લીધું. ત્યાર પછી તેઓ જગુ અને ભૈરૂની બનાવટી મૂર્તિ સાથે ગામના ઝાંપાથી બહાર જ્યાં ઉમાજી વાટ જોતો બેઠો હતો ત્યાં ગયા. બન્ને બનાવટી મનુષ્યો કોણ હતા તે ઉમાજી ઓળખી શકે નહિ તે માટે બન્નેનાં મોઢાં ધોતીયા વડે ઢાંકી દેવામાં આવ્યાં હતાં. નાનાએ અને કાળુએ તે બન્નેને ગામના ઝાંપાની અંદર બેસાડી ઉમાજી મળવા આવે ત્યારે તેને ઉભા થઇ મુજરો કરવાનું શિખવી ઉમાજીને મળવા ગયા. તે કાવત્રાંખોર થાપમારૂ જવાન બહાદુરોએ ઉમાજી પાસે જઈ કહ્યું કેઃ "જગુ અને ભૈરૂ આવતા જ નહોતા. લૂંટારા લોકો અમને પકડશે અને અમારી પાસેથી જબરદસ્ત ખંડણી લેશે એવો તેમને ભય લાગ્યો હતો. અમે તેમને ઘણી વિનતિ કરી અને સમજાવી ખાત્રી કરી ત્યારે ઘણી દિલગીરી સાથે તેઓ અમારી સાથે આવવા ઘર બહાર નિકળ્યા છે. અંતે ગામ બહાર આવીશું નહિ, એવો તેમણે આગ્રહ કર્યો, ત્યારે તેમની એટલી માંગણી કબૂલ કરી અમે તેમને લઈ આવ્યા છીએ. તેઓ ગામના ઝાંપા પાસે બેઠા છે. તમે એકલા ત્યાં સુધી તેમને મળવા જાઓ." ઉમાજીએ તેમનું કહેવું સાચું માન્યું. કાળુ માટે તેના મનમાં સંશય હશે પરંતુ નાનાને માટે બિલકુલ સંશય નહતો. ઉમાજી તેને પોતાનો અતિશય વિશ્વાસુ મિત્ર સમજતો હતો. નાનાએ કહેલી વાત તે ભોળા અને સરળ મનના બળવાખોર–લૂંટારા ઉમાજી નાયકને અક્ષરસઃ સત્ય જણાઈ તેથી તે તેમની સાથે જગુ અને ભૈરૂને મળવા નિકળ્યો. આ સમયે રાત્રિના દશેક વાગ્યા હતા.

નાના અને કાળુએ કહ્યા ઉપરથી ઉમાજી પોતાના સ્નેહિ બાપુ સોલસ્કરને લઇ તે બન્નેની સાથે બનાવટી જગુ અને ભૈરૂને મળવા માટે ગામના ઝાંપાની અંદરના વિભાગમાં જ્યાં તેઓ સંતાઈને બેઠા હતા ત્યાં ગયો. ભવિષ્ય માટે રચાયલા પ્રપંચની તેને ખબર નહતી. નહિ તો એક મનુષ્યને સાથે લઇને તે આગળ જાત જ નહિ. બાકીના ૭ રામોશીઓ કાળુના ભાઈ લાડુ સાથે ગામથી થોડે વેગળે પ્રથમને ઠેકાણે જ બેઠા હતા.

ઉમાજી બનાવટી મૂર્તિઓ પાસે જઇ પહોંચ્યો એટલે નાના અને કાળુની શિખવણી પ્રમાણે તે બન્નેએ ઉઠી નીચાં નમી તેને મૂજરો કર્યો, અને પાછા બેસી ગયા. ઉમાજીએ ઉત્તર તરીકે તે બન્નેને પાછો મુજરો કર્યો, અને પોતાના મિત્રો સહિત થોડે વેગળે બેઠો. ઉમાજીએ પોતાની ઉઘાડી તરવાર પોતાના ખોળામાં મૂકી. આ સમયે ઉમાજીના તરફનો માત્ર બાપુજી સોલસ્કર જ ત્યાં હાજર હતો. તે ઉમાજી કરતાં સશક્ત અને જુવાન પટ્ઠો હતો. ઉમાજી અને બાપુ પૃથ્વી પર બેસે એટલામાં કાળુએ–આંખની પલક મીચાઈને ઉઘાડે એટલામાં–એકદમ બાપુ ઉપર ઝડપ મારી તેને પોતાની બાથમાં લીધો, તે જ ક્ષણે નાનાએ ઉમાજીને પકડયો. તે બન્નેએ અકસ્માત્ ઉમાજી અને બાપુને પકડયા તે જ વખતે જગુ અને ભૈરૂ નામના બનાવટી માણસો તુરત જ તેમની મદદે દોડી ગયા. ત્યાર પછી તે ચારે જણાઓએ બન્નેને પોતાની સાથે લઇ ગયેલા દોરડાં વડે કચકચાવીને બાંધી લીધા. દોઢ પ્રહર રાત્રિને સમયે ઉત્રોલી ગામના ઝાંપાની અંદર, જેમ બાવળના મ્હોટા મ્હોટા કાંટાઓ વખતે વાવનારના પગમાં પ્રવેશ કરી તેમને દુઃખ આપે છે અને તેમના કામમાં વિઘ્ન ઉપસ્થિત કરે છે તેમ નાનાએ, કાળુએ અને તેના સાથીદાર બનાવટી જગુ અને ભૈરૂ જેવા ઉમાજીએ કેટલાંક વર્ષ પર્યંત પોતાનુ કરી ઉછેરેલા અને ઇનામના લોભમાં લપટાયલા, ચાર જીવતા કાંટાઓએ પ્રપંચમાં નાંખીને તદ્દન અસાવધ રીતે અને વિશ્વાસઘાત કરીને માર્ગશીર્ષ[૧] શુદિ ૧૧ ને ગુરૂવારે ઉમાજીને પકડયો! અરણ્યમાં સ્વેચ્છાપૂર્વક વિહાર કરતા વાઘને ઘેટાંબકરાંના માંસની લાલચ આપી જેમ ગફલત ખવડાવી પકડવામાં આવે છે, (કારણ કે તેના સ્હામુ ઉભો રહી તેનો પરાજય કરવાની શક્તિ ક્વચિત્ જ કોઈ વીર પુરૂષોમાં હોય છે!) તે પ્રમાણે નાના અને કાળુ નામક બન્ને રામોશીઓએ દશ દશ હજાર રૂપિયાનું ઇનામ મેળવવા માટે પોતાના વાઘ જેવા શૂરવીર મિત્રનો શિકાર કરી તેના ગળામાં જાળ પહેરાવી, અને પોતાની માતાની કૂખને ધન્યવાદ અપાવ્યો.

ઉમાજી ઉપર તે બન્નેએ જે સમયે હુમલો કર્યો તે સમયે " દોડો,

૧ ભોર સંસ્થાનનો ઈતિહાસ, પૃષ્ઠ ૨૧૫.

દોડો, દગો—" એવા શબ્દો તેણે પોતાના મિત્રોને સંભળાવવા મ્હોટેથી ઉચ્ચાર્યા પરંતુ તેથી કાંઈ વળ્યું નહિ. ચારે મનુષ્યોએ તે બન્નેને દોરડાં વડે જકડીને બાંધી લીધા પછી તેમનો ઉપાય ચાલ્યો નહિ ! તેમણે તુરત જ એક મનુષ્ય ભોરના પંત સચીવ પાસે શિબંદી વગેરેની મદદ મેળવવા માટે મોકલ્યો. નાના વગરે ઉમાજી તથા બાપુને ગામમાં લઇ ગયા. ઉમાજીએ પ્રથમ જે મ્હોટી બૂમ પાડી હતી તે સાંભળી તેના ગામ બહાર ઉભેલા સાથીદારો દોડી આવશે અને પોતાના નાયકને બંધનમુક્ત કરશે તથા કરેલો શ્રમ વ્યર્થ જશે એમ જાણી કાળુએ તેમને નાનાને સ્વાધીન કર્યા અને પોતે ગામ બહાર પેલા રામોશીઓ તરફ વળ્યો. ઉમાજીની બૂમ અસ્પષ્ટ રીતે તેમને કાને ગઇ હતી. તે સાંભળી નાયક અને બીજા પાંચ મનુષ્યો પોતાની તરવાર લઈ ગામ તરફ ચાલતા જ હતા, એટલામાં કાળુ તેમને અર્ધે રસ્તે મળ્યો. પાંડુએ તેને પૂછ્યું કેઃ " હમણાં ગામમાં જે બૂમ પડી તે કોની હતી ?" તે બોલકણા પાસે તેનો ઉત્તર તૈયાર જ હતો. તેણે કહ્યુંઃ " એતો કોળી લોકોની માંહોમાંહેની તકરાર છે. તેઓ લડાઇ કરી બૂમો પાડે છે. " પાંડુ નાયકે પુનઃ તેને પ્રશ્ન કર્યો કેઃ " નાયક સાહેબ ક્યાં છે ? તેમનું જે કામ હતું તે થયું કે ? " કાળુએ કહ્યુંઃ " નારે ! અદ્યાપિ થયું નથી. તેઓ ગામમાં જઈ ભૈરૂ કોડલ્યા સાથે પૈસા સંબંધી વાતચિત કરી રહ્યા છે. તેમને જેટલા પૈસા જોઈએ છે તેટલા ભૈરૂ આપતો નથી, અને ઉમાજી તેનો પિચ્છો પકડી બેઠા છે. ત્યાં તો એવું ચાલી રહ્યું છે. ચાલો, આપણે પહેલાંના સ્થાને જઈ બેસીએ." કાળુએ તેમને એવી થાપ મારી સર્વને પ્રથમને ઠેકાણે લઈ જઈ બેસાડયા. તેમ થવાથી ઉમાજી નાયક પોતાના મિત્રદ્રોહી મિત્રોનો હમેશને માટે કેદી થઇ પડયો. કાળુ અને પાંડુ વગેરે સર્વ મનુષ્યો પ્રથમને સ્થાને પાછા આવીઃ " ઉમાજી હજી કેમ ન આવ્યા ? હમણાં આવશે. ઘડી પછી આવશે. " એમ કહેતા તેની વાટ જોતા બેઠા. કાળુ પણ પ્રસન્ન ચિત્તે તેમની સાથે આડીઅવળી વાત કરતો બેઠો. ગપ્પાં મારતી વખતે તેણે પોતાના મુખ ઉપર કિંચિત્ પણ વિકારનાં ચિહ્નો દર્શાવ્યાં નહિ. ઉલટું જાણે તેમના કરતાં તેને કંઈ વિશેષ ખબર નથી એવું જ

દર્શાવ્યું. ઘણો વખત ગપ્પામાં ગાળ્યા બાદ તેણે જ પ્રશ્ન કર્યો કે: "ઉમાજી વગેરે હજી કેમ આવ્યા નહિ?" થોડી વાર પછી "હું ગામમાં જઇને સઘળી ખબર કાઢી આવું છું. તમે અહિં જ બેસજો." એવું કહી કાળુ ત્યાંથી ઉઠયો અને ગામ તરફ ગયો.

કાળુ ગામમાં આવી પહોંચ્યો એટલે તેને પોતાની જગાએ ઉમાજી પર પહેરો ભરવા રાખી શિબંદી સિપાહીઓ લાવવા માટે નાનો તુરત જ ભોર ગયો. કાળુની મદદે હમણાં કેટલાક ગામ લોકો પણ આવી પહોંચ્યા હતા. ઉમાજી તે સર્વના પહેરામાં હતો. જો કે તેનું શરીર મજબૂત દોરડાં વડે જકડી લીધું હતું તેમ છતાં ભોરથી શિબંદી સિપાહીઓ આવી પહોંચે ત્યાં સુધી ગામ લોકના જીવમાં જીવ નહતો. તેમને પ્રત્યેક ક્ષણે ઉમાજીના સાથીદાર લૂંટારાઓનો એક સરખો ભય લાગતો હતો. તેઓ ક્યારે આવીને ગામ પર તૂટી પડશે અને ગામનું સત્યાનાશ કાઢશે તેનો તેમને વિશ્વાસ પડતો નહતો. ઉમાજીને ગામ લોકોએ પકડયો છે એવું જાણતાં જ લૂંટારાઓ તેમના ઉપર કેવું વૈર લેશે તેની ગામ લોકને સારી પેઠે કલ્પના હતી. લૂંટારાઓની બ્હીકને લીધે ગામ લોકોમાં ભારે ગડબડ મચી રહી હતી. તેમને શાંત પાડતાં પાડતાં નાનાના નાકમાં દમ આવ્યો. તેમને ચાર વાતો કહી સમજાવવાનો તેણે ઘણો પ્રયત્ન કર્યો હતો પણ તે સર્વ વ્યર્થ ગયો. તેથી તેમને સમજાવવા માટે અને તેમને ધૈર્ય આપવા માટે કાળુને પોતાની જગ્યાએ મુકી તે પોતે શિબંદી સિપાહીઓ લાવવા દોડતો ભોર ગયો. તેઓ આવી ઉમાજીને પોતાના તાબામાં લે ત્યાં સુધી ગામ લોકોની પેઠે નાનાના જીવમાં પણ જીવ ક્યારે હતો! તેને તેમની પેઠે ઉમાજીના સાથીદારોનો ક્ષણે ક્ષણે ભય લાગતો હતો. ખરૂં કામ તેજ હતું. તે થાય ત્યાં સુધી પોતે જીવતો છે એવી નાનાને ખાત્રી નહોતી. એ સર્વ કારણોને લીધે જ તે વાયુ વેગે દોડતો ભોર ગયો હતો એ ઉપર લખાઈ ગયું છે.

પ્રકરણ ૨૪ મું.

ઉમાજીને ફાંસી.

ઉમાજીને નાનાએ પકડયો તેજ સમયે શિબંદીની મદદ મેળવવા માટે તેણે ભોર એક મનુષ્યને પ્રથમથી જ મોકલ્યો હતો, અને ત્યાર પછી તે પોતે પણ ભોર ગયો હતો એ ઉપલા પ્રકરણમાં લખાઈ ગયું છે. ભોર ઇલાકામાં ઉમાજીએ મ્હોટું ધમસાણ મચાવેલું હોવાથી તે ક્યારે પકડાય અને ક્યારે તેનું તોફાન બંધ પડે એ માટે શ્રીમંત પંત સચીવ અને તેમની પ્રજાને એક સરખી ચિંતા થઇ રહી હતી. ઉમાજીએ શ્રીમંત પંચ સચીવ અને તેમની પ્રજાને ત્રાસ આપવામાં, તેમનું અપમાન કરવામાં, અને તેમના ઉપર હુમલો[1] લઈ જવામાં જરા પણ આઘું પાછું જોયું નહતું. તેથી એવા બળવાખોર–હુલ્લડખોર–બળવાન લૂંટારાને પકડવાના આનંદદાયક સમાચાર નાનાએ મનુષ્ય દ્વારા મોકલ્યા. તે ભોરમાં પ્રસરતાં જ શ્રીમંત પંચ સચીવ સાહેબે તુરતજ બાળોજી[2] ભેલકે, કાદર જમાદર અને વિઠ્ઠલ સદાશિવ કારકુનને કેટલાક શિબંદીના સિપાહીઓ સાથે તુરત જ ઉત્રોળી મોકલ્યા. તેઓ ઉત્રોળીમાં આવી પહોંચ્યા ત્યારે નાના અને કાળુના જીવમાં જીવ આવ્યો અને હવેજ આપણું કર્તવ્ય કર્મ પરિપૂર્ણ થયું અને આપણે ઇનામને માટે તથા સરકારની કૃપાને માટે ખરેખર પાત્ર થયા એવું જણાયું. ત્યાર પછી શ્રીમંત પંતના માણસોને ભોજાજી નાયકને પકડયાના કામમાં પોતાને મદદ કરવાની તેમણે વિનતિ કરી. પણ "ઉમાજી પકડાયો એટલું જ બસ છે. હવે અમારે કંઇ જોઇતું નથી.

---

૧. એ ઉમાજીના પોવાડા ઉપરથી સ્પષ્ટ જણાય છે.

૨. ભોર સંસ્થાનનો ઈતિહાસ પૃષ્ઠ ૨૧૫.

ભોજાજી નાયકને પકડવાનો યત્ન કરવા જતાં આપણા મનુષ્યો ઘાયલ થયા શિવાય રહેશે નહિ, તેથી હમણાં એ ભાંજગડમાં નહિ પડવું એજ સારૂં છે." એવું શ્રીમંતના મનુષ્યોએ નાનાને અને કાળુને કહ્યું અને ઉમાજીને પોતાના તાબામાં લઈ રાતો રાત તેઓ ભોર ચાલ્યા ગયા. ઉમાજીને પકડી આપવાથી નાના અને કાળુનું કર્તવ્ય પુરૂં થયું નહતું. ઉમાજીની પાછળ રહેલા રામોશીઓ સાથે તેના બે ભાઈઓ રહ્યા હતા, તેને કઇ યુક્તિ વડે ત્યાંથી છોડવવા તેની એ બન્નેને નવીન ચિંતા ઉત્પન્ન થઈ. ઉમાજી પકડાઇ જવાની ખબર મળતાં જ તેના બાકી રહેલા સાથીદારો તે બન્નેના કટકે કટકા કરી નાંખશે એવી તેમને ખાત્રી હતી. તેથી પ્રથમ તેમને ત્યાંથી છોડવાની યુક્તિ રચવાનો વિચાર કરવા અને કંઇક વ્યવસ્થા કરવા માટે તે બન્ને શિબંદીના માણસો સાથે ભોર નહિ જતાં ખાસ ઉત્રોળીમાં જ રહ્યા! તે કાવત્રાંખોર, પ્રપંચીઓ પાસે યુક્તઓની ક્યાં ખોટ હતી? તેમણે તુરત જ એક યુક્તિ શોધી કહાડી, અને તુરત જ તેનો અમલ પણ કર્યો. તે બન્ને બીજા ત્રણ રામોશીઓને સાથે લઇ ગામ બહાર પાંડુ વગેરે ઉમાજીની વાટ જોતા બેઠા હતા તેમની પાસે ગયા. તેમણે ત્યાં જઇ પાંડુ નાયક વગેરેને કહ્યું કે: "ગામના લોકોએ આપણને એક ન્હાની સરખી મિજબાની આપવાની ગોઠવણ કરી છે. ઉમાજી ત્યાં બેઠા છે. તેમણે અમને તમારી પાસે મોકલ્યા છે. તમે અમારી સાથે ગામમાં ચાલો." નાના અને કાળુનું આ વખતનું કપટ તેઓ જાણી શક્યા નહિ. દુર્ભાગ્યવશાત્ પાંડુ નાયકના મનમાં તેમના ઉપર સંશય પણ થયો નહિ; જો સહજ પણ સંશય આવ્યો હોત તો કામ થઈ જાત. સંશય આવ્યો હોત તો પાંડુ અને તેની સાથેના પાંચ માણસોને સહજ વારમાં તેઓ પકડી શકત નહિ! તેમનો પાપનો ઘડો ભરાઈ ગયેલો હોવાથી કાળે અને તેમના દુર્દૈવે તેમને ત્યાં ધકેલ્યા! પાંડુને તેમનું કહેવું ખરૂં જણાયું અને તુરત જ પાંચ મનુષ્યો સહિત તેણે મુંગે મોઢે તેમની સાથે ગામમાં ચાલવા માંડયું. ગામમાં ગયા પછી "તેઓ પોતાના અને ગામ લોકોના બરાબર સપાટામાં આવ્યા છે, હવે તેમની કંઇ પણ ગડબડ ચાલશે નહિ." એવું જાણીને નાનો અને કાળુ એકદમ તેમના ઉપર ઉલટયા, અને

તે સર્વેને કેદી બનાવવાનો તેમણે યત્ન કર્યો. તેઓ કંઇ પણ ગડબડ કર્યા શિવાય રહેશે નહિ એવી તેમને ખબર હતી. તેથી તેમણે તેમને મ્હોટેથી બૂમ પાડી કહ્યું કેઃ " ઉમાજી કેદ પકડાયો છે. સરકારી લશ્કર તદ્દન નજીક આવી પહોંચ્યું છે. તમારું તોફાન હવે જરા પણ ચાલશે નહિ. " એ સાંભળી પાંડુએ અને તેના સાથીદારોએ તુરત જ ત્યાંથી ન્હાસવા માંડયું. તેમાંથી કોડોલી ગામનો કુશા નામક રામોશી તેમના હાથમાં આવ્યો. બીજાઓએ નાનાને હાથ તાળી આપી ! નાનો તેને લઈ ભોર ગયો. થોડા સમયમાં જ તેણે ઉમાજીને લઇ જતા શિબંદી સિપાહીઓના હાથમાં કુશાને સોંપ્યો અને તે ત્યાંથી જ પાછો વળ્યો. પાંડુ નાયક વગેરે બીજા રામોશીઓ ત્યાંથી ન્હાસીને ભોજાજી નાયકને જઇ મળશે ત્યાર પછી પોતાના ભાઈનો છુટકો થવાનો સંભવ નથી એમ જાણીને પાંડુ નાયક ભોજાજીને જઈ મળે તે પહેલાં જ લાડુ અને કાળુએ ત્યાં જઈ વિઠુને ઇશારત કરી ન્હસાડી લાવવાનો નિશ્ચય કર્યો. એ કામ લાડુએ કરવાનું ઠર્યું હતું તેથી તે બન્ને ભોજાજી જે ડુંગરમાં રહેતો હતો ત્યાં જવા નીકળ્યા.

લાડુ અને કાળુ તે પ્રદેશના સારી પેઠે ભોમીયા હોવાથી વચલે માર્ગે થઇને તે બન્ને, પાંડુ અને તેના સાથીદારો ભોજાજી પાસે જઇ પહોંચે તે પહેલાં જ ત્યાં જઈ પહોંચ્યા. ભોજાજી ભોર નજીકના એક ડુંગરમાં હતો. ત્યાં ગયા પછી "પંત સાહેબની ટુકડીએ અમારા ઉપર હુમલો કર્યો છે. તેથી અમે સર્વે ચારે દિશામાં ન્હાશી ગયા. ત્યારે જ ઘણે પ્રયત્ને જીવ બચાવી શકયા." એવી તેની પાસે નવીન વાત જ કાઢી, અને ટોળીમાંના બીજા કોઈ પાછા આવ્યા છે કે નહિ, તે સંબંધી નાનાએ ભોજાજીને ઉલટું પૂછ્યું. એમ પૂછવામાં તેનો એ હેતુ હતો કેઃ તેને બીજી કશી ખબર મળી છે કે કેમ ? એ સાંભળી ભોજાજી પોતાની ટોળી લઇને બીજે સ્થળે જવા નિકળ્યો. ચિમનસિંગ એક ટુકડી લઇને શિરવળથી ભોર તરફ આવવા નિકળ્યો જ હતો. ભોજાજી પણ અહિંથી નિકળ્યો. તેથી તેને પાંડુથી ઘણે વેગળેના અને જુદા જ રસ્તા પર લઈ અચાનક ચિમનસિંગના લશ્કર આગળ લઈ જઈ મૂકવાનો કાળુએ પ્રપંચ રચ્યો, અને તેથી જ નદીને કિનારે કિનારે

પ્રવાસ કરવાનું તેણે ભોજાજીને સૂચવ્યું. ભોજાજી, કાળુ અને તેની ટોળી પોતાની જગાથી સાતસો આઠસો યાર્ડ આવ્યા નહોતા. એટલામાં તો પાછળથી પાંડુએ અને બીજા રામોશીઓએ મ્હોટેથી બૂમ પાડી કહ્યું કે: "ઓ ભોજાજી, ભોજાજી, પાછા ફરો. પાછા ફરો. ન્હાસો, ઝટ ન્હાસો. નાના અને કાળુએ ઉમાજીને પકડયો છે રે પકડયો છે!" એ શબ્દો સાંભળતાં જ તેઓ ચમકયા. કાળુ ભોજાજીને લઇને તેને સ્થળેથી નિકળ્યો એટલામાં પાંડુ નાયક વગેરે ત્યાં જઈ પહોંચ્યા હતા. તેની અને ભોજાજીની વચ્ચે થોડું અંતર રહી ગયું હતું તેથી તેના મળતાં પહેલાં જ કાળુનું કહ્યું માની ભોજાજી નિકળ્યો હતો. કાળુ અને તેના બે ભાઇઓ એ બધાને પૂરા પડે તેવા હતા. પાંડુની બૂમ સાંભળતાં જ તે ત્રણે જણા તેમની ટોળીમાંથી અદ્રશ્ય થઈ ગયા. તેઓ થોડી વાર પર્યંત ત્યાં રહ્યા હોત તો તેમના તે જ સ્થળે કટકે કટકા થઈ ગયા હોત. કાળુ અને તેના ભાઇઓએ એ પ્રમાણે ન્હાસી જઇને પોતાના જીવ બચાવ્યા.

તા. ૧૫ મી ડિસેમ્બરની રાત્રે, તે પ્રદેશમાં કેટલાક મહિના થયા થાણા રોપી બેઠેલી અને ચારે દિશામાં લૂંટારાઓની પૂઠ પકડતી ફરતી અનેક સરકારી લશ્કરી ટુકડીઓને તુરત જ ઉમાજીને પકડવાના સમાચાર મળ્યા. તેથી બીજે દિવસે એટલે તા. ૧૬ ડિસેમ્બરને દિવસે જૂદે જૂદે સ્થાનકેથી સરકારી ફોજની પાંચ ટુકડીઓ એકદમ ભોર આવી પહોંચી. શ્રી પંત સાહેબે તેમના તાબામાં ઉમાજીને અને બીજા બે રામોશીઓને સોંપ્યા. તેમને લઇને તે ટુકડીઓ અતિ આનંદ કરતી સાસવડ આવવા નિકળી. ઉમાજી કેદ થઇને ભોરથી લશ્કર સહિત નીકળ્યો ત્યારે શ્રી પંત સાહેબના મનુષ્યોને, રૈયતને તેમ જ કંપની સરકારના લશ્કરને એવું લાગ્યું કે: આજે આપણે એક મ્હોટી ભય ભરેલી જોખમદાર ફરજમાંથી છુટયા છીએ, કારણ કે કેટલાંક વર્ષ થયાં દુષ્ટ લૂંટારાઓની લૂંટફાટથી તે સર્વ ત્રાહ ત્રાહ પોકારી રહ્યા હતા. એ ત્રાસ અને એ ચિંતા હવે તે સર્વને ઇશ્વર કૃપાએ અને નાના તથા કાળુની ચતુરાઈ વડે હમેશને માટે ઓછી થઈ ગઈ.

ભોજાજી પણ ત્યાર પછી બીજે સ્થળે છટકી ગયો. ઉમાજીને શી રીતે

પકડવામાં આવ્યો તેની સવિસ્તર માહિતી તેને ત્રણ દિવસ પર્યંત જણાઈ નહોતી તે પાછળથી તેને જણાઇ. તે પછી તે પોતાની ટોળી લઇને પુરંદરના જંગલમાં આવ્યો. પરંતુ આ સમયે તેના શરીરમાં તેજસ્વીપણું કિંવા હિંમત બિલ્કુલ ન હતાં. ઉમાજીની હકીગત સાંભળતાં જાણે તેની કંમર જ ભાંગી ગઈ! એ સમયથી પાંડુ અને તેના સાથીદારો સાથે ભોજાજીનો મેળાપ કદી પણ થયો જ ન હતો. તેઓ જંગલમાં કેટલાક દિવસ સુધી ભટકતા ફરતા હતા. અંતે પાંડુ અને તેની સાથેના માણસો થોડા વખતમાં જ પકડાઇ ગયાં હતાં.

પાંડુ નાયક એ વિઠોજી નાયકનો ભાઈ થતો હતો. ઉમાજીની પ્રથમની અને હમણાંની ટોળીમાં પાંડુ નાયકની તેના સાહસ, હિમ્મત અને શૂરત્વને માટે મ્હોટી ખ્યાતિ હતી. તેનું શરીર લાંબુ અને ભરાવાદાર હતું. તેનો ચ્હેરો ક્રૂર અને ભયંકર હતો. તે જેવો ચતુર હતો તેવો જ બળવાન બહાદુર મરાઠો હતો. તેના ચ્હેરાની પેઠે તેનો સ્વભાવ પણ તેવો જ હતો. તેના દુષ્ટ, ક્રૂર અને તામસી સ્વભાવને લીધે આસપાસના ગામડાના લોકો તેનાથી બહુ ભય પામતા હતા. અહમદનગરની પોલીસ કોરમાંના રામસિંગ નામક મનુષ્યે પાંડુ નાયકના એક સગાને ઇનામ વગેરેની લાલચ બતાવી તેને પકડાવી આપવા માટે ઘણી યુક્તિથી સમજાવ્યો. અંતે થોડા દિવસમાં જ તેણે પાંડુ નાયકને પકડાવી આપ્યો. તેને પકડવા માટે જ્યારે સરકારી મનુષ્યોએ ઘેરો ઘાલ્યો ત્યારે તેમને હાથે પકડાવા કરતાં પોતાની જાતે મરણ પામવું સારૂં જાણીને તેણે આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેનો હેતુ સિદ્ધ થયો નહિ. તે ભૂલાવામાં પડી સરકારના માણસોને હાથે ઝટ પકડાઇ ગયો. ઉમાજી ઉપરની હાલની ચઢાઇનો સર્વ અધિકાર **કૅપ્ટન મૅકિનટોશ** સાહેબના હાથમાં હતો. પાંડુ નાયકને પકડી જ્યારે તેમના સમક્ષ લઈ ગયા ત્યારે તે એક વાઘની પેઠે ગુસ્સે થઈ ગયો હતો. તેને પોતાની હકિગત કહેવા માટે મૅકિનટોશ સાહેબે ઘણું સમજાવ્યો પરંતુ તે કહેવાની તેણે સાફ ના પાડી. તેણે પોતાના સંબંધી સાહેબને એક પણ અક્ષર કહ્યો નહિ. માંધુરદેવાના ડુંગરમાં તા. ૨૨ મી માર્ચને દિવસે જે એક ન્હાની લડાઇ થઈ

હતી, તેમાં તેના ખભામાં એક ગોળી વાગી હતી. તેનો ઘા સ્પષ્ટ જણાતો હતો. કૅપ્ટન મૅકિનટોશ સાહેબે તેને એ ગોળી સંબંધી પુછપરછ કરી અને ગોળી વાગ્યાથી ઘણું દુઃખ નહિ થયું હોય એવું જણાય છે એમ જ્યારે પૂછ્યું ત્યારે તેણે સાહેબ બહાદુરને ઉત્તરમાં કહ્યું કેઃ "મ્હને ગોળી વાગી જ નથી. હું કદી ઘાયલ થયો જ નથી. હું તે સંબંધી કાંઇ જાણતો નથી." તેમના બ્રાહ્મણ શિરસ્તેદાર ઉપર તેને ઘણી દાઢ હતી! તેનો અંતઃકરણ-પૂર્વક તે તિરસ્કાર કરતો. તેના ઉપર બિલ્કુલ વિશ્વાસ નહિ રાખવાનો પોતાના મનથી સંકલ્પ કર્યો હતો. તેની જુબાની લખી લીધા પછી જ્યારે તેને વાંચી સંભળાવવામાં આવી ત્યારે તે પ્રમાણેનું લખાણ કાગળમાં બરાબર લખ્યું છે કે નહિ તે માટે તેણે સાહેબને પૂછ્યું. તેણે કહ્યું કેઃ "ઇન્સાફ કરવાનો અને જુબાની લખી લેવાનો નાટક શા માટે જોઇએ? હું જ્યાં બેઠો છું ત્યાં જ મ્હને મારી નાંખો." તેણે એવો જ આગ્રહ કર્યો, એટલો બધો તે ક્રોધે ભરાઇ ઉઠયો હતો. તેને સાહેબે સમજાવીને કહ્યું કેઃ "શાંત થા. ત્હારી બરાબર તપાસ કરવામાં આવશે. તપાસને અંતે જે યોગ્ય જણાશે તે થશે." એ સાંભળીને તે જરા શાંત પડયો. ન્યાયની કૉર્ટમાં તેની તપાસ થયા પછી લૂંટફાટમાં સામેલ હોવા માટે તેને કાળા પાણીની શિક્ષા કરવામાં આવી હતી. ઉમાજીની ટોળીમાંના એક શૂરવીર નાયકના આયુષ્યનો એ પ્રમાણે અંત આવ્યો હતો.

ઉમાજીને જે દિવસે ભોરથી સાસવડ લાવ્યા તે દિવસે તે સમયના કલેક્ટર મિ. ગિબર્ન સાહેબ ત્યાં હતા. જો કે તેઓ ઉમાજીને સારી પેઠે ઓળખતા હતા તેમ છતાં લશ્કરના અધિકારીઓએ તેને તેમના સ્હામુ ઉભો કર્યો, તે સમયે તેઓ પણ તેને બરાબર ઓળખી શકયા નહિ. લૂંટ-ફાટનાં ભયંકર કામોને લીધે તેના ચ્હેરા ઉપર એટલો બધો ફેરફાર થઈ ગયો હતો. આ સમયે ઉમાજી અશક્ત, સુકાઈ ગયેલો અને કાળા ઠિકરા જેવો થઇ ગયો હતો. જે દિવસે તેને સાસવડ લાવ્યા તે જ દિવસે તેની ટોળીમાંનો એક હેટકરી પોતાની ઇચ્છાથી સરકારને સ્વાધીન થયો હતો. ટોળીમાંના બાકી રહેલા મનુષ્યો અતિશય દુર્દશા ભોગવતાં નિરા નદીના

કાંઠા તરફ ચાલ્યા ગયા છે એવી તેણે બાતમી આપી. હેટકરી દ્વારા એ હકીગત મળતાં જ લશ્કરની કેટલીક ટુકડીઓ તેમની પૂઠ પકડવા સાસવડથી નિરા નદી તરફ ચાલી ગઈ, પરંતુ દુર્ભાગ્યવશાત્ સાલપાના ડુંગરની હારોમાં તેમને લૂંટારાઓનાં કંઈ પણ ચિહ્ન જણાયાં નહિ. સાલપાનો ડુંગર ચઢી જતી વખતે ભોજાજી નાયક, પોતાની સાથેના હેટકરીઓને છોડી દઇ કોંકણમાં નીકળી ગયો હતો. તે સમયે તેની ખાત્રીનો માત્ર એક જ મનુષ્ય તેની સાથે રહ્યો હતો. અન્ય સર્વ મનુષ્યો તેનો ત્યાગ કરી જ્યાં ફાવ્યું ત્યાં ચાલ્યાં ગયાં હતાં. હમણાં લૂંટારાઓની ટોળીમાં ફક્ત આઠ જ મનુષ્યો રહ્યાં હતાં. કેટલાક દિવસ પર્યંત ભટકતા લૂંટારાઓ નલગુંદ ગામમાં ગયા. તે ગામ પાસેના એક ન્હાના ગામડાના લોકોએ તેમના પર હુમલો કર્યો. તેમાં ગામ લોકોના હાથમાં એક લૂંટારો કેદ પકડાયો. બાકીના લૂંટારાઓ ક્યાં ન્હાસી ગયા તેનું પાછળથી નામનિશાન પણ જણાયું નહિ. એ પ્રમાણે ઉમાજીની ટોળીના સર્વ મનુષ્યોનો અંત આવ્યો !

જે દિવસે ઉમાજીને સાસવડ લઇ આવ્યા તે દિવસે રાત્રે ભોજાજી નાયક સાથે જે હેટકરીઓ અને રામોશીઓ હતા. તેમના સંબંધી ઘણી બારીક માહિતી સાહેબ બહાદુરે તેને પૂછી, તે તેણે ખુલ્લા અંતઃકરણથી કહી દીધી. તેણે કહ્યું કેઃ " હેટકરી લોકો અત્યંત વિશ્વાસુ હોય છે. તેમના વિશ્વાસની અને શબ્દની કિંમત અસાધારણ છે. તેઓ પોતાના આગેવાન પ્રત્યે અપ્રમાણિક થતા નથી. પરંતુ રામોશી લોકો તેટલા વિશ્વાસપાત્ર હોતા નથી. સાહેબ, જો નાના અને કાળુ જેવા બે બદમાસ, અપ્રમાણિક મિત્રદ્રોહી અને વિશ્વાસઘાતી મ્હારા મિત્રોએ મ્હારો દ્રોહ કરી કપટજાળ પાથરી મ્હને પકડયો ન હોત તો તમે મ્હને કદી પણ પકડી શકત નહિ." એ પ્રમાણે તેણે સાહેબને તે વખતે તેમ જ તે પછી ઘણી વખત કહી સંભળાવ્યું હતું. તેનું એ કહેવું ખરૂં હતું. હેટકરી સંબંધી સાહેબે અભિપ્રાય પૂછ્યા પછી એક હેટકરી પોતાની જાતે સરકારને સ્વાધીન થયાની વાત ઉમાજીને કહી ત્યારે તેણે કહ્યું કેઃ " એ વાત ભોજાજી જાણશે તો પછી તે તેની સાથે કદી પણ રહેશે નહિ. તેમનાથી છૂટો પડી જશે એ નક્કી સમજવું."

આગળ જતાં ઉમાજીના કહેવા પ્રમાણે જ બન્યું હતું. ભોજાજી તેમને સાલપાના ડુંગરમાં રહેવા દઈ કોંકણમાં ચાલ્યો ગયો હતો; એ પાછળ લખાઇ ગયું છે.

કેટલાક દિવસ પછી રામસિંગ નાયક નામના એક ટુકડી પરના અમલદારે ભોજાજીની પૂઠ પકડી અને તેના પર હુમલો પણ કર્યો. એ જ રામસિંગે પ્રથમ એક વખત ઉમાજીને પકડ્યો જ હતો પણ તે વખતે તે તેના હાથમાંથી છટકી ગયો હતો. રામસિંગે ભોજાજી ઉપર હુમલો કર્યો તે વખતે તેની સાથે કેટલાક શિબંદીના સિપાહી અને કેટલાક હિંદુસ્થાની રિસાલામાંના ઘોડેસ્વાર હતા. ભોજાજી સાથે આ વખતે ફક્ત પાંચ જ મનુષ્ય હતાં. રામોશી લોકો ઉપર હલ્લો કરવા પહેલાં રામસિંગે તેમને શસ્ત્રો પૃથ્વી પર મૂકી શરણે આવવાનું બે ચાર વખત કહાવ્યું, પરંતુ તેમણે સ્પષ્ટ ઉતર દીધો કે: "અમે જીવતા છીએ ત્યાં સુધી એ કામ કદી પણ કરીશું નહિ." ત્યાર પછી ઘોડેસ્વારોએ તેમના પર હુમલો કર્યો. રામોશી લોકોએ તેમના પર ગોળીબ્હાર કર્યા. એ હલ્લામાં ભોજાજી અને તેનો એક નોકર ઘાયલ થયા, અને તેને લીધે જ તેઓ તે જ રાત્રે મરણ પામ્યા. ભોજાજી નાયકનો એ પ્રમાણે અંત આવ્યો.

જે દિવસે (તા. ૧૫ ડિસેમ્બર ૧૮૩૧ ને દિવસે) ઉમાજીના અત્યંત વિશ્વાસુ અને જીવજાન મિત્રોએ તેની સાથે મિત્રદ્રોહ કરીને તેને પકડી આપ્યો તેજ દિવસે તેની આયુષ્ય દોરી તૂટી ગઈ હતી! પરંતુ તેના શરીરમાં રહેલી પ્રાણ જયોતિ ઓલવાઇ જવાને હજી આસરે દોઢ મહિનાનો વિલંબ હતો. તેને સાસવડથી પૂનાના કારાગારમાં સખ્ત બંદોબસ્તથી રાખ્યો હતો. જેમ જંગલમાંથી તુરત જ પકડી પિંજરામાં પૂરેલા એકાદ સિંહને જોવા માટે સેંકડો ન્હાનાં મ્હોટાં મનુષ્યોનાં ઝુંડને ઝુંડ દોડતાં જાય છે અને પોતાનાં નેત્રો તૃપ્ત કરે છે તેજ પ્રમાણે ઉમાજી કેદમાં હતો તે સમયે તેને જોવા માટે શહેરના માણસોનાં ઝુંડને ઝુંડ નિત્ય ત્યાં જતાં હતાં. પુને લાવ્યા પછી ડિસ્ટ્રીક્ટ જડજ સાહેબ[1] સમક્ષ ઉમાજીની તપાસ શરૂ થઇ, તે લગ-

---

૧ એ સમયે મિ. **જેમ્સટેલર** પુના અને સોલાપુરના ડિસ્ટ્રીક્ટ જડજ હતા. તેમની સમક્ષ તપાસ ચાલી હોય એમ જણાય છે.

ભગ દોઢ મહિના સુધી ચાલી. એ તપાસમાં તેના ઉપર જે જે દોષારોપ કરવામાં આવ્યા તે તેણે એક શૂરવીરની પેઠે ખુલ્લે અંતઃકરણે કબૂલ કર્યા. તેણે કરેલાં સારાં અથવા નઠારાં કૃત્યો, વકીલોના જેવા દાવપેચ લડાવીને અને કાયદાના પડદા પાછળ ભરાઈને સંતાડવાનો ઉમાજીએ કિંચિત્ પણ પ્રયત્ન કર્યો નથી. તેણે પ્રત્યેક બાબત ન્યાયના દરબારમાં ઉદાર અંતઃકરણથી કબૂલ કરી દીધી. કંપની સરકાર સાથે દ્રોહ કરીને તેમના પ્રદેશમાં બળવો–લૂંટફાટ ચલાવવાનો તેના ઉપર અપરાધ લાગુ પડવાથી તેને અને તેની સાથેના બીજા બે મનુષ્યોને જડજ સાહેબે ફાંસીની શિક્ષા કહી સંભળાવી. એ શિક્ષા સાંભળી તેને જરા પણ દુઃખ થયું હોય એવાં યત્કિંચિત્ પણ ચિહ્નો તેની મુખ મુદ્રા ઉપર જણાયાં નહિ. તપાસ પૂરી થઇ રહ્યા પછી સરકારી હુકમને આધારે **ઉમાજીને** અને તેના બે મિત્રોને **ઈ. સ. ૧૮૩૨, તા. ૩ જી ફેબ્રુવારીને દિવસે પુનામાં ફાંસી દેવામાં આવી !** તેના આયુષ્યની જાડી મજબૂત દોરી દોઢ મહિના પહેલાં જ તૂટી ગઇ હતી પરંતુ તેમાંનો એક ક્ષીણ તંતુ દોઢ મહિના પર્યંત આગળ રહી ગયો હતો, તે પણ એ દિવસે બહારની દોરીની ફાંસી વડે કપાઇ જઇ તૂટી પડયો, અને તેના વિશ્વાસુ મિત્ર નાના અને કાળુએ દશ હજાર રૂપિયાના ઈનામને માટે તેના ગળામાં દોરી ભેરવેલી હોવાથી તેના દેહમાંની પ્રાણજ્યોતિ એકદમ ઓલવાઈ ગઇ ! અને તેનો આત્મા પંચતત્વમાં મળી ગયો. માત્ર તેનું જડ શરીર જડ પૃથ્વી પર પડી રહ્યું !

પ્રકરણ ૨૫ મું.

ઉપસંહાર.

સુપ્રસિદ્ધ બળવાખોર-લૂંટારો પરંતુ શૂરવીર, મર્દ ઉમાજી નાયકનું ચરિત્ર ઉપલા પ્રકરણમાં સંપૂર્ણ થઇ ગયું છે. પ્રસ્તુત પ્રકરણમાં તેને પકડી આપનાર તેના વિશ્વાસઘાતી મિત્રોનો, તેમની અમૂલ્ય સેવા માટે કંપની સરકારમાંથી તેમનું કેવું ગૌરવ થયું, ઉમાજી નાયક બળવાખોર લૂંટારો હતો તેમ છતાં તેનામાં કોઈ ઉત્તમ ગુણ હતા કે નહિ, આગેવાન તરીકે તેનામાં કેવી યોગ્યતા હતી, તેની ગૃહસ્થિતિ કેવી હતી, તેનો સ્વભાવ કેવો હતો; વગેરે વિષયો ઉપર વિવેચન કરવાનું યોજવામાં આવ્યું છે. એટલું કરવાથી લેખક પોતાને પોતાની ફરજમાંથી મૂક્ત થયેલો માનશે! ઉમાજીના ગુણાવગુણનું વિવેચન અમે અમારી કલ્પના સૃષ્ટિમાંથી ઉપજાવતા નથી પરંતુ તેને પકડવાના કામ ઉપર લશ્કરી મુખ્ય અધિકારી તરીકે સરકારમાંથી જે કૅ. મૅકિનટોશ સાહેબની સ્વતંત્ર નિમણુક થઈ હતી તેમણે ઉમાજીને પકડયા પછી ફાંસી દેતા સુધીના દોઢ મહિનાના અવકાશમાં તેની પાસેની માહિતી મેળવી સંકલિત કરી રાખી અને તેમનું ચરિત્ર પણ અતિ કૌતુકપૂર્વક લખી રાખ્યું તેના જ આધારે લખવામાં આવે છે.

પ્રથમ તેની ગૃહસ્થિતિ તરફ જોઇએ. ઉમાજી મરણ પામ્યો તે સમયે તેનું વય આસરે બેતાલીસ વર્ષનું હતું. એ સમયે તેની વૃદ્ધ માતા અને પત્ની જીવતાં હતાં અને તે સર્વે તેને વતન ભીંવડી ગામમાં રહેતાં હતાં. તેને નવ સંતાનો થયાં હતાં. તેમાંના બે પુત્ર અને એક પુત્રી જીવતાં રહ્યાં હતાં. ઉમાજીનો વડિલ પુત્ર તેને પકડતાં સુધી તેની સાથે જ હતો. તેના બે પુત્રોમાંથી ન્હાનો પુત્ર વિશેષ હોંશિયાર અને ચાલાક જણાતો હતો. તેના ઉપર જે પોવાડો (દક્ષણી ભાષામાં એક પ્રકારનું ગાયન. જેમ ગુજ-

રાતમાં ખ્યાલ ટપ્પા ગવાય છે તેમ) રચ્યો છે. તે ઉપરથી જણાય છે કે તેને જીજાઇ નામની એક બ્હેન અને ગંગારામ તથા તુકારામ નામના બે ભાણેજ પણ હતા. તે ભત્રિજા, ભાણેજો, પૈત્રો અને ભાઇઓ વગેરેનું મ્હોટું કુટુંબ ધરાવતો હતો. ભોજાજી નાયક એ તેની ટોળી પૈકીનો એક નાયક હતો, અને વળી તે તેને સગો પણ થતો હતો. તેની સાથે ઉમાજીની મસીઆઈ બ્હેન પરણાવી હતી.

ઉમાજીએ પોતાના પચીશમા વર્ષથી લૂંટફાટનો આરંભ કર્યો હતો. તેનાં છેવટનાં બાર વર્ષ, તેનો કાકાનો દિકરો રાઘુ અને તેમની ટોળીનો પહેલો નાયક સત્તુ સાસવડકર; એ બન્ને મરણ પામ્યા પછી તેણે સ્વતંત્રપણે પોતાની નવી ટોળી ઉપસ્થિત કરી લૂંટફાટના ધંધામાં વિતાડ્યાં. વચમાં ચાર પાંચ વર્ષ પર્યંત તે કંપની સરકારનો નોકર પણ થયો હતો. તે સમયે તેને દર મહિને ચાળીશ રૂપિયા પગાર મળતો હતો. તેમ છતાં લૂંટફાટ કરવાનો ધંધો પણ તે ગુપ્ત અને ઉઘાડી રીતે ચલાવતો જ હતો; એ સંબંધી પાછળ લખાઇ ગયું છે. એ કારણોથી તેની પાસે પુષ્કળ દ્રવ્ય હોવું જોઇએ અને તે તેણે પુરંદરના ડુંગરમાં જૂદે જૂદે સ્થળે દાટી રાખેલું હોવું જોઇએ એવું ઘણા માણસોનું સમજવું હતું, અને તેવો શક હોય એમાં નવાઇ પણ નથી. એ સમાચાર કૅપ્ટન મૅકિનટોશ સાહેબને મળ્યા હતા. તેઓ પણ તેની સાંપત્તિક સ્થિતિ સંબંધી ઇતર પ્રમાણે જ માનતા હતા. તેમણે એક દિવસ ઉમાજી કેદખાનામાં હતો તે સમયે તેને એ સંબંધી પૂછ્યું હતું. એવા શૂરવીર અને સ્પષ્ટવાદી મનુષ્યોના મનમાં એક અને બહાર જુદું, એવું ઘણુંખરૂં હોતું નથી. જે કંઈ હોય છે તે તેઓ સ્પષ્ટ જ કહી દે છે. ઉમાજીએ મૅકિનટોશ સાહેબને ઉત્તર દીધો કે: "લોકો કહે છે કે: મ્હારી પાસે પુષ્કળ દ્રવ્ય છે પરંતુ તે વાત સાચી નથી. મ્હારી પાસે બિલ્કુલ પૈસા નથી એમ કહેવામાં હરકત નથી. મ્હારી પાસે હમણાં બે હજાર રૂપિયાનો માલ હોય તો હોય. મ્હેં જે કાંઈ મેળવ્યું હતું તે મ્હારાં માણસોને વહેંચી આપ્યું છે. હું મ્હારી પાસે વિશેષ સિલિક રાખતો ન હતો. હું તે ખર્ચી નાંખતો હતો. પુરંદરના ડુંગરમાં દ્રવ્ય છે એવું લોકો

કહે છે, કદાચ તેમ હશે તો પણ તે મ્હેં દાટી રાખ્યું નથી. મ્હારી જે કાંઇ દોલત છે તે મ્હારા આ તામ્રપટમાં છે. તે મ્હારી પાસે હોય ત્યારે હું મ્હને પોતાને લક્ષાપતિ જ સમજું છું. અમે રામોશી લોકો છવ્વીશ કિલ્લાના વતનદાર છીએ. પુરંદરના જેમ અમે વતનદાર છીએ તે જ પ્રમાણે પ્રતાપગઢ વગેરે કિલ્લાના પણ છીએ." આ ઉપરથી તેણે તોફાન કર્યાં અને લૂંટફાટ કરી જેટલું દ્રવ્ય સંપાદન કરવાની લોકોમાં અટકળ ચાલતી હતી તેટલું તેની પાસે અંતે દ્રવ્ય ન હતું. તે ટોળીનો જો કે નાયક હતો તો પણ તેની સ્થિતિ ગરિબ જ હતી. તે સાહસી અને તોફાની હતો તેમ છતાં પોતાને માટે દ્રવ્ય એકત્ર કરવાની તેની બિલકુલ ઇચ્છા ન હતી, અને તેથી જ તેની પાસે ઘણું દ્રવ્ય રહ્યું ન હતું. દ્રવ્યનો સંચય કરવાની જ તેના મનમાં ઇચ્છા હોત તો તે ઘણી સહેલાઇથી તેમ કરી શકત. નિઃસ્વાર્થી આગેવાનોની સ્થિતિ ઘણી ખરી એવી જ હોય છે.

ઉમાજીનું એક પત્નીવ્રત અત્યંત કઠીણ હતું. તેનું વર્તન સ્વપત્ની સાથે તેમ જ અન્ય સ્ત્રીઓ સાથે અતિ શુદ્ધ અને સ્પષ્ટ હતું. નઠારાં લક્ષણ અને નાના પ્રકારનાં વ્યસનોનો તેને અત્યંત તિરસ્કાર હતો. દુઃસંગતિને લીધે યુવાન વયમાં તેને મદ્યપાનનું અત્યંત દુષ્ટ અને તિરસ્કરણીય વ્યસન ગળે પડયું હતું, પરંતુ તેનાથી ભવિષ્યમાં તેને સારો બોધ પાઠ મળેલો હોવાથી તે અજાયબ રીતે છુટી ગયું હતું, એ બાબત પ્રથમ પણ લખાઇ ગઇ છે. તેનો વડિલ બંધુ વ્યસની હતો. તેની વર્તણુક ઉમાજીને બિલકુલ પસંદ પડતી ન હતી. આગળ જતાં બન્ને ભાઇઓ વચ્ચે એ વિષય પરત્વે ઘણી તકરાર થઇ હતી. ઉમાજી હલકી જાતિનો, અક્ષર શત્રુ અને જૂદે જ માર્ગે વળેલો હોવા છતાં તેની નીતિમત્તા, તેનું શુદ્ધ વર્તન અને તેની વ્યસન પરાઙ્મુખતા; વગેરે તેના ઉચ્ચ ગુણ, એકાદ ઉચ્ચ વર્ણના સુશિક્ષિત અને શુદ્ધાચરણી મનુષ્યના સદ્‌ગુણની પેઠે આદરણીય નથી એવું કોણ કહી શકશે? ઉચ્ચ જાતિના સુશિક્ષિત પણ વ્યસનને આધિન થયેલા મનુષ્યોએ ઉમાજીના ઉપરોક્ત સદ્‌ગુણનું ખરેખર અનુકરણ કરવું જોઇએ.

ઉમાજીનાં આચરણો જેમ શુદ્ધ હતાં તે જ પ્રમાણે તેનો સ્વભાવ

ઘણો જ મળતાવડો, ઉદાર, ખર્ચાળુ, ધાર્મિક અને સત્યપ્રિય હતો. તેના એવા સદ્‌ગુણ વડેજ મુખ્યતઃ તે ન્હાના મ્હોટા, અને ગરીબગુરબાં લોકોમાં પ્રિય થઇ પડયો હતો, અને તેથી જ તેનો લોકોને જેટલો ભય અને ત્રાસ જણાતો તેટલું જ તેને માટે તેમને માન પણ હતું. તે જ્યારે સાકુર્ડી હતો ત્યારે ગોસાંઈ, વેરાગી, ભીખારી વગેરે અનેક યાચકો તેની પાસે યાચના કરવા આવતા. તે સર્વને તેણે કોઇ પણ સમયે ખાલી હાથે પાછા કહાડયા નથી. તેજ પ્રમાણે અડચણમાં સપડાયલા પુષ્કળ ગરજવાન લોકો તેની મદદ મેળવવા માટે તેની પાસે આવતા હતા. તેમને તે યથાશક્તિ થોડી ઘણી પણ મદદ કરતો. જેજુરીના એક બ્રાહ્મણને તે દરમહિને પાંચ રૂપિયા મોકલતો હતો. તે પોતાના વચન પ્રમાણે અંતપર્યંત તેને મોકલ્યા કરતો હતો. જે સમયે તે કંપની સરકારની નોકરીમાં હતો તે સમયે પગાર મળતો તેજ દિવસે બ્રાહ્મણને રૂપિયા મોકલી દેવા તે કદી ચૂકતો નહોતો. વળી તેનું ઔદાર્ય એવું કંઇક વિલક્ષણ હતું કેઃ કેટલીક વખત તેની પાસે દાન આપવાને બીજું કંઇ નહિ રહેતું ત્યારે તે તુરત જ પોતાના શરીર ઉપરતું ધોતિયું કિંવા સ્ત્રીનાં વસ્ત્રો અથવા વખત ઉપર જે હાથ આવી ચહડે તે. તત્કાળ માગનારને આપી દેતો ! તેના મુખમાંથી યાચકને કદી પણ નકાર કહેવાતો નાહ. જેજુરી દેવના દર્શન માટે જે યાચકો આવતા તે જ લોકો પછીથી તેનું નામ સાંભળીને તેને મળવા માટે સાકુર્ડી જતા. તેના હાથના પોલાપણા માટે તેની પત્ની તેને ઘણો ઠપકો દેતી, તેમ જ તેને વારંવાર વારતી પરંતુ તે એ સંબંધી તેનું કશું સાંભળતો જ નહિ ! પેશ્વાઈ ડૂબ્યા પછી સિપાહીગિરીના ધંધામાંથી પરવારેલા સેંકડો નિરૂદ્યમી મનુષ્યો તેની પાસે ઉદ્યોગ ધંધા માટે આવતા હતા, તે સર્વને ઉમાજી ચાર આઠ દિવસ રાખી તેમનું સારી પેઠે આદરાતિથ્ય કરતો હતો. ઉમાજીના એ સદ્‌ગુણને લીધે અનેક મનુષ્યો તેની પ્રશંસા કરતાં હતાં, એટલું જ નહિ પણ તે તેમને પ્રિય પણ હતો. એકાદ સ્થળે લૂંટ કરતાં જે માલ મળતો તેમાંથી થોડો ઘણો અંશ પણ તે દેવને માટે જૂદો કાઢયા શિવાય માલની વહેંચણી કરતો નહતો. દેવનો અંશ જ્યારે દેવને ત્યાં તે પહોંચતો કરતો ત્યારે જ તેને

સંતોષાનંદ થતો. તેનો એ નિયમ છેવટ સુધી ચાલુ જ હતો, તેમાં તેણે કદી પણ ખામી પડવા દીધી નથી. જે ગરજાળુ કિંવા યાચકો તેની પાસે યાચના કરવા જતા તેનું તે સન્માન જ કરતો. તેમાં પણ " હમણાં મ્હારી શક્તિ પ્રમાણે આટલી સગવડ છે. " એમ કહી મીઠા મધુરા શબ્દો વડે તેમને બનતી મદદ કરતો.

ઉમાજી પોતાના મળતાવડા સ્વભાવ વડે, ખર્ચાળુપણા વડે અને ઔદાર્ય વડે જેમ યાચક, વૈરાગી અને ઉતરતા વર્ગના લોકોમાં પ્રિય થઇ પડયો હતો અને તે માટે તેને જેમ ઘણો સંતોષ ઉપજતો હતો તે જ પ્રમાણે મધ્યમ સ્થિતિના લોકોમાં અને અમલદારોમાં તેનો ભય અને ત્રાસ પણ ઉપજતો હતો, એમાં જરા પણ શંકા નહિ. ઉમાજી ઘણો કર્તવ્યનિષ્ઠ મનુષ્ય હતો. તે જ પ્રમાણે તેનામાં બુદ્ધિમત્તા અને નિયમ પણ હતાં. તેનામાં તે ગુણ હતા તેથી જ લોકોમાં તેને માટે ભય અને માન ઉત્પન્ન થતાં એવું કૅપ્ટન મૅકિનટોશ સાહેબનું કહેવું છે તે કાંઇ ખોટું નથી. તેમ ન હોત તો તેની ટોળીના લોકો ઉપર તેનું વજન પડત નહિ. તેણે પોતાના વર્તનથી અને વજનથી પોતાની ટોળીમાંના સર્વ મનુષ્યો ઉપર છાપ બેસાડી દીધી હતી. ટોળીમાંનાં બસો ત્રણુસો મનુષ્યોનાં મન પોતાનાં તરફ કેવી રીતે વાળી લેવાં, તેમને પોતાના તાબામાં કેવી રીતે રાખવાં, અને તેઓ પોતાને હમેશાં શી રીતે વળગી રહે, આગેવાને પોતાનું વર્તન કેવું રાખવું, વગેરે બાબતો તે સારી પેઠે જાણતો હતો. એ સંબંધી ઘણી વખત તેણે પોતાનું કૌશલ્ય બતાવી આપ્યું હતું. ટોળીમાંના લોકો ઉપર લશ્કરનો છાપો આવે નહિ અને આવે તો તેમાંથી તેમનું સંરક્ષણ થવું જોઇએ, ટોળીમાંના મનુષ્યોને હમેશાં અન્ન સામગ્રીની ખોટ પડતી હતી, અને તેની સાથે જ સર્વ મનુષ્યોને ઘણો ત્રાસ સહન કરવો પડતો હતો, એવે સમયે તેમનો એકસંપ કાયમ રાખી તેમને કેવી રીતે ધૈર્ય આપવું અને તેમની પાસેથી કેવી રીતે કામ કાઢી લેવું એ તે સારી પેઠે જાણતો હતો. પાછળ લખ્યા પ્રમાણે હેટકરીઓ જેવા લોકો એકદમ એકસંપ કરી તેનો જીવ લેવા ઉભા થયા તે સમયે જરા પણ નહિ ડગમગતાં તેમાંથી કેવી રીતે પાર પડવું, તેમને કેવી રીતે

શાંત્વન કરવું, કયે પ્રસંગે નમી જવું, કયે પ્રસંગે પોતાના ભાષણુથી તેમના શરીરમાં સ્ફૂર્તિ લાવવી, એ સર્વે ઉમાજી સારી પેઠે જાણુતો હતો. લોક નાયક થવામાં મનની શાંતતા, શુદ્ધ વર્તન અને દૃઢ નિશ્ચય, વગેરે જે ઉત્તમ સદ્ગુણુની મનુષ્યમાં આવશ્યકતા હોવી જોઇએ, તે સર્વ ઉમાજીમાં હતા એવું મૅકિનટોશ સાહેબે જ તેને સર્ટિફિકેટ આપ્યું છે. પોતાના બુદ્ધિ-ચાતુર્યથી, યુક્તિથી, અને પોતાની ટોળીની વિલક્ષણુ અને ત્વરિત ગતિવાળી હિલચાલ વડે તેણે કેટલાંક વર્ષ પર્યંત પુના અને સતારા જીલ્લાના ડુંગરાળ પ્રદેશમાં કંપની સરકારના મ્હોટા લશ્કરને અને કેટલાક નેટીવ તથા યુરોપિયન અમલદારોને માત્ર રમાડયા હતા અને તેમના સર્વ લશ્કરી દાવપેચ નિષ્ફળ કરી નાંખ્યા હતા ! એ સંબંધી સાહેબ બહાદુર સમક્ષ જ્યારે વાત નિકળી ત્યારે તેને પોતાના પરાક્રમ માટે ગર્વપૂર્વક ધન્યતા જણાવી અને તેને તેવી ધન્યતા જણાય એવી જ તેની કૃતિ પણુ હતી એમાં શંકા નથી, એવું તે સાહેબ જ કહે છે. મૅકિનટોશ સાહેબે જ્યારે ઉમાજીને તેના કૃત્ય માટે ઉપર પ્રમાણે કહ્યું અને તેને શાબાશી આપી ત્યારે ઉમાજીએ તેમને ઉત્તર દીધો કેઃ “ સાહેબ ! એ કાર્ય માટે મ્હારૂ નામ માત્ર આ પ્રાંતમાં જ નહિ પણુ કલકત્તા, સર્વ હિંદુસ્તાન અને વિલાયતમાં પણુ પ્રસિદ્ધ હશે ! ”

એ પ્રાંતના લોકોને જેમ ઉમાજીનો એક પ્રકારનો ભય લાગતો હતો તેમ મામલતદાર, ચિટણીશ, શેખદાર વગેરે સરકારી અમલદારોને પણુ લાગતો હતો. તે પણુ રામોશી લોકોની પોલિસ ફોજનો કેટલાંક વર્ષ પર્યંત અમલદાર હતો. તે પોતાને તેમના જેવો જ એક સમજતો હતો. મામલતદાર વગેરે અમલદારો તેના કામ સંબંધી એકાદ વખત તેને કંઈ કહેતા અથવા પોતાના અધિકારના જોરે તેની સત્તા જ્યાં ને ત્યાં દાબી દેવાનો પ્રયત્ન કરતા ત્યારે તેને તે બિલકુલ પસંદ પડતું નહિ. તે સમયે ઉમાજી તેમની શરમ નહિ રાખતાં તેમને તુરત જ યોગ્ય ઉત્તર આપી દેતો ! શિરસ્તેદાર અમલદારો તો તેની ગણુત્રીમાં જ નહોતા. ઉમાજી પ્રસંગોપાત અમલદારોને કહેતો કેઃ “ તમે મ્હને કેવો સમજો છો ? એકાદ ભિક્ષુક બ્રાહ્મણુની પેઠે મ્હારી ગણુના કરશો નહિ. તમે મ્હને એવો જ કોઈ ક્ષુદ્ર મનુષ્ય સમજતા

હો તો તેમાં તમારી મ્હોટી ભૂલ છે. કંપની સરકારે તમારા શ્રીમંત બાજીરાવ સાહેબ પેશ્વાને જેમ તેની ગાદી પરથી દૂર કર્યા તેમ તે મને પુરંદરના ડુંગરમાંથી કદી પણ ખસેડી શકનાર નથી! તેણે એ માટે એક વખત પોતાનું બુદ્ધિ સર્વસ્વ અને પુષ્કળ ખટપટ કરી જોઈ છે, પરંતુ તેમાં તેમને યશ મળ્યો નથી. તેઓ થાકી ગયા છે. રામોશી લોકોની કેટલી હુશિયારી છે અને મ્હારા સાથીદારોની શક્તિ તથા સંપ કેટલો છે તે સર્વ અમલદારો સારી પેઠે જાણે છે. અંતે ધીમે ધીમે તે અમારૂં કહેવું કબૂલ કરી અમારી સાથે સંધિ કરશે એ નક્કી માનજો. અમારી સાથે તકરાર કરવામાં ફાયદો નથી એ તેમને ખબર છે!"

એક સમય ઉમાજીએ અને તેના હાથ નીચેના નાયકોએ કામમાં ઘણી ભૂલો કરેલી હોવાથી પ્રાંતના મામલતદાર તે સર્વ ઉપર ઘણા ગુસ્સે થયા, અને કામ સંબંધી તેમણે તેમને તે સમયે ઘણો જ ઠપકો દીધો. એ ઉપરાંત તેમની સાથે અને તેમના અધિકાર પરત્વે ઉમાજીએ બેપરવા અને ધિઃક્કાર બતાવેલો હોવાથી તેઓ ઘણા જ ચિડાયા અને તેને ઘણો જ ઠપકો દીધો. મામલતદાર સાહેબનો અધિકારયુક્ત ઠપકો સાંભળી ઉમાજીનું માથું તદ્દન ફરી ગયું! તેને ઘણો જ ક્રોધ ઉપજ્યો. ક્રોધના આવેશમાં જ તેણે કહ્યું: "તમે તમારૂં કામ કરો. અમે અમારૂં કરીએ છીએ. પ્રત્યેક સમયે ન્હાની ન્હાની વાતોમાં અમારા વિરૂદ્ધ પુને રિપૉર્ટ કરવામાં તમને એવું તે શું મ્હોટું ભૂષણ જણાય છે? એવી રીતે અમને હમેશાં ત્રાસ આપીને અને સતાવીને અમને પુનઃ જંગલનો રસ્તો બતાવવાનું તમારા મનમાં હોય એમ જણાય છે!"

અન્ય એક સમયે મામલતદાર સાહેબની સ્વારી જેજુરી હતી. તે સમયે સાકુર્ડીના એક મનુષ્યે ઘણા દિવસ પર્યંત મહેસુલ નહિ ભરેલું હોવાથી તેને કંઇક ચુકાને કહ્યું, તેમાં તેમણે ઉમાજીને પણ એક ટોલ્લો માર્યો! તે મનુષ્ય ત્યાંથી ક્રોધમાં ઉઠયો તેવો સાકુર્ડી પોતાને ગામ આવ્યો અને મામલતદારે જે કહ્યું હતું તે સર્વ તેણે પોતાના મિત્ર ઉમાજીને કહી સંભળાવ્યું. એ સાંભળતાં જ ઉમાજીને મામલતદાર ઉપર ગુસ્સો થયો, અને તે

પોતાના માણસોનું એક મ્હોટું ટોળું લઈ જેજુરી મામલતદારને ઘેર આવી પહોંચ્યો. તેમ જ મામલતદાર સાહેબની તુરત મુલાકાત લેવાનું તેમને કહાવ્યું. મામલતદાર સાહેબ સ્નાન કરી દેવપૂજા કરવા બેઠા હતા. પૂજા અને જમવાનું કામ પૂર્ણ થયા શિવાય તેની મુલાકાત લેવાશે નહિ, એવું સાંભળતાં જ ઉમાજીનું પિત્ત ઉછળ્યું. તે આંગણામાં હતો ત્યાંથી ઑસરીમાં ગયો, અને મ્હોટેથી બડબડાટ કરવા લાગ્યો. એ ગડબડ સાંભળી મામલતદાર સાહેબ પૂજા અને સંધ્યાનું કામ પડતું મૂકી બહાર આવ્યા. તેમને જોતાં જ ઉમાજીએ ગુસ્સામાં જ કહ્યું: "તમે મ્હારા ઉપર કયો દોષારોપ કર્યો છે? મ્હારૂં નામ હલકું પાડવાનું કારણ કહો." તેની ભયંકર મુખમુદ્રા, જુસ્સો અને ક્રોધે ભરાયલા આગિયા વૈતાળ જેવું સ્વરૂપ જોઇ મામલતદાર સાહેબ પોતાને ઠેકાણે ઠંડા જ થઇ ગયા! તેમના અંગમાં કમ્પારી વછુટી, તેમનું મ્હો બંધ થઈ ગયું. તેમણે તેને કંઈ પણ ઉત્તર દીધો નહિ. મામલતદાર સાહેબની ભયભીત સ્થિતિ જોઈ ઉમાજીના સાથીદારોમાંથી એકે કહ્યું: "મામલતદાર સાહેબ! જરા વિચારીને બોલો! નહિ તો એકાદ રાતે તમારૂં ડોકું અને પ્રાણ ગુમાવી બેસશો." મામલતદાર સાહેબે તેને સમજાવીને બે વાત કહી ત્યારે તે કંઈક શાંત થયો, ઠેકાણે આવ્યો અને "આ પિડા અહિંથી શી રીતે ટળે?" એવું તેમને થયું. પાછા જતી વખતે તેણે મામલતદાર સાહેબ પાસે થોડા પૈસા માગ્યા. ત્યારે તેમણે એક રૂપિયો તેના મ્હો આગળ મૂક્યો. એટલે ઉમાજીએ તે તેમના શરીર પર પાછો ફેંકી કહ્યું: "જેમ તમે ભીખારીને આપો છો તેમ મ્હને આપો છો કે શું? મ્હને એ નહિ જોઇએ. મ્હારે દશ રૂપિયા જોઇએ છે." મામલતદાર સાહેબ શું કરે? તે વાઘના પંજામાંથી છુટવાને માટે તેમણે મુંગે મ્હોંડે ઘરમાંથી દશ રૂપિયા લાવી તેની આગળ મૂકયા. રૂપિયા મળ્યા પછી તે વૈતાળની સ્વારી મુછે તાવ દેતી પોતાના મિત્રો સહિત ત્યાંથી ચાલી ગઇ. ઉમાજી તેની ટોળી સાથે મામલતદાર સાહેબના ઘરમાંથી નિકળ્યો ત્યારે તેમને એમ જ જણાયું કે: "આજે આપણે મોતના ડાચામાંથી છૂટયા."

મામલતદાર સાહેબની પત્ની ઘરમાં હતી. તેણે ઉમાજીનું અને તેની

ટોળીના માણસોનું સ્વરૂપ જોયું અને તેણે મામલતદાર સાહેબને આપેલી ધમકી સાંભળી ત્યારે તે બિચારીનો જીવ ઉડી ગયો હતો. રામોશી લોકોના ખુની અને ક્રોધી સ્વભાવ અને ઉમાજીનું ચરિત્ર તે પણ જાણતી હતી. પોતાના પતિના પ્રાણ એ લોકો કોઈ દિવસ પણ લેશે એવી તેને તે દિવસથી ચિંતા થવા લાગી હતી. ઉમાજીના ચરણમાં માથુ નમાવ્યા સિવાય એ સંકટનું નિવારણ થશે નહિ એમ જાણી તે સાધ્વી સ્ત્રી પોતાનાં બાળકો સહિત એક દિવસ જેજુરી ગઈ. તેણે ત્યાં ઉમાજીની મુલાકાત લઇ પોતાનાં બાળકો સહિત પતિના જીવન માટે અને પોતાના સૌભાગ્ય માટે નાક લીંટીઓ તાણી. તે બાઈનું એવું કૃત્ય જોઈ ઉમાજી નાયક બેઠો હતો ત્યાં સ્તબ્ધ જ થઈ ગયો. મામલતદારની સ્ત્રીએ નેત્રમાં આંસુ સહિત બે હાથ જોડીને તેને કહ્યું: "ભાઈ! હું તમારી ધર્મ ભગિની છું. આ બાળકો એ તમારી બ્હેનનાં જ છે. તેમનું રક્ષણ કરીને ત્હમારી આ રંક ધર્મભગિનીને ચુડાનું અને સૌભાગ્યનું દાન આપો. તમે જે મામલતદાર સાહેબને એક દિવસ મારી નાંખવાનો નિશ્ચય કર્યો છે, અને જેને તમે ધમકી આપી છે તેમની હું પત્ની છું, પરંતુ તમારી ધર્મ ભગિની છું." એમ કહીને મામલતદાર–પત્નીએ પોતાનાં બાળકો ઉમાજીના ખોળામાં બેસાડયાં, અને તેની આગળ પુનઃ પોતાનો ખોળો પાથર્યો. ઉમાજીએ જો કે લૂંટારાનો ધંધો સ્વિકાર્યો હતો તો પણ તે પાષાણ હૃદયી ન હતો. જે મનુષ્યનો સર્વ જન્મ જે વ્યવસાયમાં જાય છે તે મનુષ્યના હૃદયમાં તે વ્યવસાયને ઉપયુક્ત હોય એવા કેટલાક સારા નઠારા ગુણ તેની મેળે જ એકત્ર થાય છે એ ખોટું નથી. ઉમાજીએ સ્વિકારેલા વ્યવસાયને લીધે તેનામાં સાહસ, તામસ, ક્રોધ અને ખુનીપણુ જેવા ગુણ ધર્મ ન્હાનપણથી જ ઉપજ્યા હતા. તેમ છતાં તે ગૃહસ્થાશ્રમી અને બાળબચ્ચાંવાળો હતો. તે લૂંટારો, પ્રસંગોપાત હિંસક પશુઓ કરતાં પણ વિશેષ ક્રૂર થાય એવો હતો તેમ છતાં કોમળ અંતઃકરણના ઉમાજીને મામલતદાર–પત્નીની સ્થિતિ જોઇને અને તેની દીન વાણી સાંભળીને તેના ઉપર દયા ઉપજ્યા શિવાય રહી નહિ. તેણે તેનાં બાળકોને પોતાના પાસામાં લીધાં, તેમને માથે હાથ ફેરવ્યો અને ખરેખર તેને ધર્મ

ભગિની કહીને તેની ચિંતા તેણે દૂર કરી. તે શૂરવીર નરે તેને ચોળી અને સાડી આપી પોતાની સગી બ્હેન જેટલું સન્માન આપી તેને ઘેર વિદાય કરી. ઉમાજીએ મામલતદાર સાહેબની પત્ની સાથે પોતાની સગી બ્હેન જેવું વર્તન રાખ્યું હતું. અવકાશ મળતાં તે તેને ઘેર જઈ તેના સમાચાર લઈ આવતો. ત્યાર પછી તેણે એ મામલતદારને પોતાની ધર્મ ભગિનીનો પતિ માની કદી પણ ત્રાસ આપ્યો ન હોતો. આ વાત મામલતદાર સાહેબ જરા પણ જાણતા ન હતા.

ઉપરોક્ત બનાવ બન્યા પછી મામલતદાર સાહેબ જેજુરીથી સાસવડ ગયા. કેટલાંક અઠવાડિયાં વિત્યા પછી પેલા વૈતાળની સ્વારી પણ ફરતી ફરતી સાસવડ ગઇ. મામલતદાર સાહેબ પોતાના કુટુંબ સહિત ત્યાં છે એવું જાણ્યાથી ઉમાજી પાછલી વાત ભૂલી જઈ તેમની મુલાકાતે ગયો. બન્ને વચ્ચે થોડી ઘણી વાતચિત થયા પછી ઉમાજીએ પહેલાંની પેઠે મામલતદાર સાહેબ પાસે ખર્ચને માટે રકમ માગી. તેને એકદમ ના કહેવાની તેમનામાં હિંમત નહોતી, પરંતુ યુક્તિપૂર્વક હસતાં હસતાં " આ વખત માફ કર." એવા મીઠા શબ્દો કહી તેને રવાના કર્યો. ઉમાજી આવ્યો ત્યારથી તે ગયો ત્યાં સુધી મામલતદાર સાહેબના મનમાં કેવી ચિંતા થતી હતી તે તેમનું મન જ જાણતું ! તે ઘરમાંથી બહાર જતો ત્યારે જ તેમના જીવમાં જીવ આવતો. મામલતદાર સાહેબની રજા લઇને ગયા પછી ઉમાજી પુનઃ તેમને ઘેર આવ્યો, પરંતુ આ વખતે તે પાછલે બારણે આવી મામલતદાર સાહેબનાં પત્ની સાથે ખુલ્લે મને વાતચિત કરવા લાગ્યો. તેની પાસે તેણે જમવાનું માંગ્યું. તેથી મામલતદાર પત્ની રસોઈની તૈયારી કરવા લાગી. એક તરફ રસોઈ થાય છે, અને બીજી તરફ તે ઉમાજી સાથે વાતો કરે છે. એટલામાં મામલતદાર સાહેબ ત્યાં આવી પહોંચ્યા. જેમ પાછલે બારણેથી કોહોડમાં ભરાઈ સ્વસ્થ ચિત્તે શિકારની વાટ જોતા વાઘને દેખતાં જ ઘર ધણી ગભરાય છે તેમ ઉમાજીને ત્યાં બેઠેલો જોતાં જ મામલતદાર સાહેબ ગભરાઇ ગયા ! ક્રોધ, ભય અને આશ્ચર્ય; એ ત્રણે વિકારો ઉત્પન્ન થવાથી તેમનું માથું ફરી ગયું. થોડી વાર પર્યંત તેમનું મુખ ક્રિયા રહિત થઈ ગયું. માત્ર તેમના હોઠની થરથર કમ્પ-

વાની ક્રિયા ચાલુ હતી. થોડો સમય ગયા પછી તેમણે હિમ્મત રાખીને આગળ જઇ ઉમાજીને પૂછ્યું: "તમે અહિં ક્યાંથી? તમારે શું જોઇએ છે?" ઉમાજીએ ઠંડે કલેજે ઉત્તર આપ્યો: "રાવસાહેબ, હું મ્હારી આ બહેનને મળવા આવ્યો છું. તમે કંઇ પણ આપ્યું નહિ ત્યારે મ્હારી બ્હેને મ્હારે માટે અને મ્હારા સાથીદારો માટે રસોઈ બનાવી છે. તે લીધી કે પછી ચાલ્યો.[1]" તેનો એવો ઉત્તર સાંભળી મામલતદાર સાહેબ સ્તબ્ધ જ થઇ ગયા! તેમની પત્નીએ ઉમાજીને અને તેના સાથીદારોને જમાડી વિદાય કર્યા. ત્યાર પછી મામલતદાર સાહેબને પત્ની દ્વારા સર્વ સમાચાર મળવાથી તેમને કેટલું આશ્ચર્ય થયું હશે, અને ઉમાજીના એ સદ્‌ગુણને માટે તે સમયથી તેમના મનમાં કેવો ભાવ ઉત્પન્ન થયો હશે તેની કલ્પના વાચકોએ પોતે જ પોતાને મનથી કરી લેવી એટલું જ અમારૂં કહેવું છે.

ઉમાજીના ઉચ્ચ મનોભાવની ઉપરોક્ત વાર્તા તેનું જીવન ચરિત લખનાર મિ. મૅકિનટૉશ સાહેબે પોતાના પુસ્તકમાં લખેલી હોવાથી અને તેજ પુસ્તકમાંથી અમે તેમના જ શબ્દો ફુટનોટમાં આપેલા હોવાથી અમારા ઉપર અતિશયોક્તિ કરવાનો દોષારોપ થશે નહિ એવી અમારી પૂર્ણ ખાત્રી છે. એમ જો ન કર્યું હોત તો એક લૂંટારાનું જીવન ચરિત્ર લખતી વખતે અને ઉમાજી સંબંધી આખ્યાયિકા પ્રકટ કરતી વખતે, ગ્રંથકાર પોતાના કલ્પના તરંગમાં તરતો કિંવા તેના સ્તુતિ સ્તોત્રના પ્રવાહમાં તણાતો હોવો જોઇએ, એ શિવાય ઉમાજી જેવા લૂંટારા સંબંધી એવી અસંભવનીય વાતો તેણે લખી ન હોત, એવો જ અમારા ઉપર દોષારોપ થયા શિવાય રહેત નહિ એ તો નક્કી જ! હવે અમને તે ભય રહ્યો નથી, કારણ કે ખુની, લૂંટારા, અને બળવાખોર, રામોશીઓના નાયકમાં એકાદ સારો ગુણ ઇશ્વર નિર્માણ કરે જ નહિ એવી ઘણાની પ્રથમથી જ કલ્પના બંધાઈ ગઇ છે, તેથી અન્ય વાર્તાઓ સાંભળતાં જ અસંભવનીયતા જણાય એમાં આશ્ચર્ય પણ શું?

ઉમાજીએ મહારાષ્ટ્રમાં બે વખત તોફાનનો ઝુંડો ઉભો કર્યો હતો. પહેલી વખત તો તે એ કામમાં અનુભવ વગરનો હતો, પણ તે સમયે તેને

---

૧. મ્હારે માટે (એટલે તેના ધર્મ બંધુ-ઉમાજી માટે).

અને તેના સાથીદારોને હાથે જે જે ભૂલો થઇ હતી તે સર્વ તેણે લક્ષ્યમાં રાખી હતી તેથી તે દ્વારા તેને જે અનુભવજન્ય જ્ઞાન મળ્યું તેનો તેણે બીજી વખત ઉત્તમ ઉપયોગ કર્યો. એવી ભૂલો તેણે બીજી વખત થવા દીધી નહતી. પહેલા તોફાન વખતે રામોશીઓની અન્ય ટોળીઓ હમેશાં ચોરી, ખુન, લૂંટ, ધાડ વગેરે પુષ્કળ અત્યાચાર કરતા હતા. તે સમયે તેમને તેમ કરવાની ટેવ જ પડી હતી એમ કહેવામાં હરકત નથી. પરંતુ બીજા રામોશીઓ ઇતિર પ્રાંતમાં જોકે તેવો જ વ્યાપાર કરતા હતા, તેમ છતાં ઉમાજીએ બીજી વખતના તોફાન વખતે એવો વ્યાપાર પ્રથમ કરતાં બહુ ઓછો કર્યો હતો. પહેલાના કરતાં તેના બીજા તોફાન વખતે દેશમાં ઘણી શાંતિ હતી. બીજી વખત તેણે ઘણી લૂંટાલૂંટ કરી નહતી એ ખરેખર અલૌકિક જ કહેવાશે. તેણે આ વખતે દોઢ બે વર્ષમાં બજારવાડી, વાલ્હા, અને ઔાળસ, એ ત્રણ સ્થળે માત્ર ધાડો પાડી હતી અને લૂંટફાટ કરી હતી. એ ત્રણે સ્થળે તે તે સમયે કંપની સરકારનું લશ્કર તાબડતોબ જઈ પહોંચ્યું હતું અને તેમની સ્હામે થયા પછી ઉમાજીને પાછા જવાની ફરજ પડી હતી. તેથી ધાડ પાડતાં જ લશ્કર આવી ઘેરી લે છે એવી તેમનામાં એક પ્રકારની ભીતિ જ પેસી ગઈ હતી. એ કારણથી ઉમાજીએ ધાડ પાડવાનું અને લૂંટફાટ કરવાનું ઘણું ખરૂં બંધ કરી દીધું હતું. "ધાડ પાડી કે તેની ખબર તુરત સર્વ દેશમાં પ્રસરેલી ફોજને મળી જતાં તે પૂઠે પડી આપણું ગુપ્ત નિવાસસ્થાન શોધી કહાડશે અને આપણા ઉપર હુમલો લઈ આવશે. ફોજ આવતાં તેની સ્હામે થવું પડશે તેથી ધાડ પાડીને સ્હામે યુદ્ધ કરવાનો પ્રસંગ વ્હોરી લેવા કરતાં અને પોતાના માણસોના જીવ નિરર્થક જોખમમાં નાંખવા કરતાં ધાડો ના પાડવી એજ સારૂં." એવું જણાવાથી ઉમાજીએ પોતાનો પહેલાંનો ક્રમ બદલી નાંખ્યો. એ કારણને લીધે તેને તેમ જ તેના માણસોને કેટલીક વખત અન્ન સામગ્રી મેળવવા માટે અત્યંત ત્રાસ ભોગવવો પડયો હતો. તેને માટે તેના માણસોને પૈસા પણ આપવા પડયા હતા. તેણે જેમ કેટલીક વખત અન્ન સામગ્રી માટે ગામ લોકોને રોકડા પૈસા આપ્યા હતા તે જ પ્રમાણે તેણે અન્ન શિવાય કેટલાક દિવસ

ઉપવાસો પણ કર્યા હતા. કંપની સરકારની ઉમાજી ઉપર ચઢાઈ શરૂ થતાં તેના માણસો સાથે લશ્કરી સિપાહીઓની પહેલી લડાઈ શરૂ થઈ એટલામાં જ તેની ટોળીમાંના દશ નાયક અને આસરે સાઠ રામોશીઓ સરકારી લશ્કરે પકડયા હતા. ત્યાર પછી થોડા દિવસમાં જુદી જુદી ચોરી અને લૂંટમાં જેમનો હાથ હતો તેવાં બીજાં ચાળીશ માણસો હતાં તે પણ પકડાયા, તે સર્વને પુને મોકલવામાં આવ્યા. તે શિવાય કેટલાક માણસો સરકારનું જાહેરનામું પ્રસિદ્ધ થતાં જ તેને છોડીને ચાલ્યા ગયા હતા. એ પ્રમાણે ઉમાજીની ઉત્તરોત્તર અતિ વિકટ થઈ ગઇ હતી. તેમ છતાં તે થોડા માણસો સાથે પણ પુષ્કળ દિવસ હિમ્મત રાખી ડુંગરમાં ફરતો રહ્યો. સર્વ પ્રકારે પ્રતિકૂળ સ્થિતિ હોવા છતાં તેણે પોતાનું પરાક્રમ બતાવ્યું તેથી તેના નાયકત્વની, ચાતુર્યની અને કૌશલ્યની પ્રશંસા કર્યા શિવાય રહેવાતું નથી. મ્હોટા મ્હોટા રણયોદ્ધાઓ સેંકડો યુદ્ધ કરીને એવો જ અનુભવ પ્રાપ્ત કરે છે, ત્યારે તેઓ ખરા રણ ચતુર થાય છે. એ શિવાય બની શકે નહિ. ઉમાજીએ પણ પ્રથમ તોફાન વખતે એવો અનુભવ મેળવી બીજી વખત પોતાના વર્તન ક્રમમાં પહેલાંની પેઠે ભૂલો ના થાય એવી સંપૂર્ણ સાવચેતી રાખી હતી એવું મૅકિનટોશ સાહેબે જ લખ્યું છે. તેમણે તેના સંબંધી એવું પણ લખ્યું છે કેઃ "છત્રપતિ શ્રી શિવાજી મહારાજ જેવું રાજ સ્થાપન કરવાની તેને મ્હોટી મહત્વકાંક્ષા હતી અને એ જ હેતુથી ઉમાજીએ શ્રી શિવાજી મહારાજનું સમગ્ર ચરિત્ર નિત્ય પોતાની દ્રષ્ટિ સમિપ રાખી પોતાનો વર્તન ક્રમ ચલાવ્યો હતો, પરંતુ દુર્ભાગ્યવશાત્ તેને કાળની અનુકૂળતા નહોતી. શ્રી શિવાજી મહારાજનો સમય જૂદો હતો, અને ઉમાજીનો હમણાંનો સમય તદ્દન જૂદો હતો. ઉમાજીનો જન્મ ઉતરતી જાતિમાં થયો હતો પરંતુ તેનામાં બુદ્ધિમતત્તા, ચાણાક્ષપણું, અને ચંચળતા જેવા સદ્‌ગુણ હતા. તે તેની અતિશય મ્હોટી મહત્વાકાંક્ષા પ્રમાણે જો કે શિવાજી છત્રપતિ જેવું સ્વતંત્ર રાજ્ય કાળની પ્રતિકૂળતાને લીધે સ્થાપન કરી શક્યો નહિ, તેમ છતાં એવા ધામધૂમના સમયમાં એકાદ ન્હાના મ્હોટા સંસ્થાનમાં એકાદ મ્હોટા શૂરવીર સરદારની પેઠે કિંવા મુત્સદ્દીની પેઠે તેનો ઉપયોગ થઈ શકત અને

ઉમાજી પોતાના કર્તવ્ય કર્મ વડે તે સંસ્થાનનો એક આધાર સ્તંભ થઈ રહ્યો હોત એમાં બિલકુલ શંકા નથી.

અત્યાર સુધી અમે ઉમાજી માટે ઉપર જે વર્ણન કર્યું છે તે તેને પકડવાના કાર્ય ઉપર કંપની સરકાર તરફથી નિમાયલા મુખ્ય અધિકારી કૅપ્ટન મૅકિનટોશ (કે જેમણે ઉમાજી નાયકને પકડવા માટે અંતે અનેક યુક્તિઓ રચી હતી તેમાં તેમને સફળતા મળતાં ઉમાજી કંપની સરકારના હાથમાં આવ્યો હતો તે) સાહેબ બહાદુરે એટલે ઉમાજીના વિરૂદ્ધ પક્ષના મનુષ્યે જ તેના સંબંધી લખેલી સમગ્ર હકિગત ઉપરથી લખ્યું છે. એ વર્ણન ઉપરથી ઉમાજી નાયકમાં ગુણ અવગુણ કયા હતા, આગેવાન અને સામાન્ય મનુષ્ય તરીકે તેની કેવી યોગ્યતા હતી, વગેરે વાર્તાઓ વાંચકોના લક્ષ્યમાં ઉત્તમ પ્રકારે આલેખાયા વિના રહેશે નહિ. મિત્રોના અનેક સ્તુતિ સ્તોત્ર કરતાં વિરૂદ્ધ પક્ષે (શત્રુએ) કરેલા એક સ્તુતિ પાઠની કિંમત સેંકડો ગણી વિશેષ હોય છે. એ સર્વ સાધારણ સૂત્રો પ્રમાણે મૅકિનટોશ સાહેબે ઉમાજીના ગુણ અવગુણ માટે જે કાંઇ લખ્યું છે તેની કિંમત કેટલી છે અને તેને લીધે તેની યોગ્યતા કેવી ઉચ્ચ હતી તે સંબંધી અમારે વિશેષ લખવાની આવશ્યકતા નથી. તેમાં વળી સંતોષની વાત એ છે કેઃ “ઉમાજીના ગુણ અવગુણની સમગ્ર માહિતી” મેળવીને તે લખવાની તેના વિરૂદ્ધ પક્ષના એટલે કૅપ્ટન મૅકિનટોશ સાહેબને સદ્બુદ્ધિ ઉત્પન્ન થઇ એ તેનું અને તેની સાથે મહારાષ્ટ્રીઓનું મહત્ ભાગ્ય જ કહેવાશે. જે ઉમાજીના લૂંટફાટને લીધે કૅપ્ટન સાહેબને પોતાના હાથ નીચે ઘણા અમલદારો સહિત અને મ્હોટા લશ્કર સહિત સહ્યાદ્રિના ડુંગરોમાં એ વાઘની પાછળ તેનો શોધ કરતાં રાત દિવસ કેટલાક મહિનાઓ પર્યંત એક સરખી દોડ ધામ કરવી પડી હતી, અને અનેક પ્રકારનો પરિશ્રમ સહન કરવો પડયો હતો, તે સાહેબ બહાદુરના મનમાં ઉમાજી સંબંધી વિશેષ આદર હોવાનો સંભવ નથી, અને તેમ ન હોય તો તેથી મનુષ્ય સ્વભાવ વિરૂદ્ધ કંઇ નથી એમજ કહેવું પડશે, પરંતુ જો તેમના મનમાં કિંચિદ્ પણ તેને માટે આદર હોય તો તેમાં જ વિશેષત્વ કહી શકાશે. ઉમાજી સંબંધી તેનો કંઇક અંશે આદર

ભાવ, તેમણે લખેલા જીવન ચરિત્રમાં અમને સ્થળે સ્થળે જણાય છે. વિરૂદ્ધ પક્ષના મનુષ્યના ગુણ માટે જેને આદર જણાય છે તે મનુષ્યના મનની ઉચ્ચતા–ઉદારતા–માટે જેટલું વર્ણન કરીએ તેટલું થોડું જ છે. કૅપ્ટન મૅકિનટોશ સાહેબ તેવાજ પ્રકારના ઉચ્ચ મનના–ઉદાર–ગૃહસ્થ હતા. ઉમાજી તે સાહેબને અને સાહેબ ઉમાજીને સારી પેઠે ઓળખતા હતા. ઉમાજીને તેમણે પકડયા પછી દોઢ મહિના પર્યંત તે બન્નેનો સારો સમાગમ રહ્યો હતો. એ સમય દરમ્યાન સાહેબે ઉમાજીને તેની સર્વ હકિગત પૂછી જોઈ હતી; અને તે તેણે ખુલ્લા અંતઃકરણથી આદિથી અંત પર્યંત, કંઈ પણ ગુપ્ત નહિ રાખતાં, નિવેદન કરી હતી. તે સમયે બન્નેને એક બીજાને માટે એવું જણાયા શિવાય નહિ રહ્યું હોય કે: "શત્રુ હોય તો આવોજ હજો." નહિ તો એક નજીવા લૂંટારા–બળવાખોર–ને માટે અને તેમાં પણ રામોશી જાતિ જેવી ઉતરતી જાતિના પુરૂષને માટે મહત્ પ્રયાસ કરીને માહિતી મેળવી તે લખવાનું તેમને શું પ્રયોજન હતું? શત્રુમાં કાંઈ ખાસ વિશેષ ગુણ હોવાની ખાત્રી થયા શિવાય અને પરીક્ષકમાં ગુણ ગ્રાહકતા હોવા શિવાય કોઇ એવું કાર્ય કરતું નથી અને બીજા કોઇને હાથે એવું થતું પણ નથી. ઉમાજીનામાં કંઈક સારા સર્વોત્કૃષ્ટ ગુણો હતા અને કૅ. મૅકિનટોશ સાહેબનામાં ગુણ ગ્રાહકતા હતી. તેથી જ એવો સુયોગ પ્રાપ્ત થયો, નહિ તો તેમ બનત જ નહિ.

ઉમાજીએ પોતાના આયુષ્ય ક્રમમાં બે માર્ગનું અવલંબન કર્યું હતું. તે બન્ને માર્ગ એક બીજાથી તદન ભિન્ન હતા, એટલું જ નહિ પણ તે પરસ્પર વિરોધી હતા. લૂંટારાનો વ્યવસાય કરવો એ એક માર્ગ અને પોતાના આયુષ્યમાં સન્માર્ગે અને સત્યશીલપણે વર્તવું એ બીજો માર્ગ. વ્યવસાય ગમે તે હોય પણ તેમાં સત્ય રીતે અને ઉદારપણે વર્તવું એનું મહત્વ કાંઇ ઓછું નથી. ઉમાજીએ લૂંટારાનો વ્યવસાય પ્રથમથી સ્વિકાર્યો, તે જે જાતિમાં અને કુળમાં જન્મ્યો હતો તે જાતિનો અને કુળનો વંશાનુક્રમે તે જ વ્યવસાય હતો. તેથી ઉમાજી, રામોશી જાતિમાં જન્મીને લૂંટારો થયો, કિંવા ધાડપાડુનો અને ચોરીઓ કરવાનો વ્યવસાય કરવા લાગ્યો તેમાં આશ્ચર્ય જ નથી! અને તે માટે તેને કોઈ વિશેષ દોષ દેશે

એવું જણાતું નથી. અન્ય જાતિનો મનુષ્ય જો રામોશીનું કિંવા ઢેડનું કામ કરે તો તે કૃત્ય માટે તે મનુષ્ય જેટલો દોષપાત્ર થાય છે તેટલો રામોશી કિંવા ઢેડ થઈ શકતો નથી. ઉમાજીએ પોતાનો વંશપરંપરાનો વ્યવસાય સ્વિકાર્યો તેમાં યશ પ્રાપ્ત કરવા જેવો તે સમય અનુકૂળ ન હતો. એ વ્યવસાયમાં તેને હાથે અનેક અત્યાચારો થયા હતા. "કાળની પ્રતિકૂળતાથી તે જો કોઈ મરાઠી રાજ્યમાં એકાદ શૂરવીર સરદાર થયો હોત તો તે મરાઠી રાજ્ય લય પામ્યા પછી તેણે એવો ધંધો સ્વિકાર્યો હોવાથી લૂંટારો અને બળવાખોર ઠર્યો હોત એવું પાછળ લૅ. મૅકિનટોશ સાહેબે તેના સંબંધી લખ્યું છે તે અક્ષરશઃ સત્ય છે. ઉમાજી પહેલાં એક સો વર્ષ અગાઉ શાહુ મહારાજ દક્ષિણમાં સ્વરાજની ગાદી પ્રાપ્ત કરવા આવ્યા અને તેમના પક્ષના તથા તારાબાઇના પક્ષના લોકો વચ્ચે કેટલાક વર્ષ પર્યંત ઝટાપટી ચાલી હતી. તે સમયે દમાજી થોરાત, શહાજી નિંબાળકર, ઉદાજી ચવ્હાણ, અને કૃષ્ણરાવ ખટાવકર; એ સર્વેએ પોતપોતાના ટાપુમાં ઉમાજીની પેઠે જ મનુષ્યો એકત્ર કરી તોફાન મચાવી મૂક્યું હતું. એ લોકો ઉપર શાહુ મહારાજે ધીમે ધીમે સ્વારીઓ કરી અને તેમનું તોફાન બંધ પાડ્યું હતું. તેમાં જેઓ શાહુ મહારાજને શરણે આવ્યા, તેને તેમણે ઇનામો, જાગિરો અને પદ્ધિઓ વગરે આપી તેમના શૌર્યનું ગૌરવ કર્યું અને તેમને સરદારો બનાવી પોતાના દરબારમાં રાખ્યા હતા. એક સમયે એક મનુષ્યમાં જે સર્વોત્કૃષ્ટ ગુણ હોય છે તે ગુણ અન્ય યુગમાં મ્હોટો અવગુણ માનવામાં આવે છે. અને કાળ–માન પ્રમાણે તેને તે માટે થોડી ઘણી શિક્ષા પણ થાય છે, કોઈ પ્રસંગે તેને ગળે ફાંસી પણ લાગે છે. ઉમાજીના ગુણની એવી જ સ્થિતિ થઇ છે. સમયના બદલાયલા રંગ પ્રમાણે જ્યારે તેના ગુણ અવગુણ ઠર્યા ત્યારે તેણે અવલંબન કરેલા માર્ગને માટે તેને દેહાંત પ્રાયશ્ચિતની શિક્ષા થઈ એ પણ યોગ્ય જ થયું છે. એ દોષ તેના શિક્ષા દેનારનો નથી અને તે ભોગવનારનો પણ નથી. માત્ર કાળની પ્રતિકૂળતાનો જ દોષ છે ! કાળ, સમય અને પરિસ્થિતિ જાણી લઇને જો કોઈ મનુષ્ય કોઇ મહત્ કૃત્ય કરવાનું સાહસ કરે છે તો તેને ગાંડપણ અને અવિચારનું વિશેષણ આપવામાં આવે છે. ઉમાજીએ આડો માર્ગ ગ્રહણ કરેલો હોવાથી તેને હાથે

અત્યાચારો થયા અને તેમ થવાથી તેને કાળ–માન પ્રમાણે શિક્ષા થઈ અને તેમ થવું જ જોઇતું હતું. અત્યાચાર કરવા માટે શિક્ષા નહિ કરવાનું કોઈ કહેતું નથી અને કોઈ કહી શકશે પણ નહિ. કદાચ કોઈ તેમ કહે તો તેને ગાંડામાં ઠરાવ્યા શિવાય કોઇ રહેશે નહિ. ઉમાજીએ સ્વિકારેલા એક માર્ગને માટે તેને "લુંટારાનો નાયક" એવી પદવિ અને "ફાંસીની શિક્ષા" તેને બક્ષિસ મળ્યાં છે, પરંતુ તેણે પોતાના વંશપરંપરાથી ચાલતા આવેલા વ્યવસાયમાં પ્રમાણિકપણું, સજ્જનપણું અને ઉદારપણાનું જે વર્તન અંતપર્યંત ધારણ કર્યું હતું તેને યોગ્ય હોય એવી તેને કંઇક બક્ષિસ પણ મળવી જોઇતી હતી એવી અમારી ધારણા છે.

ઉમાજી ઉપર તેણે એ વખત કંપની સરકાર વિરૂદ્ધ તોફાન ઉભું કરવાનો અને તેમની નોકરીમાં હોવા છતાં તેણે પોતાના મળતીયાઓ દ્વારા ચોરી, લૂંટ વગેરે કરાવી પ્રજાજનોને ત્રાસ આપવાનો, એવા બે આરોપ તેના ઉપર આવવાનો સંભવ છે. ઉમાજી એ પ્રથમથી જ અક્ષરશત્રુ હતો. પાછળથી તે થોડું ઘણું લખતાં વાંચતાં શિખ્યો એ જુદી વાત ! પુરંદર કિલ્લા સંબંધી તેના પૂર્વજોને કંઇક વતન–હક્ક મળ્યા હતા. તે હક્ક પેશ્વાઈ વખતે અને તે પછીથી ડૂબી ગયા. મહારાષ્ટ્રમાં પ્રત્યેક મનુષ્ય પોતાના વંશપરંપરાનાં વતન–હક્ક અને ઇનામને માટે કેટલો આગ્રહી હોય છે અને તે હાથમાંથી નહિ જવા દેવા માટે, કેટલી જીવતોડ ધમપછાડ કરે છે, તે વતનનું તેને કેવું અભિમાન હોય છે, તે માટે વતનદાર લોકોમાં કેવી જાદવાસ્થળી મચી રહે છે, અને તે માટે અનેક કુટુંબોમાં પરંપરાનાં વતનો પ્રમાણે જ પરંપરાથી વૈર અને કલહ કેવો ચાલતો આવે છે તે મહારાષ્ટ્રના વતનદાર અને ઇનામદાર લોકોને કહેવાની આવશ્યકતા નથી. કવિવર્ય મોરોપંતે વતનદાર માટે અને તે સંબંધી તેના અભિમાનને માટે કહ્યું કેઃ "વૃત્તિપરા જેવિં સોસવતા નાંહી." અર્થાત્ જેમ વૃત્તિપરા મનુષ્યને પોતાના વતનનો અતિશય શૉખ હોય છે તેજ પ્રમાણે મ્હને સુરસ ગ્રન્થોનો શૉખ સદૈવ રહેજો." વતનદારોને પોતાના વતન માટે કેટલો બધો શૉખ કિંવા તૃષ્ણા હોય છે તેનું કારણ તે કવિએ કહ્યું છે કેઃ "કીં વૃત્તિમાન્

પુરૂષ જે ત્યાંસિ ધડે દાન યજ્ઞ, તપકર્મ, ।। ખુડતાં વૃત્તિ બુડે જન, જોડાવા વ્યાકુળે કશાધર્મ. ।। ૧ ।। જ્યાં વૃત્તિ અથવા વતન હોય છે ત્યાં જ સર્વ ધર્મ હોય છે. તે ગયા પછી સર્વ ધર્મ નષ્ટ થાય છે. એવી જે દેશમાં પ્રત્યેક વતનદારની દ્રઢ સમજણુ છે તે દેશના વતનદારોએ પોતાના વતનને માટે રાજદરબારમાં માત્ર કાગળના ઘોડા નચાવવા કરતાં બુદ્ધિને જોરે થોડું તોફાન કર્યું તો તેમાં નવાઇ શી? ઉમાજીનાં પ્રથમનાં પચીશ વર્ષનો—૭—ગદ્ધા પચીશીનો—સમય એટલે ધામધુમ કરવાને અને તરવાર ચલાવવાને જ હતો. તેણે જે તોફાન ઉભું કર્યું તે મુખ્યતઃ પોતાના વતન હક્ક પાછા મેળવવા માટે કર્યું હતું. તે સંબંધીના તામ્રપટને તે પોતાના જીવની પેઠે સાચવી રાખતો હતો. "મ્હારો સર્વ ખજાનો અને મ્હારી સંપત્તિ મ્હારા વતન હક્કમાં અને તે સંબંધીના મ્હારી પાસેના તામ્રપટમાં અને ઇનામ પત્રમાં ભરેલી છે," એવું મૅકિનટોશ સાહેબે, ઉમાજીને તેની પાસે કેટલા પૈસા છે? એ સંબંધી પ્રશ્ન કર્યો ત્યારે તેણે સ્પષ્ટ ઉત્તર આપ્યો હતો. એ ઉપરથી તેને પોતાના વતન—હક્ક માટે કેટલું અભિમાન હતું તે સ્પષ્ટ જણાઈ આવે છે. તેમાં પણુ તે અશિક્ષિત એટલે અક્ષર શત્રુ, કડવા સ્વભાવનો, શૂરવીર, જંગલના વાઘની પેઠે સ્વેચ્છાપૂર્વક વિહાર કરનાર, અને કર્તવ્યનિષ્ઠ હોવાથી પોતાની ઇચ્છા પ્રમાણે કામ થતું નથી અને તે કરવા માટે તોફાન કર્યા શિવાય છુટકો નથી એવી તેને મૂર્ખતા ભરેલી ધારણા થયા પછી તે એકદમ ઉશ્કેરાઈ ગયો અને તત્પર થયો. એ ઉપરથી તેના ઉપર કેટલા પ્રમાણમાં દોષારોપ થઈ શકે તેનું તોલ વાંચકોએ જ કરી લેવું. એક વખત જેની નોકરી સ્વિકારી અને જેનું સ્વામિત્વ કબૂલ કર્યું તે પછી કાંતો છત્રપતિનું હો કે પેશ્વાનું હો, કિંવા કંપની સરકારનું હો, પણ તેમની સાથે પ્રમાણિકપણે વર્તવું એ જ મુખ્ય ધર્મ કહેવાય. તે પ્રમાણે નહિ વર્તવું એ એક પ્રકારનો અધર્મ, અને અપરાધ કરવા જેવું જ કહેવાય. પ્રથમ સ્વામિત્વ કબૂલ કર્યા પછી અપ્રમાણિકપણે વર્તવા કરતાં તે પ્રથમથી જ કબૂલ ના કરવું એ જ સારૂં. તેમ થાય તો કોઈ કોઇને વિશેષ દોષ દે નહિ. એમ થાય તો કદાચ તેના પર અવિચારનો દોષ આવે એટલું જ. ઉમાજી એ કંપની સરકારની

નોકરીમાં હતો તે સમયે તેણે જે તોફાન ચાલુ રાખ્યું હતું તેને માટે તે નિઃસંશય દોષપાત્ર છે. પરંતુ તે પહેલાં તેનો જે જાતિ વ્યવસાય હતો અને જે તેણે પ્રથમથી જ અવલંબન કર્યો હતો તે છોડી ઉમાજી પોતાની મેળે જ કંપની સરકારની નોકરીમાં રહ્યો કિંવા તેની તથા પોતાની કર્તૃત્વ શક્તિ જાણી લઇને, રાજનીતિને ધોરણે તેને નોકર થવાની ફરજ પાડી એ સંબંધી પ્રથમ અવલોકન કરવું જોઇએ.

ઇ. સ. ૧૮૧૮ માં મરાઠી રાજ્ય લય પામી મહારાષ્ટ્રમાં કંપની સરકારનું રાજ્ય અમલમાં આવ્યું. તે શરૂ થતાં તુર્ત જ ચારે દિશામાં તદ્દન જૂદી જ સ્થિતિ જણાવા લાગી હોય એવું થયુ નહોતું. તે અમલ પછી આસરે દશબાર વર્ષ મહારાષ્ટ્રમાં ગડબડનો જ સમય હતો. એ ધામધૂમના સમયમાં કોળી, રામોશી વગેરે લોકોએ જે તોફાનો મચવ્યાં હતાં તેમાંનો જ ઉમાજી પણ એક હતો. કંપની સરકારને સર્વ દેશની વ્યવસ્થા રાખવાનું દુર્ઘટ કામ પ્રથમ કરવાનું હોવાથી તેને એ લોકોનાં તોફાન તરફ વિશેષ લક્ષ્ય આપવાનો અવકાશ મળ્યો નહિ, અને એ સંબંધી સરકારે જે કાંઇ થોડો ઘણો યત્ન કર્યો તેમાં તેમને યશ પ્રાપ્ત થયો નહિ. અંતે તેમને એવા લૂંટારા, બંડખોર, તોફાની મનુષ્યો ઉપર સામોપચારના જ ઉપાયો યોજવા પડયા. રાજનીતિને ધોરણે તેવા જ ઉપાયો તેમણે રામોશી લોકો માટે યોજીને સરકારે દેશમાં શાંતતા સ્થાપન કરવાનો પ્રયત્ન કર્યો હતો, અર્થાત્ કંપની સરકારે ઉમાજી વગેરે બંડખોર નાયક લોકોને તેમના શૌર્યનું, પરાક્રમનું, અને કર્તવ્યનિષ્ઠાનું (જમીન,* ગામ વગેરે ઇનામો આપીને) ગૌરવ કર્યું અને તેમને માન આપીને પોતાના આશ્રય નીચે લીધા.

---

* Under the leading of one Umajee they were (Ramoshies) so enterprising and successful that in 1827, as they could not be put down their crimes were pardoned, they were taken into Pay employed as hill-police and enriched with land grants.

—*Poona Gazetter Vol. II p. 307.*

તે લોકો પ્રથમથી પોતાની મેળે તેની પાસે આશ્રયને માટે ગયા ન હતા. પ્રાહુણાએ, માન અને આદર સત્કારપૂર્વક કેટલો પ્રાહુણાચાર ભોગવવો તે પ્રાહુણાની ઇચ્છા ઉપર હોય છે. ગૃહસ્થ પોતાના પ્રાહુણાને અંતે ઘરમાંથી ચાલ્યા જવાનું કહે ત્યાં સુધી કિંવા તે તેને હાથ ઝાલીને ઘર બહાર કાઢી મૂકે ત્યાં સુધી પ્રાહુણાએ નફટ થવું કિંવા પ્રાહુણાચાર ચાખવો એ વાત નીતિ સંમત નથી! તેની ઇચ્છામાં આવે ત્યારે તે ગૃહસ્થની પાસેથી રજા લઈ શકે છે. તે વ્હેલો ચાલ્યો જાય તો તે માટે ઘર ધણી–ગૃહસ્થ–તેને પૂછી શકે નહિ. એવો જ બનાવ ઉમાજીને કંપની સરકારની નોકરીમાં રહેવા સંબંધી બન્યો. તે સમયે રામોશી લોકોનાં ન્હાના મ્હોટાં તોફાન સમાવવાનો અવકાશ નહિ હોવાથી કંપનીના અધિકારીઓએ બુદ્ધિ ચલાવી, ઉમાજીને ઇનામ વગેરે આપીને અને તેનાં માણસોને નોકરીમાં રાખી લઇને તેની સાથે સલાહ કરી. ઉમાજી પોતાની ઇચ્છાથી, લોભથી કિંવા પદવિ અથવા હોદ્દાની આશાથી તેની પાસે ગયો નહતો. ઉલટું એક બે સરતો કરી તેને નોકરીમાં રાખવાની તજવીજ થઈ તે સમયે તેણે અમલદારોને પોતાની નાખુશી બતાવી હતી. અંતે તેને પૂર્ણ રીતે પોતાનો કરી લેવા માટે પાછળથી સમય ઉપર લક્ષ્ય આપીને અધિકારીઓએ તે બન્ને સરતો રદ કરી અને ઉમાજીના કહેવા પ્રમાણે કરવાનું કબૂલ કર્યું ત્યારે તેણે તે કાર્ય સ્વિકાર્યું. તે ઉપરથી તે સમયે તો ઉમાજીનો જ ઉદ્દેશ સિદ્ધ થવા જેવું થયું હતું. ભીયર યુદ્ધનો અંત એવા જ પ્રકારનો પણ તે મ્હોટા પ્રમાણ ઉપર થયો હતો. ઉમાજીએ કંપનીને ખુશી કરવા માટે જે થોડું ઘણું કામ સ્વિકાર્યું તે તેની ઇચ્છા હતી ત્યાં સુધી તેણે કર્યું. તેનાથી જ્યાં સુધી એ કાર્યનું વજન ઉપડયું ત્યાં સુધી તેણે ઉપાડયું. તેના ઉપર પ્રત્યેક વર્ષે સખ્ત નિયમનો ભાર પડતો ગયો તેમ તેમ કાર્યનું વજન તેને ભારે જણાયું. અંતે તે કાર્ય તેને બહુ જ અસહ્ય જણાયું ત્યારે સગવડ મળતાં જ તેણે તે કાર્ય જેનું તેને સોંપી દીધું, અને પોતાનું પુરંદરના જંગલમાંનું ઘર સંભાળી લીધું! જંગલમાંથી પકડી લાવી પિંજરામાં પૂરેલો એકાદ વાઘ, પિંજરાનું દ્વાર ઉઘાડું રહી જતાં ત્યાંથી નીકળી જંગલમાં ચાલ્યો જાય છે. ઇ. સ. ૧૮૨૬ થી ૧૮૩૦ પર્યંત ઉમાજી

કંપની સરકારની નોકરીમાં હતો. તેણે ત્રણ ચાર વર્ષ પર્યંત અનુભવ લીધા પછી તેને પોતાનો પૂર્વનો ત્રાસદાયક કાર્યક્રમ ઉત્તમ જણાયો તેથી તે અજ્ઞાને-મૂર્ખે પોતાની સુખની અને આનંદની નોકરીનો ત્યાગ કરી પુનઃ તે જ કાર્ય સ્વીકાર્યું! એ તેણે પોતાના સ્વાભાવિક સ્વભાવને લીધે જ કર્યું હતું. "**स्वभावो दुरति क्रमः**" એ ન્યાય પ્રમાણે તેણે જે કર્યું તે તેના મનથી યોગ્ય જ હતું, અને તેને માટે અંતે તેને જે બક્ષિસ મળ્યું તે પણ યોગ્ય જ થયું છે એમ કહેવું જ જોઇએ.

શ્રી શિવાજી છત્રપતિની પેઠે, ઉમાજીએ પોતાના સ્વતઃના કર્તવ્ય ઉપર, બુદ્ધિબળના જોર ઉપર, પોતાના શૌર્યના બળ ઉપર નવીન રાજ્ય સ્થાપવાની મહત્વાકાંક્ષા રાખી હોય તો તેમાં અપરાધ કયો અને કેટલો ? કર્તૃત્વવાન પુરૂપની ઇચ્છા, મહત્વાકાંક્ષા અને ધૈર્ય એ હમેશાં મ્હોટાં જ હોય છે. મ્હોટી ઇચ્છા રાખીને જ્યારે એકાદ કાર્ય હાથમાં લેવામાં આવે તો તેમાંથી કદાચ ન્હાનું ફળ પણ મળી આવે છે. હિમ્મતવાન અને સાહસિક પુરૂષોને તેમના સાહસ કર્મમાં યશ પ્રાપ્ત થાય છે તો તેઓ ઉચ્ચ પદવિએ પહોંચે છે, અને દુર્દૈવયોગે, સમયની લીલાને લીધે પ્રતિકૂળ સંજોગો મળતાં તેમને તે કાર્યમાં અપયશ મળ્યો તો પછી તેની અવિવેકી, અવિચારી, લૂંટારો, અને ધાડપાડુમાં ગણત્રી થાય છે! લૂંટફાટ કરનાર મનુષ્ય જ યશસ્વી થયો તો તે રાજા બને છે. એક અંગ્રેજી શાળા-પુસ્તકમાં લૂંટારો અને રાજાની વાત પ્રકટ થઈ છે તે સર્વના જાણવામાં હશે. તે વાર્તામાંના પ્રમાણિક લૂંટારા મનુષ્યની પેઠે "ઉમાજી"ને પ્રમાણિક લૂંટારો અને સદ્વર્તનશીલ બંડખોર કહેવાય કે નહિ? તે લૂંટારાએ જેમ રાજાસાથે પોતાની તૂલના કરીને જે પ્રમાણે બન્નેની સ્થિતિનું બરાબર એક સરખાપણું બતાવી તેની ખાત્રી કરી અને તેને પોતાનું કથન કબૂલ કરાવ્યું તેજ પ્રમાણે ઉમાજીએ પોતાના ગુણની લૅ. મૅકિનટોશ સાહેબની ખાત્રી કરી તેને પોતાની ખરી ઓળખાણ કરી આપી હતી, અને "હું બંડખોર લૂંટારો ખરો પરંતુ મ્હારામાં પ્રથમ પંક્તિના ઉત્તમ આગેવાનની યોગ્યતા છે." એવું તેણે તેમને મુખે કબૂલ કરાવ્યું. સમરાંગણમાં સ્હામે આવીને યુદ્ધ કરીને પોતાનું જે કાંઈ હતું તે પ્રાપ્ત કરવાની અને તે યોગે સર્વની પેઠે શ્રીમંત

થવાની તેની ઇચ્છા હતી. નાના,* રાઘુ ચવ્હાણ, તેના બે સાથીદાર કાળુ વગેરે રામોશીઓની પેઠે પોતાના અન્નદાતા સાથે અને મિત્રો સાથે દ્રોહ કરીને અને સ્હામા પક્ષમાં મળી જઇને દ્રોહ કરી ઉમાજીએ હજારો રૂપિયા વડે પોતાનું ઘર ભર્યું ન હતું કિંવા એકાદ જાગિર મેળવી પોતાની ભવિષ્યની ત્રણ પેઢીનું કલ્યાણ કરી લીધું નહોતું. એવી રીતે શ્રીમંત થઈ બેઠેલા મનુષ્યો મહારાષ્ટ્રમાં કંઇ થોડા નથી. ઉમાજીનું નામ જેમ "બંડખોર" તરીકે પ્રસિદ્ધ છે તે જ પ્રમાણે નાના અને કાળુનાં નામ પણ પ્રસિદ્ધ જ છે, પરંતુ તેમના મિત્રદ્રોહી જેવા દુર્ગુણને લીધે જેમ પ્રજાજનો નાકનું ટીચકું ચઢાવે છે અને અદ્યાપિ પર્યંત તિરસ્કાર દર્શાવે છે તેટલે દરજ્જે ઉમાજી નાયકને માટે કોઈ નાક મરોડતું નથી. માત્ર તેણે રાજા પ્રજાને નિરર્થક જે ત્રાસ આપ્યો તે માટે જ તેનો સર્વત્ર તિરસ્કાર થાય છે, એમ તો કહ્યા વિના ચાલશે નહિ જ.

ઉમાજીએ જે માર્ગ સ્વિકાર્યો હતો અને તેને હાથે તેના વ્યવસાયને લીધે જે દુષ્કૃત્યો થયાં હતાં તે માટે અમે તેને અભિવંદન આપીએ છીએ કિંવા તેનું કાર્ય અમને માન્ય છે, અને તેટલા માટે જ અમે તેનો કિંચિદ્ પણ પક્ષ કરીએ છીએ એવું વાંચક બંધુઓએ સમજવાનું નથી. તેના જીવન ક્રમનું આટલું લાંબુ અવલોકન કરવાનું કારણ એજ છે કેઃ મનુષ્ય કોઈ પણ જાતિમાં જન્મે અને ગમે તે વ્યવસાય પસંદ કરે પરંતુ તેમાં તેણે સત્યનિષ્ઠાથી, પ્રમાણિકપણે, સદ્‌વર્તન યુક્ત અને નિર્લોભીપણે વર્તવું જોઇએ. તેમ કરવાથી જ તેઓ જન સમાજનાં મન પોતાની તરફ ખેંચી શકે છે અને પોતાના સદ્‌ગુણને પ્રતાપે પોતાનું નામ ચિરસ્થાયી કરવા શક્તિમાન થાય છે. ઉમાજી જેવો હિંમતવાન, સાહસિક, નિર્વ્યસની લૂંટારો હતો તેવો જ તે નિર્લોભી, એક વચની, ઉદાર મનનો, સતશીલવાન, ધાર્મિક, નિષ્કપટી, વ્યવસ્થિત, અને યોગ્ય આગેવાન હતો. તેના એ સદ્‌ગુણને માટે પરકીય

* A Ramoshee named Nana, Raghu Chavan, who about 1831, had received £1000 Rs. 10,000 from Government, for the arrest of the great Ramooshee bandit Umajee Naik.

—*Poona Gazetteer, P. III p. 516.*

ગૃહસ્થ કૅપ્ટન મૅકિનટોશ સાહેબની જેમ ખાત્રી થઇ છે, તેજ પ્રમાણે તેનું આ ચરિત્ર વાંચનાર ગૃહસ્થોની થશે અને તેઓ ઉમાજીને માત્ર "બંડખોર" જ નહિ સમજતાં જો તેના અન્ય સદ્‌ગુણથી વિશેષ રીતે ઓળખશે તો લેખકના શ્રમનું સાર્થક્ય થશે, અર્થાત્ તેના દુર્ગુણનો ત્યાગ કરી તેના સદ્‌ગુણ ગ્રહણ કરશે તો લેખક વાંચકનો ઉદ્દેશ જળવાશે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ "ઉકરડે રત્ન પડયું હોય તો તે સાફ કરીને ગ્રહણ કરવું." તેમ નઠારા મનુષ્યમાં જો સારા ગુણો હોય તો તે અવશ્ય ગ્રહણ કરવા. એજ મનુષ્ય ધર્મ, એજ જીવન રહસ્ય, અને એજ અદ્રષ્ય આદેશ.

સંપૂર્ણ.

પરિશિષ્ટ अ.

Capt. Makintosh's Opinion About

UMAJEE NAIK.

"Oomiah was a person of very considerable ability can scarcely be doubted, for without talent and judgement, he could not have secured to himself the respect and terror of the population of the district. By his influence and conduct, he rendered himself very popular among the men of his own tribe, and a portion of the lower orders of the population. Many of the unemployed military admired him for his hospitality and respected him as a successful leader, while the numerous religious mendicants, and other needy persons who visited Sakoordy, were singing his praises in all directions for his charitable donations to themselves; for Vraggies (Byraggies) and Goossynes who visited the temple of Jejoory paid their respects to him and he invariably presented something to each of them, telling them at the same time that he bestowed all that his means could afford.

"To the Brahmans at Jejoory he made an allowance of five rupees a month, which he punctually sent to them on receiving his pay."

He has frequently been seen to take part of his own wearing apparel or that of his wife's that might be near him, and cast it to some poor and needy creature. Although a reckless and a hardened robber, he had little pleasure in accumulating money, and his wife often remonstrated with him in vain on the subject of his prodigality. His character as a husband was peculiarly correct. He set his face against all licentious conduct. On this account he had a serious quarrel with his elder brother.

I may observe here, (as it is on record) that it was the opinion of the inhabitants of the country that 'Oomiah aspired to empire, and that he kept in view the conduct and line of proceedings pursued by Sewajee the founder of the Maratha State; however times and circumstances were very different. He was a man of low caste, but he possessed much shrewdness, intelligence, and activity and would have proved a most useful partisan to native Government during a period of discontent and confusion.

He has proved, that he possessed the art of warmly attaching his followers to him. It caused them great anxiety and incessant wakefulness to guard against surprise by the troops; as the prisoners always alluded to the distress they suffered, but being naturally a hardy race, they became reconciled to the hardships and dangers that had been thus forced on them. He knew when it was necessary to check their natural impetuosity, or to cheer their flagging spirits. He appears himself, amidst the perils and difficulties by which he was surrounded during the late disturbance, to have displayed great patience, a steady perseverance, with unshaken fortitude. He prided himself much on the dexterity and address with which he always managed his Gang; and

baffled our efforts to seize him. He remarked one day, that his character in this respect was well known at Calcutta and over all Hindoostan, as well as in England.

He freqnently declared that he never would have been caught had it not been for the deception practised on him by Kalloo and Nana.

Capt. **MAEKINTOSH.**

અગત્યની સૂચના:-

૧. હવે પછીનું **પાંચમું પુસ્તક** આશરે પંદર વિશ દિવસે પ્રકટ **થશે.**

૨. અમદાવાદના કેટલાક એજન્ટો દ્વારા ગ્રાહક થનાર સજ્જનોને અસંતોષ મળ્યો છે એવું અમારા જાણવામાં આવ્યું છે, માટે એજન્ટો દ્વારા જેઓને ગ્રાહકમાં ન રહેવું હોય તેમણે પોતાના એજન્ટના નામ સાથે અમારે ત્યાં પરભાર્યા ગ્રાહક થવું, જેથી તેઓને પુસ્તકો અમારા માણસદ્વારા કે પોષ્ટદ્વારા મોકલાશે.

૩. લવાજમ માટે મનીઑર્ડર મોકલનારે લવાજમ ઉપરાંત ૦-૧-૦ વધુ મોકલવો, જેથી તેમને પુસ્તકો અનરજીષ્ટર્ડ બુકપોષ્ટથી મોકલાશે.

૪. હિંદુસ્તાનનાં ગ્રાહકોને માટે **કાચા પૂઠાના** રૂ. ૨-૦-૦ અને પાંચ સોનેરી અથવા રૂપેરી નામો સાથેના **પાકા પૂંઠાના** રૂ. ૩-૦-૦ વી. પી. ખર્ચ એક આનો વધુ છે. **આફ્રિકાના** ગ્રાહક માટે **કાચા પૂંઠાના** રૂ. ૨-૧૦-૦ તથા **પાકા પૂંઠાંના** રૂ. ૪-૦-૦ છે. કેટલાક ગ્રાહકોએ ઓછું લવાજમ મોકલ્યું છે તેમણે બીજા પૈસા વધારે મોકલવા. અને **ત્રીજા વર્ષનું લવાજમ** પણ તુરત મોકલવું.

૫. ઠેકાણું બદલાતાં તુરતજ ખબર આપવી. અમારે ત્યાંથી દરેક પુસ્તકો ચોકસાઇથી પોષ્ટ થાય છે. ગ્રાહકોએ પૂરૂં નામ, ગામ, પોષ્ટ, જીલ્લો સ્પષ્ટ અક્ષરે લખવું. **પત્રવ્યવહારમાં રજીષ્ટર નંબર અવશ્ય** લખવો, નહિ તો જવાબ મળશે નહિ.

૬. જવાબ માટે રીપ્લાઈ કાર્ડ કે ટીકીટ મોકલવી.

મેનજર-સસ્તી વાર્તામાળા.

ટુંકી વાર્તાઓ.

જ ન્તની સ્વામિભક્તિ.

૧.

આજે જગતમાં સ્વામિભક્તિનો મહિમા ઓછો થતો જાય છે. જરા જરા વારમાં સ્વામિદ્રોહી નોકરો જણાઈ આવે છે. પરંતુ એક વખત જેનું નિમક ખાધું, એક વખત જેણે ન્હાનેથી મોટા કર્યા, એક વખત જેણે જનાવરમાંથી માણસ બનાવ્યા, એક વખત જેણે પુત્રની પેઠે પ્યાર કરી પાલનપોષણ કર્યું અને એક વખત જેણે આપણને જગતમાં માન-ગૌરવ વધારી ઓળખાવ્યા તેના તરફ દ્રોહ કરવો, એના જેવું મહા પાપ-કહો કે મહા અધમ કામ બીજું કયું હોઇ શકે? સ્વામિભક્તોનો સર્વત્ર જય થાય છે. એ આજની આ ન્હાનકડી ઐતિહાસિક વાર્તામાં બતાવી આપવામાં આવશે. પોતાના સ્વામિનું નિમક ખાનારાઓ તે ઉપરથી જોઇ શકશે કે સ્વામિભક્તિનો મહિમા કેવો ગવાય છે? સ્વામિભક્તિથી ઇશ્વિર કેટલા પ્રસન્ન રહે છે? અને જગત્ ત્હેને કેવી રીત પૂજે છે?

સ્યામ (સીઆમ) દેશનો રાજા ઘણા દિવસથી રોગી હતો. ત્હેને જ્યારે પોતાનું મરણ નજીક આવતું જણાયું ત્યારે તેણે પોતાના સ્વામિભક્ત જયન્તને પોતાની પાસે બોલાવી કહ્યું: " ત્હને સારી પેઠે ખબર છે કે હવે મ્હારા જીવનનો અન્ત નજીક આવી પહોંચ્યો છે. આ વખતે ત્હારૂં કર્તવ્ય છે કે ત્હારે મ્હારી બે ઇચ્છાઓ પૂર્ણ કરવાની પ્રતિજ્ઞા લેવી, જેથી હું સુખેથી પ્રાણ ત્યાગ કરૂં, તેમજ મરણ પછી મ્હારા આત્માને શાંતિ મળે."

સેવક જયન્તે પોતાના સ્વામિ આગળ બે હાથ જોડીને કહ્યું કે: " પ્રભુ! આપે મ્હને ન્હાનપણથી પુત્રની પેઠે પાળ્યો છે, અને બીજા નોકરોની પેઠે મ્હારા ઉપર પણ અધિક કૃપા કરી છે, તેથી આપ ખાત્રી રાખશો કે જેમ હાલ હું આપની આજ્ઞા પાળું છું તે પ્રમાણે આપની ગેરહાજરીમાં પણ પાળીશ."

રાજાએ કહ્યું: "મ્હારી એક ઇચ્છા તો એવી છે કે મ્હારા પુત્રની સોબત ત્હારે કદી પણ છોડવી નહિ અને હમેશાં ત્હેનું રક્ષણ કરતા રહેવું કારણ કે તે હજુ અજ્ઞાન બાળક છે. ત્હેને સંસારમાં સારા નઠારાનો તેમજ સુખ-દુ:ખનો અનુભવ નથી. બીજી ઇચ્છા એવી છે કે આ મહેલમાં જેટલા ઓરડા અને ઓરડીઓ છે તે સર્વ ત્હેને બતાવી દેવાં. કારણ કે એ બધાનો ભેદ હું ત્હને બતાવી ચૂક્યો છું. પરંતુ યાદ રાખજે કે જે ઓરડીમાં ચીન દેશની રાજકુમારીની પ્રતિમા છે તે ઓરડીમાં એ જઇ શકે નહિ. કદાચ તે એ ઓરડીમાં જશે અને રાજકુમારીની પ્રતિમા જોશે તો તેનું ચિત્ત વિહ્વળ થશે, અને તેમ થવાથી વખતે મ્હોટી વિપદ્‌માં પડશે."

જયન્તે રાજાના આ શબ્દો સાંભળીને રડતાં રડતાં જ કહ્યું: "પ્રભુ ! આપ એ બાબતની તદ્દન ખાત્રી રાખશો. આપ મનમાં જરા પણ દુ:ખી થશો નહિ ! હમણાં જેમ આપની સેવા કરૂં છું તેજ પ્રમાણે હમેશાં રાજકુમારની સેવા કરતો રહીશ, એ મ્હારી સત્ય પ્રતિજ્ઞા છે. આપ ખાત્રી રાખશો કે રાજકુમારની સેવા કરતાં મ્હારા પ્રાણ આપવા પડશે તો હું તેમ પણ કરીશ. આપની ઇચ્છા પ્રમાણે વર્તવાની હું પુનઃ પ્રતિજ્ઞા લઉં છું. રાજકુમારને રાજકુમારીની પ્રતિમાવાળી ઓરડી કદી પણ બતાવીશ નહિ !"

રાજાએ કહ્યું: મ્હને ત્હારા તરફથી એવો જ ઉત્તર મળવાની આશા હતી. હવે હું સુખેથી પ્રાણ ત્યાગ કરી શકીશ.

એક દિવસ રાજાનો દેહાન્ત થઇ ગયો. રાજાના મરણ પછી દેશના રિવાજ પ્રમાણે રાજકુમારને ગાદી ઉપર બેસાડવામાં આવ્યો. રાજકુમાર રાજા કહેવાવા લાગ્યો. જયન્તે પોતાના સ્વર્ગવાસી રાજાની ઇચ્છાનુસાર મહેલના સર્વ ઓરડાઓ અને ઓરડીઓ તેને બતાવી, તથા તેનો ભેદ પણ બતાવી આપ્યો, પરંતુ એક જ ઓરડી બતાવી નહિ. તે ઓરડીમાં ચીનની રાજકુમારીની પ્રતિમા હતી.

૨.

ઘણા દિવસો ચાલ્યા ગયા. જયન્ત હમેશાં પોતાના રાજાની પાસે ને પાસે જ રહેતો. તેથી રાજકુમાર કોઇ પણ પ્રકારની આફતમાં આવતાં બચી જતો. ગમે તેવાં વિઘ્નો આવતાં જયન્ત તેમાંથી તેને બચાવી લેતો. ધીમે

ધીમે રાજકુમારને યુવાવસ્થા પ્રાપ્ત થઈ. તે પોતાના રાજનું કામ પોતાની જાતે તપાસવા લાગ્યો.

એક દિવસ રાજકુમાર ફરતો ફરતો મેહેલની પેલી એક અજાણી ઓરડી આગળથી પસાર થતો હતો. જયન્ત તેની સાથે જ હતો. રાજકુમારે ત્હેને પુછ્યું: "આ ઓરડીને હમેશાં તાળુ કેમ રહે છે? ત્હેં મ્હને એ ઓરડી હજુ સુધી કેમ બતાવી નહિ? એ ઓરડીનો ભેદ પણ કેમ બતાવ્યો નથી! એને ઉઘાડ, એમાં શું છે તે જોઇએ."

જયન્ત ચતુર હતો. તેણે ઉત્તર આપ્યો: "મહારાજ, એ તો તદન સાધારણ ઓરડી છે. એમાં કોઇ જોવા લાયક વસ્તુ નથી."

યુવાન રાજકુમારે જયન્તના મુખ ઉપરથી જોઇ લીધું કે: તે મારી વાતને ઉડાવે છે! તેણે કહ્યું: "જ્યારે એમાં કાંઇ નથી ત્યારે એને ઉઘાડવા માટે આનાકાની કેમ કરે છે?"

છેવટે જયન્તે કહ્યું કે: "આપના પિતાની ઇચ્છાનુસાર, એ ઓરડી આપને નહિ બતાવવાની મ્હેં પ્રતિજ્ઞા લીધી છે. તેથી આપની આજ્ઞા પાળવા અસમર્થ છું. આપ ક્ષમા કરશો."

રાજકુમારે દિલગીર થતાં કહ્યું: "તમે મ્હારા પિતાની આજ્ઞા પ્રમાણે ન ઉઘાડી શકતા હો તો ચિન્તા નહિ. મ્હને કુંચી આપો. હું તે ઉઘાડીશ."

જયન્તે નમ્રતાપૂર્વક કહ્યું: "મહારાજ! વડિલોની આજ્ઞાથી વિરૂદ્ધ કોઇ કામ કરવું જોઇએ નહિ. તેમ કરવાથી હમેશાં દુઃખ થાય છે. આપ આ ઓરડી ઉઘાડવાની અને જોવાની હઠ કરશો તો અવશ્ય આપને પસ્તાવું પડશે."

રાજકુમારને જયન્તની હિતકર વાત સારી લાગી નહિ. તેને ઉલટો વધારે ગુસ્સો ચઢ્યો. તેણે રાતાં નેત્ર કરીને મ્હોટી ગર્જના કરતાં કહ્યું: "હું આજ્ઞા કરૂં છું કે તુરત જ આ ઓરડીને તમે ઉઘાડો. નહિ તો હમણાં જ મ્હારી તલવાર ત્હમને ત્હેનું ફળ ચખાડશે."

રાજકુમારના આવા શબ્દો સાંભળતાં જ જયન્તની ખાત્રી થઈ કે: હવે આ પિડા કોઈ રીતે ઓછી થવાની નથી. ઘણો વિચાર કરવા છતાં

પણ જયન્તને જ્યારે બીજો કોઇ ઉપાય સૂઝ્યો નહિ ત્યારે ત્હેણે ઉતરેલે ચ્હેરે ઓરડીનું તાળું ઉઘાડી દીધું, અને ઉતાવળે અંદર પેસી ગયો. તેની ઇચ્છા એવી હતી કે રાજકુમારીની છબી કાંઇક સંતાડી દેવી. જેથી રાજકુમારની નજર તેના ઉપર પડે નહિ પણ તે બિચારાની તે ઇચ્છા નિષ્ફળ ગઈ. રાજકુમારે પણ તુરત જ ત્હેની સાથે પ્રવેશ કર્યો. રાજકુમારની દ્રષ્ટિ રાજકુમારીની છબી ઉપર પડતાં જ તે અચેતન થઇને પૃથ્વી ઉપર પડી ગયો !

જયન્ત ગભરાયો. ત્હેણે બીજા નોકરોને બોલાવ્યા અને રાજકુમારને બીજા મહાલયમાં લઈ ગયો. ઓરડીને તાળું મારી દીધું.

૩.

રાજકુમાર બેભાન અવસ્થામાં પડયો હતો. ઘણા ઉપચારો કર્યા ત્યારે તેને ચૈતન્ય આવ્યું. તેણે આંખો ઉઘાડી. જ્યારે ત્હેનામાં બોલવાની શક્તિ આવી ત્યારે તે દિલગીર થતો રડવા લાગ્યો. જયન્તે તેની સાથે વાતચિત કરવાની ઘણી કોશિષ કરી પણ વ્યર્થ ! તે કાંઇ ઉત્તર આપી શકયો નહિ. તે એક ખૂણામાં જઇ, વ્યાકુળ થઈ, રડવા જ લાગ્યો. તેને જોઈ જયન્તને બહુ ચિન્તા થઈ; વખતે તે ગાંડો ના થઈ જાય ? તેણે રાજકુમારને ઘણું સમજાવ્યો અને કહ્યું કેઃ "આપ ધૈર્ય રાખો. નિરાશ થવાની જરૂર નથી. આપની ઇચ્છા પરિપૂર્ણ કરવાને હું બનતો યત્ન કરીશ."

ઘણી સમજાવટ પછી રાજકુમારને કંઇક ધૈર્ય આવ્યું. તેણે જયન્તને કહ્યું કેઃ "તમે મારા પિતા તુલ્ય છો. ત્હમારા સિવાય બીજા કોઈ ઉપર મ્હને વિશ્વાસ નથી. ઓરડીમાં મેં જેની છબી જોઈ છે, તેની સાથે મારૂં લગ્ન થશે તો જ મ્હારા પ્રાણ બચશે."

જયન્તે પણ ધીરજ આપતાં કહ્યુંઃ "આપ ગભરાશો નહિ. ચિન્તા કરશો નહિ. આપનું કલ્યાણ થાય તેને માટે હું તન, મન અને ધનથી યત્ન કરીશ. આપે જેની છબી જોઈ છે તે ચીન દેશની રાજકુમારી છે. આપના પિતાને અને ચીનના રાજાને ઘણા લાંબા વખતનું વૈર છે. તેથી જ ત્હેમણે ચીનના રાજા સાથે સંબંધ બાંધવાનું અનુચિત ધાર્યું હતું, અને તેથી જ ત્હેમણે મ્હને પ્રતિજ્ઞા કરાવી હતી કે એ ઓરડી આપને બતાવવી નહિ."

રાજકુમારે અતિશય નમ્રતાથી કહ્યું કે: "જો તમે કોઇ પણ ઉપાય કરીને એ રાજકુમારીને લઇ આવો અને મારૂં લગ્ન કરાવી આપો તો હું જીવન પર્યંત આપનો ઉપકાર માનીશ."

જયન્તે પણ કહ્યું કે: "મહારાજ ! આપ નિશ્ચિંત રહો. હું કોઇ પણ યત્ને એજ રાજકુમારીને અહિં લઈ આવીશ, અને તેની સાથે આપનાં લગ્ન કરાવી આપીશ."

જયન્તે આવી પ્રતિજ્ઞા કરી ત્યારથી રાજકુમારનું ચિત્ત કંઇક ઠેકાણે તો આવ્યું પરંતુ રાજદરબારી કામો કરવામાં ચિત્ત ચોંટતુ નહિ. વારંવાર તે ઉદાસ થઈ જતો. ત્હેની નજર સ્હામે ચીનની રાજકુમારી જ જણાયા કરતી. વારંવાર તે ત્હેનું જ ધ્યાન ધરતો, અને ત્હેનાંજ સ્વપ્નાં જોયાં કરતો હતો.

૪.

જયન્તે એક ગુપ્ત જાસૂસ મોકલીને ચીનની સર્વ ગુપ્ત વાતો જાણી લીધી. ગુપ્ત જાસૂસ દ્વારા એ પણ જાણી લીધું કે ચીનની રાજકુમારી કઇ કઇ વસ્તુઓવડે પ્રસન્ન થાય છે, અને કયા કયા પદાર્થો ત્હેને વિશેષ રૂપે પ્રસન્ન પડે છે.

આ બધી વાતો જાણી લીધા પછી ત્હેણે ચીન તરફ મુસાફરી કરવાનો બન્દોબસ્ત કર્યો. પ્રથમ ત્હેણે એક સુંદર અને ઝડપથી ચાલનારૂં વહાણ તૈયાર કરાવ્યું. ત્યાર પછી તેણે ચીન દેશની પ્રજાને પસંદવડે એવી જૂદી જૂદી વસ્તુઓ એકઠી કરી. ત્યાર પછી પાંચ મણ સોનું ગળાવીને નાના પ્રકારના અલંકારો અને રમકડાં તૈયાર કરાવ્યાં. તેણે જાણી લીધું હતું કે ચીનની રાજકુમારી આ બધી વસ્તુઓને જોઇ અવશ્ય પ્રસન્ન થશે. જ્યારે વહાણમાં સર્વ માલ તથા અલંકારો, રમકડાં વગેરે ભરાઇ ગયું ત્યારે જયન્તે, રાજકુમાર તેમજ બીજા રાજ કર્મચારીઓને સાથે લઇ વહાણમાં પ્રયાણ કર્યું. પવન સારો આવતો હોવાથી થોડા દિવસમાં જ સર્વે ચીન પહોંચી ગયા. તે વખતે ચીનની રાજધાની સમુદ્રના કિનારા ઉપર હતી.

જયન્તે સર્વે માણસોને વહાણ ઉપર જ રહેવા દીધાં. પોતે થોડાક રત્નજડિત અલંકારો તથા રમકડાં લઇને નગર તરફ ગયો. આમ તેમ

ફરતાં ફરતાં રાજમેહેલના દરવાજા આગળ ગયો. જયન્તે પોતાને એક મ્હોટા વેપારીનો નોકર જણાવ્યો. અને એક દાસી સાથે અંતઃપૂરમાં સંદેશો કહાવ્યો કે મ્હારા શેઠ પાસે તરેહ તરેહનાં રત્ન, માણિક્ય જડેલા અલંકારો તથા સુંદર રમકડાં વેચવાનાં છે. તે રાજાઓ જ ખરીદી શકે તેમ છે. જો આપ ખરિદશો તો મ્હારા ઉપર તેમજ મ્હારા શેઠ ઉપર મ્હોટી કૃપા થશે. દાસીને આવી સુચના આપવા સાથે જ થોડાક અલંકારો અને રમકડાં પણ તેણે જનાનખાનામાં મોકલાવ્યાં.

રાજકુમારી તે અલંકારો અને રમકડાં જોતાં જ ઘણી પ્રસન્ન થઇ. તેણે પોતે બહાર આવીને જયન્તને કહ્યું કેઃ "તમારા અલંકારો અને રમકડાં ઘણાં જ મનોહર છે. એ તો હું ખરીદી લઇશ પણ તમારા શેઠ પાસે બીજી જે કાંઇ વસ્તુઓ હશે તે પણ સર્વ હું ખરીદી લઇશ."

જયન્તે નમ્રતાપૂર્વક કહ્યું કેઃ "અમારી પાસે જૂદા જૂદા દેશની આવી અનેક વસ્તુઓ છે. તે સઘળી વહાણ ઉપરથી ઉપાડી અહિં લાવી શકાય તેમ નથી. જો આપ દયા કરીને ત્યાં પધારો તો તે બધી વસ્તુઓ જાતે જોઇને જ પસંદ કરી ખરીદી શકશો. આપની મ્હોટી કૃપા થશે."

રાજકુમારીએ કહ્યુંઃ "સારી વાત છે. મ્હને પણ તેમજ યોગ્ય લાગે છે. ત્યાં સુધી આવવામાં મ્હને અડચણ નથી. હું હમણાં જ ત્હમારી સાથે આવું છું."

રાજકુમારી અન્તઃપૂરમાં ગઈ, સારાં વસ્ત્રો પહેરી લીધાં, અને કેટલાક દાસદાસીઓને સાથે લઈ જયન્તની સાથે ગઇ. રાજકુમાર તો પહેલેથી જ કિનારા ઉપર આવી ઉભો ઉભો જયન્તના પાછા ફરવાની વાટ જોતો હતો. જ્યારે તેણે જોયું કે જે મૂર્તિનું તે રાત દિવસ ધ્યાન ધરતો હતો અને જેને માટે તેનું ચિત્ત પરવશ થયું હતુ તેજ મૂર્ત્તિ વિશ્વાસુ જયન્તની સાથે સાથે આવે છે ત્યારે ત્હેના આનંદનો પાર રહ્યો નહિ. તેનું માથું ફરવા લાગ્યું. શરીર કમ્પવા લાગ્યું. ચેતનતા ઓછી થવા લાગી. જયન્તે વેગળેથી જ રાજકુમારના મુખ ઉપરનો ભાવ જોઈ તેના મનનો ભાવ અને ઉદ્વેગ સમજી લીધો. તેણે ઝટ દોડીને રાજકુમારને પકડી લીધો, અને ધીમેથી

કહ્યું કેઃ "સાવચેત રહો મહારાજ! આ તો દુશ્મનોનો દેશ છે. જો આપ જરા પણ ગફલત કરશો તો સર્વના પ્રાણ જશે. આપ આગેવાન થઇને રાજકુમારીનો આદરસત્કાર કરો. તેને જહાજ ઉપર લઈ જાઓ. સર્વ સફળતા આપની બુદ્ધિ ઉપર આધાર રાખે છે. જો આપ જરા પણ અસાવધ રહેશો તો બધી મહેનત વ્યર્થ જશે."

રાજકુમાર સાવચેત થયો. જયન્તની શિખામણે હેના હૃદયમાં નવું ચૈતન્ય પ્રેર્યું. તે સાવચેત થઈ પ્રસન્ન મુખે, નમ્રતાપૂર્વક રાજકુમારીની પાસે ગયો. હેનો આદરસત્કાર કર્યો, અને મીઠી મીઠી વાતો કરવા લાગ્યો. તેને વિનયપૂર્વક પોતાના વહાણુ ઉપર આવવાની વિનતિ કરી.

રાજકુમારી પણ તેની નમ્રતા તથા મીઠી વાતો સાંભળી ખુશી થઈ ગઈ. રાજકુમારના આગ્રહને માન આપી તેની સાથે વહાણુ ઉપર જવાને તૈયાર થઈ. તેનો ઘણો ઉપકાર માન્યો.

રાજકુમારે આ વખતે ચતુરાઇ વાપરી. રાજકુમારીના નોકરોને કિનારા ઉપર જ રહેવા દીધા. માત્ર રાજકુમારીની બે ચાર દાસીઓ તથા એક વહાલી બ્હેનપણીને સાથે રહેવા દીધી. સૌ વહાણુ ઉપર ગયાં. પવનની ઠંડી લહરો આવતી હતી. વહાણુ આમતેમ ડોલતું હતું. રાજકુમારીએ રત્ન, મણિ જડેલા સોનાનાં ઘરેણાં જોયાં. જાતજાતનાં સોનાનાં સુંદર, મનોહર રમકડાં જોયાં. અતિ પ્રસન્ન થઇ. એક પછી એક અલંકારો હાથમાં લઇ જોતી હતી, અને તેની કારિગીરી સંબંધી તથા કિમ્મત સંબંધી પૂછપરછ કરતી હતી. સઘળાં તે વસ્તુઓ જોવામાં ગુલતાન થયાં હતાં. તે જ વખતે વહાણુના ખલાસીઓએ લંગર ઉપાડી લીધું. સઢ ઉઘાડી નાંખ્યા, અને ક્ષણુવારમાં તો વહાણુ સડસડાટ ચાલવા લાગ્યું. જોતજોતામાં અદ્રષ્ય થઇ ગયું.

થોડાક વખત પછી રાજકુમારીએ કેટલીક વસ્તુઓ પસંદ કરી. અલંકારો અને રમકડાંની કિમ્મત નક્કી કરી, અને ઘેર પાછાં ફરવાની ઇચ્છા બતાવી તે વખતે રાજકુમાર તેને વહાણુના ઉપલા ભાગ પર લઇ ગયો. રાજકુમારીએ જોયું કે વહાણુ તો સડસડાટ ચાલી રહ્યું છે. આસપાસ પાણી સિવાય કાંઈ જણાતું નથી. ચીનથી કેટલે વેગળે આવ્યાં હઇશું તેનું પણ અનુમાન

થઈ શકતું નથી. તે ચમકી! તેને ભય અને આશ્ચર્ય થયું. તે ગભરાઈ અને ખલાસીઓને બૂમો પાડી. તેણે કહ્યું: "અરે દુષ્ટો! આ કેવો વિશ્વાસઘાત! હું હુકમ કરૂં છું કે હમણાં જ વહાણને કિનારા ઉપર લઇ જાઓ." રાજકુમારીની આ વાત સાંભળે છે કોણ? ખલાસીઓએ પોતાનું કામ ચાલવા જ દીધું. છેવટે તે નિરૂપાય થઈ પડી, અને સમૂદ્રમાં કૂદી પડવા તૈયાર થઇ દોડી. જયન્તે તેનો આ વિચાર જાણી લીધો. તે ઝટ દોડયો અને રાજકુમારીને ઝાલી લીધી. તેણે નમ્રતાપૂર્વક કહ્યું: "રાજકુમારી! વિનાકારણ શા માટે ગભરાઓ છો? મ્હારા માલિક પહેરવેશ ઉપરથી સાધારણ વ્યાપારી જણાય છે પરંતુ તે તો સીઆમના રાજકુમાર છે. તેમણે આપની છબી જોઈ ત્યારથી ખાવા પિવાનું છોડી દીધું છે. તેઓ અંતઃકરણપૂર્વક આપના ઉપર આસક્ત છે. આપને મેળવવા માટે જ આ બધો પ્રપંચ રચવો પડયો છે. રાજકુમારની ઇચ્છા આપને દુઃખ આપવાની નથી. પરંતુ આપને તેમના હૃદયની દેવી બનાવવાની છે. એઓએ આટલું બધું કષ્ટ વેઠયું છે તે માત્ર આપને તેમની પટરાણી બનાવવા માટે જ."

આ શબ્દો સાભળતાં જ રાજકુમારીના હૃદયમાં ધૈર્ય આવ્યું. તેણે જ્યારે જાણ્યું કે: "એ સુંદર યુવક સાધારણ વ્યાપારી નથી પણ એક પ્રતિષ્ઠિત રાજકુમાર છે ત્યારે તેના અંતઃકરણમાં પ્રસન્નતા થઇ. રાજકુમારે તુરત જ પોતાનો પોષાક બદલી નાંખ્યો. વ્યાપારીનો પોષાક બદલી રાજકુમારનો પોષાક પહેરી આવ્યો. એક ચ્હેરાની સુંદરતા, અને બીજું રાજવંશી પહેરવેશની ભવ્યતા. એ બે મળતાં રાજકુમાર અતિ સુંદર જણાવા લાગ્યો. પરિણામ એ આવ્યું કે રાજકુમારી પણ તેની સુંદરતા જોઇ રાજકુમાર ઉપર પ્રેમાસક્ત થઈ, રાજકુમારને ચ્હાવા લાગી.

૫.

પરસ્પર પ્રેમાસક્ત થવાથી મુસાફરી સુખપૂર્વક નિવડી. રાજકુમાર અને રાજકુમારી વચ્ચે અતિશય પ્રેમ બંધાયો. એક બીજા ઉપર ફીદા ફીદા થવા લાગ્યાં. જ્યાં ત્યાં સાથેનાં સાથે જ ફરવા લાગ્યાં. વહાણમાંના રત્નજડિત અલંકારો તેણે શરીર ઉપર ધારણ કરવા માંડયા. રાજકુમાર

પોતાને હાથે રાજકુમારીને અલંકારો પહેરાવી વિશેષ સુંદરી બનાવતો. જૂદાં જૂદાં રમકડાંવડે તેને રમાડતો, અને આનંદ આપતો. પરસ્પરનાં ચિત્ત લગ્ન થવાને આતુર થઇ ઉઠયાં. વહાણ ઉપરના નોકરો અને દાસીઓ પણ પોતાના રાજા રાણીના પ્રેમને જોઇ આનંદ પામવા લાગ્યાં. માત્ર જયન્તના મુખ ઉપર કંઇક દિલગીરી જણાતી હતી, છતાં તેનો સ્વભાવ એવો ગંભીર હતો કે બીજાં કોઇ માણસો ત્હેની દિલગીરી જાણી શકતાં નહિ.

એક દિવસ પ્રાતઃકાળમાં રાજકુમાર અને રાજકુમારી વહાણની છત ઉપર બેઠાં બેઠાં પ્રેમ વાર્તા કરી રહ્યાં હતાં. પ્રાતઃકાળનો વાયુ સેવન કરતાં. આનંદ ઉપભોગ કરતાં હતાં. બન્નેના મુખ ઉપર હાસ્યની છટા વિકસી રહી હતી. જયન્ત વેગળે બેઠો બેઠો પોતાના વિચારોમાં મશગુલ બન્યો હતો. એટલામાં અકસ્માત્ ત્રણ પક્ષીઓ ઉડતાં ઉડતાં વહાણના સુકાન ઉપર આવી બેઠાં, અને વાતો કરવા લાગ્યાં. જયન્ત જાનવરોની બોલી જાણતો હતો. તેથી તેણે તે વાતો કાન દઇને સાંભળી.

એક પક્ષીએ કહ્યું: " સિઆમનો રાજકુમાર, ચીનની રાજકુમારીને ઉપાડી તો લાવ્યો છે પણ તેની સાથે કદી પણ લગ્ન કરી શકશે નહિ."

" બીજું પક્ષી: એમ કેમ? ધણી ધણીઆણી રાજી તો કયા કરે મુલ્લાં ઔર કાજી?

ત્રીજું પક્ષી: " એ લગ્નમાં વિઘ્ન ઉત્પન્ન થવાનાં ત્રણ કારણો છે."

બીજું પક્ષી: " કયાં ત્રણ કારણ છે?"

પહેલું પક્ષી: " એક કારણ તો એ છે કે વહાણ જ્યારે સિઆમ પહોંચશે ત્યારે ત્યાંના રાજ અમલદારો રાજકુમારને બેસવા એક સુંદર ઘોડો લાવશે. રાજકુમાર જેવો ઘોડા ઉપર બેસવા જશે કે તુરત ઘોડો એવા જોરથી લાત મારશે કે જેથી રાજકુમાર તત્કાળ મરણ પામશે."

બીજું પક્ષી: " એમાંથી બચવાનો કોઇ ઉપાય છે કે નહિ?"

ત્રીજું પક્ષી: " રાજકુમાર ઘોડાની પાસે જઇ પહોંચે તે પહેલાં જ ઘોડાને મારી નાંખવામાં આવે તો રાજકુમાર બચે. નહિ તો નહિ."

બીજું પક્ષી: " પણ જો કોઇ રાજકુમારને સાવચેત કરી દે કેઃ તે ઘોડા પાસે જવું જ નહિ તો?"

પહેલું પક્ષી: "રાજકુમાર ત્હેની વાત કદી પણ માનશે નહિ, એટલું જ નહિ પણ જે મનુષ્ય આ દૈવી ભેદ ઉઘાડો પાડવાનો યત્ન કરશે તે પગથી તે જાંગ સુધી પત્થરનો થઈ જશે."

બીજું પક્ષી: "વારૂ, બીજું શું કારણ છે?"

ત્રીજું પક્ષી: "કદાચ જો રાજકુમાર, આ ઘોડારૂપી કાળથી બચી જશે તો લગ્નનાં લુગડાં પહેરવાથી બચશે નહિ. તે જોવામાં તો સોનાના તારથી ભરેલાં જણાશે, પરંતુ ખરી રીતે જોતાં ગન્ધક અને કપૂરથી બનેલાં હશે. જેવો તે લુગડાં પહેરશે કે તુરત તેમાં આગ લાગશે, અને રાજકુમાર બળીને ભસ્મ થઈ જશે."

બીજું પક્ષી: "એ લુગડાંથી પણ બચવાનો કોઈ ઉપાય છે કે નહિ?"

પહેલું પક્ષી: "હા, છે. જો તે લુગડાં પહેરતાં પહેલાં જ અગ્નિમાં નાંખી દેવામાં આવે તો રાજકુમાર બચી જાય, પણ આ દૈવી ભેદ ઉઘાડો પાડનાર મનુષ્ય છાતી સુધી પત્થરનો થઈ જશે."

બીજું પક્ષી: "વારૂ, ત્રીજું કારણ કયું છે?"

ત્રીજું પક્ષી: "લગ્ન થઇ ગયા પછી પતિ-પત્ની એક ઓરડામાં શયનભુવનમાં જશે. ત્યાં પલંગ ઉપર પગ મૂકતાંજ રાજકુમારી અચેત થઈ જશે, અને થોડા સમયમાં જ તે પરલોક સીધાવી જશે."

બીજું પક્ષી: "એ અકાલ મૃત્યુથી રાજકુમારી બચી શકે એવો કોઈ ઉપાય છે?"

પહેલું પક્ષી: "હા, છે. જેવી રાજકુમારી અચેત થઇને પડે કે તુરત જ કોઈ ત્હેનો ડાબો હાથ ચીરીને પાશેર લોહી કાઢી નાંખે તો તેણી બચી શકે."

ત્રીજું પક્ષી: "પણ આ દૈવી ભેદ જે કોઈ મનુષ્ય ઉઘાડો પાડશે તેનું આખું શરીર પત્થરનું થઈ જશે એ પણ સત્ય છે."

પક્ષીઓ આ પ્રમાણે વાત કરતાં હતાં એટલામાં ખલાસીઓ જય ધ્વનિ કરી ઉઠયા. તે ઉપરથી સૌએ જાણ્યું કે પોતાના દેશનો કિનારો આવી પહોંચ્યો છે. સૌના મુખ ઉપર આનંદ છવાઈ ગયો. રાજકુમાર અને રાજકુમારીના હૃદયમાં અનેક પ્રકારનાં સુખ ભોગવવાની આશા ઉભરાઈ આવી. ત્રણે પક્ષીઓ ઉડી ગયાં. સ્વામિભક્ત જયન્ત બિચારો રાજકુમાર અને રાજકુમારીના પ્રાણ, ત્રણે સંકટમાંથી શી રીતે બચે તેજ વિચારોમાં નિમગ્ન હતો.

૬.

વહાણુ કિનારા ઉપર આવી પહોંચ્યું. બધાં એક ન્હાની હોડીમાં બેસી કિનારે ઉતરી પડયાં. તેઓએ કિનારા ઉપર માણુસોની ભીડ જોઈ. રાજકુમારને લેવા અનેક માણુસો આવ્યાં હતાં. તેઓએ મ્હોટી ધામધૂમ કરી મૂકી હતી. અનેક મનુષ્યો સાથે વાજીંત્રો પણુ તૈયાર હતાં, અને એક સુંદર, ચપળ ઘોડો પણુ સુંદર સાજવડે સુશોભિત કરેલો તૈયાર હતો.

રાજકુમાર તે ઘોડાને જોઇ બહુ પ્રસન્ન થયો. રાજકુમાર જેવો ઘોડે-સ્વાર થવા આગળ વધ્યો કે તુરત જ જયન્તે બંદુકવડે ઘોડાને મારી નાંખ્યો. ઘોડો તુરત જ મરણુ પામ્યો. જયન્તની આવી વર્તણુક જોઇને રાજકુમાર સજ્જડ થઈ ગયો. તેને ગુસ્સો તો આવ્યો પરંતુ ચૂપ થઈ રહ્યો. બીજા જે લોકો જયન્ત ઉપર અદેખાઈ કરતા હતા તે ઉલટા ખુશ થયા, કારણુ કે જયન્તે ઘોડાને મારી નાંખવાથી રાજકુમાર મનમાં જ ગુસ્સે થયા છે એવું તેમણે જાણી લીધું. તે લોકોએ રાજકુમારને એકાંતમાં લઇ જઇને કહ્યું કે: "મહારાજ! જો આજે આપના પિતા જીવતા હોત તો જયન્તને પ્રાણુ–દણ્ડની જ આજ્ઞા મળત! તેણે કેવું અપમાન કર્યું? આપને સ્વાર થવાનો મનોહર ઘોડો મારી નાંખ્યો!"

રાજકુમારે ઉલટાં ગુસ્સે થઇને કહ્યું કે: "તમે જયન્તનો દોષ બતાવવા અધિકારી નથી. તે જે કાંઇ કરે છે તે વિચાર કરીને જ કરે છે. મારે માટે તેણે એટલાં કષ્ટ વેઠયાં છે કે હું ત્હેનો જીંદગી સુધી ઉપકારી છું."

* * * * *

થોડા દિવસ પછી લગ્નનું શુભ મુહુર્ત આવી પહોંચ્યું. રાજકુમારને માટે રત્નજડિત ભારે કિંમતનાં વસ્ત્રો લાવવામાં આવ્યાં. રાજકુમાર પણુ તે જોઇને અતિ પ્રસન્ન થયા. રાજકુમારે તે વસ્ત્ર લેવાને જેવો હાથ લાંબો કર્યો કે તુરત જ જયન્તે લોખંડના ચીપીઆ વડે તે વસ્ત્રો ઝુંટવી લીધાં અને અગ્નિ કુણ્ડમાં નાંખી દીધાં. જોત જોતામાં તે બળી ભસ્મ થઈ ગયાં. સર્વે ચકિત થયાં. કેટલાક લોકોએ રાજકુમારને કહ્યું કે: "મહારાજ! જયન્તની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે. લગ્નનાં વસ્ત્રો અગ્નિમાં બાળી નાંખી તમને અપશુકન કર્યાં. આ વખતે આપના પિતા હોત તો તેને કદી પણુ જીવતો રહેવા દેત નહિ."

રાજકુમારે ગુસ્સે થઇને કહ્યુ: "તેને ગુન્હેગાર બનાવનાર તમે કોણ? તે જે કાંઈ કામ કરે છે તે ઉંડા વિચારથી જ કરે છે. તેનું કોઈ કામ કારણ વગર હોતું નથી." તુરત જ બીજાં વસ્ત્રો મંગાવ્યાં. રાજકુમારે ધારણ કર્યાં. લગ્ન થઈ ગયાં. આનંદમંગળ છવાઈ રહ્યો.

જેમ જેમ રાત્રિનો સમય વધતો ગયો તેમ તેમ જયન્તની ફિકર વધતી ગઈ. તેણે છેવટે નિશ્ચય કર્યો કે: "પરિણામ ગમે તે આવે તો પણ પક્ષીઓએ કહ્યું છે તે પ્રમાણે કર્તવ્ય કરી રાજકુમારીને પણ વિપત્તિમાંથી બચાવવી જોઇએ."

રાત પડતાંજ એક તીક્ષ્ણ છરી લઇને જયન્ત શયનગૃહમાં ચાલ્યો ગયો, અને પલંગ નીચે સંતાઇ રહ્યો. રાજકુમાર અને રાજકુમારી શયનગૃહમાં આવ્યાં. પરસ્પર અત્યંત પ્રેમ બતાવ્યો. પ્રેમ સંભાષણ થયાં. છેવટે રાજકુમારી પલંગ ઉપર ચઢવા ગઇ કે તુરત જ ભોંય ઉપર ગબડી અચેત થઇ પડી. જયન્ત વાટ જ જોતો હતો. વિજળીની ઝડપે બહાર નીકળી આવ્યો અને જ્ઞાનશૂન્ય રાજકુમારીનો ડાબો હાથ ચીરી, થોડુંક લોહી એક પ્યાલામાં કાઢી લીધું. થોડી વારમાં રાજકુમારીને ચૈતન્ય આવ્યું.

રાજકુમાર કાંઈ સમજી શક્યો નહિ; જયન્ત આ પ્રમાણે કરે છે તેનું કારણ શું? તે દિગ્મૂઢ થઈ ગયો. રાજકુમારીના હાથમાંથી લોહી કાઢી લીધેલું હોવાથી તે દુર્બળ થઇ ગઈ હતી. તે ઉઠી શકતી નહતી. તેણે હાથ સ્હામું જોયું ત્યારે તે પણ આ આશ્ચર્યજનક કામથી બ્હીધી.

જયન્તે જાણ્યું કે પોતાનું કામ પુરૂં થયું છે. તેથી તેણે ત્યાંથી ચાલવા માંડ્યું. તેજ વખતે રાજકુમાર ગુસ્સે થઇ હાથમાં તલવાર લઇ તેને મારવા ઉભો થયો. તેણે કમ્પતે અવાજે કહ્યું: "અરે દુષ્ટ! મેં ત્હારા કેટલા બધા અપરાધ ક્ષમા કર્યા છે! પણ આ દુષ્ટતા કદી પણ સહન કરી શકીશ નહિ. આ બધાનો ભેદ શું છે? છરી લઇને અહિં સંતાઈ રહેવાનું કારણ શું? જો તું નહિ કહેશે તો આ તલવારથી ત્હારૂં માથું ઉડાવી દઇશ."

જયન્તે નમ્રતાપૂર્વક કહ્યું: "પ્રભુ! મ્હારી સેવાઓને બદલે મ્હારો અપરાધ ક્ષમા કરો. જો આપ હઠ કરીને ત્હેનું કારણ પૂછશો તો હું બહુ દિલગીરી સાથે તે કહીશ, પરન્તુ છેવટે આપને આપની હઠને માટે પસ્તાવું પડશે."

રાજકુમારને વિશેષ ગુસ્સો ચઢયો. તેણે જયન્તનો હાથ પકડયો અને કહ્યું: "વિશ્વાસઘાતી, દુરાત્મા, તું મ્હને મીઠી વાતો કરીને પટાવવા માંગે છે, હું ત્હારૂં કોઇ પણ બ્હાનું સાંભળીશ નહિ. જો તું સાચો હોય તો ત્હારા ત્રણે અપરાધોનું યોગ્ય સમાધાન કર. નહિ તો તું બચશે નહિ."

જયન્તે ઘણી ઘણી રીતે સમજાવ્યું પરંતુ રાજકુમારે માન્યું નહિ. છેવટે લાચાર થઇને તેણે ફક્ત ઘોડાને મારવાનું કારણ કહ્યું, એટલે તે જાંગ સુધી પત્થરનો થઈ ગયો. આ વખતે જયન્તે અત્યન્ત નમ્રતાથી બીજી વાતો નહિ કહેવાની પ્રાર્થના કરી. તેણે એમ પણ કહ્યું કે: "જો હવે હું બીજા ભેદ ઉઘાડીશ તો મારૂં આખું શરીર પત્થરનું થઇ જશે."

છતાં પણ રાજકુમારનો ક્રોધ શાંત થયો નહિ. તે ઉલટો કહેવા લાગ્યો કે: "તું ક્ષમાને પાત્ર નથી. હું બધો ભેદ જાણવા માગું છું" ત્યારે જયન્તે લગ્ન વખતનાં વસ્ત્રોનો ભેદ કહી સંભળાવ્યો. તેજ વખતે ત્હેનું શરીર છાતી સુધી પત્થરનું થઈ ગયું. એક તરફ રાજકુમાર આશ્ચર્ય પામતો ગયો અને બીજી તરફ હૃદય કઠોર બનાવી ત્રીજો ભેદ ઉઘાડો પાડવાની હઠ કરી. તેના હૃદયમાં જરા પણ દયા આવી નાહ. છેવટે રાજકુમારીના અચેત થવાનો ભેદ પણ કહ્યો. તેજ વખત તેનું આખું શરીર પત્થરનું થઈ ગયું !

૭.

રાજકુમાર અને રાજકુમારીએ જ્યારે પોતાના સ્વામિભક્ત સેવકની જગ્યાએ, પોતાની અજ્ઞાનતાને લીધે એક પત્થરની મૂર્તિ જોઇ ત્યારે તેઓ અત્યન્ત વિસ્મય અને ભયભીત થયાં. તેઓને કાંઇ ઉપાય સુઝયો નહિ કે જેથી જયન્તને પાછો પૂર્વાવસ્થા જેવો બનાવી શકે. તેઓ દિલગીર થયાં. ઘણાં પસ્તાયાં, ઘણા દિવસ વીતી ગયા. પેલી પત્થરની મૂર્તિ શયનગૃહમાં જેમની તેમ ઉભી રહી. ત્યારે રાજકુમારને પણ ખાત્રી થઈ કે હવે જયન્ત ફરીથી પૂર્વાવસ્થામાં આવશે નહિ. ઘણા દિવસ સુધી પશ્ચાતાપ કરતાં કરતાં રાજકુમાર અને રાજકુમારી કંટાળી ગયાં. ધીમે ધીમે તેઓ જયન્તને ભૂલી ગયાં.

* * * * *

કેટલાક વખત પછી રાજકુમારી–કે જે રાણી કહેવાતી હતી તેને એક પુત્ર અને પુત્રી ઉત્પન્ન થયાં. બન્ને બાળકો પાંચ પાંચ છ છ વર્ષનાં થયાં.

જયન્તની પત્થરની મૂર્તિ ઉપર તે બાળકોને ઘણો પ્રેમ હતો. તે બન્ને પેલી પત્થરની મૂર્તિની ખાંધ ઉપર ચઢતાં અને તેના હાથ ઉપર લટકવામાં આનંદ માનતાં હતાં. તે જયન્તની મૂર્તિને પોતાના દાદાના નામથી બોલાવતાં હતાં. એ જોઇ સૌને આશ્ચર્ય થતું હતું. દૈવયોગે એક દિવસ રાજકુમાર કે જે હમણાં રાજા કહેવાતો હતો તે-પલંગ ઉપર સૂતો સૂતો બાળકોની રમત જોતો હતો. આ વખતે રાણી બહાર હતી. બાળક રાજકુમારને પત્થરની મૂર્તિના પગની એવી ઠોકર વાગી કે જેથી તે જમીન ઉપર પડી ગયો અને તેનું માથુ ફુટી ગયું. લોહીનો પ્રવાહ વહેવા લાગ્યો. રાજાએ તુરત પલંગ ઉપરથી ઉતરી પુત્રને ઉંચકી લઈ છાતી સાથે દબાવ્યો, અને વધારે વાગ્યું તો નથી એવું પૂછવા લાગ્યો. રડતો બાળક ઉત્તર આપે તે પહેલાં પેલી પત્થરની મૂર્તિના મુખમાંથી કંઇક શબ્દો નિકળતા સંભળાયા. રાજાએ પુત્રને પલંગ ઉપર સુવાડયો અને પોતે મૂર્તિની પાસે આવી ધ્યાનપૂર્વક સાંભળવા માંડયું:

તે મૂર્તિએ રાજાને મધુર અને ગંભીર સ્વરથી કહ્યું કે: "પ્રભુ ! હું ઘણા દિવસથી કઠોર દણ્ડ સહન કરૂં છું. હવે તો મ્હારો અપરાધ ક્ષમા કરશો !"

એ શબ્દો સાંભળતાં જ રાજા જયન્તની મૂર્તિને ભેટી પડયો, અને કરૂણાજનક શબ્દોમાં કહ્યું: "જયન્ત ! ખરેખર, હું ત્હારી સાથે કઠોરપણે વર્ત્યો છું. હું પ્રતિજ્ઞા કરૂં છું કે કોઈ પણ ઉપાયથી તું આ બન્ધનમાંથી મુક્ત થઈ શકે તેમ હોય તો હું તે પ્રમાણે વર્તવા તૈયાર છું. હું તેમાં જરા પણ ઢીલ નહિ કરીશ. ત્હેં મારા ઉપર એટલા બધા ઉપકારો કર્યા છે કે જેથી તે ઉપકારોનો બદલો હું કદી પણ વાળી શકીશ નહિ. તેં અનેક કષ્ટ સહન કરીને મ્હને મારી મનગમતી રાણી મેળવી આપી છે. મારો અને રાણીનો જીવ બચાવ્યો છે. હું જીવનપર્યંત ત્હારો ઋણી છું."

પત્થરની મૂર્તિએ કહ્યું: "આ બાળકોના લોહી વડે જ હું પાછો મનુષ્ય થઈ શકીશ. એમના રૂધિર વગર મ્હારી મુક્તિ થઈ શકશે નહિ ! હમણાં રાજપુત્ર પડી જવાથી તેનું થોડુંક લોહી મ્હારા શરીર ઉપર પડયું હતું તેથી મ્હને બોલવાની શક્તિ પ્રાપ્ત થઈ છે. જો આપને આપના બાળકો કરતાં મ્હારા ઉપર અધિક પ્રેમ હોય તો હૃદયને કઠણ કરીને આપને હાથે

બાળકોનો વધ કરી તેનું લોહી મ્હારા ઉપર છાંટો. એ પ્રમાણે કરવાથી હું દીર્ઘાયુષ્ય થઇ આપની સેવા કરી શકીશ."

આ શબ્દો સાંભળતાં જ રાજાને બહુ દુઃખ થયું. એક તરફ પોતાના પુત્ર–પુત્રીનો પ્રેમ રાજાને પોતાની પ્રતિજ્ઞા કરવામાં અટકાવે છે. બીજી તરફ જયન્તને પત્થરની મૂર્તિમાંથી ઉદ્ધાર કરી, પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા તરફ રાજાને ખેંચે છે. છેવટે રાજાએ હૃદયને દૃઢ કરીને જયન્તની મૂર્તિને કહ્યું કેઃ "હું અવસ્ય ત્હને મનુષ્યાવતારમાં લાવીશ. મ્હારાં બાળકોનો વધ કરીશ." એટલું કહીને રાજાએ તલવાર બહાર કાઢી પોતાના બે બાળકોનાં માથાં કાપી નાંખ્યાં. તેમનું લોહી મૂર્તિના શરીરે ચોપડી દીધું. એ પ્રમાણે કરતાં જ જયન્ત મનુષ્ય થઇ ગયો. તેણે દોડીને રાજાના ચરણમાં પ્રણામ કર્યા. આંસુની ધારાઓ ચાલવા લાગી. તેણે કહ્યું: "મહારાજ! આપ કાંઇ પણ ચિન્તા કરશો નહિ. આપનાં બન્ને બાળકો હમણાં ઇશ્વિરની કૃપાથી જીવતાં થશે."

જયન્તે તુરત જ બાળકોના શરીર ઉપર માથાં ગોઠવી દીધાં, અને જે લોહી જમીન પર પડ્યું હતું તે તેમનાં શરીર ઉપર છાંટ્યું. પરમાત્માની પ્રાર્થના કરી. તુરત જ બન્ને બાળકો ઉભાં થયાં, અને પહેલાંની પેઠે રમવા કુદવા લાગ્યાં. તેમને આશ્ચર્ય એટલું જ થયું કે પોતાના વૃદ્ધ દાદાની મૂર્તિ ક્યાં ગઈ? ત્યાં લોહી કેમ પડ્યું છે? અને આ અજાણ્યો માણુસ કોણ આવી ઉભો છે કે જેને જોઇને તેમનો પિતા છાતી સાથે દબાવી રડે છે!

આ વખતે રાણીના આવવાની ખબર મળી. રાજાએ સત્વર પોતાનાં બાળકોને તથા જયન્તને એક ઓરડીમાં સંતાડી દીધાં અને બારણા આગળ જઈ રાણીને તેડી લાવ્યો. રાજાએ તેને પૂછ્યું કેઃ "આજે તું ક્યાં ગઇ હતી?" રાણીએ કહ્યું કેઃ "હું દેવમંદિરમાં ઇશ્વિરની પ્રાર્થના કરવા ગઈ હતી. ત્યાં મેં ઇશ્વિરને એવી પણ પ્રાર્થના કરી કેઃ જયન્તને ફરીથી મનુષ્ય બનાવી દે! તેથી આટલી વાર થઈ."

રાજાએ કહ્યું: "મ્હારી પણ પરમેશ્વરને એવી જ વિનતિ છે. આજે એક અદ્ભૂત બનાવ બની ગયો છે. આજે મેં એક આકાશ વાણી સાંભળી છે. તેમાં એવું સંભળાયું કે જો જયન્તને મનુષ્ય બનાવવો હોય તો તેના પર

આપણા પુત્ર–પુત્રીના લોહીનો લેપ કરવો. જો ત્હારી મરજી હોય તો આપણે એ ઉપાય અજમાવી જયન્તને મનુષ્ય બનાવીએ."

આ શબ્દો સાંભળતાંજ રાણી સજ્જડ થઇ ગઈ. પૂતળાંની માફક ઉભી રહી. રાજાએ કહ્યું: " કેમ, તમારી શું મરજી છે ? "

રાણીએ કહ્યું: "પ્રાણનાથ! જો એ ઉપાય કરવાથી જયન્તની મૂર્તિ મનુષ્ય દેહ ધારણ કરતી હોય તો હું તે કામમાં ખુશી છું. મ્હારાં બાળકોના લોહી વડે તેના શરીર ઉપર લેપ કરો. જયન્તે આપણી ઉપર અતિ ઉપકારો કર્યા છે. આપણે ખાતરજ તે પત્થરનો બની ગયો છે. જે સેવકે તમારો અને મ્હારો જીવ બચાવ્યો છે તેને ખાતર આપણાં બાળકોનો વધ થશે તો કંઇ ચિન્તા નથી. પરમાત્માની ઇચ્છા હશે તો બાળકો મળી રહેશે પણ આવો વિશ્વાસુ, સ્વામિભક્ત સેવક કદિ પણ મળશે નહિ. ચાલો પ્રાણનાથ! ઝટ કરો. હું જયન્તને મનુષ્ય તરીકે જોવાને બહુ ઉત્કંઠિત છું."

રાજાએ હસી દીધું અને રાણીનો હાથ પકડી કહ્યું: "ધન્ય છે વહાલી ! તમારા જેવી પ્રતિવ્રતા પત્નિ મેળવીને મારી જીંદગી સફળ થઈ. પરમેશ્વરે તમારી ઇચ્છા પૂર્ણ કરી છે. જયન્તને મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે. આપણાં પુત્ર પુત્રી પણ પાછાં જીવતાં થયાં છે. જૂવો, આ ઓરડીમાં કોણ છે ?" એટલું કહીને રાજાએ ઓરડી ઉઘાડી દીધી. ત્યાં બાળકો જયન્તની આસપાસ બેઠાં હતાં. સર્વે મળ્યાં. પરસ્પર આનંદનો પાર રહ્યો નહિ.

આ સમાચાર આખા નગરમાં પહોંચી ગયા. જયન્તની પત્થરની મૂર્તિ ફરીથી સજીવન થઈ છે એ જાણી સર્વને મહા આશ્ચર્ય થયું. જયન્તના શત્રુઓ પણ નગર છોડીને ન્હાસી જવા લાગ્યા. રાજ્યના બીજા સેવકો આવીને જયન્તને પગે લાગ્યા. જેઓ વૈરભાવ રાખતા હતા તેઓએ જયન્તની ક્ષમા માંગી, અને મિત્રભાવ રાખવા લાગ્યા.

રાજા અને જયન્ત ઘણા વખત સુધી જીવતા રહ્યા. એક બીજા ઉપર અત્યંત સ્નેહ રાખતા હતા. બન્નેએ ઘણા સુખમાં જીવન વ્યતીત કર્યું. એનું નામ સ્વામિભક્તિ અને એનું નામ સેવક–ભક્તિ. ધન્ય છે બન્નેને!

(ભારતજીવનનો **મકરંદ.**)

धर्मप्राण संभाजी महाराज.

મોગલ બાદશાહ ઔરંગઝેબ સિંહાસન ઉપર બેઠો તેની સાથે જ-ભારતવર્ષમાં-એક પ્રકારના અત્યાચારના યુગનો આરંભ થયો! તે અત્યાચારની વાતો જેટલી ભયંકર છે તેટલી જ શોકજનક છે. ઇતિહાસનાં કઠોર પાનાઓમાંથી મોગલોનું તે કલંક કદી પણ ભૂસાવાનું નથી. "દિલ્લીશ્વરો વા જગદીશ્વરો વા" કહેવડાવનાર, મહા ઉદાર અને સર્વ ધર્મ તરફ પ્રીતિ બતાવનાર શહેનશાહ અકબરે જે ઉદારતાના મોહન મંત્રવડે હિંદુ-મુસલમાનોને મુગ્ધ કર્યા હતા અને ભારતવર્ષમાં મોગલ રાજ-લક્ષ્મીનો આવાસ સ્થાપ્યો હતો તે તેના પ્રપૌત્ર બાદશાહ આરંગઝેબે, ધર્માં-ધતાના પ્રભાવવડે, ન્યાયાન્યાયનું જ્ઞાન ગુમાવી બેસી, તથા સર્વને એક નજરે જોવાના ઉદાર મોહન મંત્રને ભૂલી જઇ, તે રાજલક્ષ્મીના દ્રઢ આવાસના ચૂરેચૂરા કરી નાંખ્યા હતા! તેણે પવિત્ર ઇસ્લામની આણ ફેરવીને ભારતવર્ષમાં અત્યાચારનો પ્રવાહ વહેવડાવ્યો હતો. તે અત્યાચારના બળવડે હિંદુઓનાં મીંચાયલાં નેત્રો ઘણા દિવસ પછી ઉઘડી ગયાં હતાં. હિંદુઓએ, દેશનું, જાતિનું અને ધર્મનું અપમાન થતું જોઇને બાહુબળ ઉપર આધાર રાખ્યો. જોતજોતામાં દેશની માટી ભેદીને, ભભુકતા અગ્નિ જેવા સ્વદેશ ભક્તોનો જન્મ થવા લાગ્યો. અત્યાચારવડે બે ચાર કે દશ મનુષ્યોને દબાવી શકાય છે પરંતુ જે જાતિના દરેક પ્રાણુની દરેક નસોમાં ધર્મનો પ્રવાહ વહેતો હોય છે તેવી એકાદ સમગ્ર જાતિને, ઘણા દિવસ સુધી દબાવી રાખવાની શક્તિ, વિધાતાએ આજ સુધી કોઇ પણ જાતિ કે શક્તિને બક્ષી નથી! ઉંડો વિચાર કરવાની શક્તિ નહિ હોવાથી, ઔરંગઝેબ, એ સત્ય સૂત્ર ભૂલી ગયો હતો. સત્ય સૂત્રો કદી પણ અસત્ય થતાં નથી. એવાં ઘણાં સત્યસૂત્રો નીતિ અને ધર્મના ગ્રંથોમાંથી પ્રત્યેક જીવને મળી આવે છે, છતાં અજ્ઞાનતાને લીધે તે સત્યસૂત્રો ઉપર કહો કે વિધિના વચનો ઉપર પાણી ફેરવનાર શક્તિ પણ

નિકળી આવે છે અને તેનાં નઠારાં પરિણામ તેજ શક્તિ કે વ્યક્તિને એકને એક દિવસ ચાખવાંજ પડે છે! ઔરંગઝેબે અત્યાચારના બળવડે હિંદુઓને મુઠ્ઠીમાં બાંધી રાખવાને હાથ લંબાવ્યો હતો. તેને જ પરિણામે પંજાબના ગહન કાનનની તથા પર્વતની ગુહાઓ ગજાવીને, શિખ શક્તિ "વાહ, ગુરૂજીકી ફત્તેહ" એવા શબ્દો બોલી ચારે દિશા સ્તબ્ધ કરી દીધી હતી! ચિરકાલથી યૌવના, રાજવાડાનાં માતૃ સ્તનોનું વીરદૂધ પાન કરતા કરતા રાજપૂતો ભીષણ શબ્દ નાદ કરતા કરતા મોગલકુલ લક્ષ્મીને ત્રાહ ત્રાહ પોકરાવી રહ્યા હતા! નિદ્રામાં પડેલા મહારાષ્ટ્રીય વીરોએ, લૂંટારાનાં બંધન તોડી નાંખી શ્રી શિવાજીની સાથે સાથે જ ભારતવર્ષનાં પહાડ પર્વતોમાં સ્વતંત્રતાનાં રણશિંગડાં વગાડી દીધાં! ચારે દિશામાંથી ઘેરાયલી મોગલ રાજલક્ષ્મી વિચલિત થઇ ઉઠી. તેની જ સાથે સાથે ઔરંગઝેબનાં અને મોગલ રાજવંશના પતનનો યુગ શરૂ થયો. ઔરંગઝેબે ઘણા યત્નો કર્યા છતાં તે તેની ત્વરિત ગતિને રોકી શક્યો નહિ!

મોગલ દ્રોહી, સ્વદેશ પ્રાણ, ધર્મ વીર, મહારાજ શિવાજી છત્રપતિએ, મરાઠાઓના નિર્માલ્ય પ્રાણમાં સ્વદેશ પ્રેમની અગ્નિ જાગૃત કરી અને મોગલ રાજલક્ષ્મીનો વિજય સ્તમ્ભ ચૂર્ણ કરી નાંખવાનાં જોઇતાં સાધનો ભેગાં કર્યા પછી પ્રસન્ન ચિત્તે દેહ ત્યાગ કરી શક્યા હતા. ઔરંગઝેબ સ્હમજી શક્યો હતો કેઃ "પર્વતનો ઉંદર શિવાજી જ તેનો મુખ્ય અને મ્હોટો શત્રુ છે. તેના નાશ ઉપર મોગલોનું સ્થાયીપણું આધાર રાખે છે. તેટલા માટે વારંવાર બળ વાપરીને અને કૌશળજાળ ફેલાવીને, શ્રી શિવાજીનો અહંકાર ઉતારવાના કામમાં તેણે કમ્મર કસી હતી. પરંતુ તે ધર્મવત્સલ હિંદુઓના કૌશલ આગળ, ધર્માંધ મોગલોનું સર્વ કૌશલ નષ્ટ થઈ ગયું. છત્રપતિ શિવાજી મહારાજના મરણ પછી તેમના પુત્ર સંભાજી મહારાજે મરાઠા સમ્પ્રદાયની આગેવાની લીધી હતી. જે કર્મણ્યતા અને જે કઠોર પરિશ્રમના બળવડે, સામાન્ય જાગીરદારનો પુત્ર શિવાજી "છત્રપતિ શિવાજી"ના નામથી પ્રસિદ્ધ થયા હતા, જે અદમ્ય ઉત્સાહ, દુર્લંઘ અને અજેય કૌશલ તથા અલૌકિક વીરત્વના બળવડે તે મહારાષ્ટ્રીય સમ્પ્રદાયની પ્રતિષ્ઠા કરવા શક્તિમાન થયા હતા. તેમાંના વીરત્વ અને સાહસ સિવાય બીજા કોઇ પણ ગુણ મેળવવાને સંભાજી અધિકારી થયો નહતો. પરંતુ શ્રી શિવાજીએ પોતાના ચરિત્ર

બળવડે મહારાષ્ટ્ર જાતિમાં જે ઉત્તેજનાની પ્રેરણા કરી હતી તે સંભાજીના રાજ્ય અમલના પ્રથમ વિભાગમાં સમ્પૂર્ણરૂપે પ્રકાશતી હતી. તેણે રાજગાદી ઉપર બેસતાં તુરત જ મોગલો વિરૂદ્ધ હથિયાર ઉઠાવ્યાં. તેના તે તેજ આગળ પહેલ વહેલાં તો મોગલ શક્તિ છિન્નભિન્ન થવા લાગી. મરાઠાઓએ જૂદા જૂદા ચતુર અને કુશળ સેનાપતિઓના તાબામાં રહીને જૂદે જૂદે ઠેકાણે યુદ્ધ કરી મોગલોને હરાવવા માંડયા તથા તે વિજયમાળ મહારાષ્ટ્ર કુલલક્ષ્મીના બન્ને પગ સુધી લટકતી લટકતી સુશોભિત કરવા લાગી. એક દિશામાંથી મરાઠાઓની પ્રબળ શક્તિવડે અને બીજી દિશામાંથી વિજાપૂર અને ગોવલકોન્ડાના નવાબના હુમલા વડે મોગલો અતિશય ગભરાઈ ઉઠયા. એક સાથે ત્રણ શક્તિયો જોડે લડવાની શક્તિ અને હિમ્મત મોગલોમાં નહોતી. તે વખતે બાદશાહે યુક્તિનો આશ્રય લીધો. એક પછી એક ત્રણે શક્તિના ઝેરી દાંત તોડી નાંખવા માટે તે ચંચળ થઇ ઉઠયો.

એ ગુસ્સા ભરેલા સંકલ્પની સિદ્ધિ કરવા માટે બાદશાહ ઔરંગઝેબ ઈ. સ. ૧૬૮૩ માં મોગલ વહાણોના સેનાપતિ સાથે દક્ષિણ પ્રદેશમાં ગયો. તેણે અનેક યુક્તિઓ કર્યા પછી ગોવલકોન્ડા સાથે મિત્રતા કરી અને તેની જ મદદથી વિજાપૂરનું રાજ્ય ચૂર્ણ કરી નાંખ્યું ! (ઈ. સ. ૧૬૮૬) ત્યાર પછી સામાન્ય કારણ મળતાં સંધિનો ભંગ થવાનું બહાનું કહાડી ગોવળકોન્ડાના રાજ્યને નષ્ટ કરવા તૈયાર થયો. ગોવળકોન્ડા પોતાના કપટી બંધુ–મોગલ રાજ્યની ચતુરાઇ જાણતાં જ આત્મરક્ષણ કરવાની જીવતોડ મહેનત કરવા લાગ્યું પરંતુ તે મહેનત વ્યર્થ ગઇ. ઈ. સ. ૧૬૮૮ માં ગોવળકોન્ડા રાજનો સ્વતંત્રતાનો સૂર્ય હમેશને માટે અસ્ત પામ્યો. જોતજોતામાં થોડાં વર્ષમાંજ એ બન્ને પ્રબળ શકિતવાળાં રાજયો નષ્ટ–ભ્રષ્ટ થઈ ગયાં ! આ વખતે ઔરંગઝેબ મરાઠાઓની શકિત નષ્ટ કરવા માટે પોતાની સર્વે શક્તિ વાપરવા લાગ્યો. મોગલોની એ શકિતનો બળવાન પ્રવાહ રોકવાનું મરાઠાઓને અશકય થઈ પડયું. સંભાજી મહારાજે પોતાના અપૂર્વ કૌશલ્ય વડે મોગલોના એક પછી એક જેટલા કિલ્લા જીત્યા હતા તે સર્વે એક પછી એક પાછા ગુમાવ્યા. મરાઠાઓએ અપૂર્વ વીરત્વ બતાવ્યું હતું છતાં તે કિલ્લાઓનું સંરક્ષણ કરી શકયા નહિ. ધીમે ધીમે તેમની શકિત ઓછી થવા લાગી. છેવટે તેઓ વારંવાર પરાજિત અને છત્રભંગ થયા. આ વખતે

સંભાજીએ રક્ષણનો બીજો કોઇ ઉપાય જોયો નહિ એટલે તે પાનેલાના કિલ્લામાં ભરાઈ બેઠો. ઔરંગજેબે અતિશય મહેનત કરીને તે કિલ્લાને ઘેરો ઘાલ્યો. પરંતુ તે અતિ મજબૂત કિલ્લાને કાંઈ કરી શકયો નહિ તેથી તેની જય ઇચ્છા વધારે પ્રબળ થઇ ઉઠી. આ કિલ્લાના ઘેરા વખતે ઔરંગજેબના બળ વીર્યે ફત્તેહ મેળવી નહિ ત્યારે તેણે યુક્તિનો આશ્રય લીધો. તે વખતે પાનેલાનો કિલ્લો હાથમાં લેવો અને સંભાજીને પકડવો એ બેજ તેના સંકલ્પો હતા. વિધિની લીલાવડે બાદશાહના તે બન્ને સંકલ્પો સિદ્ધ થયા. તેનું કારણ સંભાજીની ચરિત્રહીનતા હતું. મરાઠાની વીરશક્તિનું નહિ.

સંભાજી બાલ્યાવસ્થાથી જ આળસુ અને વિષયાશક્ત હતો. વિલાસ ભોગવવો એજ હમેશાં તેના જીવનનો મહામંત્ર હતો. તે પોતાના સંયમી, અને ઉદ્યોગી પિતા શ્રી શિવાજીનો અસંયમી અને આળસુ પુત્ર હતો. તેથી જ તેની રાજગાદીએ બેસવા પછી મરાઠાઓમાં બે પક્ષ થયા હતા. એક પક્ષ ત્હેનો પક્ષપાતી હતો અને બીજો પક્ષ શ્રી શિવાજીના ન્હાના પુત્ર રાજારામને પોતાનો રાજા બનાવવા ઉત્સુક થઇ ઉઠયો હતો. પરંતુ મુખ્ય દિવાનની ચતુરાઇથી રાજારામને કેદખાને પુરવામાં આવ્યો હતો, અને તેનો પક્ષ નબળો થઇ પડયો હતો. તેથીજ સંભાજી, વિના મહેનતે રાજગાદી ઉપર બેસી શકયો હતો. રાજયગાદી મળ્યા પછી સંભાજીનું ચરિત્ર કાંઇક સુધર્યું હતું. રાજયના મુખ્ય કામ કાજમાં તેનો સમસ્ત વખત વીતતો હતો. પાપી પ્રવૃત્તિઓને સંતોષ આપવાનો હવે તેને સમય જ મળતો નહોતો. ત્યાર પછી પોતાનું ગૌરવ, અખણ્ડિત રાખવાનીજ ત્હેને પ્રબળ વૃત્તિ થઇ હતી. તે મરાઠાઓનો, સર્વની સમ્મતિ પામેલો આગેવાન નહોતો. તેની અસંયમ ટેવોને લીધે મરાઠાઓ ઉચ્છૃંખલ થઇ શકે અને તેને રાજગાદી ઉપરથી પદભ્રષ્ટ પણ કરી શકે એવી વસ્તુ સ્થિતિ જાણી લેવા પછી તેણે મરાઠાઓનાં હૃદય જીતી લેવાને, કેટલાંક વર્ષ સુધી અતિશય ઉત્સાહપૂર્વક, પોતાનું જીવન તેમની સેવામાં અર્પણ કર્યું. એજ સમયે મોગલો દક્ષિણમાં પ્રબળ થઇ ઉઠયા. પરંતુ તેઓએ તેઓને વારંવાર હરાવીને એક પછી એક કિલ્લાઓ જીતી લેવા માંડયા. આ સમયે પોર્ટુગીઝોના અત્યાચાર ખુબ પ્રબળ થઇ ઉઠયા. મરાઠાઓએ તેઓને દાબી દેવાને પણ ઘણા યત્નો કર્યા પરન્તુ સંપૂર્ણ રીતે ફળિભૂત થયા નહિ. મરાઠાઓના

યત્નથી તો તેઓ ઉલટા ભ્હેકી ઉઠયા અને તોફાન મચાવવા લાગ્યા. આ સમયે તે વીર સંભાજી મહારાજે પોતાનો પ્રબળ પ્રતાપ બતાવ્યો અને યોગ્ય શિવાજી મહારાજનો યોગ્ય પુત્ર હોવાનું સાબિત કરી આપ્યું. આ સર્વ કારણોથી તેના ઉપર લોકોની જે અશ્રદ્ધા હતી તે દિનપ્રતિદિન ઓછી થવા લાગી.

પરંતુ પાપ એક વખત હૃદયમાં પેઠા પછી તે સહેલાઈથી ઉખડી શકતું નથી. કેટલીક વખત ઉપરા ઉપરી મોગલો ઉપર જય મેળવ્યો તેથી સંભાજી અત્યંત અહંકારી થઇ ગયો. તે વખતે મોગલોએ પણ પોતાની ગતિ થોડો સમય શિથિલ કરી દીધી, તેથી તે વિશેષ અહંકારી થઇ ઉઠયો. સંભાજી અત્યન્ત અસાવધાન થઇ પડયો. તેનાં હંમેશનાં પ્રિય થઈ પડેલાં આમોદ પ્રમોદમાં દિવસ ગુજારવા લાગ્યો. બાલ્યાવસ્થામાંથીજ ત્હેના ચરિત્રમાં જે પાપનાં બીજ રોપાયાં હતાં તે આ વખતે વિશેષ વધી પડયાં. તે ખુશામદખોર લોકોથી ઘેરાયલો રહીને પોતાનું મનુષ્યત્વ ગુમાવવા લાગ્યો. ધીમે ધીમે તેનું એટલું બધું અધઃપતન થયું કે માત્ર નાચનારી કંચનીઓના નાચ ગાનમાંજ ગુલતાન થવા લાગ્યો. તેમાંજ સર્વ પ્રકારનો સંતોષ મેળવવા લાગ્યો, એટલુંજ નહિ પણ જ્યારે કોઇ સુંદર રૂપવાળી કંચનીની વાત સાંભળતો ત્યારે તેનું નૃત્ય ગીત સાંભળવાને ત્હેનું હૃદય અત્યાતુર થઇ ઉઠતું, અને તેની સુંદરતાનો ઉપભોગ કરવાની પાપ વાસના તેના હૃદયને હચમચાવી મુકતી ! તેવી સુંદર સ્વરૂપા સ્ત્રીઓને પોતાના જનાનખાનામાં રાખવાની લાલસા બળવાન થઈ ઉઠતી. લોકનિંદા અને આત્મીય સ્વજનોનો ઠપકો કે ગુસ્સો તુચ્છ ગણુતો. પ્રધાન દિવાનોની સલાહ શિખામણ તિરસ્કાર સાથે પાછી વાળતો ! કવલિસખાં* નામનો એક માણસ, મહારાજા સંભાજીના એ પાપ કર્મમાં સહાયતા કરતો હતો. એ નીચ હૃદયનો દુષ્ટ માણસ મહારાજાને સુંદર કંચનીઓ અને વ્યભિચારીણી યુવતિઓ મેળવી આપી તેના પાપ કાર્યમાં વિશેષ ઉત્સાહ વધારતો હતો. એ કામને લીધે જ તે સંભાજીનો અતિ પ્રિય પાત્ર થઈ ઉઠયો હતો ! કવલિસ કદી પણ સાહસિક પુરૂષ ન હતો. વીરતાની જોડે ત્હેને કાંઇ

* આ દુરાચરણી માણસનું ખરૂં નામ શું હતું તે સંબંધી ઇતિહાસકારોમાં મતભેદ છે. કોઇ કોઇ તેને કબલિસખાં અથવા કુલશાહના નામથી ઓળખાવે છે.

સંબંધ જ ન હતો. રાજનીતિનું પ્રપંચી તત્વ, તેના માથાના કોઇ પણ ખુણામાં સ્થાન મેળવી શકે તેમ ન હતું. લસ્કરી સિપાહીગીરી કરવામાં કદી પણ તે સાહસિક નહોતો. સામાન્ય એક ફટાકડો ફૂટતાં તેની છાતી થરથર કમ્પતી હતી. ફક્ત પાપમાં ઉછરીને તે પાપનો જ મિત્ર બન્યો હતો. તે પાપને જ સારી પેઠે ઓળખતો અને પાપને જ સારી પેઠે ચ્હાતો હતો. ધર્મ સાથે કે મનુષ્યત્વની સાથે ત્હેનો કોઈ કાળે સંબંધ ન હતો. તેમ છતાં પણ મહારાજ સંભાજીએ તેને પોતાનો મંત્રી બનાવ્યો! એક લસ્કરી ટુકડીનો અધિકારી પણ બનાવ્યો! ખાંસાહેબ કવલિસખાં જ જાણે મરાઠા રાજ્યનો સર્વ પ્રકારનો કર્ત્તાહર્તા જેવો થઇ પડયો. સંભાજી પણ તેના દાબમાં દબાયલો રહેતો. રાજ્યમાં જેને જે કાંઈ કરવું હોય તે સર્વ ખાંસાહેબ કવલિસખાંની જ આજ્ઞા વડે થતું. આ વખતે રાજા કહો, મહારાજા કહો, જે કહો તે કવલિસખાં હતો! સમસ્ત મરાઠા જાતિ એક માત્ર વેશ્યાઓની દલ્લાલી કરનાર બે બદામના મીયાં કવલિસખાંની આજ્ઞા ઉપર ચાલતી હતી! છત્રપતિ શિવાજીનો ખરો પુત્ર બાજુ ઉપર રહ્યો અને પાપની મૂર્તિ કવલિસખાંએ તેની જગ્યા લીધી! ખાંસાહેબે પણ પોતાની વિદ્યા, બુદ્ધિ પ્રમાણે મન માનતું અંધેર ચલાવવા માંડયું. આવી સ્થિતિનું જે પરિણામ આવવું જોઇએ તે જ આવ્યું. પરસ્પર ફાટફૂટ થઇ પડી. દિનપરદિન મરાઠાઓ બળહીણ થઇ પડયા, પરંતુ આટલું બધું થવા છતાંયે સંભાજીની મોહનિદ્રા ઉડી નહિ.

ચાર નેત્રવાળા ઔરંગજેબને સંભાજીની સ્થિતિની ખબર હતી. ઔરંગજેબ ગમે તેવો ધર્માંધ હતો છતાં તે વિષયી કે વિલાસી ન હતો. તે વિજયની પ્રબળ તૃષ્ણાવાળો હતો, તેથી સમસ્ત હિંદુસ્થાનના રાજા અને તેમના લશ્કર વગેરેની તપાસ રાખતો હતો. કવલિસખાં એ સંભાજીનો ખાસ મિત્ર છે, એ વાત પણ ઔરંગજેબે જાણી લીધી હતી. એ બાદશાહ ગુપ્ત કાર્ય જાણી લેવામાં ઘણો ચતુર હતો. તેની ગુપ્ત મસલતના બળવડે, દેશનાં અનેક મુખ્ય મનુષ્યોને અકાળે પ્રાણ ત્યાગ કરવાની ફરજ પડી હતી. મરાઠા રાજાની સ્થિતિ વખતે પણ તે પોતાનો સ્વભાવ બતાવી આપવાનું કામ ચૂક્યો નહિ. વારંવાર યત્ન કરવા છતાં પણ સંભાજીનો પરાજય કરી શક્યો ન હતો તેથી બદલો લેવાનો અગ્નિ ત્હેના હૃદયમાં ધુંધવાતો હતો. આજે ત્હેમાં છેલ્લા ઘૃતની આહૂતિ અપાઇ. અગ્નિમાં ઘી પડતાં જ તેમાં

ભડકો થઈ ઉઠે છે, તેમ ઔરંગઝેબનું હૃદય પણ સળગી ઉઠયું. તેણે અનેક પ્રપંચ જાળ ફેલાવીને કવલિસખાંને હાથમાં લીધો. તેને અનેક પ્રકારના સુખવિલાસ અને ઓદ્ધાની આશા આપી. દુર્બળ ચિત્તનાં પાપી મનુષ્યો થોડા લોભ માટે તુરતજ ભોળવાઇ જાય છે. કવલિસખાંનું પણ તેમ જ થયું. ચતુર બાદશાહ ઔરંગઝેબની પ્રપંચી રાજનીતિ જાણ્યા વગર જ તે તેના વચનો ઉપર ભોળવાયો અને પોતાના નિમકદાતા મહારાજ સંભાજીનું અનિષ્ટ કરવા તૈયાર થયો. તે ઔરંગઝેબના કહેવા પ્રમાણે ચાલવા લાગ્યો. સંભાજીએ પોતાના મિત્ર કવલિસખાંની આવી વર્તણુક જોઇ છતાં તે ઉપર તેમણે લક્ષ્ય આપ્યું નહિ. તે તો પહેલાંની પેઠે જ શરીર અને મનનાં સુખ ભોગવવામાં જ મગ્ન થયો.

સાધુ પુરૂષ, બ્રહ્મચારી, જીતેન્દ્રિય, મહારાજ શિવાજીના પુત્રની આટલી બધી અવનતિ થાય એ માનવામાં આવે નહિ તેમ છતાં અવિશ્વાસ કરવાનું પણ સાહસ કરી શકાય નહિ. એક દિવસ મહારાજ સંભાજી પોતાના વિલાસ-ભુવનમાં આમોદ-પ્રમોદ કરવામાં મસ્ત બન્યો હતો. તે સમયે કવલિસખાંએ આવી કહ્યું કેઃ "કોઇ સુંદર સ્વરૂપવાળી યુવતિ, મોટી ધામધૂમથી પોતાને સાસરે જાય છે, તે સ્વર્ગની અપ્સરા છે. તેના રૂપની તૂલના નથી. હું પોતે તે યુવતિને જોઈ આવ્યો છું. અહા ! બેહેસ્તની હુરી ! દેવોને ઉપભોગ કરવા લાયક પરી છે પરી !" આ પાપ વાર્તા સાંભળતાં સાંભળતાં જ સંભાજીનું ચિત્ત ચળાયમાન થયું. તેણે આત્મ મર્યાદા છોડી. તે એકદમ ઉન્મત્ત થયો. તેજ વખતે કેટલાક ઘોડેસ્વાર સાથે, સંભાજી સુંદર યુવતિનું હરણ કરવા દોડયો ! સંભાજીના હુકમ પ્રમાણે કવલિસખાં પણ કેટલુંક લશ્કર લઇને તેની પાછળ પાછળ ગયો. પરંતુ તે પાપી હમશાં મહારાજાથી થોડે વેગળે રહેવા લાગ્યો.

આ સુંદર સ્ત્રીની સાસરે જવાની વાર્તા તદ્દન ગપાષ્ટક જ જણાય છે ! એ માત્ર કાયર પુરૂષની-વિશ્વાસઘાતકની જ ચતુરાઈ જણાય છે ! આ વાત તુરત જ ફુટી ગઇ. એકાએક એક મોગલ લશ્કરી ટુકડી કોણ જાણે ક્યાંથી આવી અને તેણે સંભાજી મહારાજ ઉપર હુમલો કર્યો પળવારમાં તેની મોહ નિદ્રા ઉડી ગઇ. એકાએક ચારે દિશામાંથી દુશ્મનોએ હુમલો કર્યો તેથી મહારાજનું હૃદય, આ વખતે મરાઠાઓના જાતીય સ્વભાવ પ્રમાણે શૌર્ય, વીર્યવાળું થઇ ઉઠયું. અને તેમ પણ તે વીર પિતાનો પુત્ર હતો. તેણે વિચાર્યું કે

શત્રુઓથી હવે બચાશે નહિ છતાં વીરતા ચળાયમાન થઇ નાહ. થોડાક મરાઠા સિપાહીઓ હોવા છતાં પણ તેણે વીરતાપૂર્વક યુદ્ધ કર્યું. સંભાજીનું એ વીરત્વ જોઇને મોગલો પણ સ્તબ્ધ થઈ ગયા અને બેવડા ઉત્સાહથી મરાઠાઓ ઉપર હુમલો કર્યો. છેવટે તે વીર રાજા ઘાયલ થયો અને મોગલોના હાથમાં કેદ પકડાયો. કવલિસખાંએ પણ નામનું યુદ્ધ કર્યું અને તે પણ પકડાઈ ગયો.*

આ વખતે ઔરંગઝેબ વિજાપૂરની પાસેના એક સ્થાનમાં રહેતો હતો. તુરત જ સંભાજીને તથા તેના સાથીદારને કેદી બનાવી, બાદશાહ સ્હામું લાવવામાં આવ્યા. તેમની આવી દયાજનક અવસ્થા જોઇને બાદશાહના નેત્રોમાં આનંદનો પ્રકાશ જણાવા લાગ્યો. પરંતુ મરાઠા રાજા સંભાજીએ પણ આ વખતે જે વીરતા બતાવી છે તે ઇતિહાસમાં અતૂલનીય નહિ હોવા છતાં ધન્યવાદને પાત્ર છે. સંભાજીનો ગંભીર અને અવિચલિત સ્વભાવ જોઇને મોગલ સભાસદો આશ્ચર્ય પામી ગયા. આ સમયે કેદી કવલિસખાંએ માનપૂર્વક પોતાનો છુટકો અને ઇનામ માંગ્યું. તેની આ માંગણીથી બાદશાહના વિચારો બદલાયા નહિ. ઔરંગઝેબે પોતાના કઠોર કણ્ઠવડે તેની દુર્બુદ્ધિને માટે અને પાપી આચરણને માટે તિરસ્કાર આપતાં કહ્યું કેઃ "જે મનુષ્ય પોતાનો નઠારો સ્વાર્થ સાધવાને માટે પોતાના અન્નદાતા–માલિકનું અનિષ્ટ કરે છે અને એક વિશાળ જાતિનું ભવિષ્ય બગાડે છે તેને મરણને શરણ કરવાનું જ ઇનામ આપવું યોગ્ય છે!" બાદશાહ તરફથી આવું નવીન પ્રકારનું ઇનામ મળવાના શબ્દો સાંભળતાં જ કવલિસખાં ભ્રમિત ચિત્ત થઇ ગયો. તે જ વખતે તેને ફાંસી દેવાની જગ્યાએ લઇ જવામાં આવ્યો. અન્નદાતાનો અને મિત્રોનો દ્રોહ કરનાર પાપીઓને કેવાં ઇનામ મળે છે તે આ ઉપરથી જોઈ શકાશે.

---

* સંભાજી કયે ઠેકાણે પકડાયો તે સંબંધી ચોક્કસ ખબર મળતી નથી. કોઈ લેખક કહે છે કે તે પાનેલામાં અથવા તેની આસપાસના કોઈ એક ઠેકાણે પકડાયો. એલ્ફિન્સ્ટન અને ટેલર કહે છે કે તે સંગમેશ્વર નગર આગળ પકડાયો. વળી એલ્ફિન્સ્ટન કહે છે કે કવલિસ વા કુલશાહે વિશ્વાસઘાતકતા કરી નથી. તેણે વીરતાપૂર્વક યુદ્ધ કર્યું છે પણ વિધિની લીલાથી હાર પામ્યો અને કેદી બન્યો, આ વાત કેટલી સાચી છે તેનું પ્રમાણ મળતું નથી.

ઔરંગજેબે વીરપુત્ર, અને વીર હૃદય સંભાજી મહારાજને ઇસ્લામ ધર્મ કબુલ કરવાનું કહ્યું. બાદશાહે ઘણા યત્નો કર્યા. અને સ્વતંત્રતા, ધન, રત્ન, સુંદરી, લલના, ઉંચ પદવી વગેરે જેટલા પ્રકારના લોભ હતા તે સર્વે આપવા કહ્યું, પણ આર્યભૂમિનો સાચો આર્ય ક્ષત્રિય વીર સંભાજી ઔરંગજેબના કોઇ પણ લોભમાં ફસાયો નહિ. તેણે પોતાના ક્ષાત્ર ધર્મ સિવાય બીજા સર્વ ધર્મોને તુચ્છકારી કાઢ્યા. પોતાના પવિત્ર હિંદુ ધર્મ સિવાય બીજા કોઇ પણ ધર્મમાં જવાની તેણે સાફ ના પાડી. બાદશાહના પ્રયત્નો નિષ્ફળ ગયા! ત્યારે તેણે તેનો વધ કરવાની આજ્ઞા આપી. મૃત્યુ સમયે એ વીર પુરૂષના હૃદયમાં સ્વાભાવિક વીર તેજ ઉછળી આવ્યું. મહારાજા સંભાજીએ નિડરતાપૂર્વક હિંદુધર્મનાં ગુણ ગાન કર્યાં અને ઔરંગજેબે માની લીધેલી ઇસ્લામી ધર્મની અંધતાની નિંદા કરી. તેની ધર્માંધતા માટે કઠોર શબ્દોમાં બાદશાહનો તિરસ્કાર કર્યો. સંભાજીનાં વીરત્વ ભરેલાં પણ સત્ય વાક્યોનાં બાણ ઔરંગજેબથી સહન થયાં નહિ. ઉલટો તેનો ગુસ્સો વધ્યો. તે જ વખતે સખ્ત આજ્ઞા કરી અને સંભાજીના શરીર ઉપરથી રાજ્યાલંકાર ઉતારી લેવામાં આવ્યા. તેને સાધારણ ફકીરનાં લુંગડાં પહેરાવવામાં આવ્યાં. ત્યાર પછી એક ઉંટ ઉપર અવળે મ્હોડે બેસાડવામાં આવ્યો. આ પ્રમાણે તેનું અપમાન કરતાં કરતાં છાવણીની સાથે ચારે બાજુએ તેને ફેરવવામાં આવ્યો. આ વખતે રાજપૂત લશ્કરને બાદશાહે આજ્ઞા કરી કે તેઓએ વગર વિચારે સંભાજીને મારી નાંખવો. પરંતુ એક પણ રાજપૂત સિપાહીએ બાદશાહની આજ્ઞા પાળી નહિ! ધન્ય જાતીય અભિમાન! ખરેખર, રાજપૂત વીરો ખરા રાજપૂત જ હતા! ખરા દેશાભિમાની અને જાત્યાભિમાની જ હતા! તેમણે પોતાના જાતીય હિંદુ રાજા તરફ કરડી નજર પણ કરી નહિ. છેવટે બાદશાહના હુકમથી મોગલોએ ઇસ્લામની નિંદા કરનાર, સંભાજીની જીભ કાપી નાંખી! તેમ છતાં પણ વીર બહાદુર સંભાજીએ શાંત ચિત્તે તે દુઃખ સહન કર્યું. તેના મુખ ઉપર સહજ પણ ઉદાસીનતા જણાઇ નહિ! આટલી ક્રૂરતા વાપર્યા છતાં પણ બાદશાહે તેને છોડી દેવાનો લોભ બતાવતાં "ઇસ્લામ ધર્મ" કબૂલ કરવાનું કહ્યું. પણ આર્ય માતાનો સાચો પુત્ર અને વીર કેસરી શિવાજી મહારાજનો ટેકીલો તનુ તે કબૂલ કરે કેમ? તેણે અતિ તિરસ્કાર

પૂર્વક બાદશાહની માંગણી નાકબુલ કરી. સંભાજી સર્વને કહેતા કે: "જે ધર્મમાં દયા ન હોય, વિવેક ન હોય અને જરા જરામાં ક્રૂરતા, ક્રોધ હોય તે ધર્મ સર્વથા ત્યાગ કરવા લાયક જ છે. જો દયા, શાંતિ ને ક્ષમા જોઇએ તો તે માત્ર એક પવિત્ર હિંદુ ધર્મમાં જ જણાશે." સંભાજીના સાથીદારોએ આ વાત મોગલ બાદશાહને વિદિત કરી. સંભાજીએ છેવટે એક કાગળના કટકા ઉપર બાદશાહને લખી આપ્યું હતું કે: "જો તમે તમારી વ્હાલી શાહજાદી સાથે મ્હારો વિવાહ કરો તો પણ હું મ્હારો ધર્મ છોડીશ નહિ." ધન્ય છે મહારાજ સંભાજી ! ખરેખર, ત્હમે ધર્મ પ્રાણ, મહાપુરૂષ શિવાજીના નામને દિપાવ્યું છે.

ઔરંગજેબે સંભાજીનો જવાબ વાંચ્યો. એટલે ત્હેનું હૃદય પત્થરથી પણ વધારે કઠોર થઈ ઉઠયું. તેજ વખતે બાદશાહની આજ્ઞાથી બાદશાહના સ્હામું જ વીર મહારાજા સંભાજીની આંખો ફોડાવી નાંખી ! તેના શરીરના જૂદા જૂદા અવયવો કપાવી નંખાવ્યા ! છેવટે તેનું કાળજું કાપી-કાઢી-નાંખવામાં આવ્યું, અને ત્યાર પછી તે કપાયલા શરીર અવયવોને કુતરાંઓના મ્હોં આગળ ભક્ષ્ય માટે નાંખવામાં આવ્યા ! મહા વીર, મહાન ધર્મ-પ્રાણ, સંભાજીએ ધર્મને માટે હસતાં હસતાં દેહત્યાગ કર્યો. પવિત્ર આર્ય ધર્મનું ગૌરવ જાળવ્યું. આર્ય ધર્મનું રક્ષણ કર્યું. અને આર્ય ધર્મ ઉપર આર્ય પ્રજાનો કેટલો પ્રેમ હોવો જોઇએ ત્હેનું ઉજ્જવળ ઉદાહરણ-ભવિષ્યની પ્રજા માટે-અખંડ બનાવી મૂકયું, પણ ઔરંગજેબે કેવું ઉદાહરણ મુકયું ? તેણે ઇસ્લામ ધર્મ સંપ્રદાયને મ્હોટામાં મ્હોટી શિખામણ આપી છે કે: "ધર્માંધતાને લીધે કોઈએ પણ પશુ જેવાં કામો કરવાં નહિ." તેમ કરવાથી જ મોગલ સામ્રાજ્ય ધૂળમાં મળી ગયું છે. સેંકડો વર્ષ થવા છતાં તે હૃદય કમ્પાવી નાંખનાર વાર્તા, હિંદુઓના હૃદયને બાળી મુકે છે, અને ઔરંગજેબ જેવા ક્રૂર બાદશાહ તરફ તિરસ્કાર ઉપજાવે છે. ઇતિહાસનાં દરેક પૃષ્ઠો કહે છે કે: ઔરંગજેબ જેવું કદી પણ કોઈ વર્તન કરશો નહિ. તેમ કરવાથી પ્રેમને બદલે તિરસ્કાર તથા સુખને બદલે દુઃખ જ મળશે !

વીર સંભાજીએ જીંદગી પર્યંત જે પાપ કર્મો કરી કલંક મેળવ્યું હતું તે તેની છેલ્લી સ્થિતિ વખતે તેને જે ભયંકર પ્રાયશ્ચિત મળ્યું તેથી સર્વ કલંક ધોવાઈ ગયું છે. તેણે એ જ પ્રાયશ્ચિતના બળવડે, પ્રજાના હૃદયમાંનું ગુમા-

વેલું સિંહાસન પાછું મેળવ્યું છે. તેનાં સર્વ પાપ અને સર્વ દુર્બળતા પ્રજા ભૂલી ગઇ છે. તેના અપમાન ભરેલા અને કઠોરતાથી કપાયલા શરીરના મરણથી મરાઠા સમાજમાં નવું જીવન આવ્યું છે. તેની દઢ ધર્મનિષ્ઠા જોઇને મરાઠા જાતિ–નહિ સમસ્ત આર્ય જાતિ–નવીન જાગૃતિમાં આવી ગઇ છે, અને સર્વ આર્યસમાજ નવીન બળવડે બળવાન થઈ છે. ઘેરે ઘેર સંભાજીની ધર્મનિષ્ઠાની વિજય વાર્તા ગવાય છે. પૃથ્વીનું અસ્તિત્વ રહેશે, સાહિત્યના ભંડારો રહેશે અને આર્ય જાતિય મનુષ્યોનું એક પણ બાળક રહેશે ત્યાં સુધી વીર ક્ષત્રિય પુત્ર મહારાજા સંભાજીની ધર્મ પ્રાણનિષ્ઠા કદી પણ ભૂલાશે નહિ. તે હમેશાં ઉજ્જ્વળ જ રહેશે અને પ્રદીપ્ત જ રહેશે. (भारत जीवननो–**मणि–कान्त.**)

जोधपुरना महाराजा वख्तसिंह.

ભારતવર્ષનો ઇતિહાસ પરાક્રમી, વીર અને ગંભીર રાજા, મહારાજા અને રાણી મહારાણીઓથી ભરેલો છે. "ભારતજીવન" માં એવાં અનેક પરાક્રમી મહાપુરૂષોનાં તેજસ્વી જીવન ચરિત્રો પ્રકટ થયાં છે. "વાર્તામાળા"ના સુજ્ઞ વાંચક માટે ભારતવર્ષના ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાયલા, પરાક્રમી મહાપુરૂષ જોધપુર નરેશ મહારાજ વખ્તસિંહનું જીવનચરિત્ર પ્રકટ કરવામાં આવે છે.

જોધપુરના મહારાજા અજિતસિંહ ઘણા પરાક્રમી હતા. દિલ્લીની બાદશાહી નષ્ટ થતી વખતે એઓએ મુસલમાન સુબેદાર પાસેથી અજમેર છીનવી લઈ તે ઉપર પોતાનો અધિકાર જમાવ્યો હતો. ભરતપૂર રાજ્યના પ્રતિષ્ઠાતા પૂરણમલ જાટના પુત્ર મોહકમસિંહ ઉપર જ્યારે બાદશાહ મહમ્મદનો કોપ થયો ત્યારે તે મહારાજા અજિતસિંહના શરણમાં આવ્યો. બાદશાહને આ વાતની ખબર પડતાં તેણે અજિતસિંહ પાસે મોહકમસિંહની માંગણી કરી. પરંતુ તે વીર, બહાદુર રાજપૂત રાજાએ મોહકમસિંહને આપવાની ના પાડી. શરણે આવેલાને બચાવવો જોઇએ એજ રાજપૂત રાજાઓનું વ્રત હતું. પોતાના પ્રાણ જાય, ધન જાય, માન જાય તો તેની દરકાર

નહિ કરતાં પણ શરણે આવેલા મનુષ્યને બચાવવાને જેટલા યત્નો થાય તેટલા કરવા એજ મનુષ્યનું ભૂષણ છે. બાદશાહે અજિતસિંહની એવી પ્રતિજ્ઞા સાંભળી ત્યારે તેમને વિશેષ ગુસ્સો ચઢયો, અને પુષ્કળ લશ્કર મોકલી અજિતસિંહના અજમેરને ઘેરી લીધું. આ ઘેરો ચાર મહિના સુધી રહ્યો. પરંતુ જયપૂરના મહારાજા સવાઈ જયસિંહ વચમાં પડયા. તેમણે બન્નેનું મન મનાવી સંધિ કરાવી. આ સંધિની સરત પ્રમાણે મહારાજા અજિતસિંહે અજમેરનો સૂબો, મોગલોને પાછો આપી દીધો.

મહારાજા અજિતસિંહને બે પુત્ર હતા. એકનું નામ અભયસિંહ અને બીજાનું નામ વખ્તસિંહ હતું. બાદશાહ મહમ્મદશાહે અભયસિંહને પોતાના દરબારમાં બોલાવી મંગાવ્યો. જ્યારે તેઓ દિલ્લી ગયા ત્યારે બાદશાહના મંત્રિઓએ કહ્યું કેઃ જો તમે તમારૂં મારવાડનું રાજ્ય તમારા જ કુટુંબના હાથમાં રાખવા માંગતા હોય તો તમારા પિતાને મારીને તમે પોતે જ રાજા થઇ જાઓ. આ કપટ–જાળમાં સપડાઇને તથા સવાઈ જયસિંહની સલાહ લઇને રાજકુમાર અભયસિંહે તે માંગણી કબુલ કરી. તેમણે પોતાના ન્હાના ભાઈ વખ્તસિંહને લખ્યું કેઃ " જો મારવાડનું રાજ્ય સ્થાપિત રાખવા ચ્હાતા હો તો આપણા પિતાને મારી નાંખો. તેમ કરવાથી તમને સ્વતંત્ર રાજા બનાવી દેવામાં આવશે."

એ લોભમાં પડીને મહારાજ કુમાર વખ્તસિંહે સંવત ૧૭૮૦ના આષાઢ શુકલ બારસને દિવસે પોતાના નિદ્રાવશ થયેલા પિતાને મારી નાંખ્યા, અને પિતૃહત્યાનું મહા પાપ કર્યું! જગતમાં લોભ એજ પાપનું મૂળ છે, અને તેમાં પણ રાજલોભે તો જગતના મ્હોટા મ્હોટા ધીર, વીર પુરૂષોનાં મન ચળાવી નાખી, પાપના ખાડામાં ગબડાવી પાડયા છે ! મહારાજા અજિતસિંહના ખુનની વાત જ્યારે પ્રકટ થઈ ત્યારે પ્રજાજનો રાજકુમારને શિક્ષા આપવા દોડયા. આ વખતે પ્રજાનો ગુસ્સો એટલો બધો ઉશ્કેરાઇ ગયો હતો કે તેઓ તુરત જ રાજકુમારનું પણ ખુન જ કરી નાંખત, પણ રાજકુમારે સમયસૂચકતા વાપરી નમ્રતાપૂર્વક પ્રજાજનોને પોતાના ભાઇનો પત્ર બતાવ્યો ત્યારે પ્રજાજનો પણ એ પત્રનો મર્મ સમજી ગયા, અને જાણ્યું કે માત્ર રાજગાદી સ્વતંત્રતાપૂર્વક બચાવવાને ખાતર જ મહારાજાનું ખુન થયું છે ! પ્રજા-

જને પાછા વળ્યા. રાજકુમારનો જીવ બચી ગયો. આ વખતે કુમાર વખ્તસિંહની ઉમ્મર ૩૦ વર્ષની હતી. પિતાનું ખુન કર્યા પછી તેઓ દિલ્હી ગયા. ત્યાં બાદશાહના વજીરને મળવાની ઇચ્છા બતાવી, પરંતુ વજીરે મુલાકાત લીધી નહિ. વજીરે કહાવ્યું કેઃ "હું પિતૃ-ઘાતક પાપીનું મ્હોં જોવા ચ્હાતો નથી!" આવાં અપમાનસૂચક વાક્યો સાંભળતાં જ રાજકુમાર વખ્તસિંહને ઘણી લજ્જા થઇ, અને અંતઃકરણમાં ઘણી વેદના થઇ. તેઓ વ્યાકુળ ચિત્તે પાછા ફર્યા. રસ્તામાં આવતાં રીવારી ગામ આગળ તેઓને કોઇએ ઓળખ્યા. તે વખતે રાજકુમાર દિવાના જેવો બની ગયો હતો. તેના માથા ઉપર પાઘડી સુદ્ધાં ન હતી. એક તરફથી પિતાનું ખુન કર્યું. બીજી તરફથી બાદશાહના વજીરે અપમાન કર્યું! હૃદયમાં અનેક વ્યથા થઇ. ચિત્ત ભ્રમણામાં પડ્યું. જે માણસે રાજકુમારને ઓળખ્યો તેમને એ ગામ આગળ રહેતા એક મહાત્મા પાસે લઇ ગયા. મહાત્માએ રાજકુમારને ઘણું સમજાવ્યો. તેમણે કહ્યું કેઃ આ પ્રમાણે વ્યગ્ર થવાથી કાંઇ લાભ થવાનો નથી. જો આવી જ સ્થિતિમાં—એ પાપનું પ્રાયશ્ચિત કર્યા વગર જ—આપનું મૃત્યુ થશે તો વળી વધારે નઠારૂં થશે. હવે તો ધૈર્ય ધારણ કરીને રાજ્યનું કામ સંભાળી લેવું એ જ ઉચિત છે, અને આજથી પ્રતિજ્ઞા કરો કે હવેથી સ્વપ્નમાં પણ કોઇ પાપનું—અન્યાયનું કામ કરવું નહિ! એથી જ આપના પાપનું પ્રાયશ્ચિત થશે."

મહાત્માના એવા ઉપદેશથી વખ્તસિંહનું ચિત્ત ઠેકાણે આવ્યું. તેમને જ્ઞાન થયું, અને યોગ્ય માર્ગ સૂઝ્યો. તેમણે તે જ ક્ષણે પ્રતિજ્ઞા કરી કેઃ "હું જીવન પર્યંત ન્યાયપૂર્વક જ રાજ્ય કરીશ."

મહારાજા અજિતસિંહના મરણની ખબર સાંભળતાં જ બાદશાહે દિલ્લીમાં જ અભયસિંહનો રાજ્યાભિષેક કરી દીધો, અને તે જ સમયે વખ્તસિંહને નાગોર જવાની આજ્ઞા લખી મોકલી. દિલ્હીથી આવીને સં. ૧૭૮૧ માં મહારાજા અભયસિંહે પોતાના ન્હાના ભાઇ વખ્તસિંહને નાગોરનો રાજા બનાવ્યો.

મહારાજા વખ્તસિંહ ઘણા ઉદ્યોગી અને સાહસી પુરૂષ હતા. તેઓ હમેશાં પોતાના ભાઇ અભયસિંહને મદદ કરતા હતા. સંવત ૧૭૮૭ ની વિજ્યા દશમીને દિવસે મહારાજા અભયસિંહે, સૂબેદાર સર બુલન્દખાંને હરાવીને અમદાવાદ પોતાના તાબામાં લીધું. એ યુદ્ધમાં મુખ્ય સેનાપતિ મહા-

રાજા વખ્તસિંહ જ હતા. તેમના જ યુદ્ધ કૌશલથી ફત્તેહ મળી. તેઓની આ વખતની ચતુરાઇ અને સાહસ જોઇને મહારાજા અભયસિંહે પ્રસન્ન થઇને તેમને જાલોર પરગણું બક્ષિસ આપી તેમનું સન્માન વધાર્યું.

સંવત ૧૭૯૬ માં મહારાજા અભયસિંહે બીકાનેરના મહારાજા જોરાવરસિંહ ઉપર ચઢાઈ કરી. ઘણા દિવસો સુધી લડાઈ ચાલી, પરંતુ બીકાનેરનો કિલ્લો તોડી શકાયો નહિ ! આ વખતે મહારાજા વખ્તસિંહની મદદ લેવામાં આવી ન હતી. તેથી મહારાજા વખ્તસિંહના મનમાં પણ વહેમ ઉત્પન્ન થયો હતો કે વખતે બીકાનેર જીતી લીધા પછી મહારાજ અભયસિંહ ક્યાંક નાગોર ઉપર તો ચઢી નહિ આવે? તેથી તેઓએ બીકાનેરના વકીલને બોલાવી એવી સલાહ આપી કે: તમે તમારા મહારાજાને એવી સલાહ આપો જેથી તે જયપુરના મહારાજા જયસિંહની મદદ માગે. જયપુર એવું લખજો કે જોધપુરવાળાએ આમેરનું પરગણું લઈ લીધું હતું તેનો બદલો લેવાનો આ સારો વખત છે. બીકાનેરના મહારાજાને આ સલાહ મળતાં જ તેણે એક પત્ર સાથે પોતાનો દૂત જયપુર મોકલ્યો.

આ સમયે જયપુરના મહારાજા ઘણી કેફ કરતા હતા. કેફની ધૂનમાં કેટલાંક એવાં પણ કામ કરી દીધાં હતાં કે જેથી પોતાને પુષ્કળ નુકસાન થયું હતું. તેથી તેમણે એવી આજ્ઞા કરી દીધી હતી કે જ્યારે હું કેફમાં હોઉં ત્યારે રાજ્યનું કોઇ પણ કામ મ્હારી પાસે લાવવું નહિ. બીકાનેરના દૂતને, જયપુરના મુખ્ય મંત્રી સાથે સારી મિત્રતા હતી. તેથી તેની સલાહથી જ બીકાનેરથી આવેલો પત્ર, કેફમાં મસ્ત બનેલા મહારાજ જયસિંહની સ્હામું મુક્યો. મહારાજાએ પણ કેફની ધૂનમાં ને ધૂનમાં જ પોતાના મંત્રિની સલાહથી મહારાજા અભયસિંહને લખી મોકલ્યું કે:—

" બીકાનેર અને આપનું ઘર એ એકજ છે. તેથી બીકાનેરના મહારાજાને ક્ષમા આપી ઘેરો ઉઠાવી લેવો, નહિ તો યાદ રાખજો કે મ્હારૂં નામ જયસિંહ છે."

આ પત્રના ઉત્તરમાં અભયસિંહે લખ્યું કે: "મારા અને મારા સેવકોની વચમાં પડવાનો આપને કાંઇ અધિકાર નથી. આપનું નામ જ્યસિંહ છે તો મ્હારૂં નામ પણ અભયસિંહ છે."

કેફ ઉતરતાં મહારાજા સવાઈ જયસિંહને પોતાના કરેલા કામ ઉપર

ઘણો પસ્તાવો થયો, પણ હવે કરે શું? લાચાર! બે લાખ સૈન્ય લઇને તેમણે જોધપુર ઉપર ચઢાઈ કરી ઘેરો ઘાલ્યો, અને મહારાજા વખ્તસિંહને લખ્યું કેઃ "તમે તમારૂં લશ્કર લઇને આવો. હું તમને જોધપુરના મહારાજા બનાવીશ." મહારાજ વખ્તસિંહે પણ તેમજ કર્યું. બીજી તરફથી ઉદયપુરના મહારાજા પણ ૮૦,૦૦૦ સૈન્ય લઇને જયપુરના મહારાજાની મદદે આવી પહોંચ્યા હતા. આ બધી હકીગત સાંભળતાં મહારાજા અભયસિંહ ઘણા ગભરાઇ ગયા. તેમણે બીકાનેર ઉપરથી ઘેરો ઉઠાવી લીધો, અને વેશ બદલીને જોધપૂર પહોંચ્યા. તેમણે જોયું કે હવે નમ્યા વગર સિદ્ધિ નથી ત્યારે જયપુરના મહારાજાને લશ્કર-ખર્ચના બાવીસ લાખ રૂપિયા આપીને સન્ધિ કરી દીધી. મહારાજા વખ્તસિંહ નિરાશ થઇને પાછા નાગોર ચાલ્યા આવ્યા.

મહારાજા વખ્તસિંહે શરમાઇને થયેલા અપરાધની પોતાના ભાઈ પાસે ક્ષમા માગી, અને ઉલટું જયપૂર ઉપર ચઢાઈ લઈ જવાની સલાહ પૂછી. અભયસિંહે ન્હાના ભાઇનો અપરાધ ક્ષમા કર્યો અને જયપૂર ઉપર ચઢાઈ લઇ જવાની સલાહ આપી. સંવત ૧૭૯૮માં વખ્તસિંહે જયપૂર ઉપર ચઢાઇ કરી. મહારાજા અભયસિંહે પણ પોતાના ન્હાના ભાઇને મદદ કરવા માટે એક વિશાળ લશ્કર તૈયાર કર્યું. અને જયપૂર તરફ રવાના થયા. પરંતુ તેમણે પોતાના સરદારોને પહેલાંથી જ કહી દીધું હતું કેઃ આ લડાઈ ઉભી કરવાનું કારણ માત્ર મારા ભાઈ વખ્તસિંહને દણ્ડ આપવાનું જ છે. જયપૂર સાથે લડવાની ઇચ્છા નથી. રસ્તામાં જ બન્ને ભાઇઓનો મેળાપ થયો. ત્યાં ચંપાવત કુશલસિંહ નામના એક ઠાકોરે કંઇક મશ્કરીનાં વાક્યો કહ્યાં. તે સાંભળી વખ્તસિંહને ઘણી લજ્જા આવી. તેમણે ગુસ્સે ભરાઇને જયપૂરના લશ્કર સાથે એકલાં જ લડવાની પ્રતિજ્ઞા કરી.

મહારાજા જયસિંહ પણ રાઠોડોના ચઢાઇના સમાચાર સાંભળીને પોતાના બે લાખ સૈન્ય સાથે મારવાડની સીમા ઉભય આવી પહોંચ્યા. વખ્તસિંહે ફક્ત પોતાના પાંચ હજાર સિપાહીઓને સાથે લઇને જ દુશ્મનો ઉપર હુમલો કર્યો, અને પોતાની વીરતાનો સ્વાદ ચખાડતો જયપૂરના લશ્કરની આરપાર નીકળી ગયો, પરંતુ આરપાર નીકળી ગયા પછી તેની સાથે ફક્ત સાઠ વીર સિપાહીઓ રહ્યા હતા. એ જોઇને પણ મહારાજ વખ્ત-

સિંહ નિરાશ થયા નહિ. તેમણે જયપૂરની સેના ઉપર બીજી વખત હુમલો કર્યો, અને બીજી વખત પણ તેના વિશાળ લશ્કરની આરપાર નીકળી ગયા. તેમની ઇચ્છા હતી કે ત્રીજી વખત પણ તેમ જ કરવું પણ તેમના સાથીઓએ રોકી લીધા. વખ્તસિંહને સંપૂર્ણ વિશ્વાસ હતો કેઃ મ્હારો ભાઈ અભયસિંહ બરાબર મદદ કરશે, પરંતુ તેણે મદદ કરી નહિ ત્યારે તેમને ઘણું દુઃખ થયું. જ્યારે બન્ને ભાઇઓ ભેગા મળ્યા ત્યારે મોટા ભાઈ અભયસિંહે કહ્યું કેઃ તમને એકલાને વિજયમાળ પહેરાવવાની ઇચ્છાથી જ મેં તમને સહાયતા કરી નહિ! ત્યાર પછી ઉદયપુરના મહારાણા વચમાં પડયા તેથી યુદ્ધ શાંત પડયું.

સંવત ૧૮૦૬ માં મહારાજા અભયસિંહ પંચત્વ પામ્યા. મરતી વખતે પોતાના સરદારો પાસે પ્રતિજ્ઞા કરાવી કે તેમણે રાજપુત્ર રામસિંહનો પક્ષ લેવો. પરંતુ રામસિંહ બુદ્ધિમાન ન હતો. તેની સોબત પણ સારી નહતી. એટલે તેના મિત્રો પણ સદ્‌ગુણી અને સારી સલાહ આપનાર નહતા. નઠારા મિત્રોને લીધે તેઓને નઠારી કુટેવો પડી હતી. વખતો વખત તેઓ પોતાના સારા સરદારોનું પણ અપમાન કરી બેસતા હતા. જરૂરનાં કામોમાં બેદરકારી બતાવતા હતા. તેથી તેમના સરદારો પણ અસન્તુષ્ટ હતા. તેમ છતાં પણ સરદારોએ ઘણા દિવસ સુધી પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું.

મહારાજ રામસિંહના રાજ્યાભિષેક વખતે મહારાજ વખ્તસિંહ આવી શકયા નહતા. તેઓએ નિયમ પ્રમાણે રાજતિલકનો સામાન પોતાની ધાત્રી સાથે મોકલી આપ્યો હતો. આ પ્રમાણે થવાથી મહારાજ રામસિંહને ઘણું ખોટું લાગ્યું. તેઓએ તેજ વખતે નાગોર ઉપર ચઢાઈ કરવાની તૈયારી કરી દીધી. સરદારોએ તેમને ઘણું સમજાવ્યા પણ તેમણે કોઇનું કહ્યું માન્યું નહિ. તેથી થોડાક સરદારો સિવાય બીજા બધા મહારાજા વખ્તસિંહના પક્ષમાં થઈ ગયા. તેમ છતાં પણ રામસિંહે નાગોર ઉપર ચઢાઇ કરી જ દીધી. લુણાવાસની પાસે મેડતેના મેદાનમાં લડાઈ થઈ. કેટલાક દિવસો સુધી ઘોર યુદ્ધ થયું. ત્યાર પછી મહારાજા રામસિંહ પરાજય પામ્યા અને જયપૂર ચાલ્યા ગયા, અને આ તરફ જોધપુરમાં મહારાજા વખ્તસિંહનો રાજ્યાભિષેક થયો.

મહારાજા વખ્તસિંહનો યશ અને પ્રતાપ દિનપરદિન વધવા લાગ્યો. તેઓએ અજમેર પણ જીતી લીધું. તેઓએ સાંભળ્યું કે મહાદજી સિંધિયા

રામસિંહનો પક્ષ લઇને યુદ્ધ કરવા ચ્હાય છે ત્યારે તુરત જ બે લાખ સેના લઇને જોધપુરની સરહદ આગળ આવી પહોંચ્યા. તેઓનું આવું બળ અને પ્રતાપ જોઇને સિંધિયા રાજા યુદ્ધ કર્યા વગર જ ત્યાંથી પાછા ચાલ્યા ગયા.

મહાદજી સિંધિયા સાથે યુદ્ધ કરવા જતી વખત મહારાજા વખતસિંહે જયપુરના મહારાજા ઇશ્વિરીસિંહ પાસે મદદ માંગી, અને એવું પણ લખ્યું હતું કે જો તમે મદદ નહિ આપો તો હું તમને મારા શત્રુ સમજીશ. મહારાજા ઇશ્વિરીસિંહે પ્રત્યક્ષમાં તો મિત્રતા બતાવી પણ પોતાના ન્હાના ભાઇ માધવસિંહની સ્ત્રી કે જે વખ્તસિંહની ભત્રીજી થતી હતી તેને વખ્તસિંહને કાંઇક ભેટ આપવા મોકલી. તે ભેટમાં બીજી વસ્તુઓ સાથે એક વિષ ભરેલું ફુલ પણ મોકલ્યું. તે ફુલ સુંઘતાં જ વખ્તસિંહને ઝેર ચઢ્યું. તેની તબીયત બગડી, અને હજારો ઉપાય કરવા છતાં પણ તે ઝેર ઉતર્યું નહિ—તેમના પ્રાણ બચ્યા નહિ. તેઓએ માલપુરાથી એક ગાઉ વેગળે, ભોપોલાવ નામના તલાવ આગળ શરીર છોડી દીધું. એ તળાવ જયપુર, જોધપુર અને ઉદયપુરની સીમા ઉપર છે.

મહારાજ વખ્તસિંહ ઘણા જ ધીર, વીર અને બુદ્ધિમાન હતા. તેમના ચ્હેરા ઉપર હમેશાં પ્રસન્નતા અને ઉદારતાની ઝલક દેખાતી હતી. તેમનો ચ્હેરો સુંદર, તેજસ્વી, ભવ્ય અને શરીર બળવાન હતું. તેઓએ દેશના લોકોના ઉપકારને માટે અનેક સારાં કામો કર્યા છે. હમેશાં ન્યાય પૂર્વક વર્તવાની પ્રતિજ્ઞાનું પણ પાલન કર્યું હતું. તેઓ ગમે તેવા ગુંચવાડા ભરેલા ગુન્હાનો ઝટ નિકાલ લાવતા અને તે વખતે બુદ્ધિ તથા ચતુરાઇથી જ કામ લેતા. તેમના ન્યાયની ખુબી હજુ પણ મારવાડમાં વખણાય છે અને ત્યાંની પ્રજા એ ન્યાયને વખાણે છે. મહારાજા વખ્તસિંહના સંબંધમાં કર્નલ ટૉડે લખ્યું છે કેઃ—ઇશ્વિરે જો તેમને થોડા દિવસ જીવતા રાખ્યા હોત તો દિલ્લીની ભાંગી પડતી બાદશાહતને—તેઓ—મરાઠાઓના હાથમાં જવા દેત નહિ ! તેમજ ભારતવર્ષમાં ફરીથી રાજપૂતોનો ડંકો ગગડાવત."

જો તેમને માથે પિતૃ હત્યાનું કલંક ન લાગ્યું હોત તો નિઃસંદેહ તેઓ આદર્શ રાજા કહેવાત. તેમનો એ દોષ, ગુલાબના ફુલમાં કાંટાની પેઠે ખટકે છે!

(भारत जीवननो " मकरंद.")

અનુક્રમણિકા.

સસ્તી વાર્તામાળા મળવાનાં ઠેકાણાં.

૧. મુંબાઇ–મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કુા. બુકસેલર્સ કાલબા-
દેવીરોડ પ્રિન્સેસ સ્ટ્રીટ. (છુટક પુસ્તકો મળી શકશે.)

૨. ,, ઠા. વસનજી પરમાણંદ ચાહેવાળા બુકસેલર કાલબાદેવીરોડ.

૩. ,, નારૂશંકર હરિપ્રસાદ દેશાઈ લોવર પરેલ.

૪. સુરત–શા. રંગીલદાસ કાશીદાસ જનરલ મરચન્ટ–બરાનપુરી ભાગોળ.

૫. ,, ચંદ્રપ્રકાશ ઑફીસ–ભાગાતલાવ.

૬. ભરૂચ–રા. રા. ગણપતરામ દુર્ગારામ દેસાઇ.વિમા કંપનીના એજન્ટ.

૭. વડોદરા–મોહનલાલ મનસુખરામ બુકસેલર. (છુટક પણ મળશે.)

૮. નડીઆદ–રા. રા. મણીલાલ લલ્લુભાઇ દેસાઇ.

૯. ,, રા. રા. મગનલાલ દામોદર પંડ્યા. લખાવાડને નાકે.

૧૦. ભાવનગર–રા.અબ્દુલહુસેન આદમજી બુકસેલર.(છુટક પણ મળશે)

૧૧. કરાંચી–રા. રા. છગનલાલ ત્રિભુવન દવે. ઠે. બંદરરોડ. લેટ–
પિપલ્સ બેંક બિલ્ડિંગ.

૧૨. અમદાવાદ–ડી. રૉય અને કંપની. ગુજરાતના એજન્ટ ઠે. ખાડીયા
પોલીસ ચૉકી પાસે.

૧૩. ,, રા. રા. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે. બુકસેલર ત્રણ દરવાજા

૧૪. ,, રા. રા. પુંજાલાલ લલ્લુભાઈ. ભદ્રસાહેબ. માણેક ચૉક.

૧૫. ,, મેસર્સ જે. એન. વકીલ અને કું. રીચીરોડ. નં. ૪૩૩

૧૬. ,, રા. રા. જેકીશન પરમાનંદ તારકસ. ત્રણ દરવાજા.

૧૭. ,, રા. રા. હરિપ્રસાદ મોહનલાલ ખાડીઆ. ગોટીની શેરી.

૧૮. ,, રા. રા. નંદલાલ ચુનિલાલ બોડીવાળા. સારંગપુર.

૧૯. ,, રા. રા. રણછોડલાલ મોતીલાલ બુકસેલર. રીચીરોડ.

૨૦. ,, રા. રા. રામનારાયણ કેશવલાલ દેસાઈ. રંગના વેપારી.

૨૧. ,, વકીલ એન્ડ કુંપની. રીચીરોડ.

૨૨. ,, અંબાલાલ શંકરલાલ દવે. ખાડીયા શ્રીરામજીની શેરી.

૨૩. ,, ગુજરાત સ્વદેશી સ્ટોર. રીચીરોડ–ફુવારા સામે.

૨૪. બારડોલી–રા. રા. નારૂશંકર હરિપ્રસાદ દેસાઇ. વ્યાસ ફળીઉં.

સસ્તી વાર્ત્તામાળાના ગ્રાહકોનેજ ખાસ સસ્તો લાભ.

૧. પંજાબની રાણી- આ ઐતિહાસિક નવલ કથા લૉર્ડ ડેલહૌસીના વખતની છે. એક વખત આખા હિંદુસ્થાનને ધ્રુજાવનાર, પંજાબના શીખ રાજા રણજીતસિંહના રાજની ક્રમે અવનતી થઈ તે વગેરે વાંચવા લાયક છે. પાકું પૂઠું, (કિં. ૧-૮-૦) હાલની અડધી **કીંમત ૧૨ આના.** પોસ્ટેજ ૦—૧—૬.

૨. પતિવ્રતા બેગમ- (લુત્ફુન્નિસા) મુસલમાની ઇતિહાસનાં ઘણાં નૉવલ પ્રગટ થયાં છે. પણ આ ઐતિહાસિક નવલકથામાં નવાબ સિરાજુ દૌલાની માનીતી બેગમનું રસથી ભરેલું પ્રેમ-વર્ણન સરળ ભાષામાં લખ્યું છે. પાકું પૂઠું, કિંમત (રૂ. ૧-૮-૦) હાલ ૦-૧૨-૦ પોસ્ટેજ ૦—૧—૬.

૩. દેવી અન્નપૂર્ણા- અથવા **સાત્વિક જીવનનો મહામંત્ર**-આ સામાજિક ધાર્મિક નવલકથા દરેક સ્ત્રી પુરૂષે કિંવા યુવાન નર નારીએ જરૂર વાંચવી જોઇએ. પાકું સુંદર પૂઠું, **કીંમત** (રૂા. ૧-૪-૦) હાલ **૦-૧૨-૦** પોસ્ટેજ ૦-૧-૬.

૪. ૧૯૧૦ નો ખાસ અંક- સચિત્ર **ભારતજીવન** માસિકપત્રના આ ખાસ અંકમાં ૧૫૦ પૃષ્ઠ છે. સંગ્રહ કરવા લાયક ઐતિહાસિક લેખો અને ઐતિહાસિક નવલકથાઓ. આકર્ષક ૫૬ છબીઓ છે. **કિં. ૦-૬-૦** પો. ૦-૨-૦.

૫. ૧૯૧૧ નો ખાસ અંક- સચિત્ર ભારતજીવન-૧૫૦ પૃષ્ઠનો ઉત્તમોત્તમ લેખોથી ભરપૂર દળદાર છે. ૭૨ છબીઓ **કિં. ૦-૬-૦** પોસ્ટેજ ૦-૨-૦.

સર્વ પત્રવ્યવહાર, મનીઑર્ડર વગેરે નીચલે સરનામે મોકલવા જોઇએ.

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.

મેનેજર-સસ્તી વાર્તામાળા. મુંબઈ નં.-૧૩.

*** "સસ્તી વાર્તામાળા"નાં પ્રથમ વર્ષનાં પુસ્તકો સીલીકમાં નથી માટે કોઇએ મંગાવવા તસ્દી લેવી નહિ.**

મહા દાન.

તમારા દેશના સદાચરણી, દરીદ્ર અને નિરાધાર અનાથો બીજે ક્યાં જઇને પોકાર કરે ? બીજે ક્યાં જઇને અરજ કરે, તે તો તમારેજ બારણે ! તેમને તમારોજ આધાર છે. તેઓ તમારાજ છે, તેમને મદદ કરો, તેમનાં વ્યાધિ ટાળો અને તેમને વિદ્યા તથા હુન્નરનું જ્ઞાન આપી સનાથ બનાવો કે જેથી તેઓ પોતાના જેવા અનેક અનાથોને સનાથ બનાવે. તેમને મદદ કરી ઇશ્વરનો પ્રેમ મેળવો, તેમને દાન કરી તમારી કમાણીનું સાર્થક કરો. એ દાન તેજ સ્વર્ગ સુખનો માર્ગ છે.

સિદ્ધપુર ક્ષેત્રમાં **"શ્રી ગોપાળકૃષ્ણ અનાથાશ્રમ"** છે. તેમાં ગરીબ, કુલીનો, અનાથ, સદાચરણી, વિધવાઓ, નિરાધાર બાળકો તથા વ્યાધિગ્રસ્ત અનાથ મનુષ્યોનું પોષણ થાય છે. ગરીબ વિદ્યાર્થીઓને અન્ન, વસ્ત્ર, તથા પુસ્તકોની મદદ આપી વિદ્યાભ્યાસ કરાવાય છે. વ્યવસ્થા સંપૂર્ણ સહીસલામત રીતે પ્રતિષ્ઠિત ગૃહસ્થોના હાથમાં છે. દાન આપનારનાં નામ પ્રસિદ્ધ થાય છે.

આ સંસ્થામાં (ઋષિકુળ) **બ્રહ્મચર્યાશ્રમ** ખોલવામાં આવ્યો છે. તેમાં જનોઈ દીધેલાં બ્રાહ્મણના બાળકોને ત્રણ યા પાંચ વર્ષની ગેરંટીએ બ્રહ્મચારીનો દંડ ધારણાદિ વેશમાં પવિત્રપણે રહી પોતાના નિત્યકર્મ સાથે સાયં પ્રાતઃ હોમ આપી ગુજરાતી ચોથા ધોરણ લગી અભ્યાસ કરાવાય છે. તેમજ વેદશાસ્ત્રના જીજ્ઞાસુ માટે પણ ઉત્તમ ગોઠવણ કરી છે.

તમારાથી બને તેટલી મદદ તુરતજ મોકલો. રસીદ મોકલીશું. પત્રવ્યવહાર, મનીઓર્ડર નીચલે સરનામે. **મંત્રી,**

શ્રી ગોપાળકૃષ્ણ અનાથાશ્રમ-સિદ્ધપુર, (ગુજરાત).

રવિકાન્ત ભાગ ૧ લો.

સન્માર્ગદર્શક, સુબોધમય, રસમય ગ્રંથ. આ પુસ્તક પુરૂષ તેમજ સ્ત્રી, યુવાન તેમજ વૃદ્ધ સર્વ કોઇને અતિ ઉપયોગી હોઇ દરેક લાયબ્રેરીમાં તેમજ દરેક કુટુંબમાં રાખવા લાયક છે. તેને વિષે કર્મ, જ્ઞાન, ભક્તિ, દાન, પરોપકાર, દયા, ક્ષમા, મોહ, માયા, કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, પુરૂષાર્થ, પ્રારબ્ધ અને દૈવ અથવા ભાવિ તથા કર્તવ્ય કર્મ વગેરે વિષયોના યથાર્થ ખુલાસા સાથે દાખલા દૃષ્ટાંત સહિત, શુદ્ધ સરલ ભાષામાં ઘણુંજ અસરકારક રીતે વર્ણન કરવામાં આવ્યું છે. ગુ. ટ્રે. કોલેજના પ્રિ. મે. ક. પ્રા. ત્રિવેદીજી

તથા અમદાવાદના આ. જડજ મે. મા. ઝ. યાજ્ઞિકજી તથા સાક્ષર શ્રી મે. ન. પુ. સંઘવીજી વગેરે પ્રખ્યાત સાક્ષરોના તથા સુવિખ્યાત પેપરોના તથા માસિકોના એડિટરોના તેમજ અન્ય વિદ્વાન સજ્જનોના પણ ઉત્તમ અભિપ્રાય મળેલા છે. આ વિષયનું હેન્ડબીલ મંગાવવાથી મોકલવામાં આવશે. પુસ્તકનું સાઇઝ સારા સફેદ ઉંચા ગ્લેઝ કાગળ, સુપરરોયલ બાર પેજી પૃષ્ઠ ૪૨૦ કિંમત રૂા. બે. પોષ્ટ સહિત.

ઠે. સારંગપુર ધાસીરામની પોળ—અમદાવાદ. } **ચુનીલાલ નરભેરામ દેશાઈ.**

બસો રૂપૈઆમાં અન્નદાન સાથે અમર નામ.

દાનવીર સજ્જનો, અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો !! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ !! જે દયાળુ, દાતા તરફથી એકી વખતે રૂ. ૨૦૦ બસો દાનમાં મળશે, તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે અને તે દાતાના નામના આરસની તખ્તી કરાવી ઓફીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે ? જરૂર મળશે. દયા લાવી લખો:—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ.

અગત્યની સૂચના

(૧)

પ્રત્યેક ગ્રાહક બંધુએ નવા વર્ષનું પ્રથમ પુસ્તક **"શાંતિ નિકેતન"** (અતિ ઉત્તમ નવલકથા)નું **વી. પી. આવે** તે તુરત જ સ્વિકારી લેવું. અને **નવા વર્ષ** માટે **એક બે ગ્રાહક કરી** મોકલવાની પ્રતિજ્ઞા લેવી. તેમ થવાથી ગ્રાહકોને વિશેષ પૃષ્ઠનું વાંચન મળશે.

(૨)

જેઓને નવા વર્ષથી **ગ્રાહકમાં** ન રહેવું હોય તેમણે **એક પોષ્ટ કાર્ડ** લખી (રજીસ્ટર નંબર સહિત) અમને તુરત જ ખબર આપવી. ઘણાં ગ્રાહકો પ્રથમથી તેમ નહિ કરતાં વી. પી. નું પુસ્તક પાછું મોકલે છે જેથી અમારા જનસેવાના પરોપકારી કાર્યમાં પોષ્ટેજનું ઘણું નુકશાન થાય છે માટે **જેઓને ગ્રાહકમાં ન** રહેવું હોય તેમણે **અમને તુરત જ** ખબર આપવી.

(૩)

પ્રત્યેક ગ્રાહક બંધુએ પત્ર વ્યવહાર કરતી વખતે **રજીષ્ટર નંબર અવશ્ય લખવો, તેમ નહિ કરે તેને જવાબ આપતાં** ઘણી ઢીલ થવાનો સંભવ છે. જવાબ માટે રિપ્લાઇ કાર્ડ કે ટીકીટ મોકલવી.

મેનેજર—સસ્તી વાર્તામાળા—અમદાવાદ.